

ગાંડીવ કુમારમાળા : ૧૩

જોતીઓ સરદાર

લખનાર

શ્રી વસંત શુકલ

પ્રગટકર્તા—

ગાંડીવ સાહિત્ય મંદિર

હવાડિયા ચકલા—

સુરત

મુદ્રકઃ પ્રકાશક
નટવર વીમાવાળા
ગાંડીવ સાહિત્ય મંદિર વતી-
ગાંડીવ મુદ્રણાલય
હવાડિયા ચકલો, સુરત.



આવૃત્તિ પહેલી
સને ૧૯૩૮: સં. ૧૯૯૪
કિમ્મતઃ દોઢ રૂપિયો

સાંકળિયું



પ્રસ્તાવના

સને ૧૯૩૭માં હું કોસંબા ખાતે વડોદરા રાજ્યના મહાલ પુસ્તકાલય પરિષદમાં ભાગ લેવા ગયો હતો, ત્યારે ત્યાંથી ગિજરમ વાસી મારા મિત્ર રા૦ કાન્તિલાલ મણિશંકર પાઠક. જેઓ મને અનેક વખત પોતાને ગામ આવવા તથા આસપાસનો પ્રદેશ નિહાળવા આગ્રહ કર્યા કરતા હતા, તેઓ એ તક સાધીને મને પોતાને ગામ પકડી ગયા, અને એ બે દિવસ મેં તેમની સાથે ગાળ્યા. તે દરમ્યાન હું ગિજરમ, વેલાછા, તથા આસપાસનાં ગામોમાં ઠેઠ માંગરોળ સુધી તેમની સાથે ગયો હતો.

ભાઈ કાન્તિલાલ હંમેશ મને કહેતા હતા કે આ પ્રદેશ જૂનો ઇતિહાસ ધરાવે છે. અને મેં પણ ફરતાં ફરતાં જોયું તો કેટલાક જૂના અવશેષો, વાવ વગેરે જોવામાં આવેલાં. દરમ્યાન ભાઈ કાન્તિલાલે થોડાએક વરસો પર જ એ પ્રદેશમાં બનેલા એક વીર કિસ્સાની હકીકત કહી તે આજના જમાનાને આશ્ચર્ય ઉપજાવે તેવી છે, અને ખરેખર નોંધપાત્ર છે.

ગાડામાં બેસીને જતાં જતાં ભાઈ કાન્તિલાલે દૂરથી આંગળી કરીને એક મંદિર બતાવ્યું: જુઓ નટુભાઈ, પેલું મહાદેવનું મંદિર. એનો કિસ્સો અતિ રોમાંચક છે. એ મંદિરને સોએક વર્ષ થયાં હશે. પણ એ બાંધવા માંડ્યું ત્યારે એનો કળશ કેમે કર્યો બંધાય નહિ. બાંધે બાંધે ને બીજે દિવસે પડી જ ગયેલો હોય. ગામલોકો આશ્ચર્યમાં ડૂબી ગયા, પરંતુ કેમે કર્યો કળશ ચડે નહિ.

ગામ વિમાસણ કરતું હતું એ અરસામાં મુખીને રાત્રે

મહાદેવજી શમણામાં દેખાયા. મહાદેવજીએ કહ્યું: જ્યાં સુધી મને નરબલિ મળે નહિ. ત્યાં સુધી એ કળશ કદિ હું ચડવા નથી દેવાનો. મને નરબલિ જોઈએ છે.

મુખીએ તો સવારમાં ઊઠતાંજ પોતાના અચરજભરેલા સપનાની વાત ગામલોકોને ભેગા કરીને કહી. ગામ લોકો એક બીજાનાં મોઢાં જોવા લાગ્યા. આખરે ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે મહાદેવના મંદિર ખાતર કોઈ પોતાનો પ્રાણ બલિ આપવા તૈયાર છે ? હોય તો તેના કુટુંબની સંભાળ ગામ લેશે.

અચરજ જેવું લાગશે, પણ ખરેખર એક વૃદ્ધ ભીલ પોતાનો બલિ આપવા તૈયાર થયો. તેણે કહ્યું: મને આ સંસારમાં હવે વધુ વરસ કાઢવાનાં નથી. મને ઝાઝી માયાજાળ પણ નથી. ભલે મહાદેવજીને મારો ભોગ અપાય.

પણ જીવતાંજીવત છેલ્લી ઘડીએ પણ જે માનવીને જીવનની આશા—કુદરતે તેનામાં મૂકેલી સનાતન જીજીવિષા—પ્રેર્યા જ કરે છે, તે માનવીએ મિટી જવાનું ઐચ્છિક રીતે સ્વીકારવું એ કેટલું દુષ્કર કાર્ય છે ? કેટલું અસંભવ લાગે તેવું કાર્ય છે ! પણ એવા નરપુંગવો દરેક દેશમાં પાકે છે, જેઓ પરને કાજે પ્રાણ આપે !

ગુજરાતમાં પણ અનેક પાક્યા છે. અને પાકે છે, તેનો આ એક નમૂનો છે.

થયું. ભીલની દરખાસ્તનો ગામ લોકોએ સહર્ષ સ્વીકાર કર્યો, અને તેના કુટુંબ કબીલા માટે કેટલાંએક ખેતરો, જમીન વિ૦ ખાસ કાઢી આપ્યાં, અને તેનો લેખ પણ કરી આપ્યો એ લેખની રૂએ હજુ પણ એમાંની કેટલીક જમીન એ

ભીલનાં સગાંવહાલાં ભોગવી રહ્યા છે, એ આ વાતની સાબીતી-રૂપ છે.

વધુ વિગતો

(૧) મહાદેવનું નામ સોમેશ્વર. મંદિર આમનડેરા (તા૦ માંગરોળ, પ્રાંત નવસારી) ગામની હદમાં છે.

(૨) મંદિર આમનડેરા ગામની હદમાં છે, પણ માંગરોળ તાલુકાનું નાની પારડી ગામ એની વધુ નજીક છે.

(૩) માથાનું દાન દેનાર ભીલ આમનડેરા ગામનો છે.

(૪) તેનું નામ કાગડો.

(ચોથી વિગત તદ્દન ચોક્કસ નથી.)

મેં એ મૂળ લેખ મેળવવા જોવા માટે પ્રયત્ન કર્યો, અને તે ગામે બે ત્રણ ઘરમાં અમે એની તપાસ માટે જઈ પણ આવ્યા પરંતુ એ લેખ જોવા માટે પ્રાપ્ત થઈ ન શક્યો. વાત સાચી છે એમ દરેકે કહ્યું. પરંતુ મૂળ લેખ જોવા મેળવવા માટે ત્યાં થોડો વધારે વખત ગાળવો જોઈતો હતો. જેને અભાવે તે તકે તો એ વાત મુલતવી રાખવી પડી.

એ પ્રદેશમાં પાળિયાઓ પણ કોઈક કોઈક સ્થળે છે એમ ભાઈ કાન્તિલાલે મને કહ્યું. સને ૧૯૩૨માં હું કુમાર મોતીસિંહજી મહીડાને ત્યાં માંડવા મુકામે ગયો હતો ત્યાં પણ ચાંદોદ ગામની બહાર ઢગલાબંધ પાળિયાઓ—એક વખતે પચાસેક ક્ષત્રિય વીરોએ ગામને બચાવવા પ્રાણ આપેલા, તેમનાં સામટાં સ્મારકો પડેલા છે, અને આગળ ભાઈ મગનલાલ બ્રહ્મભટ્ટના નિબંધમાં દુઃખ દર્શાવ્યું છે, તેમ બેદરકારીને લીધે તેમાંના ઘણા ધીમે ધીમે લુપ્ત ને લુપ્ત થતા જાય છે.

આ હકીકત લખવાનું કારણ એ છે કે જ્યારે આપણે ગુજરાત નિર્બળ છે, ભાગ્ગુખાઉ છે, બીનલડાયક છે, પોચું છે, એવા વિચારો પ્રદર્શિત કરીએ છીએ ત્યારે આપણી નજર સમક્ષ ફક્ત વાણિયા, બ્રાહ્મણ, જૈન આદિ કોમોનુંજ ચિત્ર ખડું હોય છે. અને તેની શરવીર ભીલ, ચોધરા, કોળી, ધારાળા આદિ કોમોનું આપણને વિસ્મરણ થાય છે. ગુજરાતમાં શૂરાતન હતું, અને છે એ નિર્વિવાદ વાત છે. તેના પર થોડોક વખત કાટ ચઢયો હોય એ સ્વીકારતાં છતાં ગુજરાતમાં મર્દાનગી નથી, શૂરાતન નથી, તેને લડતાં કે જાન આપતાં આવડતું નથી, આવડયું નથી, એવા પ્રતિપાદનને તો આપણે પડકારવું જ પડશે. આપણી પાસે એ મહામૂલો વારસો છેજ. તેને પિછાનતાં –તેનું રહસ્ય ખેંચતાં આપણે શીખવાનું છે.

ગુજરાતના એવાજ એક ગઈ કાલના વીર પુરૂષની કથાનું પ્રકાશન આજે મારે હાથે થાય છે તેથી હું પંડને ધન્ય સમજું છું. 'જોતીઆ'ની આ કથા, જ્યારે 'હાંડીઓ'માં પ્રગટ થતી હતી ત્યારે વાંચક વર્ગની તાલાવેલીનો મને બરાબર અનુભવ થયો હતો. અને કળાદષ્ટિએ, સંકલનાદષ્ટિએ એનું રચનાકૌશલ બહુ ઉત્તમ કોટિનું વિવેચકો નહિ લેખે–એના જુવાન, હજુ તદ્દન ઉગતા લેખકની આ પહેલીજ લખાવટ છે એ દષ્ટિએ એને મૂલવવું જોઇશે—પરંતુ આ પુસ્તક અત્યંત રસપૂર્વક વંચાવાનું છે, અને ગુજરાતના તાજા ઇતિહાસ તરીકે ઐતિહાસિક ગ્રંથગણનામાં સ્થાન પામ્યા વિના રહેવાનું નથી. કેમકે લેખકે એની પાછળ ઠીક ઠીક મહેનત કરી છે. અને ઘણી નોંધપાત્ર સાચવી રાખવા પાત્ર માહિતી ભેગી કરી છે. રા. વસંત શુકલ આ પુસ્તકથી ગુજરાતી સાહિત્યમાં દાખલ થાય છે. ધીમે ધીમે, તેઓ બરાબર મહેનત

કરે તો તેમની લેખનશૈલી અને રચનાકૌશલ વધારે સુશ્લિષ્ટ—વધારે સુઘટ્ટ બનશે એમ માનવાને હરકત નથી. આ પુસ્તક ગાંડીવ સાહિત્ય મંદિરને નિષ્કામ ભાવે અર્પણ કરવા માટે હું તેમનો આભાર માનું છું.

એક બીજો આભાર માનવાનો છે, શ્રી મગનલાલ બાપુજી ચક્લભટ્ટનો. તેમણે પણ ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસને લગતી ઘણી માહિતી ભેગી કરી છે—એ કરવાની વૃત્તિ—આવડત, કળા એ તેમનો વંશગત વારસો જ છે, અને તેમણે ઘણી વાર્તાઓ લખી છે. એક ચોપડી પણ પ્રગટ થઈ છે—શૂરવીરોની વાતો. તેમણે ગુજરાતના શરાતન અને વીરસાહિત્ય વિષે અમદાવાદની સાહિત્ય પરિષદ (સને ૧૯૩૬)માં એક નિબંધ વાંચેલો. તેમનો એક ટુકડો યુવક માસિકમાં પ્રસિદ્ધ થયેલો તે જોયો ને તેણે મારું ખૂબ ધ્યાન ખેંચ્યું. પરિણામે એ આખો નિબંધ જેતીઓ સન્હારે પુસ્તક સાથે એક પ્રસ્તાવના રૂપે જોડવા માટે મેં તેમની પાસે રજા માંગી—અને તે તેમણે ઘણી ખુશીથી, વિનાવિલંબે વિનાસંકોચે નિષ્કામભાવે આપી. તે માટે તેમનો હું અવશ્ય ઋણી છું.

આશા છે કે ગુજરાત આ પુસ્તકને હોંશભેર અપનાવશે.

નટવર વીમાવાળા

સને ૧૯૩૦ની શિયાળાની કડકડતી ઠંડીથી મારો દેહ થરથરી રહ્યો હતો. તે વેળાએ પણ મારા પિતાશ્રી અમૃતલાલ સંજેલી રાજ્યમાં પોલિસ અધિકારી હતા. અમારા મકાન આગળજ પોલિસ હેડ ક્વાર્ટર હતું. ત્યાં આગળ ચોકિયાતો ધૂંગાં બાળતાં તાપે. હુંયે ઠંડીથી બચવા તાપ આગળ જઈ ઊભો રહું. ચોકિયાતો કંઇ કંઇ ગપ્પાં હાંકે—વીર પુરૂષના વીરત્વની શૌર્ય છલકતી વાતો પણ કરે. જેતીઆ સરદારની વાત પણ નીકળી. એની વાતમાં મને વધુ રસ પડ્યો. એક દિવસ દેવજી પલાસ પણ ચોકી પર આવ્યો. જેતીઆને પરહેજ કરાવનાર તે પોતે હતો. એણે તો મને ખૂબજ રસમય રીતે જેતીઆની કથા કહી બતાવી.

પઠાણ નથેખાંએ પણ પોતે જાણતા હતા એટલું કહ્યું. અને મેં બધુંય ડાયરીમાં ટાંકી લીધું. તેનો કાલ ફાલ્યો અને તે આ પુસ્તક...

આ કથામાં કેટલેક સ્થળે ઐતિહાસિક સંજોગોના ફેરફાર તથા પ્રસંગોની મીલાવટ અર્થે કેટલોક કાલ્પનિક ભાગ સાજવો પડ્યો છે.

આ વાર્તા—કથા લખવાની પ્રેરણા અને સહાય ગાંડીવ સાહિત્ય મંદિરના સંચાલક મુ. શ્રી. નટવરલાલ વીમાવાળાએ જો ન અર્પી હોત તો મારા જેવા એક સામાન્ય લેખકની કલમે અદકચરા સાહિત્યજ્ઞાન વચ્ચે લખાયલું આ ઇતિહાસ પુસ્તક પ્રગટ થવા ન પામ્યું હોત.

બીરપુર
બાલાસિનોર સ્ટેટ
તા. ૫–૫–૩૮

વસંત શુક્લ

ગુજરાતનું શૂરાતન

● અને વીર રસનું સાહિત્ય

ગુજરાતનું દુર્ભાગ્ય

દુનિયા પરના બધા દેશોમાં પોતાના દેશનાં ગુણકીર્તન કરતી વખતે કવિઓએ હદ ઉપરાંતનાં વખાણ કર્યાં છે; પોત-પોતાના દેશની શૌર્યકથાઓને અતિશયોક્તિભરી રીતે વર્ણવી જગતમાં પોતાના દેશનું ગૌરવ વધાર્યું છે. ઇતિહાસનો આધાર ન હોય ત્યાં કલ્પિત ઇતિહાસ ઉભો કરીનેય પોતાના દેશના વીરત્વના ગુણ ગવાય છે. ગુજરાતનું જ એ દુર્ભાગ્ય છે કે તેના કવિઓએ તેનું શૂરાતન જોઇએ તેટલું ગાયું નથી. નાનાલાલ તથા મેઘાણી જેવા કવિઓએ તો ગુજરાતને ક્ષાત્રત્વહીણ જણાવી ગુજરાતને ભારે અન્યાય કર્યો છે. કવિ નાનાલાલે ગુજરાતને માટે ગાયું છે કે:–

નથી લડી સમશેરોના દાવ;
નથી ત્યમ ઝીલ્યા ઘણાએ ઘાવ.
શ્રી કૃષ્ણે કુરૂક્ષેત્રની માંય,
લીધાં વ્રત જાણે હજીએ પળાય. વિ. વિ.

કવિ મેઘાણીએ કહ્યું છે કે :–

ગુર્જર ઘેલુડીજી કે આ અલબેલડી;
સમરાંગણજી કે તું નથી ચડી.
લડીઆં નથી તારાં બિચારાં બાળ ગભરૂ ઘેલડાં. વિ. વિ.

વીરભૂમિ ગુજરાત માટે લખેલી ઉપરોક્ત કવિતાઓ જોતાં જગતને તો એમજ જણાય કે ગુજરાત એટલે નમાલો અને બાયલો જ પ્રદેશ !

પડકાર

આ બંને કવિઓને કહું છું કે ઉપરની કવિતાઓ લખતાં પહેલાં આપે ગુજરાતનો મહીસાગરનો પ્રદેશ, કાંકરેજ પ્રગણું, મહીકાંઠો, ચુંવાળ, સાબરકાંઠો, રેવાકાંઠો, બનાસકાંઠો, હડરવાડો અને પાટણવાડો વિગેરે મુલકો જોયા હોત તો આપને ગુજરાતના ક્ષાત્રત્વની ઝાંખી થાત. કવિ દલપતરામના વખતમાં ફાર્બસ સાહેબે હડરમાં કવિમેળો ભરાવ્યો હતો. એ મેળામાં જનારને આપે પૂછ્યું છે? પૂછ્યું હોત તો ગુજરાત માટે તમે જે આવા હલકા શબ્દો વાપર્યા છે, તે તમારે વાપરવા ન પડત. ગુજરાતને ખૂણે ખૂણે અને તેના પત્થરે પત્થરે આપ ઘૂમ્યા છો? હડરવાડાની એ વીર ભૂમિ, અને મહીસાગરનાં એ વિશાળ કોતરોમાં આપ ફર્યા છો? કેસરીની ડણકોથી ગાજતા આભે અડતા એ વિશાળ ડુંગરો અને ગિરિમાળાઓથી છવાયેલા હડરવાડાની અંદર એક બાજુ ઠેઠ જવાસા ડુંગરપુર, બીજી બાજુ પોળો, ત્રીજી બાજુ લુણાવાડા અને ચોથી બાજુ મેવાડ ઉદેપુર સુધી આપ કદી યે ઘૂમ્યા છો? ગુજરાતનાં ડુંગરેડુંગર અને પત્થરેપત્થર ખૂંદી વળનાર કોઈ બિખધારીને આપ પૂછો તો તે આપને ગુજરાતના વીરરસની—શૌર્યની ઝાંખી કરાવશે. અથવા તો કોઈ દેવીપુત્ર બારોટને મળજો; તમારાં ગુજરાત માટેનાં ઉચ્ચારેલાં કથનો તે ખોટાં પાડશે. આટલું વિવેચન કર્યા પછી હવે આપણે આગળ વધીએ.

વીરરસનું લોકસાહિત્ય

ગુજરાતનું વીરરસનું લોક સાહિત્ય હજુ સુધી જૂજ જ બહાર પડયું છે. ગુજરાતના મહીકાંઠાનો મુલક, ચુંવાળ, કાંકરેજ, રેવાકાંઠા, બનાસકાંઠા તથા સાબરકાંઠા વિગેરે પ્રદેશ તથા વાત્રક,

માઝમ, મહીસાગર અને હેઠ તાપી અને નર્મદા સુધીનો પ્રદેશ, ગુજરાતની વીરભૂમિ તરીકે ઓળખાય છે. આ બધાંમાં સૌથી પ્રથમ કક્ષાએ મૂકાય એવો મુલક તો મહીકાંઠાનો છે. મરાઠાઓની સત્તા જે વખતે ગુજરાતમાં સ્થપાઇ ત્યારથી તે આજ સુધી આ મુલક પોતાની વીરતાને માટે હજુ પણ પ્રખ્યાત છે. ઇડરવાડાની એ વીરભૂમિમાં ભીમા, હરણાવ, કોસંબી, સાબર તથા મેશ્વો વગેરેનાં લોઢાને પણ પચાવી નાંખે એવાં પાણી અને મકાઈ તથા બીજા સાત્વિક ખોરાકથી ઘડાયેલી ઠીંગણી અને રંગે શ્યામ એવી કાયાવાળા મહીકાંઠાના ભીલોને જુઓ તો ખાત્રી થશે કે ગુજરાત જરૂર વીર ભૂમિ છે; અને અહીં 'ગાંડી ગુજરાત'ની કહેવત ખોટી પડે છે.

પાળિયાઓ

લોક સાહિત્યના અવશેષ રૂપ પાળિયાઓ. ગુજરાતમાં પાળિયાઓની પ્રથા પ્રથમના વખતમાં જૂજ હશે એવું દેખાય છે; કારણ કે તે વખતે લોકોને વીર પુરૂષોનાં સ્મારકો સાચવવાની ઓછી ધગશ હશે. અને બીજું કારણ એ જણાય છે કે કેટલીક જગ્યાએ પાળિયાઓની કાળજી નહિ રખાતી હોવાથી તે લુપ્ત થયાં હશે. એમ માનવાને કારણ મળે છે; કારણ કે લોકસાહિત્યને સાચવી રાખનાર અને કદર કરનાર નહિ હોવાથી જ આમ બનેલું એમ અનુમાન થાય છે. બાકી જે છુટા છવાયા પાળિયાઓ ગુજરાતમાં નજરે પડે છે, તેમાંના ઘણાખરા ગામઝાંપે ખોડેલા હોવાથી અણસમજુ ગોવાળો અને વટેમાર્ગુઓ આ પાળિયાઓ ઉપર કુહાડીઓ, તથા બીજાં હથિયારો ઘસતા હોવાથી પાળિયામાંનો કેટલોક ભાગ ઘસાઇને જીર્ણ થઈ જવાથી તૂટી જાય છે. અને બીજા કેટલાક ભાગને ગામના અનેક લોકો ઉખેડી તેને તળાવ કે નદી કિનારે નાખી તેનો ધોવાના પત્થર તરીકે ઉપયોગ

કરે છે. આથીજ ગુજરાતમાંના વીર પુરૂષોનાં સ્મરણ ચિન્હો તથા પાળિયાઓ જૂજ પ્રમાણમાંજ પ્રવાસીઓના જોવામાં આવે છે. આમ છતાં ગુજરાતમાં હજુ ઘણે ઠેકાણે પાળિયાઓ અને છત્રીઓ નજરે પડે છે. પાટણવાડામાં તથા કાંકરેજ મેવાસમાં થઈ ગયેલા વીર પુરૂષોની યાદગીરી માટે તેમનાં સગાંઓએ બનાવેલા કીર્તિ-સ્થંભરૂપી પાળિયાઓ હજુ પણ તેઓ સાચવી રહ્યા છે. સાબર-કાંઠામાં તથા મહી અને ઠેઠ નર્મદા સુધીના પ્રદેશમાં પાળિયાઓ જૂજજાજ નજરે પડે છે. ટુંકામાં એટલુંજ કહેવાનું કે ગુજરાતનું લોકસાહિત્ય સાચવવાનો તથા તેને ઉત્તેજન આપવાનો અથવા તેની તરફ નજર સુદ્ધાં કરવાનો અવકાશ ધનિક ગુજરાતને મળ્યો નથી. ગુજરાતની નાની રિયાસતો અને નાનાં સ્ટેટોમાંથી ઘણાજ થોડા ઉદાર ઠાકોરોએ પોતાના વીર પૂર્વજોનાં સ્મારકો સાચવી રાખ્યાં હશે; બાકી ઘણા ય ઠાકોરોએ પોતાનાં વીર પૂર્વજોનાં અવશેષો તરફ નજર સુદ્ધાં પણ નાખી નથી.

જીવતું શૂરાતન

આવી બીનકાળજી અને ઇતિહાસસ્મારક તરફની બેદર-કારીએ ગુજરાતના વીરરસના સાહિત્યને છિન્ન ભિન્ન કરી નાંખ્યું છે. છતાં પણ ગુજરાત વીર ભૂમિ છે એની કોઈનાથી ના કહેવાય તેમ નથી. બોડમાં સૂતેલા ભલભલા વાઘો અને ખૂની અને ઝનની ચિત્તાઓને ભાલાની અણી ઘોંચી સચેત કરી તેની સાથે સામી છાતીએ લડી તેને મહાત કરનાર વીર પુરૂષો ગુજરાતની ભૂમિમાં પાકયા છે. **સિંહ જેવા પ્રાણીને પણ મહાત કરનાર અને બે વાઘ વચ્ચે પાણી પીનાર, પ્રચંડકાય—જેને દેખીને પણ ડર લાગે તેવા એકલ સુવરને સામો આવતો ઊભો રાખી તલવારના એક જ ઝટકાથી તેના બે ભાગ કરનાર**

બહાદુર વીર પુરૂષો ગુજરાતની વીર ભૂમિમાં હજુ પણ હયાત છે. ધનુષ્ય બાણ હાથમાં લઈ જુવારના માથોડું માથોડું હિલોળા ખાતા ખેતરની સામે પાર, મેઘલી કાળી રાત્રે, તડુકતા વાઘને અવાજ ઉપરથી ઓળખી બાણ મારી તેનું ગળું વિંધનાર વીર પુરૂષો ગુજરાતમાં હતા. ગુજરાતનો જુવાન એટલે સાક્ષાત્ વીરતાની મૂર્તિ. ગમે તેવું સાહસ ખેડવા તે તૈયાર જ હોય. વાત્રકમાં ઘોડાપૂર આવ્યું હોય, વાંસ વાંસ જાળ પાણી ઘૂમરીઓ લેતાં બંને બાજુ ઉભેલી ગગનગામી ભેખડોને થપાટો દેતાં વહી જતાં હોય, ત્યાં સરખેસરખા જુવાનડા ભેરૂબંધો કેડો બાંધી ભેખડો ઉપરથી પાણીમાં ત્રાટક્યા જ હોય. મેશ્વો નદીના ધરાઓમાં જ્યાં પાંચ પચીસ મગરો ડાચાં ફાડી પડ્યા હોય ત્યાં કમરે આકડાનું ઝરડું બાંધી હાથમાં એકલો છરો લઈ 'મીયા'ના શબ્દે પાણીમાં ઝંપલાવે અને મગરનો શિકાર કરી પાણીમાંથી બહાર નીકળે. કૂવાના થાળામાં લીલી બાજરીનો પોંક ખવાતો હોય ત્યાં કૂવો કૂદવાની શરત થાય—

"એલા કૂદી જાઉં ?"

"કૂદ્યાં કૂદ્યાં હવે."

"લે ત્યારે."

આમ કહી છલંગ મારી કૂવો કૂદ્યો જ હોય.

વાઘ અને ડાંગ

ચોમાસાના દિવસો હોય, ધણને ચરાવવા માટે સરખેસરખા જુવાનડાઓ ગયા હોય, વરસાદ ટમટમ પડતો હોય, ઊનનો ધાબળો ઓઢી લાકડીનો ટેકો લઈ જુવાન ઉભોઉભો જ ઝોલે ચઢ્યો હોય, અંધારી રાતે ઢોર માથાબૂડ બીડમાં ચરતાં હોય ત્યાં પાડાને કે વાછરડાને વાઘે ઝાલ્યું હોય, અને અવાજે જુવાન જાગી જાય,

ભયાનક જંગલમાં મેઘલી રાતે ડાંગ લઈ એકલો વાઘની પાછળ દોડે અને ડાંગથી વાઘને મહાત કરી પોતાના માલને છોડાવી લાવે. બે કાંઠે નદી ભરપૂર હોય, નાવડું પણ ન ચાલી શકતું હોય, તેવે વખતે સરખેસરખા ચાર જુવાનિયા ભેગા થઈ પાણીમાં પડે અને વાટભૂલ્યા માણસને સહીસલામત સામે પાર લઈ જાય. જેના કાળઝાળ જેવા ફુંફાડાથી માણસ સાવ ફાટી મરે એવા વિષધર કાળા નાગને પૂછડેથી પકડી જમીન ઉપર પટકી મારી નાખે. વાત્રક અને મેશ્વોના કાંઠે ઢોર ચરતાં હોય, પાણી પીવા નદીમાં ઊતરે; શિકારની રાહ જોતો છૂપાઈને બેસી રહેલો મગર વાછરડાને કે બકરાને પકડે; એટલે કછોટો મારી પાણીમાં ખાબકી ડૂબકી મારી મગરના પેટ નીચે પેસી તેને ચીરી નાંખે, અને પોતાના ઢોરને મગરના પંજામાંથી છોડાવે. હાથમાં ધનુષ્ય બાણ લઈને ડુંગરની ટોચે સરખે-સરખા ભાઈબંધો ટોળે મળે અને આકાશમાં ઊડતી સમળી અને ગીધો ઉપર નિશાનો મંડાય.

"અલ્યા, ઉડતી સમળી વીંધાય કે નહિ ?"

"ન વીંધાય."

"અને વીંધું તો ?"

"વીંધ્યા વીંધ્યા હવે."

"લે ત્યારે, જો."

અને ધનુષ્યમાંથી સડસડાટ કરતું તીર છૂટે અને આકાશમાં ઉડતી સમળી જાણે નીચે પડીજ હોય !

અન્ય સમોવડ

આવી કંઈ કંઈ મર્દાનગીભરી રમતો ગુજરાતનો યુવાન રમી જાણે. પોતાના બાપદાદાઓની મર્દાનગીભરી વાતો તેને યાદ આવે.

ગરવી ગુજરાતનો આ વીર સપૂત. પોતાની કાયાને પણ ન ગણ્ધારતાં પરોપકાર કરવા તેણે કમર કસી જ હોય. ભૂંગિયો સાંભળ્યો છે? તુરી શરણાઈ ઉપર ગત્ ઉપર ગત લઈ રહ્યો હોય અને ઢોલ ઉપર ડાંડી પીટાતી હોય તે વખતે ઘરને ખૂણેખાંચરેથી હાથમાં જે આવ્યું તે હથિયાર લઈને પોતાની ફરજ બજાવવા ધાડની સામે દોડયો જ હોય. ગુજરાતની આ વીર કોમોમાં રજપૂત, ભીલ, ઠાકરડા, કોળી, વાઘરી, રબારી, આંજણા, ધારાળા, નાયકડા વિગેરે કોમના વીર યુવાનો પોતાની વીરતાથી ગુજરાતને બીજા મુલકના શૂરાતનની બરોબરીમાં ઊભું રાખે છે. ગુજરાતમાં દુહાસાહિત્ય વધુ પ્રમાણમાં ઉપલબ્ધ નથી, તેનું કારણ એજ છે કે ગુજરાતના આવા શૂરાતનને મૂર્ત કરતું સાહિત્ય ગ્રંથસ્થ કરવાના જોઈએ તેટલા પ્રયાસો થયા નથી તેમજ તેના તરફ ગુજરાતના સાક્ષર વર્ગે નજર પણ નાખી નથી. એટલે ગુજરાતનું આ વીર રસનું સાહિત્ય જૂજ પ્રમાણમાં જ સાંપડે છે.

શૂર સાહિત્ય

હજુ પણ છુટા છવાયા ઘણા દુહાઓ ગુજરાતમાં પણ મળી આવે છે. જેને ગળથુથીમાંથી જ તલવાર અને તીર કામઠું મળ્યું છે, તેવા ગુજરાતના ભીલ કે રજપૂતને જુઓ ત્યારે ખાત્રી થાય કે શૂરાતન બીજા મુલકના પ્રમાણમાં ગુજરાતમાં પણ છે. પાટણના સોલંકીઓનો ઈતિહાસ એટલે ગરવી ગુજરાતનું ગૌરવ. ગુજરાતના આ વીરસાહિત્યના ઈતિહાસ ઉપર રા. કનૈયાલાલ મુનશીએ કેટલાંય પુસ્તકો લખ્યા છે. અને બીજા પણ કેટલાય લેખકો વીર ભૂમિ ગુજરાતના ઈતિહાસ ઉપર હજુ પણ દૃષ્ટિ દોડાવે છે. ગુજરાતની વીર ભૂમિ તેના બાળકોને પોતાની ગોદમાં આશરો આપે છે. ડુંગરો અને પત્થરોથી છવાયેલી ભૂમિ, મોટાં વનો,

નદીઓનાં નવાણો અને રસકસથી ભરપૂર એવી ગુજરાતની વીર ભૂમમાં શૂરસાહિત્યના થરો ને થરો બાઝેલા છે, લોકમુખે ગુજરાતનું થોડું ઘણું વીર સાહિત્ય સચવાઈ રહ્યું છે. પણ જ્યારે કોઈ ભેખધારી ખભે ઝોળી ભરાવી ગુજરાતનો મુલક ખુંદવા નીકળશે અને ગુજરાતના વીર સાહિત્યના થરો લોક મુખેથી ઉખેડતો થશે ત્યારે તેને ગુજરાતનું વીર સાહિત્ય ભરપટ્ટે ઉપલબ્ધ થશે; અને તે જ્યારે જગત આગળ મૂકાશે ત્યારે ગુજરાત વીર સાહિત્યમાં જરૂર બીજા દેશોની હરોળમાં ઊભું રહેશે. કોઈ દેવીપુત્ર બારોટના ડાયરામાં જઈ ચડજો. તેના મુખમાંથી ઝરતો વાણી-પ્રવાહ તમારાં અંગેઅંગ હચમચાવી મૂકશે. તમારી કાયાનાં રૂંવાડાં ઉભાં કરી દેશે અને તમે પોકારી ઊઠશો કે વીરરસ તે આનું નામ.

ગુજરાતના શૂરાતન વિષે આટલું વિવેચન કર્યા પછી હવે આપણે તેના મૂર્તિમંત નમૂનાઓ રજુ કરીશું.

(૨)

રાવ વીરમદેવ

વીરમદેવ ન વાસ, કાં શુ ઝારતીયાં તણે,
લંકા લીલ વિલાસ, રામન દીધો રયણઉત.

ઈડરનો રાઠોડ રાવ વીરમદેવ નર્મદા તીરે આવેલા ઓમકારેશ્વરની યાત્રાએ પોતાની રાણીઓ સાથે ગયો છે. અકબર બાદશાહના શાહજાદા મીરઝાં માટે કેટલાક કસાઈઓ ગાયો લઈ જતા હતા. વીર વીરમને આવા પવિત્ર સ્થાનમાં ગૌવધ થાય તે ન રૂચ્યું. તેણે ગાયોનું મૂલ્ય કસાઈઓને આપી તેમને ગાયો છોડી દેવા માટે કહ્યું. કસાઈઓ એક હિંદુના કહેવાથી ઓછા

એમ ગાયો છોડ ? વીરમે પછી તો ગૌમાતાઓને છોડાવી કસાઈઓને ઠાર કર્યા. અને ગૌમાતાઓને આ વીર રજપૂતે છોડાવી બાદશાહનો કોપ પોતાને માથે વ્હોરી લીધો. બાદશાહે મીરઝાંને મોટું લશ્કર આપી ઈડર મોકલ્યો. ઇડર તાબાના ભીલોડાએ મીરઝાંનો મુકામ હતો. વીર વીરમ એકલો એક દિવસે શાહજાદાને મળવા ભીલોડ ગયો. ત્યાં એક કૌતુક થયું. બાજુના છાપરા ઉપરથી એક બીલાડી કબૂતરને લઈ અગાસીમાં પડી. કબૂતર મરી ગયું. બીલાડી જીવતી રહી. વીર વીરમના મનમાં વિચાર આવ્યો. પછી તો તે ઝડપથી ઊછળે છે ને શાહજાદાની ગળચી પકડી તેને અગાસીમાંથી ભોંય નાંખે છે. પોતે તેના ઉપર પડે છે. શાહજાદો મરી જાય છે. વીરમ ઘોડા ઉપર બેસી ચાલ્યો જાય છે!

એક વખતની વાત. વીરમ પોતાના બાપ નારણરાવની સાથે બાદશાહ અકબરના દરબારમાં દિલ્હી જાય છે. અહિં પાંજરે પુરેલો એક વાઘ છૂટી જાય છે. કોઈથી વશ થતો નથી. વીસ વર્ષનો વીરમ હડી કાઢી હાથમાં ઢાલ તલવાર લઈ વાઘને મહાત કરવા દોડે છે. ઢાલ વાઘના માથામાં મારી તલવારથી તેનું પેટ ચીરી નાંખે છે. બાદશાહ ગુજરાતના આ વીર રાજપૂતનું અપ્રતિમ શૌર્ય જોઇ તેનું અનેરૂં સ્વાગત કરે છે.

સુરજમલ રાઠોડ

નિહચે નિંદરડીહ, અરિયાંને આવે નહિ,
ચકવે ચાંદરણી, તેં કીધી સુજન કમંધ.
ચાંપા ચુક કરે, નરેન્દ્ર જો ભારત નહિ,
ગુર્જર ધરા ધરે, કર દે તો સુજને કમંધ.

ઇડર સંસ્થાન તાબાનું ચાંદરણી ગામ. ત્યાંનો માલીકુ

સુરજમલ રાઠોડ. સંવત ૧૮૪૫ની એ સાલ હતી. વડોદરા સરકાર તરફથી લસ્કર લઈ આપા સાહેબ ખંડણી ઉઘરાવવા મહીકાંઠામાં ઊતર્યો. લુંટફાટ અને બીજા અનર્થો કરતું મરાઠી લસ્કર ઈડર આવ્યું. ઈડરમાં આ વખતે રાવ શિવસિંહજી હતા. મરાઠી લસ્કરના ત્રાસથી ઈડરવાડાની પ્રજા ત્રાસી ગઈ. આપા સાહેબે શિવસિંહજીને દબાવી તેમના કાકા રાયસિંહજી અપુત્ર મરણ પામ્યા હોવાથી ઈડરનો અડધો ભાગ પોતાને આપવાનું દબાણ કર્યું. કરારનામું થયું. તેના ઉપર ઈડરના ધણીની સહી થઈ. હવે વારો આવ્યો ઈડરના સરદારોનો. આ લેખ ઉપર ખરાપણાની સહીઓ કરવાનો. એક પછી એક સરદારોએ મરાઠાઓની બીકે કરારનામા ઉપર સહીઓ કરી. એમ કરતાં વારો આવ્યો સુરજમલનો. તેણે કરાર વાંચ્યો. અને તે વાંચતાં જ તેનાં ભવાં ચઢયાં. તેણે મરાઠાઓથી નહિ ગભરાતાં આપા સાહેબના દેખતાં જ ત્યાં ને ત્યાં લેખના સહસ્ર ટુકડા કરી નાખ્યા. અને આપા સાહેબને કહ્યું કે ગુજરાતની ભૂમિમાંથી હજુ વીરતા ઓસરી ગઈ નથી. રજપૂતો જ્યાં સુધી જીવે છે, ત્યાં સુધી તમોને આમ ઈડરનો અડધો ભાગ મફત મળવાનો નથી. આમ બોલી હજારો મરાઠાઓથી રક્ષાયેલા આપા સાહેબના તંબુમાંથી વિજયી વીરની માફક બહાર નીકળી કેસરીની ડણુંકા દેતો ચાલ્યો ગયો. આપા સાહેબ જોઈ જ રહ્યા !

સામંતસિંહ બિહોલો

અમદાવાદથી ચોવીસ માઈલ દૂર આવેલા બહિયલ ગામનો બિહોલો ઠાકોર સામંતસિંહ કામ પ્રસંગે અમદાવાદ જાય છે.

બાદશાહ અહમદશાહના બે રજપૂત સાળાઓ જેતોજી અને નરસોજી રાજમહેલની અટારીએ ઉભા છે. ઉનાળાનો તાપ હોવાથી

સામંતસિંહે માથે કપડું ઢાંકી છાંયો કર્યો છે. અને ઘોડાને થનગનાવતો આ વીર કોઈની પણ પરવા કર્યા વગર શાહી મહેલ આગળથી પસાર થાય છે. ઝરૂખે ઊભેલા બાદશાહના સાળાઓ મશ્કરી કરે છે. સામંતસિંહ પ્રત્યુત્તર આપે છે. સાથે સાથે પોતાની ઓળખ પણ આપે છે. સંધ્યા ટાણે બાદશાહ ભોજન કરવા બેસે છે, તે વખતે રજપૂત બેગમ વાત કરે છે, કે મારા ભાઈઓને માથે તમ જેવું છત્ર હોવા છતાં લોકો મ્હેણાં મારે છે કે રજપૂત થઈ મુસલમાનને કન્યા આપી ?

બાદશાહ ગુસ્સે ભરાય છે. પોતાના સાળાઓને મ્હેણું મારનારનું નામ મેળવે છે, અને બીજે દિવસે બાદશાહી ફોજ બહિયલ ઉપર ચઢે છે—"જાણે કીડી ઉપર કટક." પણ રજપુતાણીની કૂખે ઉછરેલા ગુર્જરી માતાના એ વીર બિહોલા રજપૂત પુત્રોએ બાદશાહને મચક આપી નહિ. છ છ મહિના સુધી બાદશાહી લશ્કર બહીયલ ઉપર હલ્લા કરે છે. છતાં કંઈ નિકાલ આવતો નથી. વીર સામંતસિંહ ગુજરાતની વીર ભૂમિનું પાણી બાદશાહને બતાવી રહ્યો છે. આખરે થાકી બાદશાહ સલાહ કરે છે.

ભૂપતસિંહ

ચુંવાળ પ્રગણાના કોળી ઠાકોર ભૂપતસિંહ સોલંકી અને કડીના મલ્હાવરાવને દોસ્તી બંધાયેલી. મલ્હારરાવે ગાયકવાડ સરકારના કેટલાક કસ્બાઓ કબજે કર્યાથી ગાયકવાડ સરકારનું લશ્કર લઈ એક અંગ્રેજ અફસર કડી ઉપર ચઢે છે. મલ્હારરાવ ઘેરાઈ જાય છે. એક મરાઠા સ્વારને ભંકોડે મિત્રની પાસે મદદ માંગવા મોકલે છે. વીર ભૂપતસિંહ મિત્રની સ્થિતિ પલવારમાં કળી લે છે અને પોતાના માણસો સાથે તે મિત્રની વહારે જાય છે.

અને ત્યાં પોતાના પ્રાણની પણ પરવા કર્યા વગર પોતાની ફરજ બજાવે છે. ગાયકવાડી લશ્કરને તે પાછું હટાવે છે. ગાયકવાડી લશ્કરનો ગોરો ઉપરી ગોળીઓથી ચાળણી જેવા વિંધાઈ ગયેલા ભૂપતસિંહ સામે આવે છે અને ચારે બાજુએથી ઘેરાયેલા આ વીર ઉપર બેયોનેટથી હલ્લો કરે છે. પડતાં પડતાં આ વીર પોતા પાસેની તલવાર ગોરા ઉપર ફેંકે છે. ગોરો પણ ધરતી ઉપર ઢળી પડે છે. ભૂપતસિંહ મિત્રને માટે પ્રાણ આપી સ્વર્ગે સંચરે છે.

રાણો અમરસિંહ

સુદાસણાનો રાણો અમરસિંહ ડાયરામાં બેઠો છે. દાંતાના રાણાને અને અમરસિંહને અણબનાવ ચાલે છે. દાંતાનો રાણો સુદાસણાનાં ઢોર હાંકી લાવવા માટે કેટલાક લોકોને ઇનામની લાલચ આપી ઉશ્કેરે છે. દાંતાના લોકો વગડે જતાં સુદાસણાનાં ઢોર ગોવાળોને મારી હાંકી જાય છે. ડાયરામાં આવીને ગોવાળો ધા નાંખે છે. રજપૂતને રૂંવાડે રૂંવાડે ઝાળ વ્યાપે છે. પોતાની જીવનસંગી તલવાર લઈ ઘોડી ઉપર સ્વાર થઈ ડાયરાની મોજ મૂકી પોતે એકલ પંડે ધણ વાળવા ઉપડે છે. ગાઉ અધગાઉએ તે ધણને હાંકી જનારાઓને આંબી જાય છે. અને એકલો વીસ પચીસ માણસ સામે ત્રાટકે છે. જાણે ઘેટાના ટોળામાં વાઘ પડયો. બે ચાર જણને પોતાની તલવારથી કાપી નાખે છે. બાકીના જીવ બચાવવા ઢોરોને મૂકી નાસી જાય છે. રાણો અમરસિંહ મલકાતે મુખે પોતાની પ્રજાના ધણને લઈ પાછો ફરે છે.

અને આવી તો અનેક શૌર્યકથાઓ ગુજરાતના લોક સાહિત્યમાંથી સાંપડે છે. ગુજરાતના વીર રસના સાહિત્યને થોડે ઘણે અંશે પણ સંઘરી રાખનાર બારોટ કવિઓએ આ શૌર્ય-

થાઓ જેવી જોઈએ તેવી પોતાના ચોપડે સંઘરી રાખી છે.
ા શૌર્યકથાઓ લખતી વખતે તેમને પુસ્તકોનાં રેફરન્સો માટે કે
ચારો કરવા માટે કલાકોના કલાકો સુધી બેસવું પડયું નથી.
ા દેવીપુત્રોએ નથી જોયો સમય કે નથી જોઇ જાત. એણે
મે ત્યાં અને ગમે તે વખતે મર્દાનગીનો સમય ભાળ્યો કે
કોપણ જાતના પક્ષપાત સિવાય તેને પોતાને ચોપડે ટપકાવ્યો જ
ાય. એણે એક સરખી રીતે જ રંક અને રાજવીને બિરદાવ્યા
અને ઇતિહાસને પાને અમર કર્યા છે.

આમ અમારા ગુજરાતના લોક સાહિત્યે જગતને બતાવી
આપ્યું છે કે ગુજરાત એ વીર શૌર્યની ભોમ છે.

(૩)

આ પછી ગુજરાતનું શૌર્ય ગીતોનું અને વીર રસનું
ાહિત્ય તે દુહા અને છંદો, ગીતો વગેરે છે. આના ઉત્પાદકોએ
ણ કમાલ કરી છે. આવા દુહા, છંદો, કવિતો અને ગીતોનો
આસ્વાદ લેવો હોય તો શિવલાલ કવિ જેવા કોઇ વયોવૃદ્ધ
ારોટને મુખેથી સાંભળજો, એટલે તમને ગુજરાતના લોક સાહિ-
ત્યની સમૃદ્ધિનું આછેરૂં દિગ્દર્શન થશે. ગુજરાતનું આ સાહિ-
ત્ય પુસ્તકોને પાને તો નહિ જેવું જ ચઢયું છે. તેથી અધિક તો
મ બારોટકવિઓને હૈયે ભરેલું છે ગુજરાતના આ મહામૂલા
સાહિત્યને સાચવી અને તેના શૌર્યની ધારા અખંડ વહેતી રાખ-
નાર આ દેવીપુત્રોએ પોતાની શકિતનો ખૂબ ખૂબ ઉપયોગ
કર્યો છે. હવે એ ગીત અને દુહા સાહિત્યના થોડા નમુનાઓ
અત્રે ટાંકીએ.

રાયસિંહજી

ઇડરના મહારાજા રાયસિંહજી ગુજરી ગયા પછી તેમના

બાળકુંવર શિવસિંહજીને રાયસિંહજીએ ઇડરની ગાદી ઉપર બેસાડયા. અને તેઓ નાના હોવાથી ઇડરનું રાજ્ય તેમને નામે તેમના કાકા રાયસિંહજી ચલાવવા લાગ્યા. રાયસિંહજીએ રણાસણના ઠાકોર અદેસિંહજી ઉપર ચઢાઇ કરી. આ વખતે ઇડરના રાઠોડ અને રણાસણના રહેવર રજપૂતો વચ્ચે જંગ મંડાયો.

ગુજરાતનો કવિ આ દશ્ય જોઇ શે છાનો રહે? એણે રહેવરો અને રાઠોડોના યુદ્ધનું જેવું જોયું તેવું વર્ણન શરૂ કર્યું.

નિશ દેહ નગારાં ઘોહ મટે નહિ,
                    ધડ જોધારા નકે ઘટે.
નત ફોજાં ગજ બંધ મટે નહિ,
                    મારૂ રે ના ધંધ મટે.
આ ફરતે વળતે દન આખો,
                    ચઢતે પડતે ખેત ચંડ,
પડીયા પાખે સાંજન પડશે,
                    પંડ ઘણા તદસાંજ પંડ.
ફળ જુટે જળ બોળ દહુ દશ,
                    ઝાઝા તીર પાખળ રમઝોળ.
કૈં દિ કેર મટશે કાળો,
                    ધર ઇડર ચાલ્યો ધમરોળ
આવધ ભલાં કે ભલાં અઝાંઝલ
                    સોહણુ ભલા કે ભલા સથ્થ.
રહેવર ભલા કે ભલા રાઠવડ,
                    હેમર ભલા કે ભલા હથ્થ.
ધાહાં પંડ ઉપડ ધમસાં,
                    રાહાં ખંડ ન કામ રડે,

સોઢ પડે ભડે દળ સામા,
ધરતી હોય ન કડે ધડે.

આ ઉપરાંત ગુજરાતના કેટલાક દુહાઓ છે. તેમાંના કેટલાક લઇએ. ઇડરનો મુલક મશહુર બહારવટીયો ધીરજી જે વખતે બહારવટે હતો તે વખતના આ સોરઠા છે.

પાટણ ઘોડા પાય, મગરી રહી મેવાડરી,
આબો ઉંડળમાંય, ધારે તો લે ધીરતો.
માલવ ધરતી માંડી, પુનાલગ ધાહાં પડે,
કલકત્તે કમાડ, ધાકે જડીયાં ધીરતા.
તું ધીરા તલવાર, નવ સહસા ઝાલત નહિ,
નક્ષત્રી નિર્ધાર, ખંડ નવે હોતે ખરી.

મુંડેટીનો સુરજમલ બહારવટે હતો. તેની પાછળ અંગ્રેજ અફસર અરસ્કીન લશ્કર લઇને પડેલો. સુરજમલ તો ધૂંવાના ડુંગરે હતો. પણ અંગ્રેજ અફસરે વિચાર કર્યો. એના ગામ ગોતાને જો બાળી મૂકે તો તે અહિં આવે. આવો વિચાર કરી તે ગોતા ઉપર ચઢયો. ત્યાં રજપુતોએ સામનો કર્યો. રતના રાઠોડ નામના રજપુતે અંગ્રેજ અફસરના ઘણા માણસોને મારી નાખ્યા અને પછી પોતે પણ પડયો. તેનો દુહો કવિએ બનાવ્યો.

આગે કહેતા એમ, શીર પડીયાં ધડ ઉઠશે,
નર રતના તેં નેમ, સો રાખ્યો ભડશે સરા.

ઇડરના રાવ કલ્યાણમલનો પુત્ર રાવ જગન્નાથ તેણે પોતાના અમલ દરમ્યાન બ્રાહ્મણ વાણીયા વિગેરેને વટલાવ્યા. અને બીજા પણ બહુ અનર્થો કર્યા. કવિએ આથી આ રાજાનું દુહામાં વર્ણન કર્યું.

જગ ખોયું જગનાથીઆ, કલ્લાતણા કપૂત,
વટલાવ્યા બ્રાહ્મણ વાણીયા, રખડાવ્યા રજપૂત

આવા દુહા, સોરઠા, ગીતો, કોઇ બારોટ કવિને મોઢે અથવા તો વહીવંચાના ડાયરામાં તેમના મોઢે ગવાતાં સાંભળો અને તમને જો એ વીર રસનો પાનો ન ચઢે તો ફટ કહેજો. ખૂબ જોર, ખૂબ ઝાકઝમક અને જોશભરી બાનીભર્યાં આ ગીતો અમારા વીર રસના સાહિત્યના મેદાને જંગ છે.

આમ પ્રજાજીવનની શૌર્યની જીવંત ભાવનાથી અને તે પાણી સિંચતા ગુજરાતના જીવનક્રમથી અને એ જીવનક્રમને ઉ-તેજતા, બિરદાવતા અને સુહાવતા, પ્રાણવાન સાહિત્યથી ગુજરાત ખરેખર એક વીર રસના સમરાંગણ જેવું દીપી રહ્યું છે. વીર રસ એ ગુજરાતની પ્રજાનો સૈકાઓ જુનો મહામૂલો વારસો છે.

(૪)

હવે આવે છે ભરથરી. એક તરફ શરણાઇઓમાં સિંધુડો રાગ મહાસાગરના ઘુઘવાટાની પેઠે ગતો ઉપર ગતો લઇ રહ્યો હોય, ઢોલ ઉપર બુંગીયો ગડગડતો હોય, બીજી બાજુ કવિજનની અંગારઝરતી જ્વલંત વાણી, અને તેમની બિરદાવલીઓ મુડદાંને સ્મશાનેથી ઉભા કરતી ગુંજી રહી હોય, તેવે વખતે આ બધાનો સાથ પુરાવવા ભરથરી આવી પહોંચે છે. એની ભાંગી તૂટી કામડી, ખખડી ગયેલો રાવણહથ્થો, મેલાં ઘેલાં લુગડાં ગુજરાતના સાહિત્યમાં અગત્યનો ભાગ ભજવે છે.

બારોટ કવિઓના ડાયરામાં એ જઈ બેસે છે. ત્યાંની શૌર્ય-કથાઓ અને શૌર્ય ગીતો તે પોતાના મગજમાં ઉતારે છે, અને

પોતાના હૈયામાં સંઘરી રાખે છે. બહાવરટીયાઓનાં ચરિત્રો એ અવલોકે છે. અને તેનું મનન કર્યા પછી તે પોતાનું સાજ લઈ બહાર ગામડે ગામડે નીકળે છે. કોઈ દરબારની ડેલીએ કે કોઈ શેઠની હવેલીએ કે કોઈ ગરીબના ઝુંપડાને ઓટલે બેસી પછી તે રાવણહથ્થાના તાર ઉપર કામઠી ફેરવે છે અને પછી પોતાના પડછંદ અવાજે તે પોતે સંઘરેલી શૌર્યકથાઓ અને રાસડાઓનો પ્રવાહ વહેતો મૂકે છે.

હા ! તે વખતે તે શો અજબ બોલે છે ! તમે કહો તો તમને તે કરૂણ રસ સંભળાવી રડાવી દે. તમે કહો તો તમને શૌર્યના એવા પાઠો સંભળાવે કે તમારી રોમરાઈ અવળી થઈ જાય. ભરથરી એટલે લોક હૈયાનો સાચો પ્રતિનિધિ. ગેંદાલના શૌર્યનાં ગીતો ગુંજતો હોય કે તલાજીનો રાસડો ગાતો હોય અથવા તો બિરજીના બહારવટાનું વર્ણન કરતો હોય, તે વખતે તમને જરૂર એમ થાય કે આ ભરથરીઓ લોક સાહિત્યના સાચા સેવકો છે. ગામડે ગામડે ફરી તમે આ સાગરપેટા ભરથરીઓ પાસેથી ગુજરાતનાં શૌર્યગીતો અને રાસડાઓ એક વખત સાંભળો. તમને લોક સાહિત્યના આ સેવકો તરફ જરૂર માન ઉત્પન્ન થશે.

લોક સાહિત્યના ભેખધારીઓને નથી વાડા કે નથી ભેદભાવ. તેઓ તો શૌર્યકથાઓને અને ગીતોને પોતા પાસે ભરેલા ભંડારમાંથી લોકહૃદય આગળ ઠાલવી લોકસાહિત્યને મરતું બચાવવાના પ્રયાસો કરી રહ્યા છે. અને ખરેખર તેમના તે પ્રયાસો પ્રશંસનીય છે. આમ હોવા છતાં ગુજરાતનો ઘણો ખરો ભાગ આ લોકોને સાંભળતો પણ નથી એ ખેદની વાત છે.

ગુજરાતના વીર પુત્રોના વીર રસનો આ આછો પરિચય છે. એ વીર જીવનની જેમણે હલકો માણી છે, એ બહાદુરની

વાતો જેણે સાંભળી છે, જોઇ છે કે અનુભવી છે, એણે તો આથીએ અધિક માણ્યું અને જાણ્યું હશે. આ તો કેવળ માર્ગદર્શન જેવું જ છે.

ગુજરાતના વીર રસની પૂરેપૂરી મોજો માણવી હોય તો કોઇ રાજકવિ શિવલાલ કે રાવ રઘુવરપ્રસાદ કે જયસિંહ કવિ જેવા દેવીપુત્રોને મળજો. દિવસોના દિવસો અને મહિનાઓના મહિનાઓ સુધી એમનો વાણીપ્રવાહ વહેતો રહેશે. એટલી બધી—બલ્કે એથી યે વિશેષ સમૃદ્ધિ એમની પાસે સંગ્રરી રાખેલી છે. એ વીર રસના જીવંત કાવ્ય સમા કવિરાજોને વંદન કરી આપણે તો અત્રેજ વિરમીએ.

દહેગામ.
તા. ૨૫–૮–૩૬ } મગનલાલ બાપુજી બ્રહ્મભટ્ટ



જેતીઓ સરદાર

પ્રકરણ પહેલું

પડકાર

ત્રડીંગ ત્રડીંગ........

ડુંગરીઓથી ઘેરાયલા જુસા ગામમાં વહેલા મળસ્કેથી ઢોલ ધણધણી રહ્યું હતું. જુસા ગામ આમ તો બસો ઘરનું; પણ ટેકરીઓ પર છૂટાં છવાયલાં–આંતરે આંતરે આવેલાં ઘરોથી એનો ઘેરાવો ગાઉ ફરતો હતો. ઢોલ વાગે એટલે એ પ્રદેશના ભીલ લોકોને પટેલને ત્યાં હાજરી પુરાવી આવવી જ પડે. હાજર ના થનાર વ્યકિત-ને સરકાર તરફથી દંડ થાય. ઢોલના ધબધબાટથી જોતીઓ નિદ્રામાંથી જાગી ઉઠયો. પરંતુ તે પાછો તુરત જ વિચાર કરતો ખાટલામાં સૂતો. 'સરકાર તો દરરોજ ઢોલ પીટાવે છે. આપણે પણ ખેતી કરવી હોય કે નહિ?' આમ અનેક વિચારમાં એ પુનઃ નિદ્રાધીન થઈ ગયો. સવાર પડતાંજ ગામના પટેલને ઘેર ભીલ લોકોના ઘણા માણસો ભેગાં થયાં હતાં. પટેલે હાજરી લેવા માંડી. આખા ગામમાંથી જોતીઓ એકલો આવ્યો ન હતો. પટેલને એના પર રીસ ચઢી. જોતીઓ જ્યારે ને ત્યારે

હાજરીમાં હોય જ નહિ. પટેલે એક ભીલ જુવાનને કહ્યું—

"ગેમલા, જોને, જોતીઓ કેમ ન આવ્યો? કોઇ દન એની હાજરી તો હોયજ ના. મારે ફોજદાર સાહેબને જાહેર કરી દેવું પડશે અને નાહકનો ઇને દંડ થાશે. જા બોલાવી લાવ." પટેલનો હુકમ સાંભળી ગેમલો જોતીઆને બોલાવવા ગયો. અને પટેલે જોતીઆ સંબંધી વિવેચન ભીલસમુદાય આગળ કરવા માંડયું: "જુઓને ભાઇ, એક દિ જોતીઆની હાજરી તમે જુઓ છો? આજ તો ઠીક છે. પણ ફોજદારસા'બ ગામમાં આવ્યા હોય તો પણ એની હાજરી નથી હોતી. કોઈ દન અમલદાર ચીઢાઇ ગયો, તો મારો તો મરોજ થાય ની?"

બધાના મોં સામું પટેલ જોઇ રહ્યો, પરંતુ કોઈએ જોતીઆ વિરૂદ્ધ એક શબ્દ પણ ના કાઢયો. પાછું પટેલે ચાલુજ રાખ્યું—

"જોતીઆની હાજરી પુરાવવા માટે આપણે પાછો એક માણસને છાપરે ધકેલવો પડે. જાણે ઇ'ને જીવાડવાની ગરજ પણ આપણે."

*

"જોતીઆભાઈ, કાં ઊંઘે છે? ઝાંપલો ખોલ." ગેમલાએ ઝાંપલી ખખડાવતાં કહ્યું.

"ઇ કુણ ભાઈ! નિંદરમાંથી હું કામ જગાડે સે?"

"ઈ તો હું ગેમલો. ઝાંપો ખોલ, પછી વાત કહું !"

જોતીઓ ખાટલામાંથી ઊઠયો. એણે માત્ર કૌપીન પહેરી હતી, અને ખભે કાળો ગરમ ધાબળો નાખ્યો હતો.

"લે ગેમલાભાયા, આ બા'ર નીકળ્યો. હું વાત કરે છે ?"

"વાત હાની વળી ? પટેલ તને બોલાવે સે. ખબર નથી, આજે હાજરીનું ઢોલ વાગ્યું હતું એ ?"

"એ પટેલ તો રોજ હાજરીના ઢોલ ટીપ્યા કરે છે. એમ આપણે કયાં નવરા સીએ તે એની હાજરીમાં દન ઉગ્યો ને દોડીએ ? રાતે ખેતીમાંથી પરવારીને ઘેર આવીએ અને થાકયા પાકયા સૂઈએ તાં તો દિવસ ઊગે ન ઊગે અને પટેલને ઘેર હાજરીમાં જાવ. આ દુઃખ આપણાથી તો ની વેઠાય. તારા પટેલને કહી દે કે જોતીઓ નથી આવતો. પછી એનું ચાલે તો મને ફાંસીએ ચઢાવે–ભલે ચઢાવે." જોતીઆએ પટેલનો ત્રાસ ઘણા દિવસનો પોતાને ગુંગળાવી રહેલો તેની વરાળ આજ બહાર કાઢી.

"જોતીયા ભાયા ! આ ઠીક નથી. ચાલને ! હાજરી પુરાવી હાલ્યો આવજે."

"ના ભાઈ, ના. એ પટેલનો મને જરાય વિશ્વાસ નથી. હાજરી પુરાવવા ગયા, એટલે–આજે તો ગાડું વેઠમાં લાવજો ! બળદીઆ લાવજો ! આપણે તે ચોમાસામાં ખેતી કરીએ કે એમની વેઠો કર્યા કરીએ ? તમે

તો એ પટેલીઆની સત્તામાં અંજાઇ ગયા છો. એટલે ખેતીવાડી કરવી મૂકીને રોજ ને રોજ હાજરી પુરાવવા દોડો. મ.રાથી નહિ અવાય. ઘરમાં હું એકલો. રોટલા કરવાના, બળદને ઘાસ પાણી, અને હળ ફેરવવું. પછી મારે તે મરી જવું છે?"

"ત્યારે જોતીઆભાઇ, હું પટેલને શું કહું?" ગેમલાને જોતીઆના કથનમાં કંઇ સૂઝ ન પડી.

"તું તારે મેં કહ્યું તે બધું કહી દેજે ને! મને કંઈ એની બીક લાગે છે?"

"સારૂં ત્યારે, જોતીઆભાઇ રામ રામ......." ગેમલાએ કહ્યું.

"રામ રામ.......પણ ઊભો રહે, ગેમલા. તમાકુ પીતો જા...."

"ના ભાઇ, હું તો જઇશ. પટેલ મારી રાહ જોતો બેઠો હશે."

ગેમલો ચાલવા માંડયો. જોતીઓ એની પુંઠ પાછળ જઇને બોલ્યો. "કેટલો ડરપોક આદમી છે!" બોલી જોતીઓ પોતાની છાપરીમાં ગયો.

*

"કેમ ગેમલા, શી ખબર લાવ્યો?" એક અમલદારની અદાથી પટેલે ગેમલો આવતાંજ પૂછયું.

"એ તો આવવાની ના પાડે છે." ટોળી વચ્ચે બેસતાં ગેમલાએ કહ્યું.

"કેમ આવવા ના પાડે છે?—સરકારની હાજરીમાં નહિ આવે પછી એની હાપરી ઉડીજ સમજજો. હું આજે ફોજદાર સા'બને રપોટ કરી દઉં છું. એ વગર એ પોંસરો થવાનો જ નથી. ઘણા દિ મેં એને પાંહે બેહાડીને હમજાવ્યો. પણ એને કોઇનું માનવુંજ નહિ."

"પટેલ! તું તો ગામનો આગેવાન કહેવાય. વળી અમારા બધાનો ફોજદાર કે રાજા જે ગણો તે તું જ છે. રપોટ બપોટ જવા દે. એ આજે નહિ ને કાલે આવશે." ટોળીમાંથી એક વૃદ્ધ ભીલે કહ્યું.

"અરે, પણ ઝાલીઆ ભાયા, તુંને ખબર સે? ઈ મને જારે ને તારે દબાવવાની વાતો કરે સે. ફોજદાર સા'બ કે તલાટી સા'બ આવે તો પણ એની હાજરી ન હોય. એ હાજરીપત્રક લઇને જુએ ત્યારે હું કાંઇ ને કાંઈ બહાના બતાવી એનો બચાવ કરી લઉં, પણ ઇને તો ગણ જ નથી–પણ હાં....ભાઇ ઠીક હાંભર્યું. ચાર, ગાડાં વેઠે રંધીકપુર લઇ જવાનાં સે. કાલે રાતના જ ખબર આવી સે. માટે વારાવાળા જે હોય તે તૈયાર થઇ જાઓ." પટેલ મુદ્દા પર આવ્યા, અને માંહોમાંહે પૂછપરછ કરી તો ત્રણ વારાવાળા નીકળ્યા.

પટેલે કહ્યું: "ચોથો કોનો વારો છે?"

"જોતીઆનો." એક જણે ખૂણેથી કહ્યું.

"જોતીઓ કાં આવે છે?–એની જગાએ એના પછીના વારાવાળાને મૂકો. એને તો હું સીધોજ કરી

દેવાનો સું. આજે જ તમારા દેખતા રપોટ કરી દઉં સું." કહી પટેલે ગંદો કાગળ અને બે આંગળની પેન્સીલ ખીસામાંથી કાઢયાં.

"પટેલ! તું અમને કયાં અન્યા કરછ. જારે ને તારે જોતીઆનો વારોજ ઉડી જાય છે." એક બોખા દાંતવાળા વૃદ્ધ ભીલે સૌના આગળથી કહ્યું.

"આ જોતીઆનો જ વેત થાય છે." પટેલે પેન્સીલ જીભે અડાડી લખતાં કહ્યું.

*

એક પછી એક બધા ઉભા થઇ, ઘર તરફ વિદાય થયા.

ગેમલો સીધોજ જોતીઆને ઘેર આવ્યો.

"જોતીઆભાઇ, ગઝબ થીયો."

"કેમ શું છે ભાઇ! તારૂં કાળજું શાનું ધડકે છે?" જોતીઆએ મશ્કરી ખાતર ગેમલાના હૃદય ઉપર હાથ મૂકતાં કહ્યું.

"પટલે તો ફોજદારસા'બ પર આજ ને આજ રપોટ કરી દીધો છે, કે જોતીઓ હાજરી પુરાવવા નથી આવતો."

"બસ........ઇમાં તને શાનો ધ્રુજારો થયો? એ પટેલીઆને અહીં કોણ ગણે છે? પણ ગેમલા, તાં રાવજી આવેલો કે ની?"

"ના, રાવજી પણ નથી આવ્યો. એને તો ધગારો

ચઢયો સે.”

“ઠીક ત્યારે તો અમારા બેની પટેલની હાજરીમાં ચોકડી પુરાઇ, એમ જ ને?”

“હા ભાઇ!”

“લે હુક્કામાં વાડધી ભરી લાવ. એ તો નિતની માથાકૂટ છે.” જોતીઆએ ઉપરની ચલમ ગેમલાને આપતાં કહ્યું.

ચલમ પીતાં પીતાં ગેમલાને નવો વિચાર ઉદ્‌ભવ્યો.

“એ.......જોતીઆ ભાયા–પટલે રપોટ કર્યો ને તારૂં પેટ તો ટાઢું છે!”

“ગેમલા, એવું એવું તો પેટમાં ઘણું ય તેલ રેડાય ....કાં સુધી એ સહન થાય?–હવે તો એ પટલ અને રાજવાળાથી હું કંટાળી ગિયો છું. તેમાં વળી ઘરમાં કોઇ રોટલા બાળી આપે તેવું પણ ની મળે.” હુક્કાનો ધુમાડો કાઢી, એ ગોટ તરફ જોતાં જોતીઓ બોલતો હતો અને ગોટમાં જ એણે ઝાંપલી તરફ મનુષ્યની આકૃતિ આવતી જોઇ.

તે નજદીક આવી પહોંચતાં જોતીઓ આશ્ચર્યથી બોલ્યો :

“રાવજી! તું કયાંથી? તને તો તાવ ચઢયો હતો ને?”

જોતીઆ ઊભો થઇ ગયો.

“તાવ ને બાવ, જોતીઆ! ન જવાના બધાં બ્હાનાં.... હં....પણ આ ગેમલો અહીં કયાંથી? એ પટેલને બધી

વાત પહોંચાડશે.” રાવજી સ્મિત કરતાં બોલ્યો.

“તો આપણે ક્યાં છાની વાત કરીએ છીએ?” જોતીઆએ કહ્યું.

ત્રણે જણા બેઠા.

“રાવજી ભાયા! મને એમ કેમ કીધું?” ગેમલાએ કહ્યું.

“ભાઈ તું, તો પટેલનો માનીતો રહ્યો. ધારે તો અમને બે ઘડીમાં એડમાં પગ પરોવડાવે.” રાવજીએ હસતાં હસતાં ટાણો માર્યો.

“હં....ગાંડો થિયો.” સ્હેજ તુચ્છકારથી ગેમો બોલ્યો અને તે ઊઠયો.

“જોતીઆ ભાયા! રામ....રામ...., હું તો જઇશ. હજી ડુંગરામાં જઇને લાકડાં વાઢી લાવવાં છે.”

“ઠીક ભાઇ, રામ....રામ....” જોતીઆએ ગેમલા ભણી નજર નાખીને કહ્યું.

ગેમલો ઘર ભણી વિદાય થયો.

“જોતીઆ....મારે તો વાંધો નથી, પણ તારે તો ભૂંડું થયું. પટલ સરકારમાં રપોટ કરશે તો મહામુશ્કેલી ઊભી થશે.” જોતીઆના મિત્ર રાવજીએ ગંભીર મુખ રાખીને કહ્યું.

“રાવજી! મનેય લાગે છે કે હાજરીમાં ન ગયો તે ભૂલ કરી છે. પણ ત્રણ ત્રણ અને ચચ્ચાર દિયે ઢોલ પીટાય તે ક્યાં હચવાય પણ રાવજી, ગભરાવાનું કારણ

નથી. એ ફોજદારને અને પટેલને બધાને હું પુરો પડીશ. તું તારે કાળજે કહાર રાખજે." જોતીઆએ મુંઝવણનો અંત આણતાં કહ્યું. રાવજી એની ચકોર દૃષ્ટિ ભણી જોઈજ રહ્યો.

"લે તિયારે, તું બેસ–હું ડગરાંને બહાર બાંધી દઉં. રાવજી! એકલો માણસ તે કેટલે પહોંચી હકે?"

"ભાયા! જુહામાં કાળ પડયો છે? તારી હાથે તો ઘણી બૈરીઓ નાતરૂં કરવા તૈયાર છે." રાવજી સ્મિત ફરકાવતો જોતીઆના પ્રત્યુત્તરની રાહ જોતો દૃષ્ટિને ઠારી રહ્યો.

"રાવજી! એ બધુંય ખરૂં, પરંતુ મારી સરગે ગએલી બૈયરનું વચન કેમ ઉથાપું?"

"શાનું વચન આલ્યું હતું, જોતીઆ?"

"જુહામાં લગન ના કરવાનું મેં વચન દીધું છે. એ બૈયર જીવતાં કુવે પાણી ભરવા જતી તીયારે ગામની બૈયરો એને ચીઢવતી કે તારા ધણીના ઘરમાં તો અમેજ ભરાઇ બેસીશું. તેથીજ એણે મરતાં મરતાં જુહામાં કોઈ પણ બૈયર સાથે નાતરૂં નહિ કરવાનું મારી પાહેથી વચન લીધું છે."

જોતીઆ સરદારની આ પ્રતિજ્ઞા સાંભળી રાવજી તો દિંગ થઇ ગયો. એને જોતીઆના સહવાસમાં નવું નવું જાણવાનું અને અનુભવવાનું મળતું હતું.

જોતીઆએ જુદાજ ભાવમાં ખાલી માથું હલાવ્યું.

પ્રકરણ બીજું
તવાઈ

પટેલનો મોકલાવેલો રિપોર્ટ રંધીકપુર ફોજદાર પાસે ગયો. ફોજદારને પણ જોતીઆ પર સારો ભાવ હતો, પરંતુ પોતાની જુસાની મુલાકાત દરમ્યાન એને પણ જોતીઆની હાજરી જવલ્લેજ જોવાને મળતી. સત્તા આગળ જોતીઓ બદમાશી કરી જાય એ ફોજદાર સાહેબને ન રૂચ્યું. એમણે ઓર્ડરલી પોલીસ માર્ફતે જમાદારને બોલાવ્યા.

“સાહેબ, શો હુકમ છે?” જમાદારે આવી સલામ કરીને કહ્યું.

“જુસામાં પટેલની હાજરીમાં જોતીઓ સરદાર નથી આવતો, એ માટે ત્યાંના પટેલનો આજે રિપોર્ટ આવ્યો છે. તમે બેએક પોલીસો સાથે જુસા જાઓ. અને હાજરી શા માટે નથી આપતો તે વિષે પૂછી, યોગ્ય લાગે તો તેને હવેથી હાજરીમાં હાજર રહેવા સૂચના આપીને રજા આપજો અને સીધો જવાબ ના આપે તો મારી પાસે જ પકડી લાવજો.” ફોજદારે જમાદારને સૂચના આપી.

"જી....હું જાઉં છું." કહી જમાદાર લશ્કરી ઢબથી સલામ કરીને ઉપડયા.

"જમાદાર...." ફોજદારે બૂમ મારી. જમાદાર પાછા આવ્યા.

"શો હુકમ સાહેબ ?" ફોજદાર ટચલી આંગળી દાંત વચ્ચે પરોવી વિચાર કરતા હતા.

"જુઓને એ ભીલડો આમ તો ભલો છે. પરંતુ બદમાશી પણ કરી જાય છે. માટે જે કામ કરો તે સાચવીને કરજો."

"ઠીક સાહેબ, કંઇ વાંધો નહિ." કહી જમાદાર વિદાય થયા.

*

"કેમ પટેલ, મઝામાં તો ખરાને ?" ઘોડા પરથી ઉતરતાંજ જમાદારે કહ્યું

"હા બાપુ, ઠીક છીએ." કહી પટેલે જમાદાર માટે ખાટલો ઢાળ્યો. જમાદારે બીડી સળગાવી અને ધુમાડાના ગોટા મોંમાંથી કાઢતાં કહ્યું—

"પટેલ, જોતીઆનું લફરૂં છે ?"

"સા'બ, બીજુ તો કંઇ નહિ, પણ હાજરીમાં કોઈ દિ નથી આવતો."

"હાજરીમાં નથી આવતો ? ઠીક....મહમદ ! છાપ-રીએથી જોતીઆને બોલાવી લાવો."

મહમદ એક ભીલ જુવાનને સાથે લઇને જોતીઆને

તેડી લાવવા વિદાય થયો.

"પટેલ, આમ આવો.' જમાદારે પટેલને પોતાની નજદીક બોલાવ્યો.

"જોતીઆ પાસેથી કંઇ ખરે તેમ છે ?"

"સા'બ હું ખરે ? બેરે બેરે ઘરનું પૂરૂં કરે છે ને."

"એવું હોય તો ધમકાધમકી કરીને છોડી દઇએ." વૃધ્ધ જમાદારે પોતાની કલપ દીધેલી લાલ દાઢીનો વાળ તોડતાં કહ્યું.

"સા'બ, ભીલાંનાં ઘરમાં હું હોય ?" પટેલે ભીલ કોમની કંગાલીઅત દર્શાવતાં કહ્યું.

"અરે ગાંડા....તારો ને મારો ભાગ, ખેરવાય તો દશેક રૂપિયા ખેરવને !"

"જોઇએ છીએ સા'બ, એને આવવા તો દો."

ત્યાં તો હાથમાં નાની હુકલી સાથે જોતીઓ આવી પહોંચ્યો. બેફિકરાઇથી એ ધુમાડા કાઢી રહ્યો હતો.

"રામ....રામ....સા'બ." જોતીઆએ સલામ કરતાં કહ્યું.

જમાદારે એના પ્રતિ કરડી દૃષ્ટિએ જોયું. પણ જોતીઓ જાણે કશી નવીનતા જ ન હોય તેમ એમના સામે હસતાં હસતાં જોઈ રહ્યો. જમાદારને એ હાસ્ય ઘણું અપમાનજનક લાગ્યું.

"કેમ, તારે તો હવે હાજરી ન પુરાવવી, પટેલનું ન માનવું, સરકારનું ન માનવું ! જાણે કે ગામનો રાજા

તો તું જ !" જમાદારે સત્તાવાહી સૂર શરૂ કર્યો.

"સા'બ.......શું સરકારનું ના માનવું ? મને સમજ નથી પડતી." જોતીઆએ નમ્રતાથી કહ્યું. મોંમાંથી દૂર કરી એણે હુકલી જમીન પર મૂકી.

"તને તો શાની સમજ પડે ?–સમજ તો હવે જ પડશે." જમાદારના ડોળા જોતીઆ ઉપર તગતગી રહ્યા હતા. એ જોતીઆથી ના સહન થયું.

"જમાદાર સા'બ, ડરાવવાની વાત મા કરશો ! ન્યાયથી વાત કરો."

"શાનો ન્યાય માગે છે ? કોઇ દિવસ હાજરીમાં ના આવવું, પટેલની સામા થવું અને બધાંને ડરાવ્યા કરવા !"

"ઉં હું કામ ડરાવું ?–બધા ડરે એમના પાપે."

"જોતીઆ, આમ કોને કહે છે ?" જમાદાર તાડુક્યો.

"સા'બ, હું કોઇને કહેતો નથી, પણ મને કેમ તેડાવ્યો એ તો રહો."

"તને રંધીકપુર થાણામાં લઈ જવાનો છે. હાજરીમાં ન આવવા માટે પટેલનો તારા પર રિપોર્ટ આવ્યો છે."

"દન દનની હાજરી થાય તો અમારે ખાવું હું ? આ ખેતીના વખતમાંયે વેઠ.......! ખેતી નહિ પાકે તો ખાવાનું કયાંથી અને એ પટેલને તો વારેવારે વેઠે ગાડાં જોતરવા છે ? એ તો બધાને દબાવ્યા જ કરે છે. એવું કોણ સહન કરે ?"

"હવે તારી લવારી જવા દે અને રંધીકપુર આવવા આગળ થઈ જા."

ખાટલી પર બેઠેલા જમાદારે હાથમાંથી નેતરની સોટી ગોળ વીંઝતાં કહ્યું. જોતીઆ ન જુએ તેમ એમની આંખો પટેલ તરફ વળતી હતી.

"મેં કાંઇ સરકારનો ગનો નથી કર્યો. નથી કરી ચોરી કે લૂંટ, કે સરકાર વગર વાંકે મને પકડી જાય."

"જોતીઆ, તારી બદમાશી જવા દે, અને સીધો સીધો આગળ થઈ જા." જમાદારે ઉભા થઈ કમ્મરના પટાને સજ્જડ કરતાં કહ્યું.

"એટલે? જમાદાર, ડરાવવાની વાત ના કરતા, જોતીઆને બીજા ભીલ જેવો ના સમજજો કે ડરાવીને રૂપિયા ખેરવો." જોતીઆએ આંખો લાલ કરતાં રજવાડી અમલદારોની ખાસિયત જણાવી દીધી.

"ભીલડા; તું અમને કેવા ધારે છે?"

ભીલડા શબ્દ સાંભળતાં જોતીઆનો ક્રોધ વધ્યો.

"જમાદાર, મોં સમાલીને બોલજે, નહિ તો જીવતો ઘેર જવા નહિ પામે."

"મહમદ....અને ભેરૂસીંગ, એની છાપરી જપત કરો. એનાં ઢોર અને ઘરની મિલ્કત પર બંદોબસ્ત રખાવો." જમાદારે બાદશાહી ફરમાન છોડયું. બન્ને સિપાઇઓ ચાલવા માંડયા. જોતીઆએ તેમને અટકાવતાં કહ્યું—

"મારી છાપરી આગળની હદમાં પગ મૂકનારનું ભૂંડું થયું સમજજો."

જોતીઆના શબ્દો હવામાં ઊડી ગયા. સિપાઇઓ એને હડસેલી આગળ વધ્યા. ખૂદ જમાદારે ઉભા થઇને જોતીઆનું કાંડું પકડી લીધું.

*

ઢોર અને છાપરીનો કબજો મેળવી સિપાઇઓ જમાદાર પાસે આવ્યા. જમાદારે અનેક જૂઠા આરોપો જોતીઆ ઉપર મૂકી રંધીકપુરથી ફોજદાર સાહેબને જુસા બોલાવ્યા. ફોજદારે પણ જમાદારનું જ માન્યું. જોતીઆએ ફોજદાર સાહેબને ઢોર વિગેરે પાછું સોંપવા ઘણીએ વિનંતીઓ કરી, પરંતુ ફોજદાર સાહેબનું હૃદય પીગળ્યું નહિ. જોતીઆ ઉપર જૂઠા આરોપો મૂકી ફોજદારે એના ઉપર કેસ પણ કર્યો, પરંતુ એ કોર્ટમાં નિર્દોષ ઠરી છૂટી ગયો. જોતીઓ છૂટયો પરંતુ એની આંખ પેલા રિપોર્ટ કરનાર પટેલ ઉપર ઝેરી બની હતી. એ અદાવતનું વૈર વાળવા માટે એની આંખમાંથી અગ્નિ ઝરતો હતો.

*

સવારના પહોરમાં ઢોર વિનાના ખાલી ખીંટા જોતાં જોતીઆની આંખમાં પાણી આવી ગયું. રજવાડી જુલ્મથી એના શિરે દુઃખનો ડુંગર ખડકાયો હતો. ત્યાં તો જોતીઆ સરદારનો મિત્ર રાવજી આવ્યો.

"જોતીઆ ભાયા, રડે દન ની વળે....દુઃખ આવ્યું

તે વેઠેજ છૂટકો.” જોતીઆની આંખમાં આંસુ જોઇ રાવજીએ એની સામે બેસતાં કહ્યું.

“ભાયા, દઃખ તે આવું હોય ? રૈયતને અમલદારો આમ કનડે પછી એ કયાં જઇને રહે ? હવે તો મને અહીં રે'વાનું ગોઠતું જ નથી. ખાલી ઝુંપડીમાં પડી રહેવું કેટલું અઘરૂં લાગે ? ડગરાં હતાં તિયારે તો એની ઠાંઠ વેઠમાં આખો દન હેંડયો જતો.” જોતીઆએ પોતાની મુશ્કેલીઓ રાવજીને વર્ણવી બતાવી.

“જોતીઆ, તારે હવે શું કરવું ? મને તો કશી સમજ પડતી નથી.”

“રાવજી, આવતી કાલેજ હું જુસા છોડીને માંડલીમાં એકાદ છાપરી બાંધીને રહીશ અને એ પટલડાનું વેર વાળી મારૂં ખૂન ટાઢું કરીશ ત્યારેજ ઝંપીશ.” જોતી-આએ આખરી નિર્ણય રાવજીને કહી સંભળાવ્યો.

“જોતીઆ, તું તાં આગળ દઃખમાં દન ગુમાવે. અને હું અહીં આનંદમાં રહું એ ના બને. હું પણ તારી હારેજ આવીશ.” રાવજીએ પોતાનો મિત્રધર્મ બતાવ્યો.

“રાવજી તું મારી પાછળ ના ઢસડા. તારે તો છોકરા જીવાડવાનાં છે. અને હું તો એકલોજ છું.”

“ના ભાયા, જયાં તું ત્યાં હું. એ તો અહીં એની મેળે નભશે....તારો સાથ હું તો નહિ જ છોડું.”

“તો તારી મરજી. તને આવવા હું ફરજ નથી

પાડતો." જોતીઆએ રાવજીની દૃષ્ટિ સામે દૃષ્ટિ મીલાવીને કહ્યું.

"સારૂં ભાયા ! હું ક્યાં તારી ફરજથી દબાઇને આવવા માગું છું ? હું પણ એ રાજ નીચે ઓછો નથી કચરાયો. મેંયે ઘણી પીડા વેઠી છે." કહી રાવજી ઊઠયોઃ "જોતીઆ, કાલે કુકડા બોલતાં હું આવી રહીશ."

જોતીઆએ માત્ર એના સામું જોઈને દૃષ્ટિ ફેરવી લીધી.

રાવજી ગયો એટલે જોતીઓ ભાંગીતૂટી ખાટલીમાં પડયો પડયો અનેક વિચાર કરવા લાગ્યો. 'પટલનું તો વેર વાળવું જ. એના લીધે જ મારી ઝુંપડીની આ દશા હું જોઈ રહ્યો છું. હવે તો એ પટલ અને રાજવાળા મારા દુશ્મન બન્યા છે. એમણે મારૂં બધું જ પડાવી લીધું. હવે શું રહ્યું છે ? બસ, હવે તો રાજ સામે થવું એજ ઠીક.' જોતીઆએ વિચારનો અંત આણ્યો. ગોખલામાં દિવસોની પડી રહેલી ગડાકુ હુક્કામાં ભરી બધા વિચારોને વિસારવા એણે ધુમાડો કાઢવા માંડયો.

*

વહેલી સવારના જુસા ગામ સૂમસામ હતું. રાવજી જોતીઆની છાપરીએ આવ્યો. એણે ખભે કામઠી ભેરવી હતી. અને ભાઠામાં તીરનો જબરો ભારો હતો. એ જોતાં જ જોતીઆનું મોં મલકાઇ ગયું.

"રાવજી તું તો જબરો....આટલો બધો વહેલો આવીશ એની મને ખબર ન હતી."

"તિયારે જોતીઆ, હું શું મશ્કરી કરતો હતો ?"

"ના ભાયા, ના. તારા કહેવાને મશ્કરી મનાય ? લે બેસ. હવે હુંયે તિયાર થઇ ગયો છું."

થોડું સરખું રાચરચીલું જોતીઆની છાપરીમાં પડયું હતું. તે એણે રાવજીની છાપરીએ મોકલાવી દીધું. તલવાર તીર લઇને એ સજ્જ થયો. કમ્મરે ચામડાનો પટો પણ પહેર્યો હતો. બહાર નીકળીને એણે છાપરીને વંદન કરી ઝાંપલી વાસી. એને પોતાનું વતન અને છાપરી છોડતાં આંચકો તો લાગ્યો, પરંતુ એના માટે બીજો માર્ગ જ ન હતો. એ બારીયા રાજ્ય છોડીને બીજા રાજ્યની હદમાં વસવાટ કરવા માટે નીકળ્યો.

પ્રાતઃકાળના આછા અજવાળામાં એમણે જુસા ગામ છોડયું. બન્ને મિત્રોએ જુસાથી માત્ર ત્રણ ગાઉ દૂરના ગામે આવીને વસવાટ કર્યો.

જોતીઓ નિર્દોષ ઠરીને છૂટયો ત્યારથી પટેલ હંમેશા એની ભાળ કાઢયા કરતો હતો. રખેને એ ગામને ઉશ્કેરી પોતાના પર તવાઈ લાવે.

*

આજે પટેલ જાતે જ જોતીઆની છાપરી ભણી આંટો મારવા નીકળ્યો હતો. જોતીઆની છાપરી બંધ જોઈને

એના હૃદયમાં ધ્રાસકો પડયો, પરંતુ એણે મનને વાળ્યું કે ડુંગરીમાં ભટકવા ગયો હશે. પટેલ બીજા ભીલોની છાપરીઓએ ચક્કર મારી પોતાને ઘેર ગયો. ભીલ કોમ એકંદરે ઘણીજ મમતાળુ હોય છે. પરંતુ વિફરે ત્યારે ભલભલા અમલદારોના નાકે પણ દમ લેવડાવી દે છે. ઘણાખરા ભીલોનો ધંધો લૂંટ ચોરીમાંજ જાય છે. હરતાં અને ફરતાં બકરાં કુકડાં તો એ સ્હેજમાં ઉપાડી લાવે છે. તેથી એ પ્રદેશના રાજ્યોનું પટેલો પર ફરમાન હોય છે કે દરેક જણ શું કરે છે તે તેની છાપરીએ જઇને પટેલે તપાસી આવવું; અને શક પડતું કારણ હોય તો પટેલને ફોજદાર પર રિપોર્ટ કરવો પડે છે.



પ્રકરણ ત્રીજું

પટેલની મુંઝવણ

માંડલી ગામમાં નાનકડી છાપરી બાંધીને જોતીઆએ વસવાટ કર્યો. નાનકડી ડુંગરી પર એની છાપરી એકલી અટુલી પવનના સપાટા વચ્ચે ઊભી હતી. એ પણ અડગ–નિડરતાની મૂર્તિસમી જણાતી હતી. સંધ્યાકાળ થાય કે ગામના સર્વ ભીલ જુવાનોનો જોતીઆની છાપરીએ ડાયરો ભરાય. જોતીઆના ભવ્ય વ્યકિતત્વે ગામના જુવાનોને પહેલી જ મુલાકાતે આંજી નાખ્યા હતા. સાડાચાર ફુટ ઊંચો, કાળો દેહ અને માથાની બાબરી ઠેઠ કાનની સાથે ગુંચળાં વળી મૈત્રી સાધી રહી હતી. ઠીંગણી કાયા છતાં એની પ્રતિભા એવી હતી કે ભલભલા અંજાઈ જાય.

માંડલી ગામના જુવાનો જોતીઆનો પડયો બોલ ઉપાડી લેતા. જોતીઆનો અડધો શબ્દ નીકળતાં એનું કામ થઈ જતું. જુવાનોનો સાથ જોતીઆને પૂરેપૂરો

હતો. એને દરેક કાર્યમાં સાથ આપવા ભીલ જુવાનો તૈયાર હતા, પરંતુ જોતીઓ પોતાના માટે બધાંને સંડોવવા તૈયાર ન હતો. સંધ્યાકાળ પછી જુવાનો વાળુ કરી, પરવારીને જોતીઆની છાપરીએ આવ્યા હતા. જોતીઓ અને રાવજી પણ જમી કરી પરવારીને ખાટલી પર બેઠા હતા. એક બાજુની પરસાળમાં દેવતાનું ધુંગું બળી રહ્યું હતું. તમાકુની ચલમો ને હુક્કા પીતા જુવાનો ગપ્પાં મારતા બેઠા હતા. જોતીઓ જુવાનો સાથે હસીને વાતો કરી રહ્યા હતો, પરંતુ એના પેટમાં તો ચીરાડોજ હતો. પટેલ અને રાજ્યના વિચારો એના હૃદયમાં ઘોળાયા કરતા હતા. જોતીઓ વાતોમાં સાથ આપતો હતો; પરંતુ એની સ્થિતિ અને વિચારો રાવજી તરત પારખી ગયો હતો. જોતીઓ પણ રાવજીની સામે દૃષ્ટિ મીલાવતાં જુવાનો સાથે વાતો કરતો હતો. પરંતુ થાંભલાને ટેકે બેઠેલા રાવજીનું મુખ જોતીઆથી સાફ સાફ જોઈ શકાતું નહિ, નહિ તો એ રાવજીના હૃદયના ભાવ પણ પારખી શકત. રાવજી સુકલકડી બાંધાનો, ઉંચો તાડ અને ગોરા વાનનો, કસેલ બદનનો જુવાન હતો. એની ચપળતા અને વાતવાતમાંથી ભાવ જાણી જવાની ચાતુરી અનોખી હતી. ભીલ કોમ એટલે અક્કલહીન જ નહિ. એ કોમમાં અક્કલમંદો એવા પડયા છે, કે ભલભલા ન્યાયાધીશોને પણ સચોટ જવાબ આપી શકે. ભીલોનું પંચ ભરાય ત્યારે એમની

વાતચીત અને બુદ્ધિભરી ચર્ચા જોવા અને સાંભળવા જેવી છે. એ કોમમાં પણ અમુક બુદ્ધિશાળી અને આગેવાન 'પટેલીઆ' હોય છે; અને તે કહે તે બધાને મંજુર રાખવું પડે છે.

રાવજી જોતીઆનો ભાવ સમજી ગયો હતો. પરંતુ એણે તે વખતે એ વાતજ ના છેડી.

"રાવજી! ચમ કાંઇ સૂનમૂંઢ બેઠો સેં? કંઈ વાત તો કર." જોતીઆએ ચલમમાં હોલવાઇ ગએલા અંગારાની રાખને બાજુ પર ખંખેરી નાખતાં કહ્યું.

"કાં જોતીઆ ભાયા, મઝામાં બેઠો સું. બધા વાતો કરે સે તે હાંભળું સું." રાવજીએ થાંભલીના ટેકાથી આગળ, ચીમનીના આછા પ્રકાશ તરફ ખસતાં કહ્યું. અને જોતીઆએ એના ભણી દૃષ્ટિ ફેંકી. જોતીઆએ રાવજીનું મુખ જોયું. એના મુખ પર આનંદ તો તરવરતો હતો. છતાં એ આનંદમાંથી જોતીઆએ કંઇક શ્યામ છાયા તારવી કાઢી. પણ જોતીઆ એ વાત માટે હમણાં મૌન રહ્યા.

"ભાયા, હમે તો જાશું." એક બે ભીલ જુવાનોએ ઊઠતાં કહ્યું.

"લો. તમે તો બધા ઊઠયા!" જોતીઆએ સસ્મિત નજરે જુવાનો તરફ જોઇને કહ્યું.

"ભાયા, આવજો" એ ઊઠયો અને ઝાંપલી સુધી જુવાનીઆઓને વળાવી આવ્યો. જુવાનો ઝાંપલી બહાર

નીકળ્યા અને કુતરાં ભસવા માંડયાં.

"લે કાળીઆ, ઈણી ગમ આવ." કાળીઓ કુતરો જોતીઆનો પાળેલો હતો. જોતીઆનો શબ્દ સાંભળતાંજ એ પૂછડી પટપટાવતો અંદર આવ્યો.

"રાવજી, આવ, ખાટલી પર બેસ. તું તો આખો દિવસ વચાર વચાર ને વચારજ કર્યા કરસ. હું મોટી સરકારે અને પટેલે તોપ ફોડી નાખી સે તે!"

"ભાયા, એ પટલીઓ હઘળાં મનખ આગળ કેસ કે ભાળ્યું, જોતીઆને કેવો ગામમાંથી ભગાડયો."

"હત્ત રાવજી, ઇમાં મુંઝાય સે હું કામ? તું જો તો ખરો એ પટલ પાહે માફી મગાવું સું કે નહિ. એ આવીને આપણા પગાંમાં પડે પછી તો તને હમક વળહે ને!" જોતીઆએ મંદ હસતાં કહ્યું.

"જોતીઆ ભાયા, તિયારે તો આપણો નોખ રહે, ને હઘળાં મનખાં પણ જાણે કે જોતીઓ ખરો." રાવજીને જોતીઆનું કહેવું ગમી જતાં, આનંદથી એ બોલ્યો.

"લે, તિયારે તો હું તો ઊંઘી જઈશ. નિંદરથી આંખ ઘેરાઇ ગઇ સે." જોતીઆએ બીજી ખાટલીએ જઇ આડા પડતાં કહ્યું. રાવજી પણ ચીમનીને હોલવી સૂઇ ગયો.

*

ખેતરમાંથી થાકયાપાકયા માણુસો ઘેર આવી થાક

ઉતારવા સ્નાન કરી એમની ભીલોડી ભાષાનાં ભજનો અને ગીતો ગાતા ખાટલામાં પડયા હતા. કોઈ કોઈ જગાએ તો કેટલાક ભીલો એકઠા મળી, એક સાથે રાગડા તાણી રહ્યા હતા. તે વેળા જોતીઆએ અને રાવજીએ પટેલના ઘર આગળ પ્રવેશ કર્યો. પટેલ બારણામાં બેઠો બેઠો પોતાના હાળી સાથે વાતો કરતો હતો. હાથમાં હુક્કો પણ હતો. બહારના અંધારામાં આવતા માણસોને એ ન જોઈ શકયો. જોતીઓ અને રાવજી ઠેઠ એના આંગણાની ઓટલી ચઢી એની છાતી આગળ આવીને ઊભા રહ્યા.

જોતીઆને જોતાંજ ગભરાટમાં હુક્કો હાથમાંથી પડી ગયો, અને પટેલ બેબાકળો બની ઊભો થઇ ગયો. એ ગભરાટમાંજ બોલ્યો—

"ભાયા....તું કાંથી, ઘણા દિયે?"

"ઘણા દિયે તારી ખબર કાઢવા, પટલ." જોતીઆએ હસતાં, પટેલનો હાથ પકડીને કહ્યું. જોતીઆને જોતાંજ પટેલના ઘરમાં રડારોળ શરૂ થઈ. એનાં બૈરાં છોકરાંને જોતીઓ કાળ સમાન લાગ્યો. પટેલની સ્થિતિ પણ દયાજનક બની હતી. પટલાઇનો તોર ઓસરી ગયો હતો.

"જોતીઆ....મ....મ....મ...." પટેલની જીભને ડૂચો વળ્યો હતો. સત્તા અજમાવનાર પટેલ આજે ગરીબ ગાય જેવો બની ગયો.

"મ....મ....મ. હું કરસ? હવે તારી સત્તા મારા આગળ અજમાવ. બોલાવ તારા જમાદારને!" જોતીઆએ પટેલનો હાથ છોડી દેતાં કહ્યું.

"ભાયા, પણ તું મને શીદ કનડે સે?"

"પટલ, જોતીઓ આજે એને કનડયાનો હસાબ લેવા આવ્યો સે." કડકાઇથી જોતીઆએ કહ્યું.

"ભાયા, એ બધું કરનાર ફોજદાર અને જમાદાર. ઇમાં મને હું કામ હેરાન કરસ?"

"પટલ, હજી તો સાચ્ચો થવા માગે સે? બધાં કરતુક તો તારાં સે. અમને કંઈ ભોટ ન માનજે, કે તું કહે તે હાચું માની લઈએ."

"ભાયા, મુઈ મારી પટલાઈ. પટલાઇમાંયે ઓછું દઃખ સં! સરકારનું કામ ન કરીએ તોયે દઃખ અને તમારા જેવાનું અવળું વેતરાય તોય દઃખ. અમારે તો હું કરવું?"

"રાવજી, રાસ લાવીને એ લુચ્ચાને બાંધી દે" રાવજી તરફ જોઈને જોતીઆએ કહ્યું. જુસા ગામનો રાજા જેવો પટેલ રાવજીની રાસથી બંધાઈ ગયો. ગામમાં હજી કોઇને જોતીઓ આવ્યાની ખબર પડી ન હોતી. જોતીઆની તીણી ને તગતગતી બરછીના ડરે પટેલની બૂમ મારવાની હિંમત પણ હણાઇ ગઇ હતી.

"જોતીઆ ભાયા, મારી ભૂલ માટે માફી માગું સું. તારી હામે બાકળી બાંધવામાં મેં ઠીક નથી કર્યું.

ભાયા, મને એક વેળા માફ કર." રાસથી જકડાયેલા પટેલે કરગરતાં કહ્યું. જોતીઆની આસપાસ પટેલનાં બૈરાં કુંડાળું વળી આક્રંદ કરતાં પટેલને છોડાવવા વિનવવા લાગ્યાં.

"તમે આંહીથી હઠી જાઓ. નહિ તો તમારી દશા પણ બૂરી થશે." જોતીઆએ પટેલની સ્ત્રીને કહ્યું.

"ભાયા, તારી બ્હેન માનીને કહું છું. મારા ધણીને એક વેળા જવા દે. થયું તે થયું. જોતીઆ ભાયા, એ ઘૂંટડો મારા માટે ગળી જા. આજથી મને તારી સગી બ્હેન ગણ." પટેલની સ્ત્રીએ કરગરતાં જોતીઆને કહ્યું.

"દેવલી, તું મારી બેન ખરી, પણ મારા આડે ન આવ, તને પગે લાગીને કહું સું. મારો બદલો આજે જરૂર વાળીશ. એ વના હખ નહિ થાય."


"ભાયા, હું તને વિનવું સું કે તું મારા ધણીને જરાએ ઘા કરૂં તો તને ભાથીખત્રીના હપથ" દેવલીએ કહ્યું. સોગંદ સાંભળતાં જ જોતીઆના વેર વાળવાના વિચારો ઊડી ગયા. ભીલ કોમમાં 'સોગન' ઉપર જ સંસાર ચાલે છે અને નભે છે. એકમેકને સોગંદ દઈને કામ કરે કે એ વસ્તુ વિશ્વાસપાત્ર બની જાય છે. જોતીઆની આગળ 'સોગન' આવ્યા, નહિ તો જરૂર વેર વાળવા પટેલને પ્રાણઘાતક શિક્ષા કરી હોત.

"જોતીઆ ભાયા, તને પગે પડીને કહું છું. મને છુટ્ટો કર. જીવતાં લગી તારા કામ આડે નહિ આવું." દયામણી આંખે પટેલે બંદીવાન દશામાં કહ્યું.

"પટેલ, તારા વચન પર છોડું છું. મારા વિરૂદ્ધનો તારા તરફથી જરા ઇશારો જણાયો કે મર્યો જ જાણજે."

"જોતીઆ, વશ્વાસ ના પાડતો હોય તો મને ભાથીખત્રીની આણુ કે તારાથી વાંકો સાલું."

"રાવજી, એના બંધ છોડી દે, ગમે તેવો પણ આપણો એ પટેલ." એક વખતના ઉપરી પટેલ પ્રત્યેની લાગણી જોતીઆમાં આવી ગઈ. પટેલને છૂટો કરી જોતીઓ અને રાવજી ખભે કામઠી ભેરવી વિદાય થયા.



પ્રકરણ ચોથું

કેદખાનાના સળીયા પાછળ

જોતીઆએ ગામપટેલને જીવતો છોડી મૂકયો, પરંતુ પટેલે જઇને કોટવાળી થાણે તમામ હકીકત કહી દીધી. થાણદાર તથા જમાદાર બન્નેને સરકારી હુકમો મળ્યા કે જોતીઆને જ્યાંથી બને ત્યાંથી એકદમ પકડી રજુ કરો. આ હુકમોની ખાતરજ એમણે જુસા ફરતા ગામોમાં નવી ચોકીઓ ગોઠવી હતી.

શરૂઆતના દિવસોમાં તો જોતીઆને બહારવટાની અડચણો જણાઈ નહિ. કારણ એ હતું કે જોતીઆ પાસે ખાધા ખોરાકી તથા બીજાં સાધનો પૂરતાં હતાં. રાવજી પણ જોતીઆ સાથે નીકળ્યો ત્યારે પોતાની છાપરીએથી દાણોદુણી અને ગોદડીઓના બે ચાર ગાભા બધુંજ ઘોડા પર લાદી લાવ્યો હતો.

પણ પછી પરિસ્થિતિ બદલાઇ. દાણોદુણી ખૂટી ગયા હતા. માંડલી ગામમાં ટેકરી પર બાંધેલી પોતાની છાપરીને છોડી, એને સરકારી બીકે આ વાસ પણ

બદલવો પડ્યો હતો.

માળાના મણકાની જેમ ઊભેલી સળંગ ને ત્રિશંકુ ટેકરીઓને સાંકળતી ઊંડી ખાઇ આખા ગામ ફરતી વીંટળાયલી હતી. જોતીઆએ માંડલી ગામ આ કારણેજ પસંદ કર્યું હતું. ગમે તેટલા સરકારી માણસો આવી પહોંચે છતાંય માંડલીની ટેકરીઓ જોતીઆને નાસી ભરાવા માટે તૈયાર હતી. પણ સાવચેતી ખાતર એણે ગામના ઉત્તરાદા નાકે ઉભી કરેલી પોતાની છાપરી કાઢી નાખી, ગામને સીમાડે ઉભેલી ટેકરી પર પત્થરની છાટો વચ્ચેજ બીજું રહેઠાણ બનાવ્યું હતું.

જુસ્સાથી પાછો ફર્યો ત્યારે રાવજીનો પીતરાઈ ભાઇ મનજી અને ગીગલો બન્ને જણ રાજીખુશીથી બહારવટામાં જોડાયા હતા. હવે જોતીઆનો કાફલો પાંચ જણાનો બન્યો હતો.

*

" રાવજી, આજ કેમ કરવું હેં? રોટલા જેગું હાંગરૂં પણ નથી. અને કહુબા ભેળા સીરામણ માટે ભેડકાનો લોટ પણ નથી. આ દન કેમ જવાના?....કાલ તું એદી થઇ પડ્યો, બાકી હું તો નેહડા પર પડી ચાપુંચપટું ધાન પણ વીણી લાવત. આજ તો મારા હાથ પણ ધડકે છે. સીરામણ થવાની હવાર જીંદગીમાં આજ ભાળું છું....." ભાંગીતૂટી વાંસના ચીપાટાની બનાવેલી ખાટલી પરના ગાભાને છાપરી પર તાપે નાંખતાં જોતી-

આએ કહ્યું. એનો કાળો સીસમ જેવો દેહ ઉષાના કુમળા તાપમાં પણ ચળકતો હતો.

જોતીઆએ ખાટલી પર બેસી બાબરી હોળી અને સંભાળીને કપડાની લાલ ચીંદરડી એ લાંબી બાબરી ફરતી બાંધી દીધી.

"લે ભાયા, ચલમનું હુંશું કરતો થા. હું તાં લગણમાં પરવારીને આયો જાણ. ને....હાંભળ...." રાવજીએ જોતીઆ પાસે આવી ધીમેથી કહેવા માંડયું.

"શી વાત છે, બોલ?" જોતીઆએ ચલમને જોરથી ખેંચી લાંબા દમે ધુમાડાનો ગોટ મોંમાંથી કાઢતાં કહ્યું.

"ગીગલો ને મનજી કે વખતના લાંબી સડકે વહ્યા છે." રાવજીએ ઉભા ઉભાજ કહેવા માંડ્યું. બહાર તાપ ચઢતોજ હતો અને છાપરી પર ચઢી કૂદાકૂદ કરતાં મરઘડાં સૂરજ દેવને આરાધતાં હોય તેમ કૂકડે....કૂ....ક કરતાં આકાશ સામે જોતાં આમતેમ ઘૂમી રહ્યાં હતાં.

"લાંબી સડકે દન ગાળે તે એવા શા શકાર હાથ લાગવાના હતા, હેં?" જોતીઆએ સામો સવાલ કર્યો.

"આખા દનમાં પાંચ પચીહ મનખ જાઆવ કરે છે. હવારમાં કોક પણ હાથે ચઢી આવહેં. ભગવાન કંઈ ચપટ પેટે નહિ હુવા દે. ચાલ, કહુંબો કાઢ. હું કામઠી ને ભાથો કાઢું."

"રાવજી, ભાણુ તલાવડી પર દા'ડે પડીએ તો ?" જોતીઆએ પૂછ્યું.

"ના, ના. તાં તો સરકારી થાણે ચાર ચાર જામગરીવાળા અને આઠ ચોકીઆત રહે છે. પટલનાં ગામ એટલે એમ વગર રખવાળીએ ઓછા રહે? આપણે તો સુંથરામપુરની પાકી સડકે જ ધામા નાખીએ. કોક જતો આવતો ભેટી જાહે."

જોતીઆએ બીજી વાતોમાં વખત ન ગુમાવતાં ઝટપટ કસુંબો કાઢયો. જોતીઆએ અને રાવજીએ એક બીજાની હથેલીમાંથી કસુંબાના રંગ લીધા અને ચલમ તાણી ખૂબ ઉતાવળે ઉભા થયા.

બન્ને જણે કામઠી, કીરચ અને કાતરીયાં સાથે લીધાં અને છાપરી વાસી નીચે ઉતરવા માંડયું.

"ઓલ્યો ગીગલો અને મનજી આવતા લાગે હે. કાંક ખબરૂં હોવી જોઇએ." ટેકરી ઉતરતાં રાવજીએ દૂરની ઝાડીમાંથી રસ્તો કાપતાં બે માણસોને જોઈ રહ્યું.

"હશે. સડકે દાવ નહિ મળે તો ભાણુ તલાવડીની બંદુકો હામે આજ તો કામઠાં તાણવાં છે, રાવજી! આજ બે ટંકનો ભુખારો થયો." જોતીઆએ ઝડપભેર પગ ઉપાડી ટેકરી ઉતરતાં ઉતરતાં કહ્યું. એની ય નજર સામેથી આવતા ગીગલા તરફ હતી.

"હે એ એ એ........ એઈ...." રાવજીએ તીણા પણ ઘુઘવતા અવાજે એની સાંકેતિક ભાષામાં બૂમ મારી.

અને સામેથી પણ એના જવાબમાં ગીગલાનો

ઘાંટો ટેકરીઓમાં પડઘા પાડતો સંભળાયો.

'જોયું ને! શકાર હાથ લાગી ગયો.'' રાવજીએ જોતીઆ તરફ હસતા વદને જોઇ રહેતાં કહ્યું.

''ગીગલા અને મનજીને આપણી છાપરીએજ બેસાડી રાખો. વખતે કંઇ કામ આવી પડે. સડક પર બીજી શી ધાડ મારવાની છે કે ચાર જણ રોકાઈ રહીએ?''

''હા, એમજ કરો.''

થોડી વારમાં ગીગલો અને મનજી આવી પહોંચ્યા. મોટી સડકે કોકનાં ઘોડાં આવી રહ્યાં છે એ સમાચાર કહી સંભળાવ્યા ને રાવજીના કહેવાથી એ લોકો છાપરી તરફ વળ્યા.

જોતીઆએ ને રાવજીએ સડકને રસ્તે ઉતાવળથી ચાલવા માંડયું.

*

એ જમાનો મોટર કે રેલગાડીનો નહોતો.

મુસાફરી ગાડાં, ઊંટ, ઘોડાં કે પગપાળીજ થતી હતી. ઠાકોરો મહારાજાઓ ઘોડા ઉપરજ મુસાફરી કરતા. સંતરામપુરના મહારાજાને ગોધરા કામ હતું. તેઓ ગોધરા જઇને અંગરક્ષકો સાથે પાછા સંતરામપુર જતા હતા. મહારાજા ઘોડા પર બેસનાર એટલા બધા કાબેલ કે એમની સાથે દોડવામાં બીજો ઘોડો આવી શકેજ નહિ. એ પોતે દોડતે ઘોડે આગળ નીકળી ગયા હતા. અંગરક્ષક સ્વારો પાછળ

આવતા હતા. દૂરથી ઝડપથી મહારાજાનો ઘોડો ધૂળના ગોટ ઉડાડતો આવી રહ્યો હતો. જોતીઓ ઘોડાને જોતાંજ સડક વચ્ચે આવીને ઊભો. સડક વચ્ચે માણુસને જોઇને મહારાજાએ ઘોડો થોભાવ્યો. જોતીઆએ ઝડપ દઇને લગામ પકડી દીધી. જોતીઆની નીચી કાયા મહારાજાના મોટા ઘોડા પડખે દબાઇ ગઇ હતી. મહારાજાને પણ નવાઇજ ઊપજી.

"ભાઈ, તું મારા રાજ્યની પ્રજા છે ? તને શું દુઃખ છે, કહે !" મહારાજાનો શબ્દ સાંભળતાં જોતીઆના ધારેલા વિચારો ઓસરી ગયા. પારધીની જાળમાંથી શિકાર છટકી જાય તેમ જોતીઆના મગજમાંથી એ વિચારજ નીકળી ગયો.

"બાપુ...." જોતીઓ હાથ જોડતાં બોલ્યો.

"ભાઈ, તારૂં દુઃખ મને જણાવ." મહારાજ હજી જોતીઆને પોતાના રાજ્યની પ્રજા જાણુતા હતા. ત્યાં તો દડબડ....દડબડ....ઘોડાના દાબડા ખખડાવતા અંગરક્ષકો આવી પહોંચ્યા. એકે જોતીઆને ઓળખી જતાં કહ્યું—

"બાપજી....આ તો જોતીઓ........"

જોતીઆને ધ્રાસકો પડ્યો. ખૂદ મહારાજાના પંજામાંથી છુટી જવું એ તો મુશ્કેલ કામ.

"અલ્યા, તુંજ જોતીઓ કે ?" મહારાજા સ્મિત ફરકાવતા બોલ્યા.

"હા....બાપજી, રામ....રામ. હું જ જોતીઓ. આજે

મારે ખાવા ધાન પણ રહ્યું નથી, એટલે રોટલો ગોતવા નીકળ્યો હતો. પણ બાપુ....આપ ખુદ છો....એટલે દિલગીર છું." જોતીઆએ નિર્દોષતાથી સત્ય વસ્તુ કહી નાખી. મહારાજાએ જોતીઆનું નામ સાંભળ્યું હતું, પરંતુ નજરોનજર તો એને આજેજ જોયો. એને જોતાં જ જોતીઆનું વ્યક્તિત્વ એ કળી ગયા. પોતાના ઘોડા પર જોતીઆની દૃષ્ટિ ઠરી જાણી, મહારાજાએ એને પક-ડવા પોતાના અંગરક્ષકોને સંજ્ઞા કરી. ચારે અંગર-ક્ષકોએ એક સામટો જોતીઆ પર ધસારો કર્યો, જોતીઓ કામઠીને ગોળ ગોળ ફેરવી જગા કરી રહ્યો હતો. અંગરક્ષકો પાછા હઠી હઠીને ધસારો કરતા હતા. એક સ્વાર અને જોતીઓ બાથંબાથી પર આવી ગયા. સ્વાર ને જોતીઓ વારાફરતી ધરણી પર પટકાતા હતા. એ એકલો ચારે જણને પૂરો પડતો હતો. મહારાજા ઘોડા પર બેઠા બેઠા ઠારી દૃષ્ટિએ એ લડાઇ જોઇ રહ્યા હતા. બે ચાર સ્વાર ધરણી પર પટકાયા. સ્વારને પડતો જોઇ બીજા બે સ્વારોએ પાછળથી આવીને જોતીઆને પકડયો. જોતીઆએ છૂટવા બહુ એ પ્રયત્ન કર્યો. પણ રસીથી એના હાથ જકડાઈ ગયા. ને રાવજી તો લડાઇ દરમિયાન કયારનો ય રવાના થઈ ગયો હતો.

"બાપુ....મને બંધાવી હું સાર કાઢશો?"

"જોતીઆ, તું સીધો ચાલ. તારે સુંથની જેલના મહેમાન બનવાનું છે." બાંધેલા જોતીઆની રસી પકડી રાખનાર સ્વારે કહ્યું.

"જમાદાર....તમે જોતીઆને નથી પકડયો, પણ હેલા ડુંગરમાં ભટકતા ચટાપટાવાળા સાવજને પકડયો હે એમ માનજો." ચારે સ્વારોની વચ્ચે ચાલતાં જોતીઆએ મૂછ પર હાથ નાંખીને કહ્યું.

"સાવજડા જોયા હવે, ઘણાય શિકાર કરી નાખ્યા." મહારાજા આગળ નીકળી ગયા હતા, એટલે સવારો ટીખળે ચઢયા હતા.

"જમાદાર, શકારે શ....કારે ફેર હોય છે." જોતીઆએ કહ્યું.

*

નમતા સૂર્યનાં આછાં અજવાળાં પછી જોતીઓ અને અંગરક્ષકો સંતરામપુરની ભાગોળે આવી પહોંચ્યા. ચાર અંગરક્ષકોની વચ્ચે કોઈ પહેલવાની ઢબે ધરતી ધ્રુજાવતા ચાલતા જોતીઆ ભણી ગામના લોકો ટીકી ટીકીને જોતા હતા. જોતીઓ પણ તૈલપથી હારેલો મુંજ તૈલપની નગરીમાં જે ગુમાનથી ચાલતો હતો તે જ પ્રમાણે ગર્વથી સંતરામપુરની બજારમાં સ્વારો વચ્ચે ડગ ભરતો હતો. પહેલીજ દૃષ્ટિએ જોતીઆના વ્યક્તિત્વની છાપ જોનારને સ્હેજે પડી જતી હતી. જોતીઆને પોલીસ ગેટ પર લઇ જવામાં આવ્યો. ત્રણ દિવસ તેને કાચા કામમાં રાખવામાં આવ્યો અને ચોથે દિવસે એનો મુકદમો ચાલ્યો. જોતીઆ પર લૂંટ, સતામણીનો કેસ ચાલ્યો. જોતીઆએ લૂંટ અને સતામણી કર્યાનો અસ્વીકાર કર્યો. ન્યાયાધીશ પણ એનો ફેંસલો આપવા

માટે વિચારમાં પડી ગયા.

દરરોજની નવી નવી મુદ્દત પાડી, કેસને આઠ દિવસ સુધી લંબાવ્યો. એ વાત મહારાજાને કાને ગઈ, અને તે જાતેજ ન્યાય ચૂકવવા આવ્યા.

કચેરીમાં જોતીઆનો કેસ સાંભળવા આખું ગામ ઊલટયું હતું. મહારાજને હાથેજ ચુકાદો અપાય એવો તે કેવોક એ 'જોતીઓ' છે? કચેરીમાં જરાએ જગા રહી નહિ. આખી કચેરીમાં ઠઠ ભરાઇ હતી.

"જોતીઆ, તારા પર લૂંટ, સતામણીનું તહોમત છે, તે માટે તને બાર વર્ષની સખ્ત મજૂરી સાથે સજા ફરમાવવામાં આવે છે." મહારાજાએ કાગળીઆ પર લખીને કલમ લઈ લેતાં કહ્યું.

"પણ બાપુ....મેં હું હતામણી કરી? કોને લૂંટયો?"

"જોતીઆ, એનો ખુલાસો દરબાર કરવા માગતા નથી. ફેંસલો આપવો તે એમની મુનસફી પર છે."

"બાપુ....અન્યા....ય!"

"ચુપ...." ટેબલ પર કાયદાનું પુસ્તક પછાડતાં મહારાજ બોલ્યા. છેવટનો નિર્ણય થઇ ગયો.

"કોટવાળ, એને લઇ જાઓ" હુકમ છોડી મહારાજા ન્યાયાસન પરથી ઊઠયા. જોતીઆને કેદખાનામાં લઇ જવામાં આવ્યો.

*

જોતીઆએ પોતાનો પ્રભાવ દરેક કેદીઓ પર પાડયો. સિપાઇઓ અને જેલ જમાદાર મેળરલાખાં પણ સમય મળે જોતીઆની કોટડી આગળ આવીને બેસે, અને તેની સાહસકથા સાંભળે. જોતીઆની વાતોમાં બધાને રસ પડતો. ખૂદ મહારાજા પણ અઠવાડિયામાં એક વખત એની પાસે જતા, અને તેની સાહસકથાઓ સાંભળતા. થોડા દહાડામાં મહારાજાનો પણ તે પ્રીતિ-પાત્ર બની રહ્યો.

" બાપુ, તમે....મોટા મનખ, અને અમારી અગાડે આવીને બેહો તે ઠીક નહિ." એક વખત જોતીઆએ હસતાં હસતાં મહારાજને કહ્યું.

" જોતીઆ, તારી વાતોમાં મને બહુજ રસ પડે છે, એટલે હું તારી પાસે ઘસડાઇ આવું છું."

" બાપુ, એટલો બધો મારા પર ભાવ હોય તો મને જેલમાંથી છુટો કરો."

" જોતીઆ, તારી મુદ્દત તો એક બે વર્ષ વધારવી પડશે, કારણ કે તું ચાલ્યો જાય પછી આવી આવી વાતો કોણ સંભળાવે?" મહારાજા અને જોતીઓ હસી પડયા.

મહારાજ વિચાર કરીને બોલ્યા—

" પણ જોતીઆ, ચાર મહિના પછી મારી સાલગીરી છે. તે ટાંકણે જરૂર તને કેદમાંથી મુક્ત કરીશ."

"ઓ....હો, બાપુ, ચાર મહિનાની ચ્યાં વાત કરોસો? એ પહેલાં આંઇ મરી ગયો, તો?"

મહારાજા ખુરશી પરથી ઊઠયા.

પ્રકરણ પાંચમું

ખૂન...ખૂન...!

મહારાજા ગયા અને જોતીઆના હૃદયમાં તેમની અપૂર્વ લાગણી માટે અવનવા વિચારો આવવા માંડ્યા. 'એક સત્તાધીશ રાજા મારી પાસે આવીને બેસે, તે કેવી વાત? મારા પર કેટલો ભાવ!' પરંતુ તેના વિચારનો તાંતણો અધવચ્ચ તૂટ્યો. જમાદાર મેબરલાખાંએ જોતીઆને હાક મારી.

"જોતીઆ, ક્યા બિચાર કર રહા હે? મહારાજા સા'બ તેરે પર બોત ખુશ હે."

"જમાદાર સા'બ, હોય, મોટા લોક હે."

"જોતીઆ, લે મેરી ચલમપે આગ રખ આવ."

જોતીઆની કોટડી ખુલ્લી જ હતી. તે બહાર આવી ચલમમાં દેવતા પૂરી લાવ્યો, અને જમાદાર મજેથી ધુમાડા કાઢવા લાગ્યો. જમાદાર આવી રીતે હમેશાં ચલમમાં દેવતા મૂકવાનું કામ જોતીઆ પાસેજ કરાવતો હતો. કેદી હતો, છતાં તેને સ્વતંત્રતા હતી. રાત્રીના

આઠ વાગ્યા પછી જેલર ઘેર જાય, અને જમાદાર તથા સિપાઈઓ ગમ્મતે ચઢે. જોતીઆને ચીઢવે, મશ્કરી કરે. પણ જોતીઓ મશ્કરીને હસી કાઢતો. જોતીઓ વાતો કરે ત્યારે બધા તેના સામું ટીકીટીકીને જોઈ રહે. તેની વાણીમાં મધુરતા હતી, શબ્દેશબ્દ ગંભીરતાથી તે બોલતો. આવા અનેક ગુણોને લઈને બધા સ્હેજમાં તેના પ્રત્યે આકર્ષાઈ જતા.

*

સૂર્યનારાયણે જગતપટ પર પોતાનાં કિરણો પાથર્યાં. જેલમાંના બધાય કેદીઓને બગીચામાં સિપાઈઓ અને જોતીઆની સરદારી નીચે કામે લઈ જવામાં આવ્યા. ખભે કોદાળી અને માથે ટોપલા મૂકી બાગમાં બેડી ખખડાવતા, પરાધીનતા સેવતા કેદીઓ ચાલ્યા. છતાં એ પરાધીનતામાંથી એકજ સુખની આશા તેમને હતી, અને તે જોતીઆની તેમના પ્રત્યેની લાગણી. જોતીઓ તેમની સાથે ખૂબજ ભાવથી, ઉમંગથી કામ લેતો હતો. વચ્ચે વચ્ચે રાહત પણ આપતો. તેથીજ એની મુકાદમી કેદીઓને ગમી ગઈ હતી.

બાર વાગ્યા. કેદીઓ રોટલા ખાવા જેલ ભણી છૂટયા. જેલને દ્વારે આવતાંજ જમાદારે મશ્કરી શરૂ કરી.

“ અબે જોતીઆ, કૈસા પસીના છુટા હૈ ! દેખા હમારા ચમત્કાર!”

જોતીઓ મૌન રહ્યો. પણ જમાદારની જબાન સળવળ કરતી અટકી નહિ.

"લે જોતૈયા, ચલમ ભર લાવ." શબ્દમાં ચોકખો હુકમનો તોર હતો. જોતીઆને આ ન રૂચ્યું.

"જમાદાર, તમારે મારી હારે વધારે લપ સપ નાં કરવી. રીતનું બોલવું બધાને હારૂ લાગે; વારે ઘડીએ એવી ખોટી મશ્કરી નાં હોય."

"એટલે....જોતીઆ ?"

"તમને સોઝ્ખું કહી સંભળાવું સું કે હવે પછી મારી કોઇ જાતની મશ્કરી નાં કરતા, નહિ તો જોતીઓ ભૂંડો છે. હમજી લેજો." કહીને જોતીઓ જેલની કોટડીમાં જઈને ધાબળા પર બેઠો.

ધીમે ધીમે રાત પડી. જેલ બહારના ચોગાનમાં ઘાસતેલનું મોટું ફાનસ બળી રહ્યું હતું. તેના પ્રકાશથી જેલના સળીયાનો પડછાયો પાછલી ભીંત પર પડયો હતો, તે જોતાં જોતીઆને સળીઆ પાછળની પરાધીનતા ખૂંચી. પછી બીજો વિચાર જમાદારનો આવ્યો, હર વખતની હદપારની મશ્કરીથી જોતીઆને પોતાનું સ્વમાન ઘવાએલું લાગ્યું. તેણે અનેક વિચાર કરી જોયા. પરંતુ પોતે પિંજરામાં સપડાએલ હતો. નિદ્રદેવીએ તેને શાંતિ આપી. થોડા વખતને માટે તેને પાલવે તે પોઢી ગયો.

બીજો દિવસ—

દરરોજના કાર્યક્રમ પ્રમાણે કેદીઓ બગીચામાં જઈને હમણાં પાછા આવ્યા હતા. અસલ ગરમીથી તેમને આખા શરીરેથી પસીનો ટપકતો હતો. કપડાં પણ ભીંજાઇ ગયાં હતાં. અફીણી જમાદાર હમણાંજ અફીણ ખાઇને બેઠા હતા.

"અચ્છા, જોતીઆ, ચલમ ભર લાવ."

"રોટો ખોટો તો ખાવા દેહો કે બસ....ચલમ, ચલમ." જોતીઆએ બાજુથી કોટડી તરફ વળતાં કહ્યું. પરંતુ જમાદાર જીદ્દી હતો.

"જોતડા, મેરા હુકમ હે, ચલમ ભર લાવ."

જોતીઓ પીઠ ફેરવી પાછો આવ્યો.

"મેબરભાઈ, મને એવું ના કો. ઘણા દા'ડનો આપણો ભાવ ઘડીકમાં તુટી જાહે." કહી જોતીઆએ ચાલવા માંડયું."

જોતીઓ જમીને પોતાની કોટડી તરફ જતો હતો. અને જમાદાર પહેરો ભરતા બંદૂકના કુંદા સાથે જોતીઆ સામે ટીચાયા.

"અબે જોતડીઆ, અબ ચલમ ભર લાવ." જમાદારે ખીસ્સામાંથી ચલમ કાઢતાં કહ્યું.

ઘણા દિવસોનાં અપમાન ગળ્યા પછી આજે જોતીઆની આંખમાં ખુન્નસ તરવરી આવ્યું.

"જમાદાર, બહુ બોલવું તે હારૂં નહિ. અમે ભીલ પણ હદ પારનું બોલતા નથી." જોતીઆએ કહ્યું.

"હવે જોયો મોટો...." જમાદારે તુચ્છકારથી એના

તરફ દૃષ્ટિ નાખી, તે પાછી ખેંચી લેતાં કહ્યું.

"જમાદાર, એક શબ્દ પણ બોલ્યા, તો યાદ રાખજો કે જોતીઓ તે નહિ હાંખે." જોતીઆએ આંખો લાલ કરતાં કહ્યું. તેની આંખ તપી ગઇ હતી.

"હવે તું શું કરવાની હતી? પિંજરામાં પુરાયલી?" જમાદારે ટોણો માર્યો. જોતીઆને તે શબ્દો ભારે લાગ્યા. તેણે બાજુ પર દૃષ્ટિ નાખી. કોઈ સિપાઈ મળે નહિ. બપોરે બધાજ જમવા ઘેર ગયા હતા. એટલે પહેરો પણ જમાદારનોજ હતો. જોતીઆએ પાસે પડેલી કોદાળી ઉંચકી લીધી, તેનું ડફણું બહાર કાઢયું. જમાદાર સાવધ થાય તે પહેલાં તો—

"લે જમાદાર, જોતીઆના અપમાનનો બદલો" ડફણું જમાદારના માથે ધીબતાં જોતીઆએ ગુસ્સાભરી લાલચોળ આંખે કહ્યું.

"યા ખુદા........" એકજ ડફણે જમાદારનું વૃદ્ધ ખોળીઉં પરલોકને પંથે વળ્યું. પાસે પડેલા ખાટલામાં જ તે આડો પડી પથરાઇ પડયો.

જોતીઆએ ચોમેર નજર નાખી. કોટડીઓમાંના કેદીઓ હજી રોટલા ખાતા હતા. જોતીઆ તરફ કોઇનું ધ્યાન ન હતું. જમાદારનો ખાખી પહેરવેશ જોતીઆએ પહેરી લીધો. ખીંટીએ ચાવીનું ઝુમખું લટકતું હતું. તે લઇને તેણે બે એક વિશ્વાસુ ભીલ કેદીને બહાર કાઢયા. અને બંને કેદીઓને માથે

એક એક ટોપલું મૂકયું અને કોદાળી પકડાવી—જાણે બગીચામાં કામે જતા હોય તેમ.

જોતીઆને એક જબરજસ્ત નાકું વીંધવાનું તો બાકીજ હતું, તે જેલરની ઓફીસ. જેલના દ્વાર આગળ તે હતું. પણ જોતીઆને જમાદારના પહેરવેશમાં ઓળખાઇ જવાનો ભય ન લાગ્યો. કેદખાનાના મુખ્ય દ્વાર આગળના ચોગાનમાં જેલર સાહેબ આરામ ખુરશી પર પડયા પડયા કાયદાનું પુસ્તક વાંચી રહ્યા હતા. કેદીઓની બેડીના ખણ....ખણ....અવાજથી તેમની દૃષ્ટિ સામેથી આવતા કેદીઓ તરફ પડી. સિપાઇના વેશમાં છુપાયલા જોતીઆને એ તરતજ ઓળખી ગયા. તે સાવધ બન્યા અને પુસ્તક નીચે નાખી તમંચો શોધવા બ્રીચીસના ખિસ્સામાં હાથ નાંખ્યો. એટલામાં જોતીઓ છેક જ નજીક આવી ગયો.

"જોતીઆ, તારા વેશપલટાથી મને છેતરવા માગે છે? તે બનનાર નથી, સમજ્યો! મેં પણ કેદખાનામાં વીશ વર્ષ નોકરી કરી છે. તું આ પહેરવેશ ને બીજું બધું કયાંથી લાવ્યો તે જણાવ." જેલરે તમંચો જોતીઆ તરફ ધરતાં કહ્યું.

"જેલર સા'બ, એ બધાનો ઉકેલ મારા ગયા પછી તમને મળશે. હમણાં તો હું એનો કશો જવાબ વાળી શકું તેમ નથી." જોતીઆએ પણ સાવધ થતાં કહ્યું. જેલરે ધીમેથી ચોમેર નજર નાખી જોઇ. બપોરનો

વખત એટલે આજુબાજુ કોઈ સિપાઈ ન મળે.

"જોતીઆ, પોલીસનો પોશાક, પટો ઉતારી દે, અને સીધો સીધો તારી સજા પૂરી થાય ત્યાં સુધી કોટડીમાં પુરાઇ રહે." જેલરના અવાજમાં જોતીઆ પ્રત્યે લાગણી હતી.

"જેલર સાબ, માફ કરજો. પાંજરામાંથી છૂટેલો સિંહ હવે પાછો પુરાય એવી આશાજ ના રાખતા."

"તો લે...." જેલરે તમંચો જોતીઆ તરફ તાકતાં હાથ લંબાવ્યો. પરંતુ જોતીઆએ છલંગ મારી અને તમંચાવાળા હાથ પર બંદૂકનો કુંદો માર્યો તમંચો. છાટ પર પડયો, અને ફટા....ફટ પાંચેપાંચ અવાજ થઈ ગયા. જોતીઆએ જેલર પર ધસારો કર્યો, એ પહેલાંજ જેલરે તમંચો ધરણી પરથી ઉંચકી લીધો, અને જોતીઆ ઉપર છુટ્ટો ફેંકયો. જોતીઓ સ્હેજ માટે બચી ગયો. તમંચો એના માથાની બાબરીને ઘસડાઇને આગળ ચાલ્યો ગયો. જોતીઆને અપાર ક્રોધ વ્યાપ્યો. એની આંખ જેલર પર ક્રોધથી તપી ઊઠી.

"લે આ જોતીઆનો ઘા...." કહેતાં જેલરને બરડે બંદૂકની નળી પકડીને જોતીઆએ ધીબી. જેલર તમ્મર ખાઈ ધરણી પડયો. કરોડ પર એને સખત ફટકો લાગ્યો હતો.

જેલરની ઓફીસમાંથી જોતીઓ આગળ ચાલવા લાગ્યો અને દરવાજો ઉઘાડયો. અને બહાર નીકળી

તાણું જેમનું તેમ મારી દીધું. જોતીઆને હજી આખું ગામ વીંધવાનું હતું. જેલરની માફક કદાચ કોઇ ઓળખી જાય તો ? આગળ કેદી અને પાછળ જોતીઓ. જોતીઓ પણ સોલ્જરી ઢબે ચાલતો હતો. બજારમાં થઈને તે પસાર થઇ ગયા. દરરોજ કેદીઓ જતા આવતા, એટલે તે તરફ ખાસ કોઇ લક્ષ આપતું નહિ.

ખરા મધ્યાન્હે સંતરામપુરમાં બૂમ પડી. જોતીઓ નાઠો....નાઠો....! મહારાજા તુરતજ બગીમાં બેસી જેલ આગળ આવ્યા. ફોજદાર, જમાદારો બધાજ ભેગા થઇ ગયા. બે લાશો એક સાથે જોતાં મહારાજાને પણ ત્રાસ ઉપજ્યો. તરતજ પોલીસ પાર્ટી અને ઘોડેસ્વારોને એકઠા કર્યા અને ચારે દિશાએ અમુક અમુક ટૂકડીઓ જોતીઆને પકડવા રવાના કરી દીધી. મહારાજા બીજા કેદીઓ પાસે ગયા. જોતીઆ સંબંધી વસ્તુસ્થિતિ કેદીઓને પૂછી. કેદીઓએ મશ્કરીથીજ આ બધું થવા પામ્યું છે, તેમ સ્પષ્ટ જણાવી દીધું. મહારાજા બધી પરિસ્થિતિ કળી ગયા. અને તેમને લાગ્યું કે 'જોતીઆએ હાથે કરીને ખૂન કર્યાં નથી, પરંતુ અનેક જાતની ઉશ્કેરણીથી તેણે આ પગલું ભર્યું હોય તેમ લાગે છે.' પણ કેદીઓ પોતાની જેલમાંથી આમ ધોળે દિવસે અને તે પોલીસ પોશાકમાં ભાગી જાય, તે કેમ ચાલે ? બબ્બે ખૂન જોતાં, જોતીઓ મળે તો તેજ વખતે ફાંસીને લાકડે લટકાવવાનું તેમને મન થઈ ગયું.

સાંજના સાત વાગ્યા, સાડા સાત પણ વાગી

ગયા. પરંતુ ન મળે જોતીઆની ભાળ કે ભાળ કાઢવા મોકલેલા માણુસોની ખબર. મહારાજા હજી જેલના દ્વાર આગળજ ખુરસી નંખાવીને બેઠા હતા. ત્યાં તો ઘોડાના દાબડા સંભળાયા. મહારાજ સ્હેજ આનંદમાં આવ્યા. બે સવારો આવીને ઘોડા પરથી ઊતર્યા.

"કેમ દિલિપસીંહ, શા સમાચાર છે?" મહારાજાએ પ્રશ્ન કર્યો.

"બાપુ, કશીએ ભાળ નથી. ડુંગરે ડુંગરે ફરી વળ્યા, પણ કોઈ જગાએ જણાયો નહિ."

"પણ દિલિપ, એ બેડીવાળા કેદીઓને ભગાવીને કેટલે નાઠો હશે?–ગમે ત્યાં ડુંગરની ખીણોમાંજ લપાઈને બેઠો હશે. મને આશ્ચર્ય થાય છે, કે તમે આટલા બધા માણુસો તેને ઘેરવામાં સમર્થ ન નીવડ્યા!" મહારાજાએ દિલગીરીમાં કહ્યું.

"બીજા માણુસો ક્યાં છે?"

"બાપુ, પાછળ આવે છે."

મહારાજા તો લાશનો પંચક્યાસ વિગેરે કરાવી મહેલ ભણી વિદાય થયા. પરંતુ આખી રાત્રી મહારાજાને જોતીઓ કેમ અને શી યુક્તિથી પકડાય એ સંબંધીજ વિચારો આવ્યા.

બીજે દિવસે આજુબાજુનાં રાજ્યો સંજેલી, બારીઆ અને કડાણા વગેરેમાં જોતીઆને પકડવા ભલામણના કાગળો મોકલી આપવામાં આવ્યા. અને સંત રાજ્યમાં

પણ જોતીઆને પકડવા માટે નવાં થાણાં બેસાડયાં.

*

ચારે બાજુ પર્વતોની હાર, વચ્ચે ખળ....ખળ કરતી એક નાનકડી નિર્મળ નદી વહેતી હતી. ત્યાં આગળ જોતીઓ અને કેદીઓ આવી લાગ્યા.

"હા....શ...." કરતો જોતીઓ બે હાથ ધરણી પર ટેકવીને બેઠો. કેદીઓએ પણ છુટકારાનો દમ લીધો.

"ભાયા, હવે તો બસ્યા ખરા." એક કેદીએ જોતીઆ ભણી જોતાં કહ્યું.

"હયો, હવે બેડીઓ તોડી નાખો, પસી વાતો કરજો." જોતીઆએ બે પત્થર ગબડાવતાં કહ્યું.

"પણ ભાયા, તુંજ તોડી આપને. એ કામ તારૂં, અમને નહિ ધાતે." જોતીઓ જાતે જ બેડી તોડવા ઉઠયો. બેડીના ખટ....ખટ....અવાજથી ડુંગર પણ પડઘા પાડી રહ્યો હતો. જોતીઆને એ પડઘામાં અનેક વિચિત્રતાઓ લાગી, છતાં એની સ્થિતિ એવા સંજોગોમાં હતી કે બધું ય વિસારે મૂકવાનું હતું. બેડી તૂટી રહી અને ત્રણે જણા સાથે માંડલી ભણીના રસ્તે વિદાય થયા. ડુંગરની ખીણોનો માર્ગ કાપી રહ્યા ને બીજી બાજુ સૂર્યાસ્ત થઇ સંધ્યાનાં રાજ્ય મંડાયાં.

"જોતીઆ ભાયા, આપણે માથે ખૂનનું આળ ઉભું થીયું. હવે આટઆટલામાં રે'વું પણ ક્યાં ?" જોતીઆની

પાછળ ચાલતા મકનાએ કહ્યું.

"મકના, તને બહુ ધાક હોય તો તમે વાગડ ભણી ભાગી જાઓ. હું તો મારે માંડલીમાં ફર્યા કરીશ."

"પણ ભાયા, માંડલીમાં રે'વું સલામતી ભર્યું ન કહેવાય. એ તો બધાં રાજ એકમેક હાથે ગુંથાયેલાં. ઓસંતા પકડાવી દે." મકનાએ કહ્યું.

"મકના, પણ મારૂં કાળજું જરાયે કાંપતું નથી. મને કોઇની બીક નથી લાગતી. હું તો માંડલીમાં જ છડેસોક રેવાનો."

"તારી મરજી....પણ અમને તો ઠીક નથી લાગતું. પણ જોતીઆ, તારૂં ઋણ તો અમારાથી કયમ ભૂલાય? જેલમાંથી સડતા અમને કાઢી લાવ્યો. તારો કેટલો પાડ!"

"મકના, તમે તો બીકણ જાત, નહિ તો બધી ય કોટડીમાંથી આખું ધાડું કાઢી લાવત."

જોતીઆના શબ્દો સાંભળી બન્ને જણા આશ્ચર્યમાં પડયા.

"તારી હિંમત ગઝબની સે."

માંડલી અને મેત્રાલ જવાનો રસ્તો જુદો જુદો આવ્યો.

"લે જોતીઆ ભાયા, અમે તો જાસું. આજ રાતની રાત ઘર ભેગી ગાળી, આવતી કાલ પરોઢમાં જ ગમે તાં ભાગી જઈશું. નહિ તો રાજવાળો છોડે એમ નથી."

"કેમ ભાયા, જાશો?" જોતીઆએ કહ્યું.

" હાસ્તો. વાટ ફંટાઇ એટલે સુટકો સે !"

" ઠીક ત્યારે...."

" રામ રામ. કોઈ દા'ડો મળજો." જોતીઆ અને કેદી સૌ જુદા જુદા રસ્તે ફંટાઈ ગયા.

*

ઘોર અંધારી રાત્રીમાં તારાનો પ્રકાશ જોતીઆને માર્ગદર્શક થઈ પડયો. એ ડુંગરો, ખીણો અને ઝાડી-ઝપટાં ઓળંગતો માંડલીની ભાગોળે આવી લાગ્યો: કુતરાંના ભસવાટથી રાવજી હાથમાં વાંસની લાકડી પકડીને ઝાંપલી ખોલી વરંડા બહાર આવ્યો. અંધારામાં એક કાળી આકૃતિ આવતી જોતાં રાવજીએ પડકાર કર્યો.

" કોણ સે ઇ....?" સામેથી આવતાં જોતીઆએ જવાબ ના આપ્યો. રાવજી પુનઃ બોલ્યો—

"એ કીઓ મુઓ સે ? બોલે હું કે વીંધી નાખું ?" રાવજીએ કામઠીની પણછ ચઢાવતાં કહ્યું. જોતીઓ પણછનો અવાજ સાંભળતાં જ બોલી ઊઠયો.

" ભાયા....સરીયું નાં છોડતો. મને ભૂલી ગયો કે હું ?"

જોતીઆનો અવાજ રાવજી પારખી ગયો. બન્ને ભેટયા. લાંબા સમયના મેળાપ પછી ઉભયની આંખ-માંથી હર્ષના અશ્રુઓ વહ્યાં.

" જોતીઆ ભાયા, તારા વના હું તો લુખો લુખો

થઈ પડયો હતો. આજે તારા મળવાથી મને આનંદ થાયસે. પણ ભાયા, તને સજા તો લાંબી થઇ હતી, ને કેમ કરીને આવ્યો ?" બંને છાપરીની પરસાળ આગળ આવ્યા. ખાટલા પર બેઠા.

"રાવજી....મનેય તું હરરોજનો હાંભરી આવતો, પણ તાં આગળ આપણું હું ચાલે ?–રાવજી, હું તો બબ્બે ખૂન કરીને કેદીઓને ભગાડીને નાશી આવ્યો સું."

"હેં....! હાચી વાત ! ! જોતીઆ, હું કામ મને ઉડાવે સે !"

"રાવજી. હું બોલું સું તે સાચું જ. દિવસના બાર વાગે જ હું પોલીસના પોશાકમાં કેદીઓને આગળ કરતો છૂટી નીકળ્યો સું. ચાલ હુકકો ભરી લાવ, લાંબી મજલથી મારા પગ પણ તુટે સે." રાવજી હુકકો ભરવા ઊઠયો. અને અંદર દેવતા મૂકી જોતીઆ પાસે આવીને બેઠો ને હુકકો જોતીઆને આપ્યો. જોતીઆને એમાંથી ધુમાડાના ગોટા કાઢતાં, તે જોતાં અનેક વિચાર આવ્યા. સંત જેવું મોટું રાજ્ય, કદાચ માંડલી ફરતો ઓચિંતો ઘેરો નાખે તો ! જબરજસ્ત પોલીસ પાર્ટીઓ અને ઘોડેસ્વારો મને ઘેરતાં જરાએ વાર કરે નહિ. એટલામાં જોતીઆના વિચારો તૂટયા. રાવજીએ અધવચ પ્રશ્ન કર્યો.

"ભાયા, હવે તો સાવચેતી રાખવાની, નીતો કીઓક સરકારી મનખ રાતના આવીને છાપરી બાળી નાખહે ! પેલો પટલ તો બળ્યો બળ્યો ફરે હે. બે ચાર દા'ડા

પર ગામમાં આવ્યો'તો. તે જુવાનો હાથે કંઇ કંઈ વાતો કરતો તો. આપણા માટે ઘણું ઘણું બોલતો તો."

"હોય રાવજી, એ તો ચાલ્યા કરે. એમ આપણે જીવ બાળી બાળીને ફરીએ તો દેહમાં શેર લોહીએ ના રહે."

"લે ભાયા. ચાલ, રોટો ખાઇ લેઇએ."

બંને અંદર જમવા ગયા. નાનકડી ચીમની દિવાલના ગોખલે મંદ પ્રકાશ આપતી બળી રહી હતી. આજુબાજુ અવ્યસ્થિત રાચરચીલો પણ પડયો હતો. મકાઇનો રોટલો ચાવતાં ચાવતાં પણ જોતીઆના મગજમાં અનેક તરંગો આવી રહ્યા હતા. સરકાર કોઇ પણ રીતે તેને પકડવા પ્રયાસ તો કરવાનીજ છે તે એ સારી રીતે સમજતો હતો. એણે રોટલાનું બચકું ચાવી રહી રાવજીને કહ્યું—

"રાવજી, હવે તો એક મારગ આપણા કાજે રહ્યો સે, અને તે બહારવટાનો. સરકાર આમ આપણને જંપીને બેસવા દે એ તો બનનાર જ નથી."

"જોતીઆ, એ પણ હાસી વાત. *બાબો જંપીને બેહવા દેવાનો નથી."

"પણ રાવજી, એવા બહારવટે સઢવા મારે એકાદું ઘોડું તો જોઇશેજ. એ વના આપણાથી તો લાંબી મજલ નાં કપાય."


"ભાયા, પકડીએ પેલા વંદેની વાગા વહોરાને.

એની પાંહે હારો ઘોડો હેં. *દેવદથી વંદેલી આવીને વેપારમાં ઘણું કમાયો સેં."

"હા....હા, રાવજી, એ તેં ઠીક યાદ કર્યું. એ વહોરો બડો મીજાજી સે. એનુંજ ઘોડું તફડાવી લાવીએ" બંને હાથ ધોઇ બહાર ઓસરીમાં આવ્યા. બંનેના ખાટલા પાસે પાસે નંખાયા હતા. શીઆળાની ઠંડી, એટલે ખાટલાની વચ્ચેની જગામાં દેવતા સળગાવ્યો હતો. બંને વાતો કરતા ભવિષ્યના વિચાર ગુંથતા નિદ્રાધીન થઇ ગયા.

---

* ભીલકોમ રાજાને બાબો કહે છે. * દાહોદ.



પ્રકરણ છઠ્ઠું

ધોળી ડુંગરી આગળ

પ્રભાતમાં સૂર્યરશ્મિ જગતપટ પર પથરાયાં. બધાને માટે એ કામે લાગી જવાની રોશની હતી. એ પહેલાં જ જોતીઓ અને રાવજી જાગી ઉઠયા હતા. જોતીઓ ઝાડે-ઝપટે જવા ગામ પાસેના કોતરમાં ગયો હતો અને રાવજી દાતણ કરી, પરવારી હુક્કામાં નવી તમાકુ ભરી ખાટલા પર ગગડાવતો બેઠો હતો, તે ક્ષણે જોતીઓ આવી લાગ્યો.

"રાવજી, કાં ધુમાડાના ગોટા જ કાઢયા કરસ ? હવે હટ હટ પરવારી લિયે—પછી પેલા વહોરાજીની ખબર લઈ નાખવાનો મારો તો વિચાર છે."

"ભાયા, તે અત્યારે જ વંદેલી ગમ જવું સે ?"

"હાસ્તો, ત્યારે જોતીઓ કાળી રાતે જઇને વોરાજીનું ઘોડું કાઢી લાવહે—એ તો નાં બને. જોતીઆની આબરૂને ડાગ લાગે. ચાલ, રોટલા ટીપી નાખ. આપને જ વંદેલી

જઇએ, એટલા હોરો દન પણ માથે આવહે."

"ઠીક ત્યારે, હું રોટો ને દાળ કરી નાંખુસૂં." રાવજી કોઠીઓની પાછળ રસોડામાં ગયો. તે જ ક્ષણે ગામના ત્રણેક જુવાનો હાંફળા ફાંફળા જોતીઆ પાસે આવ્યા. જોતીઓ તેમને દૂરથી આવતાં જોતાં વરંડા આગળ આવ્યો.

"ભાયા, ચ્યમ એક દોટે આવો સો ?"

"જોતીઆ ભાયા, ગજબ થિયો. તને પકડવા કાજે સિપાઈઓ આવતા ભળાય સે. અમે કનેરીની ડુંગરી પરથી ભાળ્યું. હાચેહાચ તને જ પકડવા આવતા આંહે, નહિ તો આ ગામમાં કોઈ દન એટલી ફોજ આવતી નથી ભાળી." ત્રણમાંથી એક જુવાને કહ્યું.

"ભાયા, તમે કશી ફકર મા કરતા....રાવજી...." રાવજી રસોડામાંથી લોટવાળા હાથે જ બહાર નીકળ્યો.

"ચ્યમ ભાયા, હું કેસ ? હખણો રોટો તો કરવા દે." જરા ચીડાતાં રાવજીએ કહ્યું. પરંતુ બીજા જુવાનોને જોતાં જ એને કંઈક 'નવીનતા' હશે તેમ લાગ્યું અને હસીને પુનઃ બોલ્યોઃ "ભાયા ચાલ હું કેસ, બોલ."

"રાવજી, સુંથની ફોજ આવતી લાગેસે. તારો હું વચાર છે ? જો છાપરીએજ ભરાઇ રેસું તો આપણને ઘેરતાં વાર નહિ લાગે. તારો વચાર હોય તેમ કરીએ." જોતીઓ રાવજી તરફ જોઇ જવાબની રાહ જોતો ઉભો.

"જોતીઆ ભાયા, મારૂં મન તો એમ કે છે કે ધોળી ડુંગરી ગામ પાસે છે તાં જઇ–એ સિપાઇઓને સરીયાંથી જ જવાબ આપવો."

"વાહ વાહ ! ! રાવજી, એ વચાર મને ગમી ગયો."

બન્ને છાપરીમાં જઈ સરીયા અને કામઠીઓ લઈ બહાર નીકળ્યા. ત્યાં તો ગામના કેટલાક જુવાનો ભાથામાં તીર ભરી ભરીને વરંડા આગળ આવીને ઉભા હતા. ગીગલો અને મનજી પણ સૌની મોખરે આવીને ઊભા. જોતીઓ અને રાવજી બહાર આવતાં માણસોનું ધાડું જોતાં આશ્ચર્ય પામ્યા.

"હં....લો ભાયા, તમે જોતીઆની પાછળ મરવા કાં આવ્યા ? જોતીઆને તો જીંદગી એમાં જ વતાવાની સં. એ વના એનો સુટકો નથી."

"જોતીઆ ભાયા, તારી બહાદુરીથી અમે ખુશ થયા છીએ. તને આફત પડે ને અમે છાપરીઓમાં ભરાઈ રહીએ તે નાં બને" એક જુવાને જોતીઆને કહ્યું. અને બધા ધોળી ડુંગરી ભણી વિદાય થયા. જાણે નાનકડી ભીલ લશ્કરી ટુકડી ચાલી. દિવસના અગીઆર વાગે માંડલી ગામમાં એ જોવા જેવો, આનંદ પમાડનારો દેખાવ હતો. ડુંગરી પર બધા ચઢયા અને ઝાડની ઓથે એકેએક ભીલ જુવાન કામઠીને પણછ ચઢાવી ધકોડો ટેકવી નિશાન શોધતો ઉભો રહ્યો.

*

"પટેલ, જોતીઆને ક્યાં સંતાડયો છે? ચાલ, બહાર આવ." સિપાઇની આગળ ઉભેલા જમાદારે પટેલને બૂમ મારતાં કહ્યું. સરકારી માણસને જોતાં પટેલ ઘરમાંથી બહાર નીકળ્યો.

"સા'બ, જોતીઓ તો સુંથરામપુરની જેલમાં સે. એને અહિં કાં ગોતો છો?"

"પટેલ, તારી ચાલાકી નહિ ચાલે. જોતીઓ અઠવાડીઆથી ભાગી આવ્યો છે. અને તે તારા ગામમાં જ છે." જમાદારે સત્તાવાહી સૂરમાં પટેલને તતડાવ્યો. પટેલ જોતીઆ સંબંધી જાણતો હતો, પરંતુ એ જોતીઆનું ઠેકાણું શી રીતે બતાવે? જમાદારનો તતડાટ ચાલુ રહ્યો. "પટેલ, જોતીઆની ભાળ મેળવી લાવ, નહિ તો તારી પટલાઇ જશે, અને તેને સંઘરવાનું આળ તારા પર ઉતરશે."

"પણ સા'બ, મને એની કશી ભાળ નથી--એ સુંથમાંથી ભાગી ગયો હશે તો એના સગાવાલાના ગામમાં ભરાયો હશે. અહીં ક્યાંથી?" પટેલે પણ જરા ઉતાવળે સાદે કહ્યું,

"ઠીક. તો અહીં જોતીઓ નથી જ?"

"ના સા'બ આ ગામમાં તો આવ્યો નથી." જમાદાર સિપાઇઓ સાથે પાછા વળ્યા.

"કેમ, મહમદખાં શા સમાચાર છે?" જમાદારે મુસલમાન જેવા સામેથી આવતા સિપાઇને સંજ્ઞામાં કહ્યું.

"સાહેબ, ધોળી ડુંગરી પર અસંખ્ય ભીલડા ભરાઇને ઉભા છે. એ બધાં કારસ્તાનો જોતીઆનાં જ હોવાં જોઇએ." જમાદારને જોતીઆની ભાળ મળતાં આનંદ થયો.

"સિપાઇઓ, ચાલો, આપણી બંદુકની ગોળીઓ આગળ ભીલડાંનાં તીર ક્યાંયે અધવચ્ચ અથડાઇને સમળાઇ જશે."

જમાદારની પાછળ બંદુકધારી સિપાઇઓ બૂટની એડીઓ ખખડાવતા ચાલ્યા. ધોળીડુંગરી ગામની છેક છેક નજીક હતી. સાગ, વાંસ, અને બીજા અનેક ઝાડવાં તેના પર ઊગ્યાં હતાં. સિપાઇઓને દૂરથી આવતાં જોતાં ભીલ જુવાનો કામઠી પર તીર ચઢાવીને સજ્જ થઇને જ ઉભા હતા. સિપાઇઓ ડુંગરીની તળેટી આગળ આવીને થોભ્યા. પણ તેમના સંરક્ષણ માટે કશીય ઓથ ના મળે. બધા મુંઝવણમાં પડયા. આમ મેદાનમાં ઉભા રહીને ગોળીઓ છોડતાં તો સિપાઈઓને જ વીંધાઈ મરવાનો સંપૂર્ણ ભય હતો. જમાદારે વિચાર કરી એક યુકિત કાઢી અને બધા સિપાઇઓને ડુંગરી પાસેના કોતરડામાં ઉતાર્યા. સિપાઇઓને પણ એ ગમી ગયું.

*

સિપાઇઓએ ગળે ભેરવેલા હારડામાંથી કારતુસો કાઢી બંદુકમાં મૂકવા માંડયા. બધી બંદુકો કારતુસથી

ભરાઇ ગઇ. માત્ર જમાદારના હુકમની જ રાહ જોવાતી હતી. એક બાજુ જમાદારની મુંઝવણ તો ચાલુ જ હતી. સો, સવા સો સિપાઇઓ છતાં, નીચેથી ડુંગરી પર નિશાન લેવાં એ કપરામાં કપરૂં અને મુંઝવણભર્યું કામ હતું. એ કોતરડાની ધાર ઉપરથી અંદર આવ્યા. "મહમદખાં, તમારો શો વિચાર છે? કામ કઠણ તો છે. પરંતુ આ તો સુડી વચ્ચે સોપારી જેવો ઘાટ આવી રહ્યો છે." જમાદાર નીચે બેસી જઇ લમણે હાથ ટેકવતાં બોલ્યો.

"સાહેબ, શિકાર ગોતવા નીકળ્યા છીએ અને હાથ પણ લાગી ગયો, પછી શિકાર તો કરવોજ જોઇએ. એમ ને એમ પાછા વળીએ તો મહારાજા સાહેબ પણ ખીજાય."

"નહિ, નહિ, મહમદખાં. મારૂં કહેવું તેમ નથી, પરંતુ ભીલડાંનાં તીર ડુંગરી પરથી નીચે નિશાન લેતાં વાર નહિ કરે. અને આપણાં ઉંચનાં નિશાન કેટલીય વાર ખાલી જાય તેમાં નવાઇ નહિ.–પરંતુ બીજો કંઇ છૂટકોજ નથી."

જમાદારે એક વાર જોતીઆને પડકાર કરીને કહ્યું—

"જોતીઆ, તારી ખાતર બીચારાં ભીલડાંને શું કામ વિંધાવી ચાળણી કરવા તૈયાર થયો છે! સીધો નીચે ઉતરીને અમારા તાબે થઈ જા. તારા માટે સેંકડો ભીલોના જાન ન લે"—જમાદાર પૂરૂં બોલી રહે તે

પહેલાં જ ઉપરથી ભીલ જુવાનોએ એક જબરી ચીચીઆરી કરીને કહ્યું—

"ભલે અમારો જાન લ્યો, જોતીઓ ભાયો એમ ન મળે...."

હવે જમાદારને ગોળીબાર કર્યા સિવાય છૂટકો જ ન હતો. તેણે સિપાઇઓને હુકમ આપ્યો—

"ચાલો. ગોળીઓ છોડો...." હુકમ થતાંજ ગોળીઓ ડુંગરી ઉપર તકાઇ–પરંતુ એકે ભીલ જુવાન દેખાય નહિ. કોને વીંધે ? બધાજ ઝાડની ઓથે. ઝાડની ઢાલ બનાવીને ભીલ જુવાનો તો ઉભા હતા. નીચેથી ગોળીઓ આવતી હતી, પરંતુ તેમને જરાયે ભીતિ ન હતી. ગોળીઓ ખાલી જ જતી.

અસંખ્ય ગોળીઓ બંદુકમાંથી છુટી નીકળી, પરંતુ ઉપરનો કશો ભેદજ જણાયો નહિ. ખાલી ધડાકા કરી કરીને સિપાઇઓ કંટાળ્યા. આખરે તેમણે અવાજ કરવા બંધ રાખ્યા. ત્યાં તો ડુંગરી પરથી એક તીર સર....ર ર....કરતું નીચે આવ્યું, અને જમાદારથી બે હાથ આગળ આવીને જમીનમાં રોપાયું, અને બધાની દૃષ્ટિ પુનઃ ડુંગરી તરફ વળી. ત્યાં તો તીર પાછળ તીર છૂટયાં. સિપાઇઓ તરફ તે આવ્યાં. સિપાઇઓ પાસે હવે થોડાક કારતુસ રહ્યા હતા. બધાએ પ્રથમ અવાજ કારતુસ કરવામાં ગુમાવ્યા હતા. એક બે નહિ, પરંતુ ચપોચપ એક પછી એક તીર આવવાજ લાગ્યાં. સિપાઇઓને એ

તીરના મારામાં ઉભું રહેવું અસહ્ય થઈ પડયું. અંદર અંદર નાસભાગ થવા માંડી. જમાદાર સૌને આશ્વાસન આપી શોભવા માટે સમજાવવા લાગ્યા.

જમાદારનો હુકમ સાંભળતાં સિપાઈએ થંભ્યા, અને જમાદારે હુકમ છોડયો; "સિલીકમાં હોય તેટલી ગોળીઓ છોડો...."

સિપાઈઓએ વધેલા કારતુસો બંદુકમાં ભરી ભરીને ડુંગરી તરફ છોડયા, પરંતુ એકે ભીલ ઘવાયો નહિ. જમાદારની મુંઝવણનો તો પાર ન હતો. અનેક કારણોથી એનું માનસ ધુંધવાયલું બની રહ્યું હતું. છતાં ધૈર્ય રાખી, સિપાઈઓને યોગ્ય વખતસરના હુકમો આપેજ જતો હતો. પુનઃ ડુંગરી પર ભીલોની ચીચીઆરી સંભળાઈ. જમાદારને ખાત્રી થઈ કે હજી ભીલો ડુંગરી પરજ છે. ખાત્રી મેળવ્યા પછી કોઈ પણ રીતે ડુંગરી પર ચઢી ઓચીંતો છાપો ભીલો પર કરવો એમ જમાદારનો નિશ્ચય થયો.

જમાદારે સિપાઈઓ આગળ એ વાત મૂકી.

"જુઓ, આપણે હવે કોઈ પણ છુપા માર્ગે થઈને ડુંગરી પર ચઢી, જોતીઆને પકડાવાની કોશીષ કરવીજ જોઈએ–નહિ તો આપણે અહીં આવ્યા, તે કશાજ લેખામાં નહિ તેમ ગણાશે."

"જમાદાર સાહેબ, તમારૂં કહેવું વ્યાજબી છે, પરંતુ એમની દેખતી આંખે આપણે ડુંગરી પર ચઢી

પણ કેવી રીતે શકીએ ?" એક આધેડ ઉંમરના સિપાઇને શંકા આવતાં તેણે કહ્યું. જમાદારે તરતજ પોતાનો તોડ કહી સંભળાવ્યો: "જુઓ, આપણે જાણે અહીંથી સુંથ ભણી વિદાય થતા હોઇએ એમ પા કોશ સુધી એ રસ્તે જઈને પછી ઝાડીઓમાં લપાતા છુપાતા ડુંગરીના પાછળના માર્ગે થઈને ઉપર ચઢીએ તો આપણું કામ સરળ રીતે પાર ઉતરશે, અને આપણે જોતીઆને પરહેજ કરી સુંથ લઇ જઈશું."

જમાદારનો નિશ્ચય પણ એકંદરે બધાંને યોગ્ય લાગ્યો. અને તે ત્યાંથી ઉઠયા.

*

"જોતીઆ ભાયા, લે....સિપાઇઓ તો નાઠા. એ બાપડાંની હું ગુંજાસ તે આપણા સામે ટકી હકે ?" રામજીએ એક પત્થર પર બેસતાં કહ્યું.

"રાવજી, પણ હજી આપણે બીક વનાના થયા એમ ના માનવું–એ સપાઇ દાદાનો મને તો જરાએ વશ્વાસ નહિ." જોતીઓ બોલ્યો.

બીજા એક બે જુવાનોએ પણ જોતીઆને ટેકો આપ્યો.

"હા ભાયા, હજી તો આપણે કામઠી તાણેલી જ રાખવાની સે. નશાન લેતાં જ વાર નાં થાય." રાવજીને પોતાની ભૂલ સમજાઈ.

"ભાયા,....એ યે હાસ...." અને રાવજી બધા જુવાનોના ટોળા વચ્ચે જઇને બેઠો.

"હા....શ."

"કેમ રાવજી, થાકી ગયો કે હું ?" જોતીઆએ મુખ મલકાવતાં કહ્યું

"ના....રે ભાયા,"

"તિયાંરે તું આમ કેમ હાશ....કરી બેઠો ?" રાવજી જવાબ આપ્યા સિવાય જ હસી પડયો.

"હયો ઠીક, ચલમ તો ભરો. દા'ડો એ નમતો થઈ ગયો. બપોરના ચલમ પીધા વનાજ રહી ગયા છીએ, એટલે સુસ્તી પણ ઉડી નથી." જોતીઆએ એક જુવાનને ચલમ આપતાં કહ્યું. અને તેણે એમનાથી દૂર જઈને લાકડાનાં છાંડાં સળગાવ્યા. પરંતુ એની દૃષ્ટિ ડુંગરીના શિખરેથી દૂર દૂરની ઝાડીવાળી જમીનમાં પડી. એ તરત જ એક સાગના ઝાડ ઉપર ચઢયો. એણે જોઇને ખાત્રી મેળવી લીધી. અને તે નીચે ઉતરી ઝડપથી જોતીઆ પાસે આવીને ઉભો.

"ભાય, એજ સપાઈની ફોજ ડુંગરી પાછળના ભાગે આવતી ભળા ય સે, પણ તમે ખાતરી કરી જુઓ."

બધા ય ઉભા થઇ ગયા.

"રાવજી, જોયું ? હું શું કહેતો હતો ?"

"હા ભાયા, હા. તારૂં ધારેલું હાચું પડયું." જોતીઆની સાથે ચાલતા રાવજીએ એની પીઠ થાબડતાં

કહ્યું. અને બધા ય ડુંગરીના છેક શિખરના ભાગ પર આવી :પહોંચ્યા.

"ઓ....હો! આ તો એ જ સિપાઇઓ! જોઇ એમની ચાલાકી? હામી છાતીએ ના ફાવ્યું એટલે પીઠ પાછળ છૂપા છુપા આવીને ઘા કરવાનો એમનો વચાર થિયો. ઠીક હવે....આપણે બધા તિયાર થઈ રહો. ભાથામાં તીર તો ખૂટે એમ નથી ને?"

"ના ભાયા, બધું ઇસવરની કરપાથી ઘણું સે."

બીજી બાજુ જમાદારની પાછળ સિપાઇઓ ડુંગરી ચઢી રહ્યા હતા. છતાં એમને ભીલોની મોટી બીક હતી! કહીંકથી હવામાં ઉડતું તીર આવી પહોંચશે તો....! સિપાઇયો ઉપર ચઢતા હતા, અને માર્ગ પરના પથરા નીચે ગબડતા હતા. એવા સંજોગોમાં પણ એ ખાંધ પર દશ શેર વજનની બંદુક મૂકીને ચઢી રહ્યા હતા; રાજ્યની સેવા બજાવી રહ્યા હતા.

જોતીઆએ બધાને પ્રથમથી કહી દીધું હતું કે "પહેલાં આપણે તીર છોડવાં નહિ. એમની ગોળીઓ આવે ત્યારે આપણે નછૂટકે તીરનો મારો શરૂ કરવો."

સોલ્જરી બુટનો અવાજ કરતા સિપાઈઓ ડુંગરી ચઢીને ઉપર આવી પહોંચ્યા. ભીલોને અને તેમને બે ફર્લોંગનું અંતર હતું. ઉપર આવતાં જ જમાદારે હુકમ છોડયો—

"હવે તો એમના પર અહીંથી જ ગોળીઓ ચલાવો.

એ લોકો પ્રથમથી ચેતી ગયા હોય તેમ લાગે છે. એ સિવાય એમ એકાએક તૈયાર થયેલા કયાંથી હોય ?"

સિપાઇઓએ બંદુકનો કુંદો ખભા પર લીધો. અને નિશાન લેવા માંડયા. પહેલે જ નિશાને એક ભીલ જુવાન વીંધાઈને લોહીલોહાણ થઈ ધરણી પર પડયો. પણ જુવાનો નિરાશ ના થયા. એમણે તો એક જ ધગશે, એકજ ધ્યેયથી તીર છોડવાં શરૂ કરી દીધાં હતાં.

પરંતુ તેજ વખતે સંતરામપુરથી જમાદારે મંગાવેલી કારતુસની બે પેટીઓ આવી પહોંચી. અને જમાદાર સિપાઇઓમાં નવું જોમ–સ્ફુર્તિ ઉત્પન્ન થયાં. સિપાઇઓ તદ્દન હતાશ થઇ ગએલા. ડુબતા મનુષ્યને તરણું જોતાં લાકડાનું ઠીગરૂં તરતું આવી મળતાં જે આનંદ થાય છે, તે આનંદ સિપાઈઓને થયો.

ભીલ જુવાનો જો કે મુસીબતમાં આવી સપડાયા હતા; પરંતુ હતાશ તો નહોતાજ બન્યા. એ ધગધગતી આવતી ગોળીઓ સામે છાતી ધરવા તૈયાર હતા, પરંતુ એવી નાહક આવતી ગોળીઓથી વીંધાઈ મરવામાં ફાયદો શો ?

સિપાઇઓએ બેફામ બની ગોળીઓ છોડવા માંડી. ભીલ જુવાનો પણ ઝાડના ઓથે રહીને તીર છોડતા હતા. તીર અને ગોળીઓનો જંગ જામ્યો. એક બાજુથી લાકડાના પૂછડાના તીર છૂટતાં હતાં, અને બીજી બાજુથી ધગધગતી ગોળીઓ છૂટતી હતી. ચાર વાગ્યાના

નમતા સૂર્ય પછી ડુંગરી પર ગોળી તીરનો વરસાદ વરસતો હતો.

"આગે બેઠો, ઓર સબકે પર ગોળીબાર કરો. કીસીકોભી મત છોડો...." જમાદારે ઢીલા ચાલતા મામલામાં શંખ ફુંકયો, અને પછી તો ધાણીની પેઠે ગોળીઓ તતડી ઊઠી. જોતીઆએ અને ભીલ જુવાનોએ સમયસૂચકતા વાપરી. એ તડતડાટ કરતી આવતી ગોળીઓ સામે ટકી શકવું મુશ્કેલ હતું. એથી જોતીઆએ બધાંને વખત મળે ડુંગરી પરથી ઉતરી જવા કહ્યું. ભીલ જુવાનોએ પણ સમય ઓળખી એ માર્ગ લેવાનું ઉચિત ધાર્યું.

સિપાઈઓ આગળ વધતાજ હતા. એમની કાળી નાગણ જેવી બંદુકોથી સ્હેજે બધાને ડર રહે. માત્ર છએક જુવાનોએ જોતીઆનો સાથ છોડયો ન હતો. તે એની પડખે રહીને તીર છોડતા જ હતા.

"જોતીઆ ભાયા, હવે વીંધાઇ મરવાનો પૂરો ભય છે--અને આવે મોતે મરવામાં સાર નથી. સાલ, આપણે ડુંગરી ઉતરી સાલી નીકળીએ." રાવજીએ કહ્યું.

"ભાયા, પણ એ લોકો એમ માનશે કે જોતીઓ ભાગી ગયો."


"એ ગમે તેમ માને. આ વેળાએ આપણા જાન સમાલી લેવાની જરૂર સે."

"એ પણ ઠીક...." જોતીઆએ કામઠી ગળે ભેર-

વતાં કહ્યું.

"ચાલો ત્યારે....પ્રભુને ગમે તે ખરૂં." જોતીઆને જાણે સિપાઇઓના સામેથી જતાં ક્ષોભ થતો હોય તેમ તે બોલ્યો.

આગળ જોતીઓ, પાછળ રામજી ને બીજા જુવાનો ડુંગરી ઉતરવા લાગ્યા.



પ્રકરણ સાતમું

જોતીઆની વફાદારી

"સિપાઈઓ, આમ ઢીલા કેમ બની ગયા છો ? ગોળી છોડેજ રાખો." જમાદારે સિપાઇઓને ઊભેલા જોઇને કહ્યું.

"જમાદાર સાહેબ, ગોળીઓ કોના પર છોડાવો છો ?–અહીં નથી જોતીઓ, કે એકે ભીલ."

"તો શું જોતીઓ ભાગી ગયો ?"

"હાસ્તો !"

"તમે ધ્યાન કેમ ન આપ્યું ?--એ નાસતા જોતી-આની ખોપરી ઉડાડી દેવાની જરૂર હતી." જમાદાર ક્રોધે ભરાતાં બોલ્યો.

"સાહેબ, અત્યાર સુધી તમે કયાં ઊંઘતા હતા !" એક સિપાઇએ જમાદાર ન સાંભળે તેમ મંદ સ્વરે કહ્યું.

"ઠીક. પણ હવે રાજમાં જઇને આ મોઢું શી રીતે બતાવી શકીશું ?--મહારાજા સાહેબે આપણા માટે

તુરત તુરત કારતુસો પણ મોકલી આપ્યા. જોતીઓ પંજામાં આવેલો નાસી ગયો એમ જાણશે, એટલે આપણા પર ચિડાયા સિવાય રહેવાનાજ નથી. ચાલો, હવે ડુંગરી પર ખાલી સમય વિતાવે કંઇ જોતીઓ મળવાનો હતો ?"

જમાદારના હુકમને માન આપી સૌ ડુંગરી ઉતરવા લાગ્યા. ડુંગરી ચઢતા સિપાઈઓમાં જે ધગશ હતી, તે અત્યારે ઉતરતાં ઓસરી ગઈ હતી. પગ ઢીલા થઇ ગયા હતા. એમને ઇનામ અને શાબાશી મળવાની અનેક આશાઓ હતી. પરંતુ એ હવાઇ કિલ્લા જમીનદોસ્ત થઇ ગયા.

*

સૂર્યાસ્ત થઈ ગયો હતો. જોતીઓ, રાવજી, ગીગલો અને મનજી ધોળી ડુંગરીથી ચારેક ગાઉ દૂર આવી રહ્યા હતા. વધતા જતા અંધકારમાં એમને પકડાવાની કે ઓળખાવાની ભીતિ ઓછી થઈ હતી.

"ગીગલા, મનજી, તમે તમારે છાપરીએ ચાલ્યા જાઓ--અમારે તો કોઈ એવું રહેઠાણ શોધવું પડશે, કે સરકારને તેની ખબર ના પડે. તમે અમારી પાછળ ઘસડાઈ નાહકનું દુઃખ ના વો'રો. અમને ભીડ પડે તમને બોલાવીશું." જોતીઆએ કહ્યું.

"પણ ભાયા, તમે દુઃખમાં રીબાતાં રીબાતાં વરસ વીતાવો, અને અમે છાપરીએ જઇને નિરાંતે ઊંઘીએ,

એ ના બને.” ગીગલાના મુખ પર લાગણીનાં ચિહ્ન સ્પષ્ટ જણાતાં હતાં.

“ગીગલા, આપણું ધાડુંનું ધાડું ફરે, તો કોઇ ન વહેમાતું હોય તો પણ વહેમાય, અને આપણે ઉલટા વગર કારણે હેરાન થઈએ. તમે મારૂં માની જઈને ઘેર જ જાઓ. અમારા પર દુઃખ આવતાં અમે જ્યાં હશું ત્યાંથી કહેણ મોકલીશું. એ વેળા તમારી વફાદારી ન ચૂકતા.”

જોતીઆનું કહેવું ગીગલા અને મનજીને ગળે ઉતર્યું.

“ઠીક ભાયા, ત્યારે તારી મરજી.” કહી બંને જણા વિદાય થયા.

અંધારૂં વધતું જ જતું હતું. માત્ર તારાના પ્રકાશથી રસ્તો ઝાંખો ઝાંખો નજરે પડતો હતો.

“જોતીઆ ભાયા, કઈ ગમે જવા વચાર સે ?” રાવજીએ જોતીઆની પાછળ ચાલતાં ચાલતાં કહ્યું.

“ભાયા, અહીં જ બેસ. ચલમ પીને આગળ જવાનો વચાર કરીએ.”

ઉભય ચલમ સળગાવવા માર્ગના વચ્ચે જ બેઠા.

ડુંગરના પત્થરીઆળ રસ્તામાં ખટ....ખટ પૈડાં ખખડાવતું એક સીગરામ આવી રહ્યું હતું.

“જોતીઆ ભાયા, આ અવાજ શાનો સંભળાય સે ? ગાડું આવતું લાગે સે.” રાવજીએ ખખડાટ સાંભળતાં કહ્યું.

"રાવજી, વેપારીનાં ગાડાં ગોધરા માલ લઇને વેચવા જતાં ઐહે. અહીંજ ગાડાંને રોકીને બધો માલ પડાવી લો, એ વના હવે આપણે સાલે તેમ નથી." જોતીઆએ થતા અવાજ તરફ કાન સરવા કરીને કહ્યું.

"હા ભાયા, મારો વચાર પણ એવો જ સે....પણ ....આ વેળા ગીગલો અને મનજી હોત તો કેવું હારૂં ?"

"ભાયા, એ પણ હાસું. પણ હવે આપણે વચાર કરે દન નહિ વળે. ગાડાં આવે કે ઘેરી લો. આપણી પાહે સરીયાં છે, એટલે વાંધો નહિ આવે."

સીગરામ નજીક આવતું જતું હતું. અંધારી રાત્રી હોવાથી બબ્બે ફાનસો પણ દેખાતાં હતાં. એ ફાનસના અજવાળામાં જોતીઆએ સીગરામને જોયું.

"રાવજી, ગાડાં નથી, પણ આ તો કોઇ રાજનું સગરામ આવતું ભળાય સે. ઠીક....આજે લાગ આવ્યો સે. રાજનું સગરામ સે, એટલે કંઇનું કંઇ મળી આવહે."

બંને જણ આનંદમાં એક વાર હસી પડ્યા. સીગરામ નજદીક આવ્યું, પણ રાવજી તો માર્ગની વચ્ચે જ બેઠો હતો. જાણે કોઈ દાણી દાણ લેવા બેઠો હોય તેમ માર્ગમાં માણસને જોતાં બળદીઆ થોભ્યા, સીગરામ હાંકનારો ઝોકાં ખાતો જાગી ગયો, અને બળદને આર ઘોંચી. પરંતુ બળદ સળવળ્યા નહિ. જોતીઓ અને રાવજી ઉભા થઈ ગયા.

"કયાંનું સીગરામ સે ? અને અંદર કોણ સે ?

હેઠે ઉતરી પડ અને માંહે જે હોય તે મારા આગળ ધરી દે.”

સીગરામ સંજેલી રાજ્યમાં જઈ રહ્યું હતું. અંદર એક વકીલ સાહેબ બેઠા હતા. રાજ્ય તરફથી તેઓને કેસના કામ પ્રસંગે ખાસ ગોધરાથી તેડાવ્યા હતા. સીગરામની પાછળ બે ચોકીયાતો ચાલતા હતા, અને એક સ્વાર ઘોડા પર હતો. જોતીઆનો અવાજ સાંભળતાં ચોકીયાતો આગળ આવ્યા.

“ચ્યમ ભાયા, રાજના સગરામને તું ચમ રોકે સે ?” એક ચોકીયાતે જોતીઆને કહ્યું.

“તું તારે સગરામની પાછળ પાછળ ચાલ્યો આવ, મારી છાતી આગળ આવીને ઉભું રહેવાનું તારૂં કામ નથી, સમજ્યો ?” જોતીઆએ ભીલ ચોકીયાતને કહ્યું.

“ચાલ્યો તો કાં જશે, રાજે સગરામની ચોકી કરવા મોકલ્યા સે, હમજ્યો ? ભાયા, સંજોલી રાજનું સગરામ લુંટવું એ રમત વાત નથી.”

“હવે છાનો રહે. નહિ તો જોતીઆના તીરનો ભોગ થઇ પડીશ.” જોતીઆએ કામઠીને ગળેથી ઉતારતાં કહ્યું.

“કોણ જોતીઓ ? સુંથની જેલમાંથી ખૂન કરીને ભાગી છૂટનાર !” વકીલ સાહેબને કાને જોતીઆનો શબ્દ પડતાં એ ધીમે સ્વરે ગણગણ્યા. એમના હાંજા ગગડી ગયા. એમને જીવની સલામતી રહેશે કે કેમ તે

માટે પણ શંકાઓ થવા માંડી. પરંતુ પેલો ઘોડેસ્વાર તો ઉભો ઉભો સાંભળીજ રહ્યો હતો.

"રાવજી, વચાર હું કરસ ? ચડ, સગરામ પર ચઢ. જે હોય તે બધું લૂંટી લે–પણ ભાયા, અંદર કીયો સે ?" જોતીઆએ ચોકીયાત ભણી જોતાં કહ્યું.

"અંદર વકલ સાબ સે, વકલ."

"ઠીક તિયારે તો ખૂબના રૂપિયા લઇને આવતો ઓહે–રાવજી ચઢ ઉપર, હુંયે તારી પુંઠે આવું સું."

રાવજી કામઠી પર તીર ચઢાવીને એક હાથે પકડીને સીગરામ પર ધસારો કરવા ગયો પરંતુ ચોકીયાતો વચ્ચેજ આવીને ઉભા.

"તીર અમારી છાતીમાં ગોબીનેજ સગરામ પર ધસજો."

"ભાયા, હઠી જા, નાહકનો જીવ ખુવેસે શા હારૂં ? તારી બૈયર છોકરાં અમારા પર નિસાસા નાંખહે. માટે હમજીને એક કોરનો ઉભો રહે."

"અમે ડરપોક નથી. તે તમારાં તીરથી બી પડીયે ! અમારી પાહે એ તીર છે હાં." ચોકીયાતોએ પણ કામઠી પર તીર ચઢાવ્યું. તીર અને કામઠી હાથમાં જ રહી ગયાં. જોતીઆએ બાહુબળ અજમાવતાં મલ્લની પેઠે જ ચોકીયાતો પર હાથ લંબાવીને ધસારો કર્યો. ચોકીયાતોએ પણ એવી જ નકલ કરી. વકીલ અંદર બેઠા બેઠા ગભરામણ અનુભવી રહ્યા હતા. એમનું પાતળું

એકવડીઉં બદન સીગરામમાં ઓળા પેઠે પડતું હતું. ચોકીયાતો અને જોતીઆ તથા રાવજી વચ્ચે નાનકડું યુદ્ધ મચી રહ્યું. ચોકીયાત તો જોતીઆની અડફટથી ધરણી પર ઢળી પડ્યો હતો. એને સખત ચોટ લાગી હતી. સીગરામ હાંકનાર પણ નીચે ઉતરી એક બાજુ ઉભો હતો. એક ચોકીયાત નીચે પડતાં બીજો પણ હતાશ બન્યો હતો. એ પણ બાજુ પર જઇને ઉભો. જોતીઆનો માર્ગ મોકળો થતાં એણે સીગરામનું દ્વાર ઉઘાડ્યું. ત્યાં તો અવાજ સંભળાયો—"જોતીઆ...."

જોતીઆએ સ્વાર ભણી જોયું. ઉભયની દૃષ્ટિ એક થઇ.

"નથેખાં બાપુ ! તમે જ હાથે સો કે ?" જોતીઓ સ્વાર નથેખાંના પગે પડતો હોય તેમ નમીને બોલ્યો.

"બાપુ...." જોતીઆએ કહ્યું.

"જોતીઆ, આખી રાતની રાત ઉજાગરા ખેડવા પડે છે. તારી જીંદગી આવી રીતે જ દુઃખમાં જવાની છે ?" નથેખાંએ ઘોડા પર રહીને જ કહ્યું. ફાનસના અજવાળામાં બંનેનાં મુખ સ્પષ્ટ જણાતાં હતાં. ઉભયના વાર્તાલાપથી વકીલ સાહેબ પણ આશ્ચર્ય પામતા, સીગરામમાંથી બહાર ડોકું કાઢીને સાંભળી રહ્યા હતા. નથેખાંના ઉપકાર જોતીઆ ઉપર ઘણા હતા. એથીજ એ અચકાઇ પડ્યો હતો. જોતીઆને પૈસાની બહુ ભીડ પડે, ત્યારે સીધો નથેખાં પાસે જ જાય. બાપદાદાના

વખતથી તેનો સંબંધ જળવાઇ રહ્યો હતો. જોતીઆની આંખ આગળ એ સંબંધ આવ્યો. નથેખાંની ચોકી નીચે વકીલને કેમ લુંટાય? જોતીઓ નિરાશ થયો. પરંતુ તેને એક બાબતનો હર્ષ પણ થયો. અને તે એ કે, નથેખાં ખાતર-એના માનની ખાતર વકીલને જતો કરવાનો પ્રસંગ મળ્યો. પોતાની વફાદારી બતાવી આપવાનો પ્રસંગ સાંપડયો.

નથેખાંના પ્રશ્નથી જોતીઓ ઘડીભર મૌન રહ્યો. નથેખાંને શો જવાબ આપવો? તે વિચાર કરતો, ફાનસની સળગતી બત્તી ભણી જોઇ રહ્યો.

"નથેખાં દાદા, એ વના બીજો કયો રસ્તો છે?" એની આંખમાં અશ્રુનું બુંદ હતું. એ પુનઃ બોલ્યો—

"મારી સઘળી વાત તમે જાણી હશે. મેં મારૂં ગામ છોડયું, એ પણ તમને ખબર હશે. બાપુ, એ વના મારે એકે રસ્તો નથી. મેં પણ તમારા જેવા પાહેં બેહીને જીંદગી વીતાવેલી. એટલે શરમ તો આવે સે, પણ મારી આસપાસ એવા સાંડસા આવીને ઉભા છે કે કયે વખતે પકડી લેશે તે ઇશ્વિરને ખબર. બાપુ, ઘેર તો બધાં ખેમ કહળ સેં ને?"

"હા જોતીઆ, સૌ કુશળ છે. અને તારા બહારવટીએ નીકળ્યાના સમાચાર જાણી બધાંને શોક પણ થાય છે. જોતીઆ, તું આમ ડુંગરોમાં રખડે તે મને ઠીક નથી લાગતું. હું કહું તે માનીશ?" નથેખાંએ

ધીમેથી કહ્યું.

"કહોને બાપુ ?"

"હું તને ખેડા જીલ્લામાં મારા એક સગાને ઘેર મૂકી આવું. ત્યાં તને પકડાવાનો ભય નહિ રહે. અને નિરાંતે રોટલો ખાઇને બેસી રહેવાશે."

"બાપુ, એવી નિરાંત શા ખપની ?"

જોતીઆના દુઃખ પર નથેખાંની આંખમાં પણ અશ્રુ દેખાયું.

"બાપુ, તમે મારા દુઃખે દુઃખી ના થાવ. મારા કરમે તો જે લખાયું અહે, તે થયા કરહે. તમે મારી જરાએ ફકર મા કરો. મારામાં ઇશ્વરે શકિત આપી સે, એટલી શકિતના ધખારે તો હું ચાલ્યાજ કરીશ." જોતીઆની હિંમત જોઇ નથેખાં આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા.

"જોતીઆ, તમારા કુટુંબની અમારા પ્રત્યેની સેવા જોતાં–તારી આ સ્થિતિ જોઇ મને દુઃખ ઉપજે છે. તું એક મરદ માણસ છે. એ જોતાં–જાણતાં એકંદરે મને હર્ષ તો થાય છે જ. માત્ર મારાથી તારૂં દુઃખ જોવાતું નથી."

"બાપુ, દુઃખ ? દુઃખ સહેવા માટે તો આપણને ઇશ્વરે જન્મ આપ્યો સે." જોતીઆના અવાજમાં ઇશ્વરે આપેલાં દુઃખ સહેવાની પુરતી ધગશ હતી.

પાછલી રાતે ચંદ્ર ઉગ્યો, અને પૃથ્વી પર સર્વત્ર

ચાંદની પથરાઈ રહી. ફાનસનું અજવાળું એના આગળ નિરર્થક નીવડયું.

"જોતીઆ, લે...." નથેખાંએ ખીસામાંથી કંઈક કાઢીને આપ્યું. જોતીઆએ હાથમાં લઈને અજવાળામાં જોયું તો પ્રકાશમાં રૂપિયા ચકચકયા.

"બાપુ....લ્યો પાછા. મારે ન જોઈએ."

"જોતીઆ, તારી ભીડ વખતે હું મારો ધર્મ બજાવી શકયો નથી, છતાં મારી પાસે છે તે આઠ રૂપિયા તને આપું છું."–જોતીઆથી ફરી બોલાયું નહિ. એળે કે બેળે એને તે લેવા જ પડયા.

સીગરામ આગળ ચાલ્યું. વકીલને પણ શાંતિ વળી. ચોકીયાતોનાં કાળજાં પણ ધ્રુજી રહેલાં તે ઠેકાણે આવ્યાં.

"જોતીઆ, અમે જઈશું. જરૂર પડે ત્યારે સંજેલી સંદેશો જરૂર કહાવજે." નથેખાંનો ઘોડો આગળ ચાલ્યો, અને જોતીઓ આભારભરી આંખે જોઈ રહ્યો. જતાં સીગરામનો ખટખટ અવાજ બંધ થયો, ત્યારે તે રાવજી પાસે આવીને ઉભો.

આમ જોતીઆની નથેખાં પ્રત્યેની વફાદારીથી વકીલ સાહેબ લુંટાતા બચ્યા.

"ભાયા, સાલ, હવે કયી બાજુ જશું ?" રાવજી એકજ મુદ્દા પર આવ્યો હતો.

"રાવજી, બહુ બહુ તો ગાઉનો રસ્તો કપાહે–નિંદર પણ આવીને ભરાઇ સેં. એટલે વધારે સલાહે પણ નહિ."

"તો ભાયા, તારો વચાર હોય એમ કરીએ. આજ રાતની રાત ચલેડી ગામમાં જઇ હુઇ રહીએ, તાં મારો એક હગો રહે સે." રાવજીએ કહ્યું.

"તો ભાયા, તાં જ સાલ. મને પણ એ ગમી ગયું."

ઉભય ચલેડીના રસ્તે વળ્યા. ઉભય સાથીઓ દોઢ ગાઉનો માર્ગ કાપી ચલેડીના પાદરે આવી પહોંચ્યા. ગામના કુતરાનો ભસવાટ ચાલુ થયો. બન્ને જણા રાવજીના સગા જોખનાને ઘેર આવ્યા. રાવજીએ બૂમ પાડી.

"જોખના ભાયા....એ જોખના...."

"એ કિયો સે અડધી રાતે ? પટલને એ નિરાંત કયાં સે ? અડધી રાતનો અહીં આવીને કમાડ ઠેલે સે!" અંદરથી અવાજ આવ્યો.

"જોખના, પટલ નથી. એ તો હું રાવજી છું."

"કોણ રાવજી ? જુહાવાળો ?"

"હોવે ભાયા." અને કમાડ ખોલી આંખો ચોળતો ચોળતો જોખનો બહાર આવ્યો.

"ભાયા, બારણું ઉઘાડવામાં મેં ઢીલ કરી તે માટે માફી માગું સું."

"અરે ગાંડા, ઉભો થા." ઘુંટણીએ બેઠેલા જોખનાને ઉભો કરતાં રાવજી બોલ્યો.

"રાવજી, રાતના કાંથી નીકળી આવ્યા ?"

"ભાયા, રાત ને દન, બધું અમારે તો સરખું જ સે.

"એમ કેમ બોલસ, ભાયા ?"

"હું....પણ જોખના, આ ભાયાની ઓળખ પડે સે ?"

"ના...." જોખનાએ જોતીઆ તરફ જોઇને કહ્યું.

"જોતીઆ સરદારનું નામ હાંભળ્યું સે ?"

"ભાયા, જોતીઆની વાત ના કર. જોતીઓ તો આપણા કુળમાં એક મરદ પાકયો સેં મરદ ! અન્યાય હામે એણે તકરાર ઉઠાવી સરકારને સોઝખું જણાવી દીધું, તેથી જ એ પટલનો અને સરકારનો દુશ્મન બન્યો અને આજે ગામને છોડી કયાં યે દુ.ખમાં જીવતો અહેં." જોખનો શબ્દેશબ્દ જોતીઆ પ્રત્યે લાગણીથી બોલતો હતો. જોતીઆની પ્રતિભા એના હૃદયમાં ઊંડે ઊંડે ઉતરી ગઈ હતી. જોખનો આગળ બોલ્યો :

"ભાયા, જોતીઓ તે જોતીઓ જ સેં. આપણી ભીલ જાત બિલાડી જેવી બીકણ સેં. જોતીઓ જ એક મરદ પાકયો, કે સરકારને અન્યાયનો જવાબ આપી હકયો."

રાવજી અધવચ બોલી ઉઠયો : "ભાયા, આ જ જોતીઓ...."

"હેં...." જોખનો જોતીઆના ગળે બાઝી પડયો. "મરદ જોતીઆ, જોખનાની ટાપરી આજે તેં પાવન કરી હો" અપરિચિત વ્યકિતઓ ભેટી અને હર્ષનાં અશ્રુ ટપકયાં.

"ભાયા, મારે માટે આટલું ગાંડપણુ ના હોય."

"જોતીઆ ભાયા, તારા માટે છું હું પણ બધાય ભીલ ગાંડા થઇ જાહે. તે એક અમારા માટે નવો જ રસ્તો ગોત્યો સે--સાલો ભાઇ, છાપરીમાં સાલો."


ત્રણે જણા અંદર ગયા. જોખનાની સ્ત્રી પણ જાગી ગઈ હતી. જોતીઆ અને રાવજીને ખાટલા પર બેસાડયા.

"લે હવે તું હું કરશ—સપટી લોટ કકરો કરી નાંખ. આવો વખત ફરી નહિ મળે." સાંભળી એની સ્ત્રી ઘંટી પાસે ગઇ.

"જોખના, એ બધી વાત જ જવા દે. અમને નિંદર આવે સે એટલે અમારે ઉંઘવુંજ સે. ખાવાની વાત કાલે." જોતીઆએ કહ્યું.

"જોતીઆ ભાયા, તમોને ભૂખ્યા સુવાડું ?—મારા ભીલ પાણીને લજાવવાની ઠીક બારી ખોળી કાઢી સે" હસતાં હસતાં જોખનાએ કહ્યું.

આમ ઉભયની નામરજી છતાં કંસાર રંધાઇ ગયો અને ખવાયો પણ ખરો. નિદ્રાથી ઘેરાયલા ઉભય પથારીમાં પડતાંજ નિદ્રાધીન થઇ ગયા.



પ્રકરણ આઠમું

બહારવટાનાં બીજ

બીજે દિવસે અશ્રુ ટપકતી આંખે બંનેએ જોખનાની છાપરીએથી વિદાય માગી.

"ભાયા, તમે બે દિ' મારી છાપરીએ જ રહો. આવા ધપાટામાં વધારે ફરવું હારૂં નહિ." કહેતાં કહેતાં જોખનાની આંખમાં આંસુ આવી ગયું.

"જોખના, બે કે ચાર દિ કે મહિનો તારા ઘેર રહીએ પણ એથી અમારા દિ નીકળી ગયા? અને સરકાર જાણે તો તને અમારી હાથે સંડોવે." જોતીઆએ કારણ જણાવી દીધું. જોખનાએ છાપરી પરનાં નળીઆં તરફ મીટ માંડતાં કહ્યું—

"ભાયા, મને સરકારથી બીનારો હમજો છો?" જોખનાના કહેવામાં જોતીઆ પ્રત્યેની ઉંડી લાગણી સ્પષ્ટ સમજાતી હતી.

"જોખના ભાયા, તું છાપરી જાળવતો અહીંજ રહે;

અમને સંઘરવામાં આપણા બધાનો આધાર રહે નહિ. તારી છાપરી અને તું બટકું રોટલો આપવા જેવા અહો, તો અમે પણ અડે-અટકે તારી પાહેં આવી રહીશું" રાવજીનું કહેવું જોખનાના હૃદયમાં ઉતરી ગયું, અને ઉભયે વિદાય લીધી.

"ભાયા, જોખનાની છાપરી તમારી જ ગણી, એની પાહે આવવામાં જરાએ ખમચાશો નહિ." આગળ પગલાં ભરી રહેલા જોતીઆને સંબોધીને જોખનાએ કહ્યું, અને રાવજીએ કામઠીવાળો હાથ ઉંચો કરીને જવાબ આપી દીધો.

*

ઉષાનાં અજવાળાં ચોબાજુ પ્રકાશ પાડતાં ખીલતાં જ જતાં હતાં. બહારવટીયા પણ ખીલતા પ્રકાશમાં ચાલી રહ્યા હતા.

"જોતીઆ ભાયા, આ બંદુકને તું ઉપાડી ચાલ, –મારો તો ખભો યે દુઃખી આવ્યો." રાવજીએ બંદુક જોતીઆને આપી, તીર અને કામઠી પોતે ઉપાડી લીધી.

"જોતીઆ, કઈ ગમે જવા વચાર સે?"

"રાવજી, પહેલાં તો વંદેલી જઈને પેલા વોરાજીનું ઘોડું તફડાવી લાવીએ. પછી બધું ય થઈ રહેશે." અને ઉભયે વંદેલીનો માર્ગ લીધો.

વંદેલી ગામની ભાગોળ આવી. ગામ જોતીઆથી તદ્દન પરિચિત હતું. એ નાનકડા ગામમાં પૈસાદાર એ

એકલો વહોરો જ ગણાતો. ભાગોળે ઉભા ઉભા જ જોતીઆએ બંદુકના પાંચ છ બાર કરી નાખ્યા.

"ભાયા, તારી આ આદત ન ગઈ. ટોટા જ બગાડ્યાં કરે સે." રાવજીએ ક્રોધમાં જ કહ્યું.

"રાવજી, છાના છપના આપણાથી ગામમાં પેહાય? જીવવું હોય તો મરદની રીતે જ જીવવું. એ વોરાને ચેતવ્યા વગર આપણે ઘોડું લઇને નાસીએ તો દુનિયા હું કહે? ભીલો તો આપણને સૂંટી ગાય સૂંટી." તેઓ હસી પડયા અને ગામમાં પ્રવેશ્યા. વહોરાજીનું ઘર આવ્યું. ઓસરીમાં બેઠા બેઠા હિંડોળા પર એ કડક મીઠી ચા પી રહ્યા હતા. જોતીઓ અને રાવજી એમના સન્મુખ જઇને ઉભા.

"કાં બિરાદર, કાંથી આવો છ?" રમુજી વહોરાજીએ આ પ્રતિભા સમ અડગ ઉભેલી વ્યકિતને પૂછ્યું.

"શેઠજી, તમોને મળવા હારૂં" જોતીઆએ પણ રમુજીભર્યો જવાબ આપ્યો.

"ના, ના. હું પૂછું છું કે તમે કયાં રહો છો?"

"ધરતી પર...." જોતીઆએ જવાબ આપ્યો.

"ધરતી પર તો બધાજ રહે છે. પણ તું કયાંનો મૂવો છે–કયા ગામમાં રહે છે તે પૂછું છું." જોતીઆના જવાબથી ગુસ્સે ભરાતાં વહોરાજી બોલ્યા.

"શેઠજી, રાત પડે તાં રહીએ સીએ, અને દિ ઉગે એટલે સાલીએ સીએ." જોતીઓ

પણ વહોરાજીને મુત્સદ્દીપણે જવાબ આપે જતો હતો. એટલામાં વહોરાનો હાળી બહાર આવ્યો અને શેઠજીનો ખાલી કપ લઈને અંદર ગયો.

"પન બિરાદર, મને જાન તો કર. મારૂં સું કામ પરૂં છે?" વહોરો નરમ પડીને બોલ્યો.

"શેઠ, તમારૂં કામ નથી. પણ તમારા ઘોડાનું કામ છે. એ છોડી આપો તો જોતીઓ સીધો સીધો સાલ્યો જાય."

"કોન? જોતીઓ!! તું કાંસી?" વહોરાજીના તંગ થએલા સુંથણાનું નાડું તૂટ્યું. જોતીઆનું નામ સાંભળતાં એમના શરીરમાં ગભરામણે પ્રવેશ કર્યો. ઘરમાં કામ કરતા હાળી બહાર આવ્યા. એમણે જોતી-આને ઓળખ્યો હતો. પરંતુ જોતીઆ આગળ જોતી-આને બોલવામાં એમની લૂલી અસમર્થ હતી.

"જોતીઆ, તું તારે અહીંથી ચાલવા માંર. મને તો તું ઓળખતો હશે. હું આ આખા ગામનો શેઠ કહેવાઉં છું. કોઈ ભીલરો મારા સામે બોલવાની હામ નથી કરતો. તું પણ સમજી જઈને ચાલવા માંર."

"શેઠ, મને તમારૂં ઘોડું છોડી આપો. મારે તમને સતાવવા નથી." જોતીઆએ શાંતિથી જવાબ આપ્યો.

"તને જવાનું કીધું તારે ઘોરૂં ઘોરૂં કરે છે. અહીં....તારા બાપ થાપન બાપન મૂકી ગયા છે કે ઘોરૂં છોરી આપે? કહે છે?–મારા બેતા બહારવતીઆ કહીંના

ફાટી નીકલા છે.” વહોરાજી જોતીઆને દબાવવા માટે બોલ્યા.

“શેઠ, જોતીઆનું નામ સાંભળ્યું છે? એને તમે ઓળખો છો? એ જે ધારે છે તે જ કરે છે. સુંથ જેવા રજવાડાની જેલ તોડીને આવ્યો છું, સમજ્યા—? જો વધારે બોલશે તો આ કાળમુખી બંદુક જોઈ છે? એમાં જ તમારો જીવ સમાયેલો છે.”

“પન....પન....પન.... જોતીઆ, અમને ગરીબને ના સતાવ. જોઈએ તો અધમન મકાઇ ખાવા લઈ જા. એની કોન ના કહે છે, ભલા આદમી....”

“શેઠજી, હવે મારો વખત ન બગાડો. ઘોડાને છોડી મંગાવો. એ વના જોતીઓ અહીંથી હઠનાર નથી.” જોતીઆએ બંદુક ખભેથી ઉતારતાં કહ્યું. પણ વહોરાજીની ઘોડું છોડી આપવાની ઇચ્છા જ ન હતી.

“જોતીઆ, રૂપિયો રોરો વાપરવા જોઇએ તો લઇ જા, પન મને હેરાન ન કરતો,” વહોરાજી બચવાનો દાવ અજમાવે જતા હતા.

“શેઠજી, આ મારી છેલ્લી વેળાની ચેતવણી સે. જોતીઓ એવી લાલચથી લલચાય એમ નથી. એ બોલ્યો એ ભરમાજીનું વસન જ હમજી લેવું.”

વંદેલી જેવા નાના ગામમાં જોતીઆના આવ્યાની ખબર વિજળીક વેગે પહોંચી ગઇ હતી. ગામના ભીલો પણ વહોરાના ઘર આગળ એકત્ર થવા માંડ્યા. પણ

અંદર જોતીઆને જરાયે ભીતિ નહોતી.

"જોતીઆ, તું ચાલી જા, નહિ તો પટેલને જઈ હમણાં જ ખબર આપું છું." વહોરાએ કહ્યું.

"શેઠ, એ પહેલાંજ તારી ખોપરી વીંધાઇ જશે એનું ભાન છે?"

જોતીઆના શબ્દોથી વહોરાજીને એક જબ્બર ધ્રુજારો આવ્યો. અને તે જમીન પર બેસી ગયા. છતાં એમણે છેવટનો નિશ્ચય કરીને જોતીઆને કહી સંભળાવ્યું:

"જોતીઆ, મારી ખાલ ઉખારીસ તો બી તને ઘોડું બોરૂં મોલવાનું નથી." વહોરાના છેવટના નિર્ણયથી જોતીઆને જાણે સરસીયા તેલની ઝાળ લાગી.

"રાવજી, એને તારા ફાળીયાથી બાંધી દે." જોતીઆનો હુકમ થતાંજ રાવજી માથેથી સાફો ઉતારીને બાંધવા ગયો. ત્યાં તો વહોરાના હાળી અને ગામમાંથી આવેલા માણસે પ્રચંડ અવાજ કર્યો.

"ખબરદાર....શેઠને બાંધ્યો છે તો!"

પણ શેઠજીના હાથ બંધાઇ ચૂકયા હતા. એક ભીલે હાથ છોડવા પ્રયત્ન કર્યો, પરંતુ એના હાથ ઉપર જ જોતીઆની બંદુકની નળી ધબ ....દઇને પડી. એ હાથ પંપાળતો બધાંની પાછળ જઇને ઉભો.

એકસંપ કરી બધા ભીલો જોતીઆ પર તૂટી પડયા. ચાલાક જોતીઆને એ બધા ય મગતરા સમાન લાગતા હતા. રાવજીએ કામઠીને ગોળ ગોળ ફેરવવા માંડી.

ભીલોના વર્તુળને વીંધતો એ પણ ઘેરાએલા જોતીઆ પાસે આવ્યો. રાવજી કામઠી ફેરવેજ જતો હતો. પરંતુ એ દરમ્યાન જોતીઓ તો નિશ્ચેષ્ટ દેહે ઉભો જ હતો. એને પોતાના જ્ઞાતિબંધુ પર એકાએક હથિયાર ઉપાડવાનું ઠીક નહોતું લાગતું.

"જોતીયા ભાયા, આમ ઉભા રહે દન ની વળે." રાવજી ટકોર કરતો બોલ્યો.

"કેમ ભાયા....?" જોતીઓ હસતો હસતો બોલ્યો. એ રાવજીના કહેવાનું કારણ સમજી ગયો હતો. પણ એનું હૃદય નીડર અને નિખાલસ હતું. એ બહારવટીઓ હતો; ખુનસી અને ક્રૂર હતો, છતાં એનામાં દયાનો અંશ તો હતો જ. બહારવટું અમસ્તું નથી ખેડાતું. બહારવટીઆમાં બધા ય ગુણો હોવા જોઇએ. અને એના એ દયાના પ્રતાપે જ ભીલોનું આખું ય વર્તુળ જોતજોતાંમાં વિખરાઈ ગયું. એની દયા ભીલોના હૃદયમાં ઉતરી, અને એ આપોઆપ એની પ્રતિભા ભરી કાયાથી દૂર ખસ્યા.

વહોરા શેઠ ધારતા હતા કે હવે જોતીઆનો ઘાટ ઘડાશે. પરંતુ એમણે તો ઘડી વારમાં અવળું જ સ્વરૂપ જોયું. પળ પછી તો માત્ર એના હાળી સિવાય એકે ભીલ ત્યાં રહ્યો નહિ.

"શેઠજી, હો વચાર કરો હો ?" બંદુકની નળી છેક એમની દાઢીના વાળ આગળ ધરતાં જોતીઆએ કહ્યું.

"જહન્નમમાં જવાનો...." નિરાશ થતાં વહોરાજી બોલ્યા.

"તો ઘોડું છોડી આપો." શેઠને પુનઃ એ સવાલથી ક્રોધનો ઉભરો આવ્યો. બીજી બાજુ રાવજીએ શેઠના સામે તીર ચઢાવીને ખડું કર્યું હતું.

"રાવજી, ધીરો થા." જોતીઆના કહેવાથી રાવજીએ તીરને કામઠી પરથી ઢીલું કર્યું.

વહોરાજી ફાટયા ડોળે જોતીઆ ભણી જોઇ રહ્યા હતા. જોતીઓ પણ એમની સામે તારામૈત્રક કરતો હોય તેમ જોઇ રહ્યો. પરંતુ જોતીઆની આંખનું તેજ વહોરાજીથી સહન ન થયું. જોતીઆ સામું જોતાં વહોરાજીને એમ જ લાગ્યું કે, હું જાણે સૂર્યના અથાગ તેજ ભણી જોઇ રહ્યો છું. એમણે તરત જ નીચું ઢાળી દીધું, છતાં જોતીઓ તો એ જ ઢબે ઉભો હતો. એ ઉભો ઉભો વિચાર કરતો હતો, કે ભલી, મીઠી જબાન વાપરનારા વહોરાજીને કેમ લૂટાય ? એમનું ઘોડું કેમ છોડી જવાય ? એમની નિર્દોષ આંખો શું પ્રેરે છે ? ફિકરમાં કાફર મનુષ્યની આંખો કેટલી ય વાર એવી નિર્દોષતા બતાવે છે, કે આપણને દયા આવી જાય. સપડાયલા વહોરાજીની પણ એ સ્થિતિ થઇ પડી હતી.

"જોતીઆ, ઘોરૂ છોરી જઇસ ?" વહોરાજીએ તદ્દન નમ્ર થઇને કહ્યું. અને જોતીઆને એ નમ્ર શબ્દોમાં આશાનાં કિરણો ઓસરી જતાં લાગ્યાં. તે જ ક્ષણે ગામ-

ડામાં રોન ફરતા પોલીસ વરંડાની બાજુમાં થઇને છાના છપનાં આવીને જોતીઆની બાજુમાં ઉભા રહ્યા.જોતીઆને સહજ ક્ષોભ તો થયો. પરંતુ બીજીજ પળે બંદૂકને મજબૂત પકડતાં એ સાવધ થયો. રાવજી પણ સિપાઈઓને કમકમીઆં લેતો તીરની ઉતરી ગયેલી પણછ પરોવવા લાગ્યો.

"જોતીઆ, આ કંઇ વોરાની પાસે ચાલબાજી ખેલવાનો વખત નથી." ચારમાંથી એક સિપાઈ બોલ્યો.

"ના,....ભા....ના!" કોઈ ઠરેલ વૃદ્ધ બોલે તે ભાષામાં જોતીઆએ સિપાઇઓ પર હાસ્ય ફરકાવતાં કહ્યું. એની આંખ સિપાઈઓ પર કાતરી બની હતી.

"એ બડા બહારવટિયા હૈ, ગોળી ચલાવો, કુછ હરજા નહિ" એક મુસલમાન સિપાઇ ભૂખ્યા પ્રાણી પેઠે ઉછળી આવતાં બોલ્યો. એમનો ગોળીબાર થતાં પહેલાં જ જોતીઆએ રાવજીને ઘોડું છોડી લાવવા સંસા કરી દીધી હતી, અને જોતીઓ તો સિપાઇઓની પાસે જ ઉભો હતો. સિપાઇઓ જોતીઆને પકડવાનો સુયોગ્ય લાગ ખોળતા હતા. પરંતુ જોતીઆના હાથમાં લાંબી થયેલી બંદુકની નળીએ એમને ખખડાવ્યા હતા. રાવજી ઘોડું છોડીને ઉપર બેસીને આવ્યો. સિપાઇઓને લાગ્યું કે જોતીઓ આપણા કબજામાં છે, પછી વાંધો નથી. પણ એ બધાને થાપ ખવડાવીને એક સિપાઈની બાજુ પર થઈ નેનીકળીને છલંગ મારી જોતીઓ ઘોડા પર બેસી ગયો.

સિપાઈઓએ તરત જ બંદૂકો તાકી. તેના માત્ર હવામાં અવાજ થયા તેટલું જ. ઘોડો બંનેને ઉંચકીને ઊડયો. ભાગોળે ગયો અને ફટ....ફટ....પાંચ અવાજ થયા, ત્યારે જાણ્યું કે જોતીઓ છટકી ગયો. સિપાઈઓ ત્યાં જ મોં પહોળાં કરીને ઉભા રહ્યા.

વહોરાજીએ પણ તેમને "ફ્રત....પોલીસ ફ્રત" કહ્યું ને નિરાશા અનુભવતા ત્યાંજ હિંડોળાની સળીએ માથું ટેકવી તે બેઠા. સિપાઈઓ પણ વહોરાજીની ચા પીને આગળ વધ્યા.

*

વધુ પડતી દયા અને ભલમનસાઈનું ગુલાલ વેરાઈ જતું જોતીઆને લાગ્યું. દયા વાપરવામાં એમને દિવસોના દિવસો ભૂખ્યા રહેવું પડવા માંડ્યું. મધરાત પછીના વખતે ડુંગરમાં ગોવાળીઆએ રમવા માટે બનાવેલી એક નાની સરખી છાપરીમાં સૂતાં સૂતાં જોતીઆએ કહ્યું–

"ભાયા, દૂઃખના ડુંગર લદાવામાં હું બાકી રહ્યું હે ? આપણાં આખાં વરહાં હેડી જાતાં વાર ની લાગે, ને આપણું જીવવું એળે જહે. રાવજી, સાલ, કાલથી ગામો ભાંગવાની પરતિગના લઈએ."

"જોતીઆ ભાયા, ગામો ભાંગવાની તે પરતિગના હોય ?"

"હા, હા. ભાયા, તું મને મળતીઓ થીજા."

બંનેનો એક નિશ્ચય નકકી થયો. અને એ ઘોર રાત્રીમાં

બે પક્ષીઓએ શુકનીઆળ ટહુકો કર્યો. અંધારામાં બંને જણા હસી પડયા.

ચોથા દિવસે જ એમણે નેનકી ગામે ધાડ નાખવાનો નિશ્ચય કરી દીધો. ગીગલો અને જોખનો આવી ગયા હતા. સાથે બીજા પંદર હથિયારબંધ જુવાન પણ આવીને હાજર થયા હતા. આ બધા સંજોગોમાં જોતીઆનો હર્ષ માતો ન હતો. એના ધંધામાં અણધારી સહાય મળતાં એના મગજના તંતુઓ પ્રફુલ્લિત થઇ ગયા હતા.

એ પહેલાં જ જોતીઆએ નેનકીના પટેલ પર અર્ધ તુટયા–અણભણ્યા ચાર અક્ષર લખ્યા હતા.

નેનકી ગામના પાદરે એક ઝાડ પર ચોટાડેલી આ પત્રિકા જોતાં, ગામના પટેલે પણ બારાખડી જ ઘુંટેલી, એટલે તરત "કા, ધા, ડ, પા," માં સમજી ગયા કે, 'કાલે ધાડ પાડીશું.' પટેલે ગામમાં ઢોલ પીટાવી સૌને ગામના રક્ષણ માટે હથિયારબંધ ફરવાનો હુકમ એમની ભાષામાં આપી દીધો.

જુવાન ભીલો કંઇ કંઇ ઝંખનાએ ગામના રક્ષણ માટે તૈયાર થઇ ગયા હતા.

સંધ્યા પછી ગામની પાદરે વાગતાં નગારાં મૂકાયાં અને સૌ હથિયારબંધ ફરવા લાગ્યા. એમના મુખની રેષાઓ હર્ષથી ઊર્મિઓમાં તગતગતી હતી. ગગડતાં નગારાંના ધ્વનિ વચ્ચે બંદુકના અવાજ સંભળાયા અને

પીટાતાં નગારાં બંધ થયાં. ભડાકાની સાથે ગામના જુવાનોનાં તીરો પણ છૂટયાં. અનેક તીરો ગાઢ અંધકારમાં આંધળાં થઇને અટવાવા લાગ્યાં, અધવચ જ અદૃશ્ય થવા માંડયાં. જોતીઆના હાથમાંથી આજ પહેલવહેલી જ ગોળીઓ ધાણીની પેઠે તતડતી છુટી હતી. એક જ દયેયથી તે ગોળીઓ તતડાવતો હતો. 'દયા એ આપણો સંહારક છે!' રાવજી વગેરે પણ, અર્જુનની પાછળ લડી રહેલા યોદ્ધાઓની માફક, જોતીઆની પાછળ રહીને તીર છોડે જ જતા હતા. ગામની લગભગ બધીય છાપરીઓ ટપોટપ બંધ થઇ ગઇ હતી. ચીંચોટા કરતા બાળકને માતા ધબડોકી દઇને તદ્દન શાંત પાડવા શાંતિથી પ્રયાસ કરી રહી હતી. અંધારામાં ઝેરી તીરો માનવીના પ્રાણ સંહાર માટે ગોથાં ખાતાં હતાં.

એ અંધકારને ભેદતો ચંદ્રનો આછો પ્રકાશ, ક્ષિતિજ તરફ પથરાયો. અને બધાની આકૃતિઓ સ્પષ્ટ થવા માંડી. ધીરે ધીરે સ્પષ્ટ વ્યકિત ઓળખાવા લાગી, એટલો ચંદ્ર ખીલી ઊઠયો.

"જો રાવજી, આ બંદુક લે; ને કામઠી મને આપી દે." તદ્દન મરણીઓ બનતાં જોતીઓ બોલ્યો. અને એણે કામઠી પોતાને હસ્ત કરી. પહેલે જ તીરે એક જુવાન વીંધાઇને પડયો અને એક જણુથી બૂમ પડાઇ ગઇ, "દેવજીનો ભાઇ વીંધાયો!" એક વીંધાઇને પડતાં બીજાનાં પોચાં હૃદય તેલ વગરના શેકાતા શાક પેઠે લુખ્ખાં

બનતાં ગયાં. કેટલાક એક એકની પાછળ લપાતા ગયા ને જાણે આખું ગામ સ્રીયારાજ જેવું થઈ ગયું. એકે ભીલ મરદ ગામમાં મળેજ નહિ.

જોતીઓ અને તેના જુવાન બહારવટિયા મિત્રો ગામમાં પ્રવેશ્યા અને દરેકની કોઢમાંથી બબ્બે ચચ્ચાર ઢોરાં બહાર કાઢયાં. આખી લંગાર ચાલીસ ઢોરાંની થઇ. મધરાતે ગામમાંથી તેને ડચકારતા એ ચાલી નીકળ્યા. બહારવટીઆઓ પાંચ પાંચ કોષ નીકળી ગયા ત્યારે ગામના વીર મરદો બિલાડીની ગતિએ ભાગી છૂટેલા ગામમાં પ્રવેશ્યા.

*

જોતીઆના બહારવટાના દિવસો શરૂ થઇ ગયા. જોતીઓ-જોતીઓ મટી 'જોતીઓ બહારવટીઓ' શબ્દ ઘણાના મુખમાંથી નીકળવા લાગ્યા. ચોમાસાના દિવસો હતા. મેઘરાજાની પધરામણી થવાની શુભ શરૂઆત ધડાકા, ચમકારાથી થવા માંડી. વાતાવરણ ઘનઘોર બનતાં, વરસાદના અમૃતબિંદુઓ-ફોરાં પડવા શરૂ થયાં.

તિમિરની ગાઢી છાયામાં બહારવટીઆ ટાઢથી થરથરતા વિજળીના અજવાળાનાં નિશાન લેતાં, ઢોરોને હાંકતા, પ્રયાણ કરી રહ્યા હતા. એમના માટે એ લીલોછમ દિવસ હતો.

જોતીઆએ પહેલી ધાડ સંવત ૧૯૬૫ના ભાદરવા સુદ પાંચમને દિવસે પાડી. એ ધાડમાં જ દેવજીના ભાઇ

વીરજીનું ખૂન થવા પામ્યું હતું.

રાતના જ સંજેલી રાજમાં ધાડ પાડયાની ખબર પહોંચી ગઇ. તે વેળા રાજમાં જપ્તી મેનેજમેન્ટ હતું.

હીરાલાલ ફોજદારે રાતોરાત સિપાઇઓને બહારવટીઆની પૂંઠે દોડાવ્યા. એ પણ કેટલાક સિપાઇઓ સાથે બીજી દિશા ભણી જોતીઆને ઘેરવા માટે નીકળી પડયા. વરસતા વરસાદથી એમનાં શરીર પણ ભીંજાઇ ગયાં હતાં. માર્ગમાં પાણીની નાની નાની નહેરો વહેતી હતી. કાદવ પણ પુષ્કળ થવા પામ્યો હતો.

"નથેખાં, ઈનારખાં, જોતીઆ માટે તમે શું ધારો છો ? એ ઘેરાશે કે નહિ ?"

" સા'બ, ઓ ભીલ ગઝબકા હૈ. મેરેકુ તો બિશ્વાસ નહિ બેઠતા, કે ઓ પકડાયગા." નિશાના ગાઢ અંધકારમાં ફોજદાર સાહેબના ઘોડા પાછળ પાણીમાં છબ--છબ કરતા ચાલતા નથેખાંએ કહ્યું. બીજા સિપાઇઓ પણ મૌનપણે ધ્રુજતા ચાલી રહ્યા હતા.

ભળભાંખળું થયું. અજવાળું થતાં જ જોતીઆએ બધાંય ઢોર અન્નાસ નદીના ઉત્તર કાંઠે ગુંદી ગામમાં વાળ્યાં. ભાદરવા માસનાં પાણી પુર ઝડપે નદીમાં વહી રહ્યાં હતાં. એટલે જોતીઆ માટે નદીને ઓળંગીને સામે કાંઠે જવાનું મુશ્કેલી ભર્યું હતું.

ગુંદી ગામથી દોઢ ગાઉ દૂર આવીને ફોજદાર સાહેબ અને સિપાઇઓની પલટણ થોભી. જોતીઆની બાતમી

મેળવીને દેવજી હીરાલાલ પાસે આવ્યો.

"સા'બ, જોતીઓ બધાંય ડગરાં × હાંકીને ગુંદીમાં ભરાયો સે."

"ઠીક." ફોજદારે અનેક વિચારવમળમાં ગોથાં ખાતાં ટુંકો જ જવાબ આપ્યો.

ગુંદી ગામ એક સ્વતંત્ર ગામડું હતું. ફોજ-દાર, હવાલદાર, જમાદાર-ભલભલા અમલદારો એ ગામમાં પેસતાં વિચાર કરે. ઘણાય અમલદારનાં ખૂન એ નાનકડા ગામમાં થઈ ગયાં હતાં.

"સા'બ, ગુંદી ગામ બડા બંડખોર આદમીઓકા ગામ હૈ." ઇનારખાંએ ફોજદારને કહ્યું.

"ઈનારખાં, મેં યહી બિચાર કર રહા હું–હુમલા કરે, ઔર સારા ગામ અપની પર તૂટ પડે, તો એક ભી શખસ જીતા જાનેકું ન પાવે."

ફોજદાર સાહેબની મુંઝવણ પણ ખરીજ હતી. દિવસનું સામ્રાજ્ય વધતુંજ જતું હતું. એક ઝાડ નીચે બેઠા બેઠા ફોજદાર અને સિપાઈઓ પોતાની બુદ્ધિ પ્રમાણે રસ્તો શોધી શોધીને બધાના સમક્ષ મૂકતા હતા. પરંતુ જોતીઆના બળીઆ ગ્રહ આગળ એ બધાય રસ્તામાં કંટક જ એમને ભાસવા લાગ્યા.

*

× ઢોરાં

"જોતીઆભાયા, તુને ખબર મળી? ડુંજેલીના ફોજદાર સિપાઇઓ લેઇને આપણી પુંઠે પડયા હે ?" રાવજીએ હુકકો પીને ગામના બીજા જુવાનને આપતાં કહ્યું.

"રાવજી, મારાથી કશું અજાણ નથી. લે....તું આંહી જ બેસ, એ ફોજદારને પણ મારો પરચો બતાવી આવું છું. તું જરાયે ગભરાતો નહિ." કહી જોતીઓ ઘોડા પર સ્વાર થયો.

બ્રીજલો બંદુકો સાથે સિપાઇઓ તૈયાર જ હતા. સાથે બીજા પચીસ ભીલ જુવાનો પણ ફોજદાર સાહેબની મદદે આવ્યા હતા. જોતીઆને દૂરથી જ આવતો જોતાં દેવજીએ કહ્યું–

"સા'બ જોતીઓ આવતો ભળાય સે." અને સૌની દૃષ્ટિ કાબુલી સૈનિક માફક આવતા જોતીઆ ઉપર પડી. અર્ધો ફર્લોંગ દૂર ઉભા ઉભા જ એણે ખાલી અવાજ તતડાવ્યા.

"સા'બ, જોતીઓ જાય...." દેવજીએ પુનઃ ટકોર કરી અને જોતીઆએ પણ ઘોડા પર જ મૂછ આંમળતાં ખુંખારો ખાધો.

"હા. હા, જોતીઓ હાંઢ જાય સે." અને તે ઝાડી પાછળ અદૃશ્ય થતો ઊભો. સિપાઇઓએ ઝાડી તરફ અટકળથી નિશાન લીધાં, પરંતુ ધુળ પર લીંપણની પેઠે એમની ગોળીઓ અદ્ધર જ રહી. અને ઝાડીમાંથી ચપાચપ તીર આ બાજુ આવવા માંડયાં. એ તીરથી અનેકને વીંધાઈ મરવાનો ભય ઉત્પન્ન થયો. જોતીઓ

ઝાડીમાંથી સિપાઇને સ્પષ્ટ જોઈ શકતો હતો, એથી એનાં તીર પાધરાં આવે જ જતાં હતાં.

"નથેખાં, હવે શું કરીશું ?" ફોજદારે ઝાડના થડના ઓથે ઉભા ઉભા જ કહ્યું.

"સાબ, મેરેકુ તો જોતીઆ દોઝખજ લગતા હૈ. ઇતનેસે પીછે ચલને મેં ઠીક હૈ. કયું કે જોતીઆ કે તીરસે દો ભીલ તો ઘવાએ હૈ, યું કર કર કે અપના ભી વારા આયગા. અપની ગોળીઓ છુટતી હૈ, લેકીન ઓ મફતકી જ રહે જાતી હૈ." નથેખાંએ સત્યસૂચન જણાવી દીધું, અને ફોજદાર સાહેબ એક જ નિશ્ચય કરી, બધાને પાછા વાળીને સંજેલી ભણી વિદાય થયા.

*

સાંજના ચાર વાગ્યા પછી અન્નસનાં પુર ઓસરી ગયા. અને જોતીઓ ઢોરાંને હાંકતો ઠેઠ રતલામ લગભગ પહોંચી ગયો. બધાંય ઢોર એણે છુટક છૂટક વેચી માર્યાં.

અને બે મહિના સુધી એ વાગડની સરહદ પર જ એક છાપરી બનાવીને રહ્યો. તુરત પાછા વળવામાં પકડાવાની મોટી ભીતિ હતી.

જોતીઆના આ ધડાકાથી સંજેલી આસપાસનાં તમામ દેશી રાજમાં ખળભળાટ મચી ગયો. જોતીઆને પકડવા માટે ઠેર ઠેર ચાર સિપાઇ અને એક એક જમાદારનાં થાણાં નંખાયાં.

પ્રકરણ નવમું

ધાડના ચકમક

સંત, સંજેલી અને બારીયા રાજ્યની સરહદ ફરતાં પાંચ પાંચ ગાઉને અંતરે જોતીઆને પકડવા માટે પોલિસ થાણાં નંખાયાં હતાં. વાગડથી જોતીઓ આવે કે ગમે તેની હદમાંથી પકડી લેવો એવા હુકમો પોલિસને અપાયા હતા. આ બધી ય પરિસ્થિતિનો ખ્યાલ મનજી અને દેવજીએ જોતીઆને આપ્યો હતો.

ઘેર ઘેર, ભીલોની છાપરીએ છાપરીએ, જોતીઆના બહારવટાની જ ચર્ચાઓ થવા માંડી. અનેક જણ એની હિંમત, તાકાતનાં વખાણ કરવા લાગ્યાં, ત્યારે એની વિરૂદ્ધ પક્ષનાં એ માટે ફિટકાર પણ દેવા લાગ્યાં. નાત, જાત છોડીને આખરે બહારવટીઓ જ બન્યો! પણ એની સમાજમાંથી એના કાર્યને અને એને અપનાવનારા ઘણા મળ્યા.

જોતીઆએ બબ્બે માસ સુધી વાગડનાં પાણી પીધાં.

પણ પછી એને વતનનું પાણી પીવાની તૃષા જાગ્રત થઈ. મહિનાઓના માતૃભૂમિના પાણીના અભાવે એને પોતાનો દેહ કૃશ-નિર્માલ્ય થતો લાગ્યો.

સમીસાંજે ડુંગરમાંથી લાકડાં વીણીને રાવજી છાપરીએ આવ્યો. જોતીઆની ધ્યાનસ્થ દશા જોઈ ઘડીભર એ ભારી સાથે જ સ્થંભિત થઈ ગયો.

"ભાયા, ચમ ઇસવરને હંભાળવા માંડયા કે હું?"

"રાવજી, આવી ગયો કે હું?" વિચારમાળાના મણકા અધવચ અટકાવતાં જોતીઆએ કહ્યું.

"એ બધું ખરૂં, પણ જોતીઆ ભાયા, હાનો વિચાર કરસ?"

"રાવજી, આ વાગડનું પાણી તને હદે છે?"

"આપણા દેહ જેવું નહિ." ભારીને બાજુ પર ગોઠવી જોતીઆની પાસે બેસતાં રાવજીએ કહ્યું.

"હું પણ હવે તો કંટાળ્યો છું. મારો તો વિચાર થઇ જાય છે કે કાલને કાલ આપણા દેહ ભેગા થઇ જઈએ."

"પણ ભાયા, તાં યે સરકારી ફોજ પડી હેં. આ તો હાથે કરીને વાઘની બોડમાં ભરાવા જેવું કપરૂં કામ હેં"

"રાવજી, ભાથી ખતરી બાપજી હારૂજ કરહેં અને એનું નામ દઈ કાલે આ હદમાંથી નીકળી જઇએ."

"જોતીઆભાયા, તું ઉતાવળો થા મા. સરકારની આંખો આપણા ઉપર લાલઘુમ બની હે. માટે એ હોળીમાં

હાથે કરીને હું લેવા પડવું?"

"રાવજી, એ તો જોયું જશે. કાલેજ ઉપડવાની તૈયારી કરવાની છે. હં...સાલ, હું રોટા ઘડી કાઢું અને તું મરસાંની ચટણી લહળી કાઢ." કહે-તો ભારીમાંથી લાકડા લઈ ને જોતીઓ રસોડાના ભાગમાં ગયો. અને રાવજી પત્થર વચ્ચે મરચાંને પીસવા મંડયો.

*

"કિયું ગામ ભાયા, આ?" ધોરી રસ્તા પરના એક ખેડુતને જોતીઆએ પૂછ્યું.

"ખજુરીઆ." ખેડુતે કહ્યું.

"હં....હું આજ ખજુરીઆ?"

"હા ભાયા, હા."

"વાહ, ઠીક ઓસંતા આવી પડયા. ભાયા, પેલા રામજી નાયકને તો ઓળખો કે?"

"વાહ! ચ્યમ નહિ. મારી છાપરીને પડખે જ એની છાપરી સે. તમોને એને મલવું સે?"

"હોય ભાયા, ઘણા દાડાથી મળાયું નથી એટલે મળતા જઇએ."

"તો સીધા સીધા આ છીંડીએ હેંડયા જાઓ. તાં લીમડાના ઝાડ હેઠે જ એની છાપરી સે."

"ઠીક....!" કહીને બંને જણા એ રસ્તે વળ્યા.

"ભઉ....ભઉ....ભઉ....ઉ"

"સાનો મર, હું તો તારા ધણીનો ગોઠીઓ કહે-

વાઉ." કુતરાને ભસતો અટકાવવા લાકડી બતાવતાં જોતીઆએ કહ્યું. છેક છાપરીના આંગણામાં જઈને જોતીઆએ બૂમ મારી—

"રામજી...એ રામજી નાયક."

"કુણુ સી ઈં...." અંદરથી ઘોઘરો સૂર આવ્યો.

"રામજી હે કે નહિ?" જોતીઆએ કહ્યું.

એક વૃદ્ધ ડોશી બહાર આવ્યા.

"ભાયા, ક્યાં રે'વાં?"

"ઘરડાં, બધું ય પછે કહું છું. મને પહેલું એ કો, કે રામજી હે કે નહિ?"

"બાપલા તમે બેહો તો ખરા. તમાકુ ભરો, આમ ઉતાવળ હું કરો હો." ઉભય ઓસરીમાંની ખાટલી પર બેઠા.

"ડોશીમા, મને ઓળખ્યો?" જોતીઆએ કહ્યું. જોતીઓ રામજી નાયકની માને બરાબર ઓળખતો હતો.

"ના...." ડોશીએ આંખ ઉપર હાથ મૂકી જોતીઆ તરફ બરાબર દૃષ્ટિ નાખતાં કહ્યું.

"હેં બેટા....ઘણા દા'ડે કાંથી આવ્યો?" ડોશી જોતીઆને વળગી પડતાં બોલી.

"પણ બેટા, રામજી તો..." ડોશી બોલતાં અટકી ગયાં.

"આ હારે કયા ભાયા હે?"

"એ આપણા જ મનખ હે, જે કહેવું હોય તે

છૂટથી કહો.

"રામજી તો શકારે× ઉપડયો સે" ડોશીએ ધીમેથી કહ્યું.

"તો આજ આવહે કે નહિ? મારે ય એનું કામ હતું."

"ડગરાં, ખેતી કેમ હે?" ડોશીએ જોતીઆના ઘરની ખબરઅંતર પૂછવા માંડી.

"ડગરાંને ફગરાં કાંઈ ની મળે. છ છ મહિનાથી ડુંગરમાં ભટકયા કરીએ છીએ."

"ચ્યમ બેટા?" આશ્ચર્યથી ડોશીએ કહ્યું.

"ચ્યમ તે જોતીઓ સાદો સીધો નથી. એણે બહારવટાનો ભેખ લીધો હે." જોતીઆએ કહી નાખ્યું.

"એ....બેટા. જોતીઓ બહારવટીઓ એ તુંજ કે? મેં એ નામ હાંભળ્યું તું, પણ તારૂં નામ તો મારા આગળ નાં આવ્યું. મારા મનમાં કે અહે કોઇ જોતીઓ" ને ત્રણે જણાં હસી પડયાં.

"અમે તો જસું તિયારે, રામજી નાયક આવે તો મારા રામ રામ કે'જો."

"ઇને મળ્યા વિના તે જવાય? અને જવા દઉં તો મને ય એ હું કે?" જવા માટે ઉભા થયલા ઉભયને ડોશીના આગ્રહને વશ થઇને બેસવું પડયું.

"પણ એ આખી રાત ની આવે તો?" જોતી-

× ભીલ લોકો ચોરી કે લુંટ પર જાય તેને શકાર કહે છે.

આએ કહ્યું.

"તો આજની રાત અહીં જ ગાળવાની."

સૂર્યાસ્ત થઇ ગયા પછી ઢોરાં પણ સીમમાંથી આવ્યાં. ડોશીએ દોહીને બે તાંબડીઓ ભરી,

"બેટા....ભેડકુ ભાવહે કે?" ડોશીએ બહાર આવીને કહ્યું.

"ભેડકુ તો હોનું છે મા, આપણું." અને હાથમાંનો હુક્કો જોતીઆએ રાવજીને આપ્યો.

બહાર લટકતી ગ્યાસતેલની ચીમનીના નાના સરખા બહાર પડતા વર્તુળના પ્રકાશમાં રામજી ચમક્યો.

"ચ્યમ રામજી, મઝામાં કેની?"

"તું કુણ ભાયા?"

"હું જોતીઓ."

"ઓહો ઘણા દા'ડે દેખો દીધો. રામ....રામ ભાયા."

"રામ રામ રામજી, અને આ માથે ગાંહડી હાની હે?"

"શકાર....બીજું હું?" પોટકીને બાજુ પર મૂકીને ખાટલી પર બેસતાં રામજીએ કહ્યું.

"રામજી, કઇ દિશાએથી ખોતરી આણ્યું.?"

"ભૂતનો વાહ પીંપળો, આટઆટલામાંથી."

"રામજી, તને એક વાત કહું તે હાંભળ. તારે તે આવાં કામ હા માટે કરવાં પડે?"

"હવે તમે કાં કોરા છો?" રામજીએ સસ્મિત

ટાણો મારતાં કહ્યું.

અને અંદરથી ડોશીની બૂમ આવી.

" સાલો....વાળુ કરી લો. " ત્રણે ય જણા વાતને અટકાવીને અંદર ગયા. રામજી નાયકને અને તેની ડોશીને જોતીઓ મળતાં—એનો આકસ્મિક મેળાપ થતાં અનેરો આનંદ થતો હતો. સાથે સાથે ડોશી તો બીજી વાતથી જ વધુ આનંદ અનુભવી રહી હતી અને તે એ કે ન્યાય માટે જોતીઓ રજવાડાના સામે થઇ રહ્યો હતો.

પવિત્ર સ્નેહ સ્વજનનાં દુઃખ કે મૃત્યુ કદિ સહન કરી શકતો નથી. એને એના મિલનનો દિવસ—એ સ્વર્ગીય દિવસ લાગે છે.

હર્ષમાં મિત્રો જમ્યા. અને બહાર આવી હુકકાની નેહ તાણવા લાગ્યા.

" રામજી નાયક, સાલ આપણે મૂળ વાત પર આવીએ. સુંથ, હંજેલી અને બારીઆ એ ત્રણે રાજવાળાએ પાકાં થાણાં બેહાડી દીધાં હે. હવે મારૂં નામ જોતીઓ હાંઢ કિયારે, કે એ બધાંની આંખમાં ધુળ નાંખી એક વાર એમની ચોકી પરનું જ ગામ લુંટવું. એ વના મને હમક ની વળે. તારે જ મારી દાઝ હોલવાસે." જોતીઆએ મ્હોં ભીંસી સ્હેજ દાંત કચકચાવતાં કહ્યું.

" ભાયા, તારે એમાં કેટલાં મનખ જોઇએ—બધાં ય

એક એકથી ચઢે એવાં લાવી દઉં." રાવજીએ કહ્યું.

"રામજી, મારે મનખની કશી જરૂર નથી. મારી પાંહે દશ જુવાનીઆ એવા હેં કે હુતા હુતા ભાલડી છોડે, તોયે મરે નહિ, તો ઘા કર્યા વિના તો ન છોડે."

"તારે પછી હું–હું એ તારી હારે આવીશ."

"રાવજી ઉંઘી ગયો? તને ય ઘડીવારમાં નિંદર આવી જાય હેં.–રામજી આડો પડ હવારે વાત." અને જોતીઆએ નિદ્રાધિન થવા પાસું મરડ્યું.

દશ માણસનો કાફલો હથિયારો સાથે સજ્જિત થએલો જોતીઆની સાથે જ તૈયાર થઇ ગયો હતો. રામજી નાયક પણ જોતીઆ સાથે જ આવ્યો હતો. આમ એની સાથમાં હિંમતવાન વ્યકિતઓ આપમેળે જ એકઠી થઇ ગઈ. ગુરૂ ગોવિંદે જે માનગઢના ડુંગરનો આશરો લઇને આખા સંત રાજને ખળભળાટમાં મૂકી દીધું હતું, અને જેને માટે રાજને ખાસ ગોરા અમલદારોની મદદ માગવી પડી હતી, તે ડુંગરમાં જ જોતીઓએ પોતાની ગુફા બનાવી. માનગઢ ડુંગર સંતરામપુરની સરહદ પર આવેલો છે. એની અંદર અનેક નાની મોટી ગુફાઓ અને ખીણો પણ છે. જંગલી પ્રાણીનો પણ એટલો જ ત્રાસ. એ ડુંગર પર ચઢવાને માટે અનેક પ્રકારની મુશ્કેલીઓ નડે તેવો પત્થરની ધારવાળો રસ્તો છે. જોતીઆ માટે એ સ્થળ છૂપું તેટલું જ સમય આવે ભાગી જવાની છૂટવાળું હતું. ડુંગરમાંથી અનેક

રસ્તા નીકળતા હતા. એથી જ જોતીઆએ અને તેના સાથીદારોએ તે સ્થાનને વધુ પસંદ કર્યું હતું. છતાં એ જગા હંમેશને માટે ઘર પેઠે તો હતી જ નહિ. મહિનાઓ સુધી એમને બીજા ડુંગરનો પણ આશ્રય લેવો પડયો હતો. કારણ કે રાજ્યો, ડુંગર પર જવાના રસ્તે નાકા પર ચોકિયાતોને ગોઠવી દેતા. એટલે એ ડુંગરનો માર્ગ બંધ થઇ જતો.

તીર કામઠાં, તલવારો અને ધારીઆં મોટા જથામાં એમણે પહેલેથી જ વસાવ્યાં હતાં. જોતીઆ પાસે ડબલ નળીની એક બ્રીજલોટ બંદુક હતી.

"રાવજી, આજ સમીસાંજના જ ડોકલી ગામમાં પડવું હે. એ ગામ ઠીક માતંગ હે, પાટીદારની વસ્તી પણ હે એટલે કોરા હાથે વળવાની વેળા નહિ આવે."

"હા. ભાયા, મારી પણ નજર એ ગમી જ પડી હે." વચ્ચે જ રામજી નાયક બોલી ઉઠયો.

"ત્યારે ફતેહ કરો...." એક સાથે સૌએ ગર્જના કરી. અને બહારવટિયાઓએ આનંદનો દિવસ ગણી તે દિવસે કંસાર રાંધીને ખાધો.

ડોકલી ગામમાં ભીલની વસ્તી ગણીગાંઠી જ હતી. પાટીદાર અને રજપુતની વસ્તીનું પ્રમાણુ વધારે ભાગે હતું. સંધ્યા વખતે કૃષિકારો ખેતરના કામેથી પરવારીને ઘર ભણી વળી રહ્યા હતા. તેજ વખતે ગામની નૈઋર્ત્ય ખુણે બંદુકના અવાજ સંભળાયા. શાંત, નિર્ભય

જીવન ગાળનારા જીંદગીભરમાં ધાડ નહિ જોએલી એવા ડોકલી ગામના સૌ લોકો ચિંતામાં પડયા. પણ એમની ચિંતાને ટાળતા પંદર વીસ રજપુત યુવાનો નાગી તલવારે ધાડને ગામના ગોંદરેથી જ પાછી વાળવા નીકળી પડયા.

“ અલ્યા કેશરા, તું હું કામ ખપી જવા જાય હેં. ધાડની સામે થવું એ રમતની વાત નથી. ” યુવાનોના ટોળા પાછળ ચાલતા કેશરાને એક વૃદ્ધ જેવાએ ઓળખતાં ટકોર કરતાં કહ્યું.

“ કાકા, ગામ પર આફ્ત આવી છે, ત્યારે ઘરમાં ગોંધાઇ રહેવું ? કેવી વાત કરો છો ? ” કહી કેશરો ટોળા ભેગો આગળ વધ્યો. પણ યુવાનોને ત્યાંજ ખમચાવું પડયું. બહારવટિયા ગામમાં પ્રવેશ કરી ચૂક્યા હતા. અને છેક તેમની સામે આવીને ઉભા હતા. બન્ને ય ટોળીઓ સામસામી ખમચાઈને ઊભા.

“એ કિયા ફાટી નીકળ્યા સેં ?” જોતીઆએ ત્રાડ પાડી.

“ ડરાવવાની વાત ના કરતા. જે હોય તે ચોખ્ખે ચોખ્ખું નામ જણાવી દો. આ ભીલોનું ગામ નથી. બધા ય રજપુત વસે છે. ” એક જુવાન રજપુતે હિંમત એકઠી કરીને સૌના વચ્ચેથી શૂર કાઢયો.

“તમારા ગામમાં બીજાને ધાડ પાડવાની હિંમત ન મળે. એ તો હું જોતીઓ સરદાર. ”

"કોણ જોતીઓ ? જોતીઆ, તારી નજર આ ગામ પર બગડી. પણ એ પહેલાં જ વિચારીને આગળ ડગલું ભરજે. બધા ય રજપુત છીએ. અમારા વડવાઓ અને અમે વંશપરંપરાથી સમશેરો સાથેની જ રમત રમતા આવ્યા છીએ. જોતીઆ, એક પણ રજપુત જીવતો હશે, ત્યાં સુધી તારાં પગલાં આ ગામમાં નથી એ નક્કી સમજજે." કેશરાએ ધડકતે હૃદયે છતાં હિંમત લાવીને કહી નાખ્યું.

"એ કિયો નાહકનું શૂરાતન ચઢાવે છે ? રજપુતનો બચ્ચો હોય તો સામે આવી જા. અને પછી બતાવ તારી બહાદુરી. જોતીઆની આસપાસ તો એવાં ઘણાં મગતરાં ગણગણ્યા કરે છે, એને મસળવાં–એનું મોત મારા જ હાથમાં છે" જોતીઆએ કમરે બાંધેલી સમશેર કાઢતાં કહ્યું. ને તે આગળ વધ્યો.

"ચાલો, બાજુ પર હઠી જાઓ." કહેતાં જોતીઆએ સમશેરની તીણી અણી રજપુતો આગળ ધરી. પણ એ લંબાયલા હાથને એક જુવાને પકડી લીધો.

"છટ...." કહેતાં જોતીઆએ હાથને તરછોડીને ખેંચી લીધો.

"ભાયા, એકેએકને વીણીને લ્યો." જોતીઆનો હુકમ સાંભળતાં એના સાથીદારો રજપુતો પર તૂટી પડયા.

સામસામી તલવારો ચળકી–વીંઝાવા લાગી. ચકમક ઝરે અને અગ્નિ ઉત્પન્ન થાય, તેમ બહારવટિયા અને

જુવાનો વચ્ચે ચકમક જેવું યુદ્ધ જામ્યું.

રજપુત યુવાનો તલવાર ફેરવતા તેમ એમનામાં નવું જોમ અને સ્ફુર્તિ આવતી ગઇ. એ તદ્દન મરણિયા થઇને બહારવટિયા સામે ઝઝુમી રહ્યા હતા.

"રાવજી....તું અને ગીગલો મનજી છેક આગળના ભાગે જાઓ અને બધાને ઘેરીને મારી બાજુએ હાંકી લાવો" જોતીઆએ કહ્યું. રાવજી, ગીગલા મનજીને લઈને એક બાજુના છેડે ગયો.

ત્રણે જણાની તલવાર ફેરવવાની ઢબ ઓરજ હતી. સુદર્શન ચક્રની પેઠે એમની તલવાર વચ્ચે બે ત્રણ જુવાનનાં ધડ બાજુ પર જઇને પડયાં.

"એ મકના, શું જોઇ રહ્યો છે?"

"વજેસીંહ, પણ આ ધડ કોનાં?"

મકનાએ બાજુ પર પડેલી લાશોને જોતાં કહ્યું.

"ઓ....હો. આ તો દાદુસંગ અને રૂપાસંગ મકના, મકના, જોતીઆએ તો દાટ વાળ્યો...." વજેસંગનું બોલવું અધુરૂં જ રહ્યું. એને કાને કોઈ ભયાનક શબ્દ સંભળાયા.

"મારો....કાપો....લૂંટો...." લડતાં લડતાં શૂર ચઢાવવા બહાવટિયા ઘોષણા કરતા હતા.

"ઓ....હ....માર્યો." દૂરથી સ....ર....ર....ર કરતું જોતીઆનું તીર આવ્યું. અને વજેસંગની છાતીમાં જ ઓબાયું. છાતીમાંથી લોહી દદડયું. ભયાનક ચિત્ર જોતાં જ

બીજા રજપુતો નાસી ગયા. માત્ર મકનો મરણની અંત ઘડીઓ ગણતો વજેસંગનું શિર પોતાના ખોળામાં મૂકીને અશ્રુ સારી રહ્યો હતો. ડોકલીમાં વજેસંગ વિના બીજો એક પણ એવો વીર ન મળે જે પોતાનું ગામ બચાવવાની ખાતર તીરનો ભારો છાતી પર ગોબાવા દે. છાતીમાં એક જ જગા પરથી ચાર ચાર તીર ખેંચી કાઢતાં મકનાને કમકમાટી આવી ગઇ.

બંદુકના અવાજ અને કીકીઆરી કરતા બહારવટિયા ગામમાં ચોરા સુધી પહોંચી ગયા. ઘરનાં બારણાં બંધ કરીને અનેક જણ ટોળે મળીને બહાર બેઠા હતા.

"ઇ ગામનો પટલ કુણ સેં?" ટોળા આગળ આવતાં જોતીઆએ કહ્યું.

"હું કામ સેં ભાઇ?"

"તોપને ગોળે સઢાવવો સેં. તું તારે પટલનું નામ દઇ દે ને. તારે લાંબી પંસાત હું કામ જોઈએ?"

જોતીઆનું ભરાઉ, ઠીંગણું કાઠું, માથે સાફો, લટકતી તરવાર અને હાથમાં કાળમૂખી બંદુક એ બધું ભયંકરતા દર્શાવતું હતું.

આખાય ગામમાં બહારવટિયા આવ્યાની સનસનાટી પ્રસરી રહી હતી. કેટલાક તો એ વાત જાણીને દરદાગીનાની ગાંસડી કેડે બાંધીને જ ફરતા હતા.

"આ રહ્યા ગામના પટલ." એક જણે પટેલ તરફ અંગુલીનિર્દેશ કરતાં કહ્યું.

"સાલ પટલ, મારી પાંહે આવ." જોતીઆનો હુકમ છુટયો. પટેલ કંપતો કંપતો એની પાસે આવીને ઉભો.

"બાપુ........"

"બાપુ પછી–પહેલાં એ વાત કહે :કે ગામમાંથી મને કેટલા રૂપીયા ઉઘરાવી આપે છે ?"

"પણ બાપુ મારૂં કહ્યું કોણ માને ?"

"–તો સાંભળી લ્યો, તમને ચેતવણી આપું હું કે તમારા ગામને જેટલો બંદોબસ્ત કરીને શણગારવું હોય તેટલું શણગારી લ્યો. પોલિસોની મદદ માગો. રાજ-વાળાની મદદ લો. જોતીઓ છાનોછપનો આવીને લુચ્ચાઇ કે દગાથી કંઈ પણ લઇ જવા નથી માગતો. માટે તમારે જેટલી સાવધતા રાખવી હોય તેટલી રાખો."

" જોતીઆભાઇ, આ સાલ ખેતીમાં કયાં કસ હતો ? અમારી દયા ખાતર તમારી ધાડ પાછી વાળો."

"એ તો બને જ નહિ. મારી પહેલી ધાડ ખાલી પડે જ નહિ." જોતીઆની આસપાસ ગામના પચીસેક માણસો ઉભા હતા.

"જોતીઆભાઇ, તને પાંચસો રૂપીયા આપીએ છીએ. અમારી ખાતર પણ તારી ધાડને પાછી વાળ." પટેલે કહ્યું.

"મારે મંજુર છે. પાંચસોની ઢગલી અત્તર ઘડીએ જ કરી દો." રૂપિયાની થેલી જોતીઆ આગળ મૂકાઇ. એ નજરાણું એણે સહર્ષ સ્વીકારી લીધું.

"રાવજી, સાલો. હવે આ ગામને કદિ પણ જરાયે આંચ ન આવે."

બહારવટિઆ ડોકલી ગામથી વિદાય થયા, ત્યારેજ બધાના ઘેરાયલા શ્વાસ છૂટથી લેવાવા મંડયા.

મશાલોના અજવાળામાં ગામની ભાગોળેથી ત્રણ ત્રણ મૃત જુવાનોની લાશ મળી આવી.

મહિના સુધી 'જોતીઓ બહારવટિયો! જોતીઓ બહારવટિયો!' એ જ ભણકારા ગામ લોકના મગજમાંથી ખસ્યા નહિ. આમ જોતીઆના ધાડનાં ચકમક ઝરવાં શરૂ થઈ ગયાં.



પ્રકરણ : દશમું

થાણા પર હુમલો

પોલિસોના સખ્ત જાપ્તા સાથે પાસે પાસે થાણાં નંખાયેલ હોવા છતાં જોતીઆની ધાડ ફતેહમંદ બની. પરંતુ થાણાવાળાઓનાં હૃદય તો ઉપરી અમલદારના કડક તીર જેવા ઠપકાથી બળી રહ્યાં હતાં. એવા સમયમાં પણ જોતીઓ, રાવજી અને રામજી સાથે ધોળે દિવસે માનગઢમાંથી બહાર નીકળી ગયો હતો. માનગઢનો ડુંગર ઉતરતાં રામજીએ કહ્યું:

"ભાયા, જ્યારે ત્યારે તું કુતરાના મોતે મરીશ."

જોતીઓ કામઠીને ખભે ભેરવતાં હસી પડયો.

"રામજી, મરણ તો મરદને માથે ભમતું જ હોય છે. એવા મરણથી બીવું એ તો કાયરનું કામ. થવાકાળ થયા કરે. કેમ રાવજી ભાયા, ખરૂં ને?" રાવજીની સંમતિ માંગતાં જોતીઆએ કહ્યું.

"હું....ઉં....હું" ડોકું ધુણાવતાં રાવજીએ કહ્યું.

"જોજે હવે ઉ....હું કરતો પગ આગળ આવતા

પથરો ના ગબડાવી દેતો." જોતીઆએ કોઈ ભવિષ્યવેત્તાની પેઠે કહ્યું. અને તેની આગાહી સાચી પડી. રાવજીને તે જ વખતે પગે ઠેસ વાગી, અને તે ત્યાં જ બેસી ગયો. ઘડી વારમાં તો લોહીથી આખો ય અંગુઠો લદબદ થઈ ગયો.

"ભાયા, મારૂં કહેવું હાચું પડયું ને?" નીચે બેસી સાફાની ચીંદરડી ફાડતાં જોતીઆએ કહ્યું.

"પણ....ભાયા, આ હું કરસ?" રામજીએ જોતીઆના હાથની ચીંદરડી લઈ લેતાં કહ્યું.

"કેમ ભાયા, પાટો ના બાંધું?"

"પાટો બાંધવાથી લોહી ઓછું બંધ થવાનું છે? એને રૂથી હેકી નાંખો પસે પાટો બાંધી ધો."

"હા....હા....ભાયા એ ઠીક." સ્મિત કરતાં જોતીઆએ કહ્યું.

"હં....પણ અહીં રૂ ચ્યાંથી મળહે?" જોતીઆને અધવચ સાંભરી આવ્યું.

"આ....લે...." બંને કાનમાંથી પુમડા કાઢીને રામજીએ રૂ આપ્યું.

"વાહ રામજી, આ ગંધવાળાં પુમડાં તું કયાંથી લાવ્યો?"

"એ અત્તર હે, અત્તર...."

"વાહ રે....સેલીઆ રામજી...."

દુઃખથી પીડાતા રાવજીથી પણ હસતાં હસતાં

ઓલાઇ જવાયું. રૂને બાળીને ઘાના ઉપર શેક કરી દીધો, વહેતું લોહી બંધ થઇ ગયું.

"રાવજી, તું પાસો ડુંગર ચડી જા, તારાથી હેંડાહે નહિ." જોતીઆનું કહેવું રાવજીને ગળે ઉતર્યું અને તે ખોડંગતો ડુંગર ઉપર પાછો ચઢવા લાગ્યો.

"ભાયા, પત્થરનો ઘા થિયો એટલે મને ઢીલો હમજો છો ?–આવો ખોડો ખોડો પણ ચાર ગાઉની ધરતી કાપી નાખું. છાસની હારે ખાધેલા રોટલા હજી પચ્યા નથી"

"ઠીક ભાયા, ઘડી આડો પડી રહેજે નહિ તો દઃખ વધી પડહે." અને જોતીઓ તથા રામજી આગળ ચાલ્યા.

*

માનગઢના ડુંગરની સરહદ છોડીને લગભગ ઝાલોદની હદ સુધી એ આવી પહોંચ્યા. આ બાજુ બ્રિટિશ સરહદ હોવાથી રજવાડી થાણાંનો અડ્ડો અહીં બેસી શક્યો ન હતો. અને જોતીઆ માટે એક નાકું જવા આવવા માટે સલામત હતું. એ નાકાને લીધે જોતીઓ પોતાને સહીસલામત માનતો હતો.

"રામજી ભાયા, તું જાનસ, આપણે આ વેળા માનગઢ સોડીને કેમ આવ્યા છીએ ?"

"ના ભાયા." રામજીએ કારણ જાણવાની જીજ્ઞાસા બતાવતાં કહ્યું.

"જો ભાયા, આ ખાલસાની હદ એકલી જ થાણાં વનાની કોરી હે અને અહીંથી આથમણી દિશા ભણી વળ્યા એટલે આવ્યું રજવાડું. ત્યાં ત્રણ ત્રણ ગાઉને છેટે સિપાઇઓ આપણને પકડવા માટે તાકીને જ ખડા અહે" જોતીઆએ પશ્ચિમ દિશા ભણી અંગુલિનિર્દેશ કરતાં રામજીને કહ્યું. "....હં....અને અહીંથી ફરતા ફરતા આપણે એ બધાં ય થાણાંના સપાઇઓની ખબર લેવાની હે–"

"ભાયા એ તો ગજબનું સાહસ કહેવાય."

"રામજી, આપણા બહારવટામાં સાહસ જ ખડાં હે ને! લે....બસ અહીં ચલમ પીને આગળ વધીએ. અને બંને જણા એક સૂકા થડીઆ પર ગોઠવાયા.

"સલમને તાણ...." દિવાસળી સળગાવીને ચલમ પર મૂકતાં રામજીએ કહ્યું. ચલમનો ધુમાડો ખેંચતાં જોતીઆની દૃષ્ટિ દૂર દૂર નાની ટેકરી પર પડી. ભુરી ડગલી પહેરેલા પોલિસને જોતીઓ તરત ઓળખી ગયો.

"રામજી તેં કંઈ ભાળ્યું?"

"ના ભાયા...."

"તો ભાયા હામી ટેકરી પરથી કુણ હેંડતું આવે હે?"

"ભાયા સપાઈ તો ના હોય?"

"એમજ રામજી, તારી ઓળખ ખરી હે" ચલમ રામજીને આપતાં જોતીઆએ કહ્યું.

"ભાયા. સાલ પાછા વળી જઈએ." આછો પાતળો ધુમાડો કાઢતાં રામજીએ કહ્યું.

"હં....નામરદ જેવી વાત કરે છે?–એ સપઈડાં આપણુને હું કરવાનાં હેં?" એમની વાતચીત દરમ્યાન પોલિસ-સિપાઈઓ આગળ આવી રહ્યા હતા.

"જાફરખાં, વો કોન ભીલડે બેઠે હેં?" જમાદારે કહ્યું.

"ખુદા જાને કોન હૈ....લેકીન વો ઘોડા ઓ બંદેલીવાળા શેઠકા લગતા હૈ."

"તુમ બરાબર પિછાનતે હો?"

"કયું નહિ. આઠ દશ દિન કો બંદેલી મેં જાના પડતા હૈ."

"તો તો ઓ જોતીઆ બહારવટિયા જ હોગા" જમાદારે આશરેથી કહ્યું. તે સાંભળી બાકીના ત્રણે પોલિસોના તંગડાના ટેભા તડ....તડ....તૂટવા મંડયા.

"જમાદાર, એ જોતીઆકો મત છેડના" જાફરખાંએ કહ્યું.

"કયું ભલા? ઈનકુ પકડને કે લિયે તો સબ રજવાડેવાલેને ધૂમ મચા દીયા હૈ. અપન ઈસ્કુ ગિરફતાર કરકે રાજાસાબકુ સોંપ આવે, તો બડા ઈનામ મીલેગા."

"કયા? ઈનામ મીલેગા?" જાફરખાંને ઈનામની લાલચ લાગી.

" કયું નહિ ! બડા ઇનામ મીલેગા."

" જબ તો ઈસ્કુ જરૂર....જરૂર.... ગિરફતાર કર લે." ઉમેદખાંએ એક હાથની મુઠી વાળી, બીજી હથેલીમાં દાંત કચકચાવીને પછાડતાં કહ્યું.

"....મગર એ તો જોતીઆ હૈ. ખૂબ સાવચેતી રખનેકી હૈ." જમાદારે શંકા દર્શાવતાં કહ્યું.

અને તે લગભગ તદ્દન નજીક આવી ગયા હતા.

એ પહેલાં જ જોતીઓ બંદુક લઈને તૈયાર થઈ ગયો હતો અને રામજી કામઠી પર તીર ચડાવીને પોતાના ધનુષનો ટંકાર સાંભળવાની રાહ જોતો જ ઉભો હતો.

" એયલા....ભીલડા કયાંના છો....?" પોલીસોના આગળ જમાદારે સત્તાવાહી સ્વરે કહ્યું.

" મારગમાં જનારને ટોકનાર તમે કોણ સો ? પહેલાં એ તો જણાવો." જોતીઆએ બંદુકનો કુંદો બગલમાં દાબતાં કહ્યું. રામજી તો ચઢાવે તીરે જ ખડો હતો.

"ભીલડા, મિજાજથી વાત ન કર. અમે ઝાલોદની પોલિસ છીએ. એ રજવાડાંના ઢીલા પોલિસ ન જોયા કે થાપ આપીને તું ભાગી જાય. અમે તને બરાબર ઓળખીએ છીએ અને તેથી જ સીધી સલાહ આપીએ છીએ કે અમારે તાબે થઇ જા." જમાદારે પેટમાંનો બધો ય ઉભરો કાઢી નાખ્યો. પણ હૃદય તો ધબકારા

....લેતું હતું.

"તમે જાલદની કે દેવદની પોલિસ હો. અમારે એની તમા નથી. પણ જમાદાર, એ પહેલાં ખુબ જ વિચારીને પછી આગળ ડગલું ભરજો. તમે જાણો છો. છતાં હું ફરીથી જણાવું છું કે હું બહારવટિયો જોતીઓ સરદાર....છું. ઘેર બાળબચ્ચાંને ન જીવાડવાં હોય તો જ જોતીઆની હામે થવાની હિંમત લાવજો."

"તો શું અમે પોલીસો નબળા છીએ, એમ ?" જાફરખાં વચ્ચેજ તડુકયા.

"હા. તમે તદ્દન નબળા છો. જોતીઆની હામે જોવું એ સૂરજ દેવતાના હામે જોવા બરાબર હે–માત્ર તમારી દયા ખાતર જ જોતીઓ એટલાં વેણ બોલે છે."

"જોયો હવે...." ઉમેદખાંએ ન બોલવા માટે જીભને કાબુમાં રાખી હોવા છતાં જીભ છટકી ને ઉપરોક્ત શબ્દો ઉચ્ચારાઇ ગયા, અને તેજ વખતે મહા મહેનતે અટકાવી રાખેલું રાવજીનું તીર સર....ર....ર કરતું છૂટયું ને ઉમેદખાંના કાનની અણી વિંધાઇ ગઇ.

"જાફરખાં, ગોળીબાર કરો...." જમાદારે હુકમ આપ્યો.

પણ તે પહેલાં જ જોતીઓ અને રામજી બાજુના ઝાડની ઓથે ઉભા રહ્યા. જાફરખાંએ ગોળીબાર કર્યો, પરંતુ એમની ગોળી જોતીઆને વિંધવાને બદલે ઝાડને અથડાઇ. જોતીઆના બચાવ માટે તો કુદરતી ઝાડની

ઢાલ આવીને ઉભી હતી.

ઝાડના ઓથેથી રામજીએ બીજું તીર છોડયું. પણ એ નિશાન લીધા વિના જ આગળ પસાર થઇ ગયું. જમાદાર ખૂબ જ ક્રોધે ભરાયા હતા. એમને મોંઢે પસીનો છાઇ રહ્યો હતો. ગળે ભેરવેલા હારડામાંથી કારતુસો કાઢવા માંડયા અને તે ઝાડ તરફ તાકીને અવાજ કરવા માંડયા. જમાદારને લાગ્યું કે ઉપરાઉપરી ગોળીબારથી એકાદી ગોળી જોતીઆ અગર રામજીને જરૂર વિંધશે. પરંતુ આખો ય હારડો ખાલી કર્યા પછી એમને નિરાશનો જ શ્વાસ લેવો પડયો. ઝાડની પાછળ બંને ય જણા અડગપણે પોલિસોના જવાબ વાળવા ઉભા હતા.

"જમાદાર, તમે બ્રિટિશ રાજ્યની પોલિસ છો એટલે જ આજે જીવતા જવા દઉં છું. નહિ તો અમારી ગોળીઓ અને તીર હજી સલામત છે. આ ટાણે રજવાડી પોલિસ અમારા સામે આવી હોત તો ગીધ કાગડાને એમનાં મુડદાં ચુંથતાં કરી દેત. તમારામાંનો એક સપાઇનો કાન વિંધાયો એટલે અમને આનંદ છે" ઝાડની પાછળથી બહાર આવતાં જોતીઆએ સ્મિત કરતાં કહ્યું. પણ એ શબ્દો જમાદારને અપમાનભર્યા લાગ્યા. એના ચહેરા પરનો ગુસ્સો હજી ખસ્યો ન હતો. ઉમેદખાં ફુસકારા લેતો ધરણી પર એક બાજુ બેસી ગયો હતો. એના કાનમાંથી

રક્તનાં બુંદ ટપકતાં હતાં.

"જોતીઆ, આજકા નતીજા તેરેકુ ભૂંડા મિલેગા" જમાદારે દાંત કચકચાવતાં કહ્યું.

"એવા નતીજાની કોને પરવા છે?" જોતીઆએ વિજયનું સ્મિત ફરકાવતાં બેપરવાઇથી કહ્યું.

"કયા, તેરેકુ મરનેકા કુછ ભય નહિ હૈ?" જમાદારે બંદુકની નળી લાંબી કરી જોતીઆના માથે પછાડવાનો પ્રયત્ન કરતાં કહ્યું. પરંતુ જોતીઓ બંદુકને અદ્ધર થતી જોઇ નીચો નમીને બાજુ પર જઇને ઉભો. રામજીએ કામઠીની પણછ ખેંચી.

"ભાયા, જવા દે. એવાં મરધડાંને મારવાથી હું?" જોતીઆએ કહ્યું અને રામજીએ તીરને ઉતારી લીધું.

પાંજરામાં પૂરાયેલો સિંહ ઘુરકિયાં કરે એવી સ્થિતિ પોલિસોની થઈ ગઈ હતી. જોતીઆને પકડવા માટે એમણે અત્યંત ફાંફાં માર્યાં, પણ એ સર્વ વ્યર્થ નીવડ્યું. ચારે બાજુથી અકળાયેલા જમાદારને કોઈ પણ માર્ગ જોતીઆથી બચીને નાસી છુટવાનો જડયો નહિ. હાર પામેલાની સ્થિતિ છેવટે ધુંધવાયેલા પ્રાણી જેવી વિકરાળ અને ભાનભૂલી થઇ જાય છે. ઉમેદખાં ધીરી ચાલે જોતીઆ આગળથી અદૃશ્ય થઈ ગયો હતો. માત્ર જમાદાર અને જાફરખાં લાગ ખોળતા ઉભા હતા. જમાદારે જોતીઆને પટાવવાની ખાતર કહ્યું:

"જોતીઆ, તું ધગધગતા અંગારા પર ચાલી રહ્યો

છે. આવા સખત પહેરામાં ફરવું એ તારા માટે મહા વિકટ છે.”

“જમાદાર સા'બ. જોતીઓ બહારવટે નીકળ્યો ત્યારથી એને માટે ધગધગતા અંગારા પર વિકટ મારગ જ કાપવાનો હેં ને ! એમાં તમે નવું હું કીધું ?”

જમાદારે જોતીઆના સન્મુખ આવતાં ગળે ભેરવેલા કારતુસના હારડાને હાથ અડાડતાં કહ્યું.

“સરદાર, તારે તે વળી બહારવટાં શાં ? જમીન જાગીરવાળો થઇને આમ રખડયા કરવાનું શું ?”

“જમાદાર, જોતીઆ આગળ રમત રમી જવા માંગો એ ના બને. હું એવું ભોળપણ રાખું તો—મારો દેહ આમ બહારવટાં નાં ખેડી હકે” જોતીઆએ ઝડપથી જમાદારનો હાથ તરછોડી નાખતાં કહ્યું અને જમાદાર સ્મિત કરતો બે ડગલાં પાછળ ખસ્યો. તેજ વખતે રામજીએ ચઢાવેલી કામઠી જમાદારના ગળામાં ભેરવીને ખેંચી.

“જોતીઆ....જોતીઆ....” જમાદારથી તીણી ચીસ પડાઈ ગઇ અને રામજીએ કામઠી કાઢી લીધી. રામજી અને જોતીઓ એ ગમ્મતથી હસી પડયા.

“જોતીઆ સરદાર, અમે તો તારૂં પાણી માપતા હતા, કે તું બહારવટિયો કેટલામાં છે.” હતાશ થયેલા જમાદારે કહ્યું.

“જમાદાર, બહારવટિયાનાં પાણી તો ઉંડાં હોય.

એ મપાય જ નહિ.–માત્ર દયાની ખાતર તમે જીવતા જાઓ છો.” જોતીઆએ બંદુકનો ઘોડો ખાલી ચઢાવતાં કહ્યું. એ જોતાં જમાદારના પગ પણ ધ્રુજતા થઇ ગયા.

“સરદાર, અમે જઇશું.”

“ભલે, જાઓ જમાદાર સા’બ.” જોતીઆએ વિવેકભર્યા શબ્દોમાં કહ્યું. અને જમાદાર તથા જાફરખાં આગળ ચાલ્યા.

“કેસા જાડા બહારવટિયા....જીગર કીતની રખતા હે ?” જાફરખાંએ જમાદારની સાથે ચાલતાં કહ્યું.

“જીગર....કયા મીયાં, ગોળીસે ઉડા જ દેતા. દેખા ને ઉમેદખાંકુ ?”

“હા સાબ........”

*

જમાદાર ગયા અને જોતીઓ તથા રામજી ખડખડાટ હસી પડયા.

“સરદાર, તું તો જબરો....” રામજીએ કહ્યું.

“તિયારે તું કયાં નબળો હેં ?” અને ઉભયના મુખ પર પુનઃ હાસ્ય તરવર્યું.

“સરદાર, હવે પાછા વળહું ?–દન નમતો જાય હેં.”

“રામજી ભાયા, તું ભૂલી ગયો ? પેલાં બધાં ય થાણાંની તપાસ કરવાની હે તે ! અને મને સરદાર.... કીમ કેહે ?”

“ભાયા, તું સરદાર જ હેં. હેલા જમાદારથી પણ

સરદાર કહેવાઇ ગિયું, તારો દેખાવ, ચાલ અને બુદ્ધિ સરદારી કરે એવાં જ હે'."

"ના. ના....?" રામજીના મુખ પર આશ્ચર્ય જોતાં જોતીઆએ કહ્યું. અને બંને બહારવટિયા આગળ ચાલ્યા.

છુટક છુટક થાણાં હોવા છતાં પોલિસ સિપાઇઓ એક બીજાને થાણે મળી જતા. અને જોતીઆને પકડ-વાની યુકિત ખોળતા. આજે બપોરનો સમય હતો એટલે પાસે પાસેના ત્રણેક થાણાના જમાદારો તથા સિપાઇઓ એક ખાસ નાકા પરના થાણે ગુફતેગો કરતા બેઠા હતા.

જોતીઆને માટે એ નાકાનું થાણું વિંધીને આગળ વધવું એ કપરી કરાડોમાંથી બચીને પસાર થવા જેવું હતું. જોતીઓ અને રામજી નદીની ધસ ચઢીને આગળ વધ્યા ત્યાં તો રસ્તામાં જ ગીગલો અને મનજી ભેટયા.

"કાં ભાયા, કાં ચલાવ્યું?" સામેથી ચાલી આવતા મનજીએ હસતાં હસતાં કહ્યું.

"કોણ મનજી....? ભાયા, તમે કયી ગમે જાઓ છો?"

"જોતીઆની હરદારી નીચે, બીજે કયાં વળી?–બધાને તેડુ મોકલાવીને બોલાવ્યા અને અમારી ભાળ પણ ન કઢાવી. પણ અમે અમારો ટેક કેમ છોડીએ?" ગીગલાએ કહ્યું.

"ગીગલા, મનજી, હું તમને માઠું લાગ્યું?–તમારા

વના તો મારૂ ગાડું કયાં નભે તેમ હતું? પણ હમણાં તો નભતું હતું, એટલે તમે ખેતીવાળા માણસને ન બોલાવ્યા.” જોતીઆએ ગીગલાના ખભે હાથ મૂકી તેને થાબડતાં કહ્યું.

“વાહ! બહાનું બતાવતાં ઠીક આવડે સે.”

“....ના ભાયા, તમારા માટે એવું ન હોય. કાળી રાતે જરૂર પડે તોયે તમે તો ખપમાં આવો. ગીગલા, આ રામજી નાયકને તો ઓળખો કે?” જોતીઆએ રામજી તરફ અંગુલીનિર્દેશ કરતાં કહ્યું.

“એ વિહરી ગયો. અરે! એને ખબર હોય તો ખજુરીઆમાં આઠ દન હારે કાઢયા તો. કેમ રામજી-ભાઇ, યાદ આવે હે કે નહિ?”

ગીગલાએ કહ્યું: “પરંતુ રામજીને એ સ્મરણમાં જ ન આવ્યું.”

“ના ભાયા, તમને કયાં યે ભાળ્યા હોય તેમ યાદ નથી.” રામજીએ ગીગલા તરફ સીધી દૃષ્ટિ નાખીને ઓળખવા પ્રયત્ન કરતાં કહ્યું.

“આ મનજીનાં લગ્ન જ તમારા ગામમાં થિયાં હે.”

“હં....એ જ આ મનજી કે?” હસી પડતાં રામ-જીએ કહ્યું. “હવે બરાબર ઓળખ્યા ભાયા.” અને ચારે જણા હસી પડયા.

“પણ ભાયા આમ કયાં હંકાર્યું એ તો કહો?” મૌન રહેલા મનજીએ કહ્યું.

" સાલો આપણે બધા હવે તો હારેજ જાશું. આજ એકેએક થાણાના અફિણી સપાઇઓની ખબર લઈ નાખવાની છે. એ જોતીઆને પકડવા કાજે અડીખંમ....થઇને બેઠા છે....પણ આજે મારો પૂરેપૂરો પરચો બતાવી દઉં કે જોતીઆને પકડવામાં જરા યે માલ નથી." અને ચારે જણા આગળ વધ્યા.

*

ખરા બપોરના સૂર્યે પૃથ્વીને ધગધગતી કરી મૂકી હતી. ભર જંગલમાં પણ પક્ષીઓ ઊડતાં જણાતાં ન હતાં એવો તાપ તપી રહ્યો હતો.

બપોરનું ખીચડું ખાઇને થાણાવાળા સિપાઇઓ ગપ્પાં મારતા બીડીના ધુમાડા કાઢતા હતા.

" કયા રહીમબક્ષ, હવે તમારી નજર કયી રીતની પહોંચે છે?"

" હુસેનખાં, આ અઠવાડિયામાં જોતીઆને પકડીને સરકાર આગળ હાજરજ કરવાનો છું. હું એને પકડવાનો દાવ જ ખોળ્યા કરૂં છું."

" પણ કેવો બદમાશ બહારવટિયો? ઘડીમાં થાપ આપીને ભાગી જાય છે." લાલ દાઢીવાળા એક પાકટ વયના મલેકે ખુણેથી ખુંખારો ખાતાં કહ્યું. ને બહાર જોતીઓ ચાર સાથીદાર સાથે આવીને ઊભો રહ્યો.

" કાં....સપાઇઓ, જોતીઆની ભાળ મળી?" જોતીઆએ ઘોડા પર રહીનેજ અમલદારી ઢબે પ્રશ્ન કર્યો.

ઉપરી અમલદાર આવ્યા જાણી એક સિપાઇ ઝટપટ થાણાનું પગથિયું ઉતરી મેદાનમાં આવ્યો.

"હા....સા,બ." પગથિયાં ઉતરતાં જ સિપાઇથી બોલાઇ જવાયું અને ઉભયની દૃષ્ટિ એક થઇ. પેલા સિપાઇના તો પગ જ થંભી ગયા. ન પાછું ડગલું ભરાય કે આગળ. હોઠ પણ સીવાઈ ગયા. ગભરાટમાં એ બોલ્યો.

"ર....ર....રહેમબક્ષ, જો....જોતીઓ."

"શું કહે છે, મનવરખાં ?" અંદરથી અવાજ આવ્યો. ચાર પાંચ સિપાઈઓ અંદરથી બહાર દોડી આવ્યા. તો જોયું મનવરખાં રાવજીના બાહુ સકંજામાં સપડાઈ ગયો હતો.

જોતીઆને જોતાં જ પત્થર પર પછડાતા સુખડીના ઢેફા પેઠે સિપાઈઓનાં દઢ મન, એકનિશ્ચયી નિર્ણય વેરણછેરણ થઇ ગયાં. એમનાં હૃદય પવન સ્પર્શતા પાંદડાની પેઠે ધ્રૂજવા માંડયાં. પવન રહી જાય અને પાંદડું ધ્રૂજતું થંભી જાય તેમ કાળજું કઠણ કરી રહીમ બક્ષે જબાન હલાવી. "કોન જોતીઆ....બાગકી બખોલ તક આવ્યા ?"

"હા....જમાદાર સાબ" જોતીઆએ શાંતિથી જવાબ આપ્યો. જોતીઆના નરમ જવાબથી રહીમ બક્ષમાં જોર આવ્યું.

"કરો ગિરફ્તાર એ બદમાસકુ." અને બહારવટિયાની ચારે બાજુ સિપાઇઓ ફરી વળ્યા, પણ કોઈની

તાકાત એના શરીરને સ્પર્શવાની ચાલી નહિ. જોતીઓ વિકરાળ આંખો કરીને બધાને આંજતો ઘોડા પર બેઠો હતો. જોતીઓ ઘોડા પર જ ઊભો થયો અને બગલમાં દબાવેલી બંદુક ખભા પર મૂકી હાથ પર ટેકવી. મધપૂડાનું મધ કોઇ લેવા જાય અને માંખો ઊડી ઊડીને પાછી મધપૂડા પર બેસવા પ્રયત્ન કરે તેમ જોતીઆની બંદુક લાંબી થતાં સિપાઇઓ એક ડગલું પાછા હઠ્યા, અને ખભા પર ગોઠવાઇ જતાં મૂળ સ્થાને આવીને ઊભા. પણ એ બધી માખીઓને ઉડાઉડ કરાવીને મધ કાઢનાર મધ કાઢી લે છે તેમ જોતીઆએ સિપાઇઓને આઘા પાછા કરીને ઘોડા પરથી બધાંને છલંગ મારતો કુદકો લીધો અને બધાથી ઘેરાયેલો જોતીઓ સ્વતંત્ર નિડર થઇને બાજુ પર ઊભો. જોતીઆનો બોજો દૂર થયો ને ઘોડાએ મસ્તી શરૂ કરી; એણે પાછલા પગ પછાડવા માંડયા. લાત લાગવાની બીકે સિપાઇઓ પાછા હઠતા ગયા. રઘવાયેલો ઘોડો બહાર નીકળ્યો. જોતીઆના સાથીઓને પણ વગર મહેનતે છુટા પડવાનો મોકો મળ્યો. સાથીઓ જોતીઆ પાસે આવીને ઊભા રહ્યા.

જોતીઆએ પડકાર કર્યો—

"જમાદાર, ઈ થાણું કે'દિ ઊઠાવી લેવાનાં હે ?"

"વાહ ! સરકારી થાણું તે તારી ધાકથી ઊઠતાં હશે ?"

"હું કહ્યું જમાદાર?" કહેતો જોતીઓ જમાદારની પાસે આવ્યો. એના હાથમાં ડોલી રહેલી નાગની ફેણ જેવી બ્રીજલોટ બંદુકથી હૃદયમાં વારે ઘડીએ ચીરાડે પડયા કરતો હતો. જવાબ માંગતો જોતીઓ પટેલની જોડાજોડ ઊભો હતો.

"સાલ, જવાબ આપ, નહિ તો આજ એકે જણ રાજવાળાને મુએલાં મુડદાંની ખબર પહોંચાડવા નહિ રહે."

"અમારી પાસે પણ હથિયાર મોજુદ....છે." જમાદારે પોતાની બંદુકને ઊંચકી ઘોડાને ખાલી ઊંચે કરીને મૂકી દીધો.

રામજી, ગીગલો, મનજી વગેરે તો લોહીતરસ્યા તાતાં તીરોને ભાથામાંથી પરીક્ષા કરી કરીને અણીદા તીર કામઠી પર ચઢાવવાની યોજનામાં મશગુલ હતા સિપાઇઓ બંદુક મારવાનો વખત આવે તો નાસી છૂટવાના માર્ગની પસંદગી કરતા આંખોને ચારે દિશાએ દોડાવી રહ્યા હતા.

જમાદાર જ પહેલ કરીને બંદુકનું નિશાન લેવા પાછ હઠયા, ને તે વખતે જોતીઆથી જમાદારની એ નિર્માલ્યત પર હસી જવાયું અને એના સ્મિતથી એના સાથીદારોમાં નવું જ જોમ આવ્યું.

"રામજી....હં....એ." એ સંસા તીર છોડવા માં જોતીઆએ કહી. કામઠી પર તીર ખેંચાયાં, જમાદા પણ બંદુક લંબાવીને ઊભા હતા. ચપા....ચપ....તી

ખેંચાયાં.

"આ શો ચમત્કાર....?" ઘોડો દબાવતાં જમાદારથી નિઃશ્વાસ નાખીને બોલાઈ જવાયું. જમાદારે ફરી બંદુક તરફ નજર કરી, તો એ ભૂલથી જ ઉતાવળમાં બગડી ગયેલા સળંગવાળી બંદુક ઉપાડી લાવ્યા હતા. જોતીઓ જમાદારની મુંઝવણુ કળી ગયો અને એણે સાથીઓને હુકમ છોડયો—

"ડાબી બાજુના સિપાઇઓ પર છોડો." અને રાવજીએ ડાબી બાજુનું નિશાન લેવા પૂંઠ ફેરવી.

તાપમાં ચળકતાં તીરોને જોતાં જ સિપાઇઓના પગના સાંધા કળવા મંડયા. ત્યાં તો જમાદારની દયાજનક બૂમ આવી.

"જોતીઆ....ગરીબડા સિપાઈઓના જાન ના લે."

"જોતીઆના હામે તો મોટા હાથી જેવા દાંત બતાવીને થતા હતા અને હવે એ ગરીબડાં કયાંથી થઈ ગયાં ?"

"જોતીઆ, પેટને માટે રાજની નોકરી કરવી પડે. અને એ નોકરીના પેટામાં અમારી કંઇ તો ફરજ અદા કરવી જોઇએ ને ?" જમાદારે જોતીઆ પાસે આવતાં કહ્યું.

"તમે શી ફરજ બજાવી ?" જોતીઓ નવાઈ પામતાં બોલ્યો.

"હે....હેં....હેં....ફરજ તો ઠીક છે, પણુ ડાયરામાં છેવટે અમારે અમારા પેટના ખાતર એટલું તો ટાંકી

લેવું પડશે કે બહારવટિયાના સામા થયા."

જોતીઆથી સિપાઇ–જમાદારના કપરા સંજોગો જોતાં પુનઃ હસી જવાયું.

"ઠીક ત્યારે જમાદાર, હવે થાણાં ઉઠાવી લેવડાવજો. મારે કાલે જ રાજવાળાને સંદેશો મોકલવો પડશે કે જોતીઓ ઘોડા પર બેસીને ગયો."

એના સાથીઓ સાથે એ થાણા આગળથી અદૃશ્ય થયો. સિપાઇઓ અને જમાદાર 'થાણાં ઊઠશે તો નોકરી જશે' એ ચિંતાએ દીન વદને થાણાના ઓટલા પર બેસી ગયા.



પ્રકરણ અગીયારમું

માનગઢનો સાવજડો

માનગઢ એ ઐતિહાસિક ડુંગર છે. એ સંતરામપુર રાજથી અગિયાર ગાઉ દૂર આવેલો છે. જંગલમાં માનગઢનાં મૂળ બહુ ઉંડાં પેઠેલાં છે. અસંખ્ય મોટાં ઝાડો ઉપરાંત નાની નાની ઝાડીઓ ત્યાં દેખા દે છે, એ ડુંગર ઉપર ચઢનારને ઘણી જ સમયસૂચકતા વાપરીને પગલાં માંડવાં પડે છે. ભૂલેચુકે પગ લપસી જાય તો માનવીનું મુડદું ખોળી કાઢવું એ બહુ મુશ્કેલ પડે. ભયંકર રાક્ષસોની પ્રતિમા સરખા પહાડોની વચ્ચે પડેલી ખીણોમાં થઇને ઉપર જવાય છે. આ ખીણોથી જરા આગળ ચાલ્યા એટલે સેંકડો પત્થરીઆળ માર્ગ આવે છે. પ્રથમ તો ઝરણાના તીરે તીરે થઇને સર્પાકારે માર્ગ આગળ વધે છે. પગના જોડા તો અવશ્ય ઉતારી લેવા પડે, નહિ તો ત્યાંના આરસપહાણ સરખા પત્થરો પરથી ગબડયા સિવાય રહેવાય જ નહિ.

પર્વતની ચારે બાજુએ વાઘની બોડ તો નજરે પડે જ. દિવસે પણ એ સ્થાન ભયંકર, સાથે તેટલું જ વ્હાલું લાગે તેમાં ભૂલ નહિ. આવા વાઘોની બોડો વચ્ચે જોતીઆએ પણ બોડ બનાવી હતી. વાઘના ભેગો એ નરવાઘ ભળી ગયો હતો.

ધોળે દિવસે પણ સૂર્યનારાયણનાં દર્શન દુર્લભ થઈ પડે એવી ઝાડીમાં વાંદરાઓની કૂદાકૂદ પણ ખરી.

*

જ્યારે અંગ્રેજ અને જર્મન લડી પડયા તે જ વર્ષે એટલે સં. ૧૯૬૯ની સાલે આસપાસની ભીલ પ્રજાએ આ માનગઢ ઉપર એકઠાં થઈને મહાન યુદ્ધ-તોફાન મચાવ્યું હતું. અને એ તોફાનમાં સંતરામપુર રાજ ભારે ચિંતામાં મૂકાયું હતું. એનો ઇતિહાસ બહુ લાંબો છે; પરંતુ અહીં ટૂંકામાં આપ્યો છે.

ગોવિંદગર નામનો એક વણજારો હતો. એણે ભીલ કોમને બોધ આપી સ્વચ્છ રહેવા, વ્યસન ન કરવા અને ભજન કરતાં શીખવ્યું હતું.

એ પહેલાં તો ભીલ લોકો શૌચ જઈ ગુદાદ્વાર પાણીથી સાફ કરતા નહિ. માંસનો આહાર કરતા. તદ્દન નગ્ન સ્થિતિમાં રહેતા. કોઈક જ માત્ર લંગોટ પરહેતા.

ગોવિંદગર આસપાસના સાઠ સાઠ ગાઉની ભીલ પ્રજાના ગુરૂ બન્યા હતા. અને ભીલ પ્રજા તેમને વંદ-નીય માનતી ને પૂજતી.

ગુરૂ ગોવિંદને ભીલ લોકોએ માનગઢ ઉપર મુકામ આપ્યો. અને ભીલ લોકોએ ડુંગરને યાત્રાણુ સ્થળ માન્યું. આસપાસના ભીલ લોકો દરરોજ એ યાત્રાએ ઉલટવા માંડયા. અને એમાંથી અમુક ભીલ આગેવાનોને એક નવી જ દિશા સૂઝી આવી.

પૂર્વે વર્ષો પહેલાં એ બાજુનાં અમૂક રાજ્ય ભીલનાં હતાં. ભીલો ઉશ્કેરાયા કે: આપણા પૂર્વજોની ગાદી પર બીજા રાજ્ય કરે ? ભીલોએ તો ગુરૂ ગોવિંદને બનાવ્યા રાજા અને ગામના પૂજા પટેલ બન્યા દિવાન. તે કહે તેમ બધાએ કામ કરવાનું નક્કી કર્યું.

સંતરામપુર અને કડાણા બંને રાજ્યો સાતસો વર્ષ પૂર્વે ભીલ રાજાના તાબામાં હતાં.

એ દંતકથા જાણવા જેવી છે.

સંતરામપુર કડાણાના પૂર્વજ બે ભાઇઓનું રાજ ઝાલોદમાં હતું. તે વેળાએ સંતરામપુરમાં બ્રાહ્મણોની સંખ્યા હાલ કરતાંય વિશેષ હતી. તે વખતના ભીલ રાજાને બ્રહ્મકન્યા વરવાનો ઉમળકો થઇ આવ્યો, તેથી એ વાત બ્રાહ્મણોના પંચમાં મૂકી. પણ એમ બ્રાહ્મણો ભીલને દીકરી દે ખરા ? બ્રાહ્મણોનું પંચ પહોંચ્યું ઝાલોદના ક્ષત્રિય રાજા પાસે.

"આપ ક્ષત્રિય હયાત હોવા છતાં અમારી કન્યા ભીલ રાજા પરણી જાય એ કેમ બને ? એ તો આપના અને અમારા કુળ ઉપર કાળું કલંક લાગવા બરાબર છે."

રાજાને ગળે એ હકીકત તરત ઉતરી ગઈ. રાજાએ કહ્યું:

"તમે હમણાં એ માંગું એની આગળ કબુલ રાખો. અને એને ઘોડા પર ચઢીને તમારે ત્યાં આવવા દો. એ દરમ્યાન અમે આવી પહોંચીશું અને લગ્નને અટકાવીશું."

આ યુક્તિ પંચલોકોને ગમી ગઈ. અને તે સંતરામપુર ભણી વિદાય થયા. રાજાનું માંગું કબુલ કર્યું. એ સાંભળી ભીલ રાજા તો ગાંડોઘેલો થઈ ગયો અને લગ્ન માટેની તૈયારી કરવા લાગ્યો.

ભીલ રાજા વાજતેગાજતે લાલ ઘોડા પર કમરે તલવાર બાંધી હાથમાં નાળિયેર પકડીને બ્રાહ્મણના બારણે આવી ઊભો. હજી ઝાલોદનો રાજા આવ્યો ન હતો એટલે બ્રાહ્મણોને તો મોટી ચિંતા ઉત્પન્ન થઈ.

"અરેરે ! હવે શું થશે....? આ માંગું ક્યાં કબૂલ કર્યું ?" દિકરીનો બાપ નિશ્વાસ નાખતો બોલ્યો. તે જ ક્ષણે બંને રજપુતભાઈઓ પોતાના લશ્કર સાથે આવી પહોંચ્યા. ભીલ રાજા તો ઘોડા પર જ ઠોકાયેલા ખીલાની પેઠે સડક થઈ ગયો.

"આ શું....?" એના હાથનું નાળિયેર ધરણી પર પડી ગયું. તેને અમંગળની સ્પષ્ટ નિશાની જણાવા લાગી.

બ્રાહ્મણના આંગણે જ રક્તતરસી સમશેરો ચમકી. થોડી વારમાં કેટલાયનાં શિર મંડપ વચ્ચે જ રગદોળાયાં. અને ભીલ રાજાને નછુટકે રજપુતભાઈઓને તાબે

થવું પડયું.

ત્યારથી એ બંને ભાઈ સંતરામપુર અને કડાણાના રાજકર્તા થયા.

હવે સને ૧૯૬૯માં ભીલ લોકોએ બાપદાદાની ગાદી હસ્તગત કરવા માનગઢ જેવું સુરક્ષિત સ્થળ પસંદ કર્યું. ગઢ ઉપર જ પાણીનું જંગી તળાવ. એટલે હજારો માનવીઓ વગર અડચણે ઉપર રહી શકે.

ગુરૂની હાક વાગતાં અસંખ્ય ભીલો કામધંધો મૂકીને માનગઢ પર આવવા લાગ્યા. ગુરૂ ગોવિંદની હુંફે ભીલ કોમમાં અજબ પરિવર્તન થયું હતું. તીર કામઠાંના હથિયાર સાથે ટોળેટોળાં ઉભરાવા લાગ્યાં. સો, હજાર બે હજાર ભીલ નહિ, પરંતુ લગભગ પચાસ હજાર ભીલોનો સમુદાય મળ્યો હતો. એ બધાનો સેનાપતિ —નાયક ગુરૂ ગોવિંદ હતો.

માનગઢથી ત્રણ માઈલ દૂર પ્રતાપગઢ નામનું સંત સ્ટેટનું ગામ છે. ત્યાં સરકારી થાણું પણ છે. સંતરામપુરના પો. સુપ્રો. પણ તે વખતે પ્રતાપગઢમાં આવેલા હતા.

પહેલાં તો ભીલોએ એ પ્રતાપગઢ પર ઘેરો નાખીને અમલદારોને કબજે કરવાનો મનસૂબો ઘડયો. ભીલોએ ગઢના મોટા દ્વારની ડોકાબારી કુહાડાથી ફાડી નાખી, અને અંદર પ્રવેશવા માંડયું. પરંતુ બાહોશ પોલિસ ઓફિસરે બારીમાં જેનું ડોકું આવે તેને

ઉડાડવા માંડયું. આમ ઘણા ભીલો એમનાં શિર મૂકી આવ્યા. અને બાકીના ભીલો માનગઢ તરફ નાસી છૂટયા.

ગુરૂ ગોવિંદે કહ્યું: "....પીર આપણી સાહ્યમાં છે, એટલે સરકારની ગોળીઓ પાણી થઇ જશે અને આપણામાંનો કોઈ મરણ પામશે તો પીર જીવતદાન દેશે."

ગુરૂ ગોવિંદનું એ કહેવું સાંભળી એક ચબરાક ભીલ બોલી ઊઠયો: "ગુરૂજી, પેલા મર્યા એનું શું ?"

"એ પણ વખત જતાં જીવતા થઈ જશે." ગુરૂ ગોવિંદના શબ્દોથી ભીલોને શ્રદ્ધા ચોંટવા માંડી.

આ અભણ ગણાતા ભીલોએ ખૂબજ તોફાન મચાવી મૂકયું. અને સંતરામપુર સ્ટેટને નછૂટકે કમિશ્નર સાહેબને આ મામલો શાંત પાડવા તેડાવવા પડયા.

ડુંગરપુર, વાંસવાડા, છોટાઉદેપુર, દેવગઢબારીયા અને બીજાં દેશી રાજનાં લશ્કર પણ આવી પહોંચ્યાં હતાં. ખાસ ગોરૂં લશ્કર પણ આવેલું.

કમિશ્નર સાહેબે સંધિ કરવા માટે ગુરૂ ગોવિંદને ખૂબજ સમજાવ્યો. પરંતુ એણે અને આખી ય ભીલ સેનાએ મક્કમતા ન છોડી.

અને આખરે કમિશ્નર સાહેબે પ્રથમ તો ખાલી તોપોનો અવાજ કરવાનો હુકમ આપ્યો. ભીલોએ પણ બંદુકો તતડાવી અને કામઠીઓ પરથી તીર પણ છૂટવા લાગ્યાં. લગભગ ત્રીસ હજાર ભીલો કામઠીધારી

હતા અને બીજા બંદુકોવાળા. એટલે એમનું બળ ઓછું ન હતું.

તૈયાર પાક પર આવતાં તીડનાં ટોળાં પેઠે ભીલોનાં તીર આ બાજુ ફરકી રહ્યાં હતાં. એ વચ્ચે બેએક સાર્જંટ વિંધાઇને પડયા પણ ખરા.

'ફાયર'નો હુકમ છૂટયો. તોપનો ચારે બાજુ મારો શરૂ થયો. અને કેટલા ય ભીલોનો કચ્ચરઘાણ વળી ગયો.

આ દરમ્યાન ગુરૂ ગોવિંદ અને પૂંજા પટેલ ડુંગરની બોડમાં ભરાઈ બેઠા. બોડમાં પણ એ થરથર ધ્રૂજી રહ્યા હતા. એ બંનેને પકડવામાં આવ્યા. અને વીસ વર્ષની જેલ પછી ગુરૂ ગોવિંદનો છૂટકારો થયો. ત્યાર પછી પણ ગુરૂ ગોવિંદે એ પરગણામાં ફરવાનું ચાલુ રાખ્યું હતું. એના પ્રતાપે અસંખ્ય ભીલો 'ભકત' પણ થઇ ગયા. ગુરૂ ગોવિંદે અનેક ભીલોને સાચા માર્ગે વાળી તંબુરા પર ભજન કરતા કરી દીધા છે. ગુરૂ ગોવિંદ આજે હયાત નથી, પરંતુ એના ભકત ઘણા છે. ઘણા ભીલોના ઘરમાં ભગતના ચિન્હરૂપે ગુરૂ ગોવિંદના નામના ચીપીઆ આ લેખકના જોવામાં પણ આવ્યા છે.

ભીલ કોમમાં કોઇ સુધારાનું અમૃત રેડનાર હોય તો તે ગુરૂ ગોવિંદ જ છે. નહિ તો એ પહેલાં ભીલ પ્રજા "નાગા બાવા"ની પેઠે જ્યાં ત્યાં ફરતી. હાલ એવો એક ભીલ જોવા નહિ મળે.

મને ખબર છે કે મારા પિતાશ્રી સંજેલી રાજ્યમાં પોલિસ ઓફિસર હતા, તેવામાં પણ એમને કોઈક વખત માત્ર 'લંગોટી' પહેરેલો ભીલ મળી આવતો ને ત્યારે તેઓ પૂછતા:

"તારા ઘરમાં ખાવાનું નથી ? આવો ઉઘાડો કેમ ફરે છે ?"

ત્યારે એ કહે કે:

"દાદા, એ તો અમને ટેવ પડી ગઇ."

"જા, હવેથી એકાદ ધોતીઉં પહેરીને જ બહાર નીકળજે." ત્યાર પછીથી એ રાજ્યના અમુક રહ્યાસહ્યા ભીલો પણ ધોતીઉં પહેરતા થઈ ગયા હતા. અને ગુરૂ ગોવિંદ ઉપર એ લોકોનો એટલો બધો વિશ્વાસ કે–કોઇનુ ખૂન થતું હોય કે કોઇને માર પડતો હોય અને એટલું જ બોલે કે:

"તું મારે તો તને ગુરૂ ગોવિંદની આણ...."

તરત જ મારનારના હાથ થંભી જાય.

*

જોતીઆ સરદારે પણ આવા ઐતિહાસિક ડુંગર પર પોતાનું રહેઠાણ જમાવ્યું હતું.

વખત જતાં રાજને ખબર પડી કે જોતીઓ માનગઢનો સાવજડો બની રહ્યો છે. રાજવાળાઓને જોતીઓ ભલે પકડાય નહિ, પરંતુ માનગઢ ખાલી કરીને જાય એટલું જ જોઇતું હતું. માનગઢ સ્થળ એવું હતું કે બહાર-

વટિયાનાં મૂળ ઊંડા ઊતરી જાય અને ભીલો પ્રથમની પેઠે વિફરે તો રાજ માટે કઢંગી સ્થિતિ આવીને ઊભી રહે એમાં જરાય શક નહિ.

ખાસ ગુરખા લોકની પલટણ માનગઢ તરફ રવાના કરવામાં આવી. મહારાજા સાહેબનો એમના ઉપર સખ્ત હુકમ હતો કે બહારવટિયાઓ આપણા રાજનું એક મરઘું સરખું મારી ખાશે તો એ જવાબદારી તમારે શિરે છે. માટે જેમ બને તેમ ત્વરાએ માનગઢમાંથી એમને હાંકી કાઢો.

સંધ્યા પહેલાં ગુરખા પલટણે પ્રતાપગઢમાં આવીને પડાવ નાખ્યો. અને બીજે જ દિવસે સવારના માનગઢ પર કૂચ કરવાનો સંકલ્પ કરી દીધો.

"રાવજી, બધા ય ઊંઘો હો ?" જોતીઆએ પથારીમાં બેઠા થઈ આંખો ચોળતાં કહ્યું.

"હું છે સરદાર ?" પાસેનીજ મઢીમાંથી બહાર નીકળતાં રાવજીએ કહ્યું.

"રાવજી....કોઈના પગનો ધમકારો હંભળાય સં."

"હો....વે ભાયા." રાવજીએ કાનને શરવા રાખતાં કહ્યું.

"જા, બધાયને સાવધ કરી લાવ. હું બંદૂક લઈને આગળ થઉં છું." જોતીઆએ પથારીમાંથી ઊભા થતાં કહ્યું.

"સરદાર, ઉતાવળ કરવાનો આ સમો નથી. ઊભા

રહો. આપણે હારેજ જઇએ છીએ." જોતીઆને ખમચાવું પડ્યું. રાવજી નાયક બીજાઓને ઢંઢોળવા ઊપડ્યો.

માત્ર પાંચ જ મિનિટમાં બધા હથિયાર સાથે લઇને આવી પહોંચ્યા.

"સરદાર....શો હુકમ ?" બધાએ આવતાં જ કહ્યું.

"જરૂર. કોઈ રાજવાળાજ આવી પોંચ્યા લાગે સે." જોતીઆને શંકા જતાં કહ્યું.

ડુંગરના અમુક ઘેરાવામાં સૌ તીર ખેંચતા ઉભા રહ્યા. ડુંગરની એક ધાર ઉપર કેટલાક ઠીંગણી કાયાવાળા ખાખી લેબાસમાં સજ્જ થયેલા માનવીઓ આવી રહ્યા હતા.

"સરદાર, તીર છોડીએ ?" સામી ધારે ચાલતા માણસોને જોતાં જ રાવજીએ કહ્યું.

"ઉતાવળા ન થાઓ....એમ કાયરતા બતાવી તીર સોડાય ? એ હામી સાતીએ જ વિંધવાનું, મર્દાનગીના ખેલ એમ નાં ખેલાય. એમ તો છોકરાં ગોફણો ઉડાવી એકએકને ગતે કરે." જોતીઆએ કહ્યું.

ગુરખા લોકોની કૂચકદમ ઉપર આવી પહોંચી.

"એ કિયા માનગઢના લોહીઆપા નીકળી આવ્યા સે ?" જોતીઆએ ત્રાડ મારી. ગુરખા તદ્દન નજીક આવી રહ્યા હતા.

આવતાંની સાથે જ ગુરખાના ઉપરી અમલદારે હુકમ છોડયોઃ "ફાયર કરો. પકડો....પકડો...."

જોતીઓ બંદૂક સાથે ગુરખા લોકની સામી છાતીએજ ઊભો હતો. "હયો ફેર કરો. પકડો...." જોતીઆએ પોતાની બંદૂકનો ઘોડો દબાવતાં કહ્યું.

પરંતુ જોતીઓ ધારતો હતો તેમ ગુરખા પલટણનો ઉપરી ન વિંધાયો. એ ચતુર અમલદારે લોખંડની નાની સરખી ઢાલ પર ગોળી ઝાલી લીધી હતી. અમલદારને જીવતો જોતાં જોતીઆએ ત્રાડ મારીઃ

"રાવજી, ઢીલ ન કરો. નહિ તો આપણો ઘાણ વળી જહે" ઓચિંતા અણધાર્યા હુકમથી બધા અસ્વસ્થતા અનુભવતા તીરને કામઠીની પણછમાં ગૂંથતા તૈયાર થઇ ગયા.

જોતીઓ છલંગ મારીને પાછો ધપ્યો, અને એક પાષાણના ઓથા પાછળ જઇને ઉભો રહ્યો. અહીં તેને પોતાના જીવની સલામતી લાગી. અને શત્રુઓ પર ઘા કરવાનું સારૂં સ્થળ મળી ગયું.

એના બધા ય સાથીઓ ચપળતા દાખવતા પોતાના જીવની રક્ષા કરતા સામનો કરી રહ્યા હતા.

ગુરખા લોકો પાસે કારતુસોની બંદુકો હતી; બહારવટિયાઓ પાસે એક જ બંદુક હતી, બાકીનાં બધાં તીર હતાં. પરંતુ એ તીરનાં નિશાન બંદુકને ભૂલાવે તેવાં લેવાતાં હતાં. બંદુક કરતાં તીરથી એ ધારેલું નિશાન લઈ શકતા.

માનગઢ ઉપર પાણીપતના મેદાન જેવું નાનું સરખું

યુદ્ધ જામ્યું. જોતીઆમાં પળે પળે અજબ જોમ આવે જતું. એ બંદુકનું નિશાન આબાદ સીધું જ લેતો હતો. પરંતુ ગુરખા લોક આવતી ગોળીને સમયસૂચકતા વાપરીને દિશાવિહીન બનાવી દેતા. અડધો કલાક બંદુકના ધૂમધડાકા ચાલ્યા. ઉપરી અમલદારે ફાયરનો હુકમ થોડા સમયને માટે બંધ રખાવ્યો.

“જોતીઆ, આમ આવ....” અને જોતીઓ ગુરખા અમલદાર પાસે જ જઇ ઊભો રહ્યો.

“તારાં અને અમારાં માણસોનાં શિર રગદોળાશે એ તને ગમે છે ?”

“એવા બાયલા શબ્દો કયાંથી કાઢયા ?” સહેજ સ્મિત ફરકાવતાં જોતીઆએ કહ્યું.

“જોતીઆ, હસવાની વાત નથી. આમાં તારા અને મારા માણસોનો સંહાર જ સમાયેલો છે.”

“સા’બ, અમે તો અમારી છાપરીએથી નીકળ્યા તિયારથી જીવને ખોળીઆમાં રહેવા જ નથી દીધો.”

“એટલે તારો જીવ એમ જ છે કે ખૂનામરકી કરવી એ જ ઠીક છે.”

“જરા યે નહિ.” જોતીઆએ પગના અંગુઠાથી જમીન પરની એક બે કાંકરી આઘીપાછી કરતાં કહ્યું.

“તો પછી આને માટે શો રસ્તો લાવો છો ?” પ્રત્યુત્તરની રાહ જોતાં અમલદાર જોતીઆની સામું જોઇ રહ્યો.

"સા'બ, એનો મારગ મોકળો છે."

"કયો માર્ગ જોતીઆ ?" રાજી થતાં અમલદાર બોલ્યો.

"આવ્યા'તા એ માર્ગે ચાલ્યા જાઓ."

અમલદારના મુખ પર શ્યામતા છવાઇ ગઇ. એમની ધારણા હતી કે જોતીઓ ગમે તે રસ્તો ઉતારશે.

"જોતીઆ, તું જાણે. હવે હું છેલ્લો જ હુકમ ફાયર માટે આપું છું. અને તેમાંથી કોઇ બચવા નહિ પામે તે નક્કી માનજે." અમલદાર કડક થતાં બોલ્યો.

"કુછ...પરવા નહિ." છાતી કાઢી હાથમાં બંદુકને સીધી કરતાં જોતીઆએ કહ્યું.

બીજી વારની બંદુકો ગાજી. તીર પણ સ....રરર કરતાં છુટયાં. તીર ગોળીઓનો એટલો બધો વરસાદ વરસી રહ્યો હતો કે બંદુકવાળાને તીર વાગવાની અને તીરવાળાને બંદુકની ગોળી વાગવાની બીક હતી.

એ નિયમ વિનાના મરણિયા યુદ્ધમાં એક ભીલ જુવાન ઘવાઇને ધરતી પર ગબડી પડયો. એની તીણી ચીસ જોતીઆના કાન પર અથડાઇ. અને તરફડિયાં ખાતા જુવાન પાસે જઇને જોતીઓ ઊભો.

"કોણ, જોખનો....? તારી આ દશા ?" જોતીઓ જોખનાની પાસે આંસુ દદડાવતો બેસી ગયો.

"સરદાર, એમાં આંસુ શા માટે ? આ મારું મરણ કાયરતાનું નથી. વીર મરણ મને વહાલું લાગે છે. અને

એ જ રીતે હું મરૂં છું તેથી મને આનંદ થાય છે. દુઃખની વેદનામાં પણ જોખનાએ મુખ પર સ્મિ લાવતાં કહ્યું.

"સરદાર, તું આં કાં લગી બેસી રહીશ? તારા વ ગુરખા અંદર ઘુસી આવહે." રાવજીએ જોતીઆ પા આવતાં કહ્યું. પણ એ ત્યાં જ ખમચાયો, ખભા પર દદડતા લોહીથી એનું પહેરણ લાલ રંગમાં રંગાઈ ગ હતું. રાવજીની આંખો પણ અશ્રુભીની બની.

"રાવજીભાયા, તું અને હું બંને અહીં ઊભા રે' તો બધો મામલો બગડી જાહે. અને મને તો જોખ પાંહેથી ઊઠવું જ નથી ગમતું."

રાવજી અશ્રુ લૂછતો ત્યાંથી ઊઠયો.

જોતીઆ માટે આ પહેલો જ પ્રસંગ હતો, જે એનો બાહોશ સાથીદાર જોખનો મરણની અંત ઘડીએ ગણી રહ્યો હતો. એવા વીરનું મરણ નજદીક જો જોતીઆને આખી ય સૃષ્ટિ તુચ્છ દેખાવા લાગી. સ્નેહ ઓનાં મૃત્યુનો ઘા કોઈક જ પીછાની શકે છે.

સેનાપતિ વિનાનું લશ્કર આંધળું બની રહે તેવી સ્થિતિ જોતીઆના સાથીદારોની થઈ પડી હતી જોતીઆને ન જોતાં અનેક તર્કમાં ઘેરાતાં, એમ શકિત ઓસરવા માંડી. ગુરખા અમલદાર જોતીઅ પાસે આવ્યો.

"કેમ જોતીઆ, હવે તો કબજામાં આવ્યો ને!

"જોતીઓ કબજામાં નથી આવ્યો, પણ એનું ધારેલું આજે થયું નથી. જોતીઆએ જીંદગીમાં પહેલવહેલું નમતું આપ્યું હોય તો તે આજે જ છે."

"માનગઢ તમારે આજ ને આજ ખાલી કરવો પડશે."

"હું એ જ કહેવાનો હતો કે તમે મને આખરે એજ દમદાટી આપવાના છો." શોક છતાં આછું કૃત્રિમ સ્મિત ફરકાવતાં જોતીઆએ કહ્યું.

જોતીઆના ખોળામાં જોખનાનો દેહ સૂકો ચેતન-વિહીન થઇને પડયો હતો. એવા સંજોગોમાં જોતીઓ સામનો કરવા પણ અસમર્થ હતો, એટલે એમને માનગઢ ખાલી કર્યા સિવાય છૂટકોજ ન હતો.

ગુરખા અમલદારે પ્રથમથી જ અનુભવ્યું હતું કે જોતીઓ કદાચ માનગઢને તજીને જશે પણ તાબે તો નહિ જ થાય. એટલે એમણે કોઇને પકડવાનો હુકમ મોકૂફ રાખ્યો હતો. પકડવા જતાં જોતીઓ છંછેડાયો તો—એ છંછેડાયેલા નાગ જેવો થાય તેમાં જરા યે ભૂલ નહિ. એથી જ અમલદારે સમજાવી પટાવીને પણ માન-ગઢનો વાસ ખાલી કરવા જોતીઆને કહ્યું.

"ઠીક, તો સા'બ, આપ પધારી જાઓ. સાંજ લગીમાં ડુંગર ખાલી કરીને જઇશું."

"પણ જોતીઆ, એની મને શી ખાત્રી? મહારાજા સાહેબને એ વાત જાહેર કરૂં, અને તું ન જાય

તો મારે બનવાનો વખત આવે. મારે હાથે જ મારે બંદુક ખાઈને મરવું પડે.”

અમલદારના કહેવામાં જોતીઆ માટે લાગણી હતી, અને પોતાની ટેક પણ હતી.

“ હચો આ મારૂં વચન....એ ખચીત માનજો કે બહારવટિયાનાં વચન કદિ અફળ જતાં નથી.”

ગુરખા અમલદારને સંપૂર્ણ શ્રદ્ધા ચોટી ગઇ. અને સૌ વિદાય થયા. પરંતુ જોતીઆને માટે આ પ્રસંગ દુઃખદાયક હતો. એક બાજુ જોખનાના મૃત્યુનો આઘાત હતો. બીજી બાજુ આ પ્રસંગ ઉપસ્થિત થયો હતો. આફ્ત વખતે પણ એણે ઘણી જ ધીરજ–શાંતિ રાખી હતી.

“ સરદાર, આજે તો ગજબ થિયો.” જોખનાના મૃતદેહને જ વિંટાઇને બેઠેલામાંથી રાવજીએ કહ્યું.

“રાવજી, ઇશ્વરને ગમ્યું તે ખરૂં. પણ આપણો ચાલાક જોખનો ગુમાવ્યો હે, એ વાત તો તદ્દન હાચી.”

બધાંના મુખ નિરાશા-શોકની છાયાથી વધુ શ્યામ જણાતાં હતાં.

જોખનાના મૃત્યુ પછી માનગઢ ઉપરની એક એક મિનિટ જોતીઆ માટે તદ્દન નિરાશામાં જતી હતી.

જોખનાના દેહને અગ્નિસંસ્કાર કરી ગતે કરવામાં આવ્યો. અને એજ સાંજના બહારવટિયાઓએ માનગઢને –વહાલા નિવાસસ્થાનને છેલ્લા વંદન કર્યો.

પ્રકરણ બારમું

જોતીઆની જવાંમર્દી

જોતીઆએ માનગઢનો વાસ છોડયો અને માનગઢથી નીકળી જુસા પાસેના 'જોહા ડુંગર'માં નવું નિવાસ-સ્થાન બનાવ્યું. જોહાની કરાડોમાં નવો વાસ પૂર્યો.

જોહા ડુંગર પણ બહારવટિયાને રહેવા લાયક–યોગ્ય મળી આવ્યો હતો.

પૂર્વ પશ્ચિમથી બે ગિરિરાજો એકમેકને ભેટવા તાલા-વેલી કરી રહ્યા હતા. ત્યાં તો બહારવટિયાઓએ એ બંનેની વચ્ચે એમને ભેટતા અટકાવ્યા–મુકામ જમાવ્યો.

વાંસની ચીપાટોથી ભરીને નાની નાની છાપરીઓ રહેવા માટે બનાવી હતી. પાસે જ નિર્મળ જળનું ઝરણું નિરંતર વહ્યા કરતું હતું.

એ સ્થળ ભેદી હતું. બિહામણું પણ એટલું જ. બહારવટિયાજ એવા સ્થળને રહેઠાણ બનાવી શકે. કારણ કે એમનું જીગર બેધડક આગળ પ્રગતિ કરતું જાય છે. એમના મનમાં 'ભય' જેવી વસ્તુને સ્થાન

હોતું જ નથી. 'ગોળી' કે 'તીર' ખાવાં એ તો એમને મન એક 'કાંકરી' વાગવા જેવું જ લાગે છે. હા ! એમને વેદના થાય છે, દુઃખ અનુભવવું પડે છે, પરંતુ એ જુવાનડાઓને એની જરાયે દરકાર હોતી નથી.

જોતીઆને જોખનાના મૃત્યુથી આઘાત લાગ્યો હતો. એને આઘાત બે બાજુનો હતો. એક તો એણે સારો સાથી ગુમાવ્યો હતો અને બીજું જોખનાની સ્ત્રી પોતાના પતિનો જાન જતાં પોતાને શું કહેશે ?–તે સાલતું હતું.

પણ એ કારમો આઘાત પણ એને વિસારે મૂકવો પડયો. કારણ કે માથું મૂકીનેજ બહારવટાના ધંધામાં એ પડયો હતો. અને ક્ષણે ક્ષણે આઘાતને લાંબા દિવસ ટકવા દે, તો એ માથાની સલામતી જળવાઇ જ ન રહે.

હારોહાર આવેલી છાપરીઓ જાણે એક નાની સરખી છાવણી જેવી લાગતી હતી.

*

સવારમાં જોતીઓ છાપરી બહાર બેઠો બેઠો હોકો ગગડાવી રહ્યો હતો અને પાસેની છાપરીમાંથી રાવજી આવ્યો.

"સરદાર, આજે રોટલા હેંના ટીપવા હેં ? હમરદો લોટ નથી."

"હેં....? મુદલે લોટ નથી ?–દાણા પણ નથી ?" હોકાને બાજુએ મૂકી દેતાં જોતીઆએ કહ્યું.

"ના, સરદાર...."

"રાવજી, તિયારે તો ભૂંડો દિ આવ્યો. દહ દહ મનખાંને ખવાડહું હું ?" જરા નિરાશા અનુભવતો જોતીઓ બોલ્યો.

"સાલ....હું મોઢું ધોઈ લઉં. તું અને રાવજી તિયાર થઈ જાઓ. આપણે શકારે નિકળવુંજ પડહે. અને મનજી, ગીગલાને કહો કે છાપરીઓ હાછવતાં એ અહીં જ રહે. આપણે ખૂબ જ હંભાળપૂર્વક રેવાનું સે."

"ઠીક...." અને રાવજીએ છાપરીએ જવા પૂંઠ ફેરવી. રાવજી ગયો અને જોતીઓ આકાશમાં મીટ માંડીને જોઈ રહ્યો. જાણે ઇશ્વરને યાદ કરતો હોય તેમ.

રાવજી અને રામજી ભાથામાં તીર ભરીને કામઠીઓ સાથે સજ્જ થઇને આવ્યા.

"સરદાર, આ હું કરશ ? ગાંડો તો નથી થિયો ?" એકધ્યાને જોઇ રહેલા જોતીઆને રાવજીએ કહ્યું.

જોતીઓ હસી પડયો.

"કેમ રાવજી, તને હું ગાંડો લાગ્યો ? હું કંઇક વિચારમાં હતો."

"બીજા શાના....? બધાને ખવડાવવાના વચારમાં હશે." વચ્ચે જ રાવજીએ કહ્યું.

"હા ભાયા, એ જ...." અને જોતીઓ છાપરીમાંથી બહાર નીકળવાની તૈયારી કરવા ગયો.

એણે આજે ખાખી બ્રીચીસ ચડાવ્યું હતું. માથે ગુલાબી રંગનો સાફો બાંધ્યો હતો અને હાથમાં બ્રીજ-

લોટ બંદુક. જાણે એ આબેહુબ કોઇ નાની ઠકરાતનો ઠાકોરજ લાગતો હતો.

બહાર આવતાં જ રાવજીએ વધાવી લીધો.

"સરદાર, તું તો જાણે નાનો બાબો જ લાગે છે."

"ના, ના....?" કહેતાં જોતીઆથી પણ હસી જવાયું.

"સાલો તિયારે...."

અને છાપરીને નમી નમીને જોતીઆએ વંદન કર્યાં. એ વંદનમાં કહેતો હતો કે 'તું અમારો સાથ છોડીશ નહિ. અગર અમને તારાથી અળગા કરીશ નહિ.'

ત્રણે જણા આગળ વધ્યા.

જુહાના ડુંગરની હદ છોડીને જુહાથી નવાગામ જતો પગદંડી માર્ગ એ કાપી રહ્યા હતા.

"રાવજી, આજ અન્નનો દાણોય ન મળે તો હું કરવું ?" સૌથી આગળ ચાલતાં જોતીઆએ કહ્યું.

"સરદાર, તું એવી ચિંતા ન કર. થવા કાળ થયા કરહે. સૌનું રામ બાબો પૂરૂં કરવાવાળો હે."

"પણ....રાવજી તું જાણુસ કે બધા મારા લીધે મારી પાછળ ઘસડાય એટલે એમનું પેટ તો મારે જ ટાઢું કરવું જોઇએ ને ?"

"રામ બાબો હે....સૌ મળી રહેશે." રાવજીએ બધું પ્રભુ પર છોડી દેતાં કહ્યું.

પગદંડી માર્ગ ધોરી માર્ગમાં સમાઇ ગયો. એટલામાં દૂર દૂરની ધૂળના ગોટા વચ્ચે માતંગ બળદો ગાડાંને આ

બાજુ ઢસડી લાવતા જણાયા.

"રાવજી, કંઇકનાં ગાડાં આવતાં ભળાય સે...." જોતીઆએ કહ્યું.

"હા સરદાર, હું એ જ ભાળી રહ્યો છું." રાવજીએ દૂર લંબાવેલી આંખોને સમાવી દેતાં કહ્યું.

"અહીં જ ઠેરીએ." રાવજીએ જરા આનંદમાં આવી જઇ કહ્યું. ત્રણે જણા ત્યાં જ બેઠા.

ગાડાં છેક નજીક આવી લાગ્યાં. જોતીઆએ પડકાર કર્યો:

"ક્યાંનાં ગાડાં હેં....?"

"તારે શું કામ છે, ભીલડા ?" ગાડાંમાં સૂતેલો એક ખાંટ પોલિસ સિપાઇ બેઠાં થતાં બોલ્યો.

'ભીલડા' શબ્દથી જોતીઆનું લોહી તપી ઉઠયું. પોતાનું નાનકડું અપમાન પણ ભારે લાગતું. સ્વમાન એને અત્યંત પ્યારૂં હતું.

"હેઠો ઉતર....આજે તને ય ભીલડાનો સ્વભાવ જણાવું."

બીજો પોલિસ ગાડા પાછળ ચાલી રહ્યો હતો તે આગળ આવ્યો....

"કેમ ભાઇ, શું છે ?" પેલા પોલિસે આવતાં જ કહ્યું.

"શું હોય ? હું તમને એ પૂછું છું કે આ ગાડાં ક્યાં જઇ રહ્યાં સે ?"

"તું અમારો સાહેબ–બાહેબ છે તે અમને પૂછે છે ?"

"સાહેબ નહિ. પણ તારા સાહેબનો ય ઉપરી અમલદાર." જોતીઆએ ઠાવકું મુખ રાખીને કહ્યું.

"હેં....?" પોલિસે સાશ્ચર્ય પૂછ્યું.

"હા, હા....હા....હેં શું ?"

"લાગે છે તો ભીલડા જેવો અને દોઢ ખાંડી પાવર છે." પેલો ગાડા પરનો પોલિસ નીચે ઉતરતાં ધીમેથી બોલ્યો. પણ જોતીઆના શરવા કાનમાં એ સ્વર તરત ઉતરી ગયો હતો.

"લ્યા, હું કેછ....?" પોલિસવાળાની બોચી પકડતાં જોતીઆએ કહ્યું: "પહેલાં એ કહે કે આ દાણાની ગુણોવાળાં ગાડાં ક્યાં જઇ રહ્યા સેં ?"

"બધા ય દાણા સંજેલીના દલીચંદ શેઠના છે." સાંડસામાં પકડાયેલા સાપની પેઠે પોલિસવાળો જોતીઆના પંજામાં પકડાયો હતો.

"દલીસંદ વાણીયાના....?"

"હા...."

"તો વાણિયાના રખેવાળું તમે ક્યાંથી ?" જોતીઆએ કહ્યું.

"ભાઇ, આજકાલ જોતીઆ બહારવટિયાની બૂમ ઊઠી રહી છે એટલે વાણિયાને લૂંટાઈ જવાની બીક લાગવાથી રાજની મદદ માગી. એટલે અમારે નછુટકે રખેવાળી કરવા આવવું પડ્યું છે."

"તિયારે તો આ દાણા ગોધરામાં વેસવાના અહે...."

"હાસ્તો...."

"તિયારે તો તમે જોતીઆથી ગાડાં લુંટાતાં બચાવવા ચોકી કરવા આવ્યા હો....એમ કહો ને !"

"હા ભાઇ, એવું જ."

"જોતીઓ તમારાં ગાડાંને આંતરે તો તમે હું કરો?"

"આ બંદુકનો ઘોડો દબાવ્યો એટલીજ વાર. ભાઇ, એ તો નબળાં પોચાંને સતાવ્યા કરે. અમારા જેવા આગળ એની હિંમત ન ચાલે, હાં...."

"વાહ, તમે બહાદૂર સિપાઈ લાગો હો. રાજમાં તમારા જેવા દશેક આદમી હોય તો જોતીઆ જેવાની ચટણી ઘડીકમાં જ થઇ જાય."

"અરે....ભાઈ, એને પૂરા પડવા માટે તો અમે બે જણા જ બસ છિયે."

"મને લાગે હે કે જોતીઓ અહીંથી રતલામ ગમી ભાગી ગયો હે."

જોતીઆ અને પોલીસના સંવાદથી રાવજી ને રામજી મનમાં હસી રહ્યા હતા..

"ના ભાઈ, એ ભાગી નથી ગયો. અમારા ફોજદાર સાહેબ કાલે રાતના જ કહેતા હતા કે જોતીઓ દિવસે દિવસે રજવાડાંને વધુ હેરાન કરી રહ્યો છે. માનગઢમાંથી નીકળીને જોહામાં ભરાયો છે."

"હે....હાચી વાત....?"

"હા, ભાઇ. અમે જુઠું બોલીએ ?"

"મને તો તમારી વાત હાચી નથી લાગતી...."

"કેમ ભાઇ !" પોલિસે અચંબો પામી પૂછ્યું.

"આવે ધોળે દા'ડે એ ડુંગરમાં હાનો ભરાઇ રહે ?"

"અરે ભાઈ, અમને શી ખબર ? એ વાઘની પેઠે લપાઇનેજ બેસી રહેવાનો. સાવજની પેઠે એ રાતનો રાજા."

"હા. એ વાત પણ હાચી." જોતીઆએ ગંભીર મુખ રાખ્યા છતાં આછા સ્મિતની ફોરમ એના મુખ પર તરી આવી.

"હું....પોલિસદાદા, હાચેહાચ જોતીઓ મળે તો તમે હું કરો ?"

"ફટ....ફટ.... બંદૂકથી એનું ખૂનજ." બંને પોલિસ હર્ષમાં આવી જતાં બોલી ઊઠ્યા.

"હુંજ જોતીઓ બહારવટિઓ. ફોડો તમારી બંદૂક." જોતીઆએ છાતી કાઢીને ઉતાવળે અવાજે કહ્યું.

"ઓહ....જોતીઓ.... "કહેતાં પોલિસોના હાથમાંની બંદુકો નીચે સરી પડી. એમનો દેહ કંપવા લાગ્યો, ગાડાવાળાઓ પણ સ્તબ્ધ થઇ ગયા. હાથમાંના ચાબુક બીકથી હાથની મુઠ્ઠી છુટતાં નીચે પડી ગયા.

ક્ષણુ પહેલાંના બહાદૂર પોલિસ સિપાઇઓ સાવજ પાસેની બકરી સમાન થઈ ગયા.

"તમારા પગને કંપારો કેમ છુટયો સે ?" જોતી-

આએ પોલિસોની સામે જોતાં કહ્યું.

"કંઇ નહિ...." પોલિસો નિરાશા અનુભવતા બોલ્યા.

"આ બે ગાડાં અમે કહીએ તાં વાળો...." જોતીઆએ કહ્યું. પરંતુ બધાય સ્તબ્ધ ઊભા હતા. જોતીઆને શો જવાબ આપવો ? એનાજ વિચાર મગજમાં ગુંગળાઇ રહ્યા હતા.

"જોતીઆ, તને ખબર છે ? રાજવાળાએ અમને ગાડાંની ચોકી કરવા માટે મોકલ્યા છે અને તેજ ગાડાં લુંટાય તો અમારે ઊભા પણ કયાં જઈને રહેવું ? અમારા બાળબચ્ચાંનું શું ?" એક પોલિસ સિપાઈએ ખૂબજ નમ્રતાથી કહ્યું.

"તમારે જરાએ ડરવાનું નથી. રાજવાળા અને દલીચંદ શેઠ પૂછે તો કહી દેજો કે ગાડાં જોતીઆ બહારવટિયાએ લુંટયાં છે. તમારે મારૂં નામ છુપાવવાનું જરા યે કારણ નથી. મને ખબર હેં, એ દલીચંદ વાણિયાએ મારા હજારો જાતભાઈઓને દુઃખ આપી જબ્બર પૈહો એકઠો કર્યો હેં....એનું વિયાજ પણ એટલું જબ્બર હેં કે એ દેવાના ડુંગરમાંથી એકે ભીલ કોરો થાય જ નહિ. એવા માલદારને લુંટવામાં મને જરા યે વાંધો નથી લાગતો." જોતીઆનું ખૂન પોતાના ગરીબ જાતભાઇઓની ગરીબી પર ઊકળી રહ્યું હતું.

જોતીઓ પુનઃ બોલ્યોઃ

"અમારી સામે થવામાં કાંઈ પણ નહિ વળે. તમારા

જીવની સલામતી રાખવી હોય, તમારા બાળકોની હાથની ભરી લાવેલી સલમ પીવી હોય તો ગાડાંને સીધેસીધાં વળાવો. એજ ગાડાંની જરૂર સે, ભલે બીજા ગોધરા જઈને વેસાય.”

“જોતીઆ, અમારી ચોકી પરનાં ગાડાં ન લૂંટ....દયા કર. અમારી સ્થિતિ કફોડી થઇ પડશે.”

“તમેય મારા ભેગા આવી રહો. હું ધાન લુગડું પૂરૂં કરવા તિયાર છું. તમારાં છોકરાં, બૈરાં બધાનું પોહણ હું કરીશ.” સહેજ સ્મિત કરતાં જોતીઓ બોલ્યો.

“ભાઇ અમારા માટે એ બનવું અશકય છે.” એક પોલિસ સિપાઇની આંખોમાંથી આ સંયોગો જોતાં અશ્રુ ટપકતાં હતાં.

“તને પોલિસની નોકરીમાં કોણે રાખ્યો ? આવી પોચી છાતીનો મનખ એમાં નભી શકે જ કેમ ?” જોતીઆએ નવો જ પ્રશ્ન ઉપસ્થિત કર્યો.

“ભાઈ અમારાં હૃદય તો લોખંડનાં છે. માત્ર તારા પડછાયાથી જ એ કુમળાં બની ગયાં છે.”

“સાલો, મારે બીજી પંચાત ન જોઇએ. બે ગાડાં અમને સોંપી દો. માલ નખાવીને ખાલી ગાડા વિદાય કરી આપીશું.”

“જોતીઆભાઇ, આ ઠીક નથી. બહારવટિયાનાં લક્ષણ આવાં ન હોય.” બીજો પોલિસવાળો જે અત્યાર સુધી મૌન સેવતો હતો એ બોલ્યો.

"હું....તારે અમારા લખ્ખણુ જોવાં છે? તારામાં શકિત હોય તો કર અમારો સામનો."

સર....ર....ર....ર....

"રામજી, દોડ. આ તીર કયાંથી આવ્યું ?" જોતીઆએ વેદનાથી ચીસ પાડતાં કહ્યું. કોઇ ગાડાવાળાએ જ ગાડીની ઓથે રહીને જોતીઆને તાકીને તીર છોડયું હતું. એના ડાબા હાથ પર જ એ ભોંકાયું.

"ભાયા, એને ખેંચી કાઢ.... અને તમે તિયાર થઈ જાવ." રામજીએ તીર ખેંચી કાઢયું. અંદરથી રક્ત વહી રહ્યું હતું, છતાં જોતીઓ ઊભો થયો અને બૂમ મારી.

"એ કીયો દગાબાજ નીકળ્યો....લે, આ ગોળી વગર નશાને જ છોડું સું, પણ મારા લોહી તરસ્યાને જ વિંધહે." અને જોતીઆની બંદૂકમાંથી ગોળી છૂટી.

"ઓ રામ....બાબા...." એક ભીલ જુવાન લથડીઉં ખાઇને ભોંય ભેગો થઈ ગયો. જુવાન પડયો અને બધાય ગાડાવાળા ઉશ્કેરાયા. ધારિયાં વગેરે જે હતું તે લઇને સો ગાડાની પાછળથી બહાર આવ્યા.

બહારવટિયાઓ પણ સંપૂર્ણ તૈયારીથી તદન સ્વસ્થ થઇને જ ઉભા હતા. ધૂળના ગોટા વચ્ચે નાનકડું યુદ્ધ શરુ થયું. જોતીઓ ઘવાયલા હાથે ખૂબજ ચાલાકીથી લડી રહ્યો હતો અને પોતાના સાક્ષીઓને સૂચના આપે જતો હતો.

જોતીઆના લાભમાં જ યુદ્ધનું પરિણામ ઊતર્યું,

બહારવટિયા સિવાયના તમામ થાકીને લોથપોથ થઈ ગયા હતા.

“રાવજી, રાવજી, એક એક ગાડીની ધુંસરી પર ચઢી બેહો અને હાંકો. હું જોઉં છું વચ્ચે કિયો મરણિઓ આવે છે”. જોતીઆનો હુકમ છુટયો અને દાણાથી ભરેલાં બે ગાડાં બીજા માર્ગે ફંટાયા. પોલિસ સિપાઇઓના અને ગાડાવાળાઓના દુ:ખનો પાર ન હતો.

“રાવજી, ગાડાં થોભાવો.” પાછળ ચાલ્યા આવતા જોતીઆએ હાક મારી અને એ નજદીક આવી રહ્યો.

“જુઓ, આ ગાડું જોખનાને ઘેર ઠાલવવાનું છે. એના બૈયર છોરાંને બે વરસ લગન ખાવાનું દ:ખ નહિ પડે. અને આ એક ગાડું આપણા જોહા ગમી વાળો. આપણે પણ પેટને માટે જોઈહિં ને ?”

“રામજી, તું લે જોખનાની છાપરીએ અને હું જોહા ભેળો થઇ જઉં છું.” રાવજીએ કહ્યું.

“રાવજી, જાળવીને જજે. અમે ગાડું ઠાલવીને હમણાં જ આવી પહોંચીએ છીએ. અને આજ રાતના જ આ બેય ગાડાં બળદ સાથે દલીચંદ વાણિયાની હવેલીએ પહોંચતાં કરવાં પડહે.” જોતીઆએ કહ્યું. અને બેય ગાડાં જુદી જુદી દિશા ભણી વળ્યાં.

*

“માડી....કોઈ ગાડાવાળો આપણા આંગણે આવીને ઊભો છે....” જોખનાની ઓરત દળણું દળી રહી હતી.

તેની કોટે હાથ વિંટતાં એની દશ વર્ષની છોકરીએ કહ્યું. એણે તરત જ થંભાવી.

"હું કેછ દિકરા? ગાડાવાળો કિયો આવ્યો સે?" અને તે ઊઠીને બહાર આવી.

"કોણ....જોતીઆભાઈ?"

"હા....ભાભી. આ દાણા માટે અમને જગા કરી આપો." જોતીઆએ ખાટલી પર બેસતાં કહ્યું.

"ભાઈ, તમે અમને અણીને ટાંકણે જીવાડયાં સે. બે દનની ભૂખ આજે પાશેરેક મકી દળીને કાઢવાની હતી. અમે આટલા દન મરનારાને અને તમને ગાળો ભાંડી ભાંડીને દન કાઢયા, પણ મને આજેજ હમજ પડી કે મારો ધણી મરદ થઈને મર્યો હે. અને તમારા જેવાની છાયા નીચે એ મર્યો એ માટે હું ખુશી થાઉં છું. ઘણા ય બહારવટિયા થાકયા પણ તમારા જેવો દુઃખીયાને મદદ કરનાર તો હજી લગન નથી હોંભળ્યો."

"ભાભી, અમારા માથે તમને જીંદગી લગન પાળવાની ફરજ આવી હે એટલે એમાં કશી નવાઈ નથી. જોખનાએ મારી અનેક વખતે લાજ રાખી છે. એના જેવો હિંમતબાજ ભીલ બીજો, આ જનમમાં તો મને નહિ ભેટે...."

જોતીઆએ અને રામજીએ દાણાની ગુણો ઉતારી લીધી. અડધી મકાઈ અને અડધી ઘઉંની ગુણો ગાડામાં હતી.

અડધો કલાક બહારવટિયા બેઠા. હુક્કો પીધો. જોખનાની સ્ત્રીએ નાસ્તો પણ કરાવ્યો.

"ભાભી અમે જાશું. અઠવાડિયે પખવાડિયે ભાળ કાઢતા રે'શું." જતાં જતાં જોતીઆએ કહ્યું.

"ભાયા, અમને કશું દુઃખ નથી. રામબાપો તમારા કામમાં જશ મૂકે, એજ...."

અને બળદ આગળ ચાલ્યા.

ચાલતાં ચાલતાં ડુંગરની તળેટી પણ આવી લાગી. સૂર્યાસ્ત પણ થઇ ગયો હતો.

રાવજીનું ગાડું ત્યાં જ ઊભું હતું.

"ચ્યમ ભાયા, આવી ગિયા કે હું....?" નાની સરખી ઝાડી પાછળથી બહાર નીકળતાં રાવજી બોલ્યો.

"હા, ભાયા....ચાલો, રોટા તિયાર હોય તો બચકું ખાઈ લઈએ. પછી હંજેલી ગમે ઉપડીએ. ગાડાં આજ ને આજ વાણિયાની હવેલીએ પહોંચી જવાં જોઇએ."

"ભાયા, તમે ખાઇ લ્યો. હું તો પરવારી તમારી રાહ જોતો જ બેઠો છું." રાવજીએ કહ્યું. જોતીઓ અને રામજી અંદરની છાપરીએ ગયા. વાળુ કરી લીધું અને બળદને જોડયા.

"ગીગલા, મનજી, જાગતા રે'જો. અમે હમણાં જ આવ્યા જાણજો." જોતીઆએ સાથીદારોને ચેતતા રહેવાનું સૂચના કર્યું અને ગાડાં સંજેલીના ધોરી માર્ગે વળ્યાં.

*

"એ....દલીચંદ વાણિયા....જાગે છે કે?...." જોતીઆએ દલીચંદના મકાન આગળ આવીને બૂમ મારી.

"એ અત્યારે કોણ છે, ભાઈ?" અંદરથી અવાજ આવ્યો.

"આ તમારાં ગાડાં–બળદ હંભાળો."

દલીચંદ શેઠે મનમાં જ વિચાર કરતાં બારણું ખોલ્યું. 'અત્યારે મધરાતે ગાડાં ક્યાંથી?.... એટલા પર આવીને એમણે ફાનસની દીવેટ મોટી કરી. પણ કાચના ગોળાને મેંશ છવાઇ રહી હતી એટલે તદ્દન મંદ પ્રકાશ પથરાતો હતો.

"ભાઇ, આ ગાડાં–બળદ ક્યાંથી આવ્યાં?" કપાળે હાથ મૂકીને જોતીઆ તરફ વેધક દૃષ્ટિ નાંખતાં શેઠ બોલ્યા.

"શેઠ, મને ના ઓળખ્યો હોય તો....હું જોતીઓ.... અમારે જરૂર હતી. એટલે તમારા બે ગાડાંના દાણા અમે ઠાલવી લીધા છે. અને આ ગાડાં–બળદ તમને સોંપવા આવ્યા છીએ."

"હેં....જોતીઆ, તેં તો દાટ વાળ્યો. તને મારાં જ ગાડાં લૂંટવા મળ્યાં?–અને પોલિસની ચોકી હતી છતાં....!"

"શેઠ, તમારા જેવા માલદારને મૂકીને જોતીઓ ગરીબને લૂંટશે? ગરીબનું લોહી પીને જ તમે માલદાર થિયા છો. આ તમારો દેહ લાલબુંદ–એ ગરીબના

લોહી ચૂસણુથી જ થિયો હે."

"જોતીઆ, આ કંઈ વન-વગડું નથી. માલ લૂંટીને ઉપરથી દબાવવાની રીત?" શેઠે નરમાશથી તાડુકો કર્યો. શેઠ પગથિયાં નીચે ઊતર્યા અને બૂમ મારી.

"પોલિસ....પોલિસ....જોતીઓ આવ્યો....પકડો."

"જોઈ છે આ?....ચૂપ રહે." છેક શેઠના મોં આગળ બંદુકને લંબાવતાં જોતીઓ બોલ્યો. પરંતુ રાત્રે ગામમાં રોન ફરતી પોલિસ એ બરાડો સાંભળીને દોડી આવી.

"શું છે શેઠ....?" પોલિસોએ આવતાં જ પૂછ્યું.

"જોતીઓ આવ્યો છે."

"ક્યાં છે?"

"આ રહ્યો. શેઠની હારે હું મગજમારી કરો હો? આ મરદની હારે જ વાત કરી લ્યો ને" વચ્ચે જોતીઓ જ બોલી ઊઠયો.

"લે ત્યારે સાંભળ...." આછા અજવાળામાં એક પોલિસે ગોળી છોડી. પણ નિશાન ખાલી ગયું.

"એમ ના નિશાન તકાય. જો, ભાળ" અને જોતી-આએ આંબલીના ઝાડે ડાળને તાકતાં ગોળી છોડી તે જ ક્ષણે કડ....ડ....ડ....ડ કરતાં એક પાતળી ડાળી તૂટીને ઘરની ઉપર પડી.

અને ત્રણે બહારવટિયા બંદુકના ખાલી અવાજ કરતાં સંજેલીની ભાગોળે પહોંચી ગયા.

"મીયાં, તમે શું નિશાન તાકો છો? જોયું જોતીઆનું પાણી? આમલીનું ડાળ તોડી પાડયું. એ ગોળી તમને તાકીને છોડી હોય તો તમે ય ડાળીની પેઠે જમીન પર પછડાત." દલીચંદ શેઠે કહ્યું.

"હી....હી....હી....એમજ ચાલે શેઠ...." હસતા હસતા ચારે રોનવાળા શેઠની હવેલીએથી વિદાય થયા.

દલીચંદ શેઠ પણ હાળી પાસે બળદને કોઢીઆમાં બંધાવીને હવેલીમાં ભરાઇને સૂઇ ગયા.

*

એક રહેઠાણ ત્યાગી બીજે નિવાસ કર્યો, પણ જોતીઆને જોહા ડુંગરમાં પણ જંપીને બેસવાનું ન હતું. કોઇ અદેખાએ એ બાતમી સંત રાજને પહોંચાડી હતી.

બહારવટિયાઓનાં જીવન મૃત્યુના ઓળા પાછળ જ જીવી રહ્યાં હોય છે. રાત હોય કે દિવસ, એમને ચેતતા જ રહેવું પડે છે અને એમાં ગફલત ખાય તો પકડાવાનો વખત આવે છે. અને મહિનાઓનો પરિશ્રમા જે ધ્યેયથી બહારવટે ચઢયા હોય તે ત્યાં જ અટકી પડે છે.

પણ રાજે હવે જોતીઆને પકડવા માટે એક જ નિશ્ચય કર્યો હતો. અને તે એ, કે તેને પકડવા માટે એક હજાર રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. પોલિસોને દોડાવવામાં અને જોતીઆને પકડવા માટે જ રોકવામાં વધારે ખર-

ચમાં ઊતરવું પડતું. અને તે હાથ આવતો ન હતો. હાથતાળી આપીને છટકી જતો.

જોતીઆને આ બધી ખબર એક ભીલ જુવાન મારફતે મળી ગઇ હતી, એટલે એ જોહા પર તદ્દન સાવધાનીથી ચેતતો રહેતો હતો. પરિચિત અને વિશ્વાસ મૂકવા લાયક ભીલો સિવાય બીજાથી એ ચેતતો જ રહેતા હતો. ઇનામની લાલચ બધાને દગો દે.

બહારવટિયાઓ પાસે અનાજ તો પુષ્કળ હતું એટલે એમને એ ચિંતા હતી નહિ.

નેનકી ગામનો દેવજી પલાસ ઇનામની જાહેરાત સાંભળીને અત્યંત હર્ષમાં આવી ગયો. સંત જેવું રાજ્ય ઇનામ આપશે અને 'શાબાશી' આપશે તે જુદી. એ માટે એ જોતીઆને પકડવાની પ્રપંચજાળ બીછાવતો ગયો.

એક વારે દેવજી પલાસ જાતે જ જોહા પર જોતીઆની મુલાકાતે આવ્યો. જોતીઓ દેવજીને બરાબર ઓળખતો હતો. અને તેના જ ભાઇનું એના હાથે ખૂન થઈ ગયું હતું, એટલે તેનાથી તદન સાવચેત રહેતો હતો.

"ઓ....હો તું ક્યાંથી, દેવજી? આવ." સ્વાગત કરતાં જોતીઆએ કહ્યું.

"તને મળવા જ. રામ....રામ...."

"રામ....રામ....આવ ભાયા. મનજી, સલમ ભરી

લાવજે” જોતીઆએ છાપરીની બહાર દૃષ્ટિ નાંખતાં કહ્યું.

“સાલ દેવજી, બહાર જ બેહીએ. નાની સરખી છાપરીમાં અકળાઈ જવાય હે” અને બંને બહાર આવ્યા. રાવજી અને રામજી પણ ત્યાં આવી પહોંચ્યા.

“જોતીઆ ભાયા, મારૂં કીધું માનીશ ?” ચલમ-માંથી આછો પાતળો ધુમાડો કાઢતાં દેવજીએ કહ્યું.

“ભલે કહે–” આશ્ચર્યથી એના સામું જોઈ રહેતાં જોતીઆએ કહ્યું.

“જો, સંથરામપુરવાળાએ તને પકડવા માટે ઇનામ કાઢયું હે. આપણા બંનેનો જૂનો સંબંધ હે. ઘણી ય વાર હારે ડગરાં ચરાવ્યા હે. તારા હાથે જ મારા ભાઇનું ખૂન થિયું. એ બધી અદાવત મારે ભૂલી જવી હે. પણ તું એક કામ કરૂં, તો.”

“હું કામ ? કહે ને....” જોતીઆએ રાવજીને ચલમ આપતાં કહ્યું.

“ધાડમાં લઈ ગયેલાં બધાંય ડગરાં પાછાં વાળી આપ.”

“દેવજી....ગાંડો થિયો કે હું ? ડગરાંને પાછાં વાળવા લેઈ ગિયા’તા ! એ તો પોંચી ગયાં છેક રતલામ સુધી. બધા ય વેરણખેરણ થઈ ગિયાં.” જોતીએ કહ્યું.

“તો અમુક ઉચ્ચક રૂપિયા ગામવાળાને આપી દે.

અમે બધા ય સમજી જાશું. આ તો તારા ભલાને માટે. નહિ તો ઇનામની લાલસે કોઈક નેનકીવાળો તને પકડાવહે.” દેવજી પલાસે કહ્યું.

“દેવજી, એમાનું કશું નાં બને. મને પકડનાર નેનકીમાં કોઈ નથી. માત્ર તું એકલો જ મારો દુશમન હે. પણ તું તો મારા પંજામાં આવીને સપડાયો હે. રાવજી, એને બાંધી દો.”

જોતીઆનો હુકમ સાંભળતાં જ દેવજીને રસીથી બાંધવામાં આવ્યો.

“જોતીઆ, સીધી સલાહ આપવા આવ્યો ત્યારે આ દશા ?” કંઈક દયાજનક દૃષ્ટિ કરતાં, આંખ ભીંજવતાં દેવજીએ કહ્યું.

જોતીઓ હસી પડયો અને બોલ્યો–

“દેવજી, ગાંડો થિયો....સાવજ એમ શિયાળવાને સતાવે ખરો ? આ તો તારૂં પાણી માપતો હતો અને તને બતાવતો હતો, કે મને પકડાવનાર એકજ મારો શત્રુ મારા કબજામાંજ હે.” અને જોતીઆએ પોતાની જાતેજ દોરડાની ગાંઠો છોડી નાંખી.

“ભાયા, રામ....રામ....તિયારે.” ઊભા થઈને દેવજીએ કહ્યું.

“ચ્યમ, રોટોબોટો નથી ખાવો....?”

“ના ભાયા, ધરાઈ ગિયો.” કૃત્રિમ ઓડકાર ખાતાં દેવજીએ કહ્યું.

દેવજી જોહા ઉતરીને નેનકીની પાદરે વળ્યો. જોતી-

આને કોઈ પણ હિસાબે પકડાવવાની મજબૂત ગાંઠ વાળીનેજ એ જોહા પરથી ઊતર્યો હતો.

જોતીઓ પણ દેવજીને શત્રુ તરીકે સારી રીતે ઓળખતો હતો.

*

દિવસોની દોડધામના પરિશ્રમથી કંટાળી જોતીઓ તેના મિત્ર કાનજીને મળવા રતલામ પાસે છેક આંબળીઆ પાળ આવ્યો. ગામના ગોદરેજ કૂવો હતો, તે પર અનેક ભીલ યુવતીઓ પાણી ભરી રહી હતી.

તરસ છીપાવવા જોતીઆએ ઘોડો કૂવા આગળ અટકાવ્યોઃ "મુસાફરને કોઈ પાણી પાશો કે?"

જોતીઆનો મૃદુ શબ્દ સાંભળતાં બધી ભીલ સુંદરીઓ શરમાઈ ગઈ. પણ ચંદાડી નામની એક યુવતીએ કુવામાં ઘડો પડાલવી પાણી કાઢયું. અને જોતીઆ તરફ જોતાં કહ્યુંઃ

"આંબળીઆપાળનાં નીર તો ભારે હે....હો કે ભાયા....?" ભીલ સમુદાયમાં થતી આવી અનેક મશ્કરીઓમાંની આ મજાકને જોતીઓ તરતજ કળી ગયો.

"ભારે પાણી હું? પત્થરનાંએ પાણી પચાવવાની શકિત જોતીઆમાં છે." જોતીઓ નામ સાંભળતાં ચંદાડીને માન ઉપજ્યું. એણે અનેક વેળા એ વીર નામના પડઘા સાંભળ્યા હતા. અને જોતીઆની વીર પુરૂષ તરીકેની કીર્તિ સાંભળી હતી. ત્યારથીજ

જોતીઆને જોવા તેને તલસ જાગેલી. એજ પુરૂષ એની દૃષ્ટિ સમક્ષ જોતાં એનું હૃદય થનગની ઊઠયું. જોતીઆના ખોબામાં પાણી રેડતાં ચંદાડીએ અનેક વિચારો મનમાં ઘોળી દીધા.

“ બોસ....બોસ....”

સાંભળતાં ચંદાડીએ પાણી પાવું બંધ કર્યું. આસપાસ જોયું. પરંતુ તેની સાહેલીઓ–ભીલ યુવતીઓ ચાલી ગઈ હતી. ચંદાડીએ જોતીઆનો હાથ પકડતાં કહ્યું:

“ જોતીઆ, મહિનાઓથી તને જોવા હું તલસતી હતી ને તારી સાથેજ લગ્ન કરવાનો મેં નિરધાર કરી રાખ્યો છે. એજ વીર પુરૂષ–મર્દ બહારવટિયો જોતાં મારો વિચાર વધુ મકકમ બને છે. ”

“પરંતુ તારૂં નામ....”

“ચંદાડી.”

“ચંદાડી ? નામ તો ઘણું અવલ છે.” બંને હસી પડયાં. જોતીઆએ હાથ છોડાવ્યો.

“ઠીક....ચંદાડી, હવે કોઇ વાર મળીશું.”

“અરે હાં....ઊભા તો રહો....?” ચંદાડીએ આગળ આવી ઘોડાની લગામ પકડી લીધી.

“ચંદાડી, હજી મારે થોડાક દિવસ આંબળીઆપાળમાં રહેવાનું છે. ત્યાં મને મળજે.”

“પણ મને મળવાનું વચન આપો તિયારે ઘોડો હાલે.”

“ચંદાડી, બહાવટિયાના બોલ એ જ વચન છે.

મારા બોલ પર વિશ્વાસ રાખ. હું તને જરૂર જરૂર મળીશ.”

“તમારા બોલ પર છોડું છું. હે....પણ તમારો ઉતારો કયાં સે ?”

“કાનજી કોટવાળ મારો જૂનો ભઇબંધ છે. એટલે મારો મુકામ ત્યાંજ છે. ત્યાંજ મને મળજે.” ચંદાડીએ ઘોડાની લગામ છોડી. ઉભયની એક થએલી દૃષ્ટિમાં વિક્ષેપ પડયો. જોતીઆનો ઘોડો ગામ તરફ ઊપડયો. ચંદાડી જતા ઘોડાને જોઈ જ રહી.

માટીનો ઘડો અને માટલું માથા પર મૂકી હૃદયમાં જડાઈ રહેલા જોતીઆનું સ્મરણ કરતી ચંદાડી પોતાની છાપરી ગમી વળી.

“કાનજી કોટવાળ હેકે....?” ઘોડા પરથી ઊતરતાં જ જોતીઆએ હાક મારી.

“એ કોણ ભાયા....?” અંદરથી અવાજ આવ્યો.

“હું જોતીઓ....!”

કાનજી જોતીઆનું નામ સાંભળતાં જ બહાર આવ્યો.

“હે....જોતીઆ ભાયા, તું કાંથી ?” બંને દોસ્તો ભેટી પડયા. આનંદથી મળ્યા. ખાટલા પર બેઠા.

“કાનજી, અઠવાડિયું આરામ લેવા તારી ગમી આવ્યો છું.”

“ભલે આવ્યો ભાયા.... ઘણા દિયે મળ્યા....એ....

આજ તો કહાર કરી નાખજે....” કાનજીએ છાપરીના બારણા તરફ જોતાં એની સ્ત્રીને ઉદ્દેશીને કહ્યું.

ઉભય મિત્રો અને મિત્રપત્નીએ સાથે બેસીને કંસાર ખાધો–ખૂબ પેટ ભરી ભરીને વાતો કરી. નિદ્રાદેવીનું સામ્રાજ્ય જામતાં સૌ એની ગોદમાં લપાઈ ગયાં.

*

“ચંદાડી, તું અહીં કયાંથી ? કોઈ દિ નહિ ને....?” કાનજીએ કહ્યું.

“કાનજી ભાયા, તમારે તાં નવો મેમાન કિયો આવ્યો સે ? એને હું મળવા આવી સું.”

“મારે ઘેર ?–મારી છાપરીએ તો કોઇ નથી આવ્યું.” કાનજીએ જોતીઆ બહારવટિયાની હકીકત છૂપાવતાં કહ્યું.

“કાનજી રામબાબાની આણ ખાઓ, કોઇ ના આવ્યું હોય તો ! જોતીઓ આવ્યો સે. કૂવે અમે ભેળાંય થિયેલાં અને અમારાં લગન પણ થવાનાં સેં....” ચંદાડીએ કહ્યું. કાનજીને આશ્ચર્ય થયું.

“હું....જોતીઓ તારી હારે લગ્ન કરવાનો હે ?”

“હાસ્તો....” શરમાતાં ધરણી તરફ જોઇ રહેતાં ચંદાડીએ કહ્યું. અને ઢાળીઆમાંથી જોતીઓ ત્યાં આવીને ઊભો. કાલવાળી જ યુવતીને જોતાં જોતીઆને એના પર વિશ્વાસ બેઠો. એને વિચાર ઉદ્ભવ્યો. “મારા તરફ સ્નેહ વિના એ અહીં શાની ખેંચાઇ આવે?”

"ભાયા, તું તો બહુ ઊગ્યો.!" કાનજીએ કહ્યું.

"કાનજી, તને હું એક વાત કરૂં? છેક વ્હાણું વાતાં સુધી મને તો આ ઊભી છે, તેનાં શમણાં જ આવ્યા કર્યાં હે" જોતીઆએ ચંદાડી તરફ અંગુલિનિર્દેશ કરતાં કહ્યું.

"તિયારે લગન કરી નાંખે તો?" હસતાં હસતાં કાનજીએ કહ્યું. કાનજીની સ્ત્રી પણ બહાર આવી.

"ભાયા, હમણાં લગન થાય એવો વખત જ ક્યાં સે?" જોતીઆએ કહ્યું. અને ચંદાડીના હૃદયમાં ચિરાડો પડયો. "જોતીઓ વસન આપીને મને છોડી દેશે તો?" એ બોલી.

"કાનજી ભાયા, અમારે તો વગર લગને લગન જ થઇ ગિયાં સે. આજથી હું આવીને એના ઘરમાં ભરાઇ. એ મારો ધણી ને હું તેની બૈયર. અમારા બેમાંથી કોઇ વાંકું સાલે, તો સૂરજ દેવતાની આણ...."

જોતીઆથી નીચું જોવાઇ ગયું.

અઠવાડિયા સુધી જોતીઓ કાનજીનો મેમાન થયો. ચંદાડીને અને કાનજીને છોડીને એ જોહા ભણી વિદાય થયો. જતાં જતાં કાનજીને કહેતો ગયો કે 'ચંદાડીની ભાળ રાખતો રહેજે અને મને વખત મળતાં હું પણ મળવા આવી જઇશ.'

*

"સરદાર તેં તો બહુ દન ગુમાવ્યા. ચાર દનનું કહીને ગયો તો અને આઠ દન થઇ ગિયા."

"પણ રાવજી, ઘોડા પરથી તો ઊતરવા દે." હસતાં હસતાં જોતીઆએ કહ્યું. ઘોડા પરથી નીચે ઊતર્યો. છાપરી પાસે આવીને બધા ય ટોળે મળ્યા.

"બોલો, શી ખબર હે....?" જોતીઆએ કહ્યું.

"સરદાર, દને દને જુદા જુદા ભણકારા હુંભળાય હેં. દેવજી પણ ખૂબ જ આડો ફાટયો હેં. જ્યારે તિયારે એજ આપણને દગો દેહેં. દુશ્મનને જતો કર્યો એજ આપણે ભૂલ કરી." રાવજીએ કહ્યું.

"ભાયા, બનવા કાળ બની ગિયું. હવે એ ચંતા કરે હું વળે?–પણ એ વના બીજી હી નવાજૂની?"

"કેટલાય આપણી જાતવાળા ઇનામની લાલચે રાત દન ડુંગરની આગળ પાછળ ફર્યા કરે હે....અને પકડવાની પેરવી ગોતે હેં."

"પણ જુહાનો એકે ની હોય...." જોતીઓ બોલ્યો.

"ના ભાયા, બધા ય હુથિયાના...."

"રાવજી, કાલે સુંથના બાબાની વરસગાંઠ હે. હું જેલમાં હતો, તિયારે એ મારા પર ઘણું જ વહાલ રાખતા હતા. કાલે એમની ભરી કચારીમાં જઇને સલામ કરી આવવી. એક વેળા એમણે મને કીધેલું કે 'જોતીઆ, હું તારા પર ખુશ છું અને મારી જનમ તારીખે તને જેલમાંથી છોડી દેવામાં આવશે.' એટલે મારે એ ભલા

બાબાને સલામ તો કરી આવવી જ છે."

"સરદાર, એ બધું ખરૂં. પણ તાં રાજદરબારમાં જવું એ જોખમભરેલું છે...." રાવજીએ કહ્યું.

"ભાયા, હું એ જાણું છું, પણ મને એનાં દરશન કરવાનું મન થી ગયું છે. સાલ, હવે ભૂખ કકડીને લાગી છે. રોટો આપો તો ઠીક."

જોતીઓ રાવજી તથા રામજી સાથે ખાવા માટે છાપરીમાં ગયો.



પ્રકરણ તેરમું

રાજદરબારમાં

સંતરામપુર રાજનો દરબાર ખૂબ જ દબદબાથી ભરાયો હતો. રાજ્યના મુખ્ય અમલદારો ઉપરાંત ઠાકોરો અને શહેરી સજ્જનોની મોટા પ્રમાણમાં હાજરી હતી. સંગીત માટે ખાસ દૂર દૂરથી–અલ્હાબાદથી અને દિલ્હીથી ગવૈયાઓ બોલાવ્યા હતા. અત્તરની સુગંધની મઘમઘ આખા ય મંડપમાં ફેલાઇ રહી હતી. એક બાજુ ચોપદાર રૂપાની છડી સાથે ઊભો હતો. મહારાજા આવવાને થોડી જ વાર હતી. એ પહેલાં એક ઠીંગણો જુવાન માથે રેશમી લીલો સાફો સફેદ લાંબો કોટ, સફેદ બ્રીચીસ સાથે આવ્યો અને એક બાજુ ઠાકોરોની પડખે જ ગોઠવાયો.

બધા ય ઠાકોરો એ અજાણ્યા રાજકુમાર જેવા લાગતા યુવક તરફ ટીકી ટીકીને જોઇ રહ્યા. પણ કોઇની જીગર એને પૂછવાની ચાલી નહિ. ચોપદારે છડી પોકારી. મહારાજા સાહેબ આવીને સિંહાસન પર ગોઠવાયા.

એમની ચપળ આંખો સભાજન પર ફરકી રહી હતી. ભીલા સાફા પર પણ એમની દૃષ્ટિ પડી. એ જુવાનને એ ઓળખી ન શકયા. છતાં સભામાં આવવાનો સૌને અધિકાર છે. 'કોઈ હશે,' એમ મન વાળી લીધું.

દીવાન, ન્યાયાધિશ અને બીજા અમલદારોનાં તેમજ શહેરી ગૃહસ્થો અને તાબાના ઠાકોરોનાં ભાષણો થયાં. પુષ્પહાર આરોપણ થયા. ગુલાબજળ અને અત્તરની મઘમઘ વધુ પ્રસરાવવા, જ્યાં ત્યાં તે છાંટવામાં આવ્યું. પાન સોપારીથી દરેકનું સ્વાગત થયું. એક ખુણેથી સંગીતનો ધ્વનિ સૌનું ધ્યાન એ તરફ ખેંચતો શરૂ થયો. સૌનાં મન એ બાજુ વળ્યાં.

લગભગ પોણો કલાક સંગીતની રમઝટ જામી. ભાટ, ચારણોએ દોહા લલકારવા માંડયાં. કેટલાકોએ કવિતા પણ ગાવા માંડી. ક્ષત્રિયોની વંશાવલિ, એમનાં ગુણગાન શરૂ થયાં. આગલા ક્ષત્રિયોની શૂરાતનગાથા સાંભળતાં સૌનાં મન પણ તેજ થતાં ગયાં. વીર રજપૂતોની યાદ સાંભળતાં એમને પણ શૂરાતન ચડવા માંડયું.

જોતીઓ બહારવટિયો ભીલ હતો. શૂરાતની પુરૂષ હતો. એના અંગેઅંગમાં તો વીરરસની જાર ઊતરી હતી. બે પગે અદ્ધર થઈને એ ભાટ ચારણોના સામું જોઈ રહ્યો હતો.

દોહા બંધ થયા અને નોકરવર્ગ, ગરીબ વર્ગ

વગેરેને ભેટ આપવામાં આવી. નોકરવર્ગ અને શહેરી ગૃહસ્થો તરફથી જન્મતિથિના શુભ દિને મહારાજાને કેટલીક રકમોનાં નજરાણાં થયાં. બધાનું કામ પૂરું થયું અને જોતીઓ ભર્યા દરબારમાં ઊભો થયો. સૌની દૃષ્ટિ એને ધારી ધારીને જોવામાં રોકાઇ. એ ધીમે પગલે મહારાજાના સિંહાસન સન્મુખ આવ્યો. એમના ચરણે ઝુમીને વંદન કર્યા. રેશમી લાલ કાપડમાં વીંટેલી ભેટ મહારાજાના ચરણ આગળ મૂકી દીધી. મહારાજા એ અજાણ્યા માણસને જોઈ રહ્યા. જોતીઆએ પૂંઠ ફેરવી અને મહારાજા બોલ્યા:

"જુવાન, ક્યાંના રહીશ છો....?"

જોતીઓ મહારાજા સન્મુખ ફર્યો. બે હાથે વંદન કરીને બોલ્યો:

"બાપુ...., રહીશ તો આપના રાજનો પણ કહેવાઉં....પણ કેટલાક વખતથી આપનું શરણ છોડી દીધું છે." સભાજન ચકિત થતા વાતચીત સાંભળી રહ્યા હતા.

મહારાજાએ બીજો પ્રશ્ન કર્યો:

"તમારૂં નામ ?"

"બાપુ...મારૂં નામ જાણવાથી આપને શો ફાયદો ?" જોતીઓ હિંદુ–શાહુકારી જાતમાં કેળવાયલો હોય તેમ સાવધાનીથી શુદ્ધ શબ્દોથી જવાબ આપતો હતો.

"જુવાન, તમે અપરિચિત લાગો છો એટલે જ પૂછું

છું. બાકી મારી રૈયત સાથે મારો સંબંધ ગાઢો છે એટલે હું બધાને ઓળખી શકું છું.”

સભાજનોની ઉત્સુકતા વધતી જતી હતી. ભર્યા દરબારમાં ખૂદ મહારાજા અજાણ્યા યુવાન સાથે વાતો કરે, એ આ પહેલોજ બનાવ હતો.

“બાપુ....મારી મૂકેલી ભેટથી આપ મારૂં નામ જાણી શકશો.” અને બીજા અમલદારો બેઠા હતા ત્યાં આગળ થઈને જોતીઓ મંડપનો કઠેરો કૂદીને સભા બહાર નીકળી ગયો. દીવાને ઊભા થઈને ભેટનો રૂમાલ ઊંચો કર્યો, તો અંદરથી કંકુ છાંટેલું નાળિયેર અને રૂપિયો નીકળ્યાં. એક નાની સરખી કાગળની ચબરકીમાં લખેલું નીકળ્યુંઃ ‘જોતીઓ.’ દીવાને એ ચિઠ્ઠી મહારાજાના હાથમાં આપી. મહારાજાએ વાંચી અને કંઇક નિરાશાની છાયા એમના મુખ પર જણાઇ. દીવાને અને એમણે એ વાત પર પરદો રાખ્યો.

*

“સરદાર, તુંતો સવેળા આવી ગિયો.”

“બાબાને સલામ કરીને નજરાણું ધરીને આવ્યો.” સસ્મિત જોતીઆએ કહ્યું.

“તું યે કોઈ રાજદીકરા જેવો થઇને ગિયો હતો ને.”

જોતીઆના દેદાર જોઇને બધા હસી પડયા.

પ્રકરણ ચૌદમું

આફતનાં વાદળ

માનવીના જીવનમાં સુખદુઃખની છાંયડી વિખરાયલી જ હોય છે. દુઃખને અળગું કરવા એ પ્રયત્ન કરે છતાં વિધિના લેખ કદિ મિથ્યા થતા નથી.

બહારવટિયાઓનાં જીવન અનેક વિંટબણાઓથી વીંટાયેલાં હોય છે. જીવનનો આનંદ રસ એમને એ પ્રવૃત્તિમાં દૃષ્ટિગોચર થાય છે. પણ તેમ એ જીવન કેટલી ય વાર નિરાશ લાગે છે.

આંબલીઆમાળથી જોડામાં આવ્યા પછી જોતીઆની મનોદશાએ પલટો લીધો હતો, અને તે એક જ કારણે–ચંદાડીના સ્નેહપાશે એને બદ્ધ કરી દીધો હતો.

ભાનુમહારાજે ડુંગરની ભેખડોમાંથી કૂદાવીને જોતીઆની છાપરી પર સોનેરી કિરણ પાડયાં હતાં. જોતીઓ વિચારમગ્ન દશાએ ગોદડીને પગ વચ્ચે વીંટતો વિચારોની પરંપરા ગુંથી રહ્યો હતો, ત્યાં તો રાવજીએ આવીને કહ્યું:

"સરદાર, તેં તો ખૂબ નિદર લીધી." જોતીઓ

ચમકયો. એને જરા ક્ષોભ થયો. એ પથારીમાં બેઠો થઇ ગયો.

"એમ રાવજી, હું બહુ ઊંઘ્યો ?"

"હાસ્તો, જો તો ખરો, દન કેટલો માથે આવ્યો હે !" પણ જોતીઆને એ ભાનજ ન હતું. એ સસ્મિત બોલ્યો:

"રામજી, મને મૂરખ ન સમજ. માંડ માંડ સૂરજ-બાપો હમણાં જ ઉગ્યો અહે." જોતીઆના બેહુદા કથનથી રામજી હસી પડયો. તેજ વખતે રાવજી પણ ત્યાં આવી પહોંચ્યો.

"સરદાર, તારી નિદર તો જબરી !" જોતીઆને હવે જ ભાન આવ્યું કે પોતે ચંદાડીના વિચાર મંથનમાં ભાનભૂલો થઇ ગયો છે. એ તરત જ ગોદડીને બાજુ પર નાખીને ઊભો થઈ ગયો. અને હાથમાં લોટો લઇ શૌચ જવા નીકળ્યો.

"રાવજી, તને સરદારનો ચહેરો જોતાં એનું મન ક્યાંતું નથી લાગતું ?" રામજી નાયકે કહ્યું.

"હં....અ ભાયા, આંબળીઆમાળ જઇ આવ્યા પસી એ વચારમાં ને વચારમાં જ ડૂબેલો ભળાય હે."

"પણ આમ એકાએક—અને આ પલટો તો મને વિચિતર લાગે હે."

"એને પૂછયા વના આપણી ગણતરી હું કામની ? લે સલમમાં વહધી પૂર." ચલમ રામજીને આપતાં

રાવજીએ કહ્યું.

ધૂમાડાના ગોટા કાઢતાં રાવજીએ કહ્યું.:

"ભાયા, કોઇ નવાજુનીમાં તો નહિ હપડાયો હોય?"

"રામબાપો જાણે, રામજીભાયા!"

"મને તો ઇમ લાગે હે...." રામજીનું વાક્ય પૂરું ન થયું ત્યાં તો જોતીઓ આવી પહોંચ્યો. બાજુ પર લોટો મૂકીને એ ઉભયની વચ્ચે બેઠો.

"લે ભાયા...." ચલમ જોતીઆને આપતાં રાવજીએ કહ્યું.

"મરવા દે ને. રામજી, મને તો કંઇ ગોઠતું નથી." જોતીઆએ ચલમ લેતાં કહ્યું.

"ક્યમ સરદાર, તારા મોંમાંથી આજ આવાં વેણ ક્યાંથી?"

"રાવજી, રામજી, આજ હું આંબળીઆમાળ ગમી જવાનો હું." જોતીઓ મૂળ વાત પર આવ્યો. ગીગલો મનજી વગેરે પણ આવીને બાજુ પર બેઠા હતા. જોતીઆનું કહેવું સાંભળીને બધા નિરાશામાં ડૂબતા એને પ્રશ્નો પૂછી રહ્યા હતા.

"સરદાર, તું આ હું બકે છે? તારી બુદ્ધિ ક્યમ બેરી હુંઠ થઇ ગઇ હે? વીર સરદાર, સાવજડા, તું આમ ઢીલો કેમ બન્યો હે?"

"ભાયા મને આંબળીઆમાળની જ ઝંખના થઇ રહી હે. એ ગામ મને બોલાવતું હોય એમ મારા

કાનમાં પડઘા પડે છે."

"સરદાર, અમે તારા મનખ જ છીએ. તારા માટે અમારાં શિર રગદોળવા અમે તિયાર છીએ. જીવતાં અમે તારો સાથ છોડવા માગતા નથી. પછી તું આમ નિરાશ શા હારૂં બોલે છે ?"

"વીર સાથીઓ, હું તમારી સેવાથી બહુ ખૂશ છું પણ મારૂં મન હવે મને એક પળ પણ અહીં રોકાવા દે તેમ લાગતું નથી."

"સરદાર, તારા મનનો મુંઝારો અમને જણાવ....અમે તને અહીંથી કદિ રજા આપવાના નથી."

"ભાયા, આપણા બહારવટાના દિ ભરાઇ ચૂક્યા હોય એમ મને લાગે છે. આપણે કોઇને કનડયા નથી, ગરીબોની હાય આપણે લીધી નથી એટલે રામ બાપો જરૂર આપણા લાભમાં ઉતરશે. પણ....હમણાં તો હું જોહાને છોડવાનું માગું છું—તમારી પાંહે એ રજા જ હું માંગુ છું—હું મહિને પંદર દને આ ગામમાં આવીશ. ત્યાં લગી તમે હધળાં તમારા બૈયરના ભેળા થઇ આવો. હં....અને બીજું, હું તમારાથી કશું છુપાવવા માગતો નથી. આંબલીઆમાળમાં મેં એક બૈયર કરી છે....મરનારીના આગળ મેં પાણી લીધું હતું કે મારા જીવતાં હું કદિ બૈયરના હામું જોનાર નથી. એ પ્રતિજ્ઞા મેં તોડી છે એટલે મને કંઇ કંઇ ભણકારા વાગી રહ્યા છે."

"સરદાર, આખરે તું લલચાયો ?....જુહામાં મેં

તને એ સંબંધમાં વાત કરી હતી તિયારે તો તું વચનનો વાંધો લાવતો હતો. હવે એ વચન કયાં ગિયું?" રાવજી બોલી ઊઠયો.

"રાવજી ભાયા, હવે મને વધારે ન શરમાવ. હું સમજું છું કે હું વચનભંગ થિયો હું. મારાથી એટલું પણ નહિ જળવાયું. હવે હું પસતાઉં છું."

"સરદાર, તો આજે આપણે ભેળા રે'વાનો છેલ્લોજ દન હે ?" રાવજી બોલ્યો અને જોતીઆની આંખમાંથી અશ્રુની એક પાતળી ધાર વહી. એ બોલ્યો–

"વફાદાર સાથીઓ, તમારા કહેવાથી આજે મારા જીગરમાં જાણે કટાર ફરી રહી છે. એ કટાર કરતાંયે મને બીજી કટાર જીગરને વધારે જખમી કરી રહી છે. મને તમારો સાથ છોડવો જરાયે ગમતો નથી." એની આંખમાંથી દડદડ આંસુ વહે જતાં હતાં.

"સરદાર, તારૂં દુઃખ અમારાથી ખમાતું નથી. એટલે તને રજા આપીએ સીએ, પણ એટલું યાદ રાખજે કે આ તારા સાથીઓ એક જ સંદેશે તું જ્યાં બોલાવીશ તાં આગળ આવીને હાજર રહેશે. તારા જેવા મરદને એક નહિ પણ સો સાથીઓની જરૂર પડહે તો એ પણ આવહે." રાવજી નાયકે કહ્યું.

આજે સૌના હૃદય વલોવાઈ ગયાં હતાં. જોતીઆને છોડવો એ સૌને દુઃખદાયક સમય હતો.

"ભાયા, તમે બધા સુખથી રહો એ જ મારો

મરજી છે. સરકાર હવે તમને કનડવાની નથી, એ જરૂર સમજજો. હવે તો ફક્ત એ મારા ઉપર જ રોષ ઠાલવહે. હું એનાથી જરાયે ગભરાતો નથી. રામબાબો કરહે એ ખરૂં....તમેય મારા હાટુ ઘણું દઃખ વેઠ્યું હેં....હવે પાછલી જીંદગી સુખમાં ગાળો. રામબાબો તમારી કુમકે રહેશે." જોતીઓ અંતરિક્ષ ભણી દૃષ્ટિ નાખી કહી રહ્યો હતો.

"સરદાર, તેં ય આપણી કોમના દઃખ કાપવા બહારવટાનો ભેખ ધારણ કર્યો હેં. તને રામબાબો હજાર વરહાંનો આવરદા આપે." રાવજીએ કહ્યું..

બહારવટિયાનાં હૃદય એક એકના અપ્રતિમ સ્નેહથી ગુંથાઈ ગયાં હતાં. એ સ્નેહ છોડવો એમને ગમતો ન હતો.

સાહસના દાખલા ઘણા જોવામાં આવે છે. વાંચવામાં આવે છે, અને અનુભવમાં પણ આવે છે.

સાહસ ખેડવું સહેલું નથી. એ અઘરૂં કાર્ય છે. ઉત્તર ઇંગ્લાંડનો મશહુર બહારવટિયો મિ. વિલ્સન પોતાના પુત્રના શિર પર લીંબુ મૂકીને તીરથી એને બરાબર વિંધી શકતો હતો. જોતીઓ બહારવટિયો પણ એવું જ નિશાન ઘણી સહેલાઇથી લઇ શકતો, પણ ત્યાંની જેમ સાહસિકોની કદર કરનાર અહીં ઓછા છે.

*

સૂર્યદેવ પોતાનું કામ ધપાવતા મધ્યાહ્નનો સમય બતાવી રહ્યા હતા. ટોળે વળીને બેઠેલા બહારવટિયા જોહાના ડુંગર પર છેલ્લી દૃષ્ટિ નાખતા કંઇ અકથ્ય ભાવ અનુભવતા હતા.

“ભાયા, તમો એમના હમજતા કે આપણું બહારવટું આજે ખતમ થાય હે. પણ રામબાબો આપણને થોડા દન સુખ શાંતિમાં ગાળવા હુકમ કરે છે.” જોતીઆએ સસ્મિત બધાંના ભણી દૃષ્ટિ નાખતાં કહ્યું. જોતીઆના કહેવાથી સૌની ઓસરી ગએલી હિંમત તાજી થઈ.

“હાચી વાત ભાયા?--હજી આપણે ફરી જોહાનાં દરશન કરવાનાં હે?” હર્ષ પામતાં પ્રફુલ્લિત વદને વચ્ચે જ રાવજી બોલી ઊઠ્યો.

“હા ભાયા, મારામાં વિશ્વાસ રાખો. પંદર દનમાં જ આપણે ફરી જોહામાં વાસ પૂરવાનો હે. હજી સરકારી ગુરખાનું અપમાન હું વિહરી નથી ગયો. આપણે સમો ઓળખીને માનગઢને સોડીને અહીં આવ્યા, પણ એ અપમાન આપણા માથે ઊભું જ હે.” જોતીઓ શ્વાસ ભર્યો પ્રસન્ન વદને બોલી રહ્યો હતો. “અને જોહા સોડીને ફરી આપણે એ જ માનગઢમાં વાસ પૂરીશું, તિયારે જ મને શાંતિ વળહે, મને હમક વળહે.”

“સરદાર, અમારી પણ એ જ ઇચ્છા હતી. આપણે અહીં વાસ પૂર્યો તિયારથી દેવજી પલાસ ફૂલાતો ફૂલાતો ફરે હે. પણ ઇને ખબર નથી કે આ સાવજડા એમનું

ખાધું કર્યો વના રેવાના નથી.” ગીગલાએ શાંતિથી કહ્યું.

“બોલો રામબાબાની....” રામજી બોલ્યો. સૌએ જય ઘોષણાને વધાવી લીધી અને છાપરીમાં રોટલા છાશ ખાવા વેરાયા.

સાગના ઝાડે બાંધેલું ઘોડું હણુહણ્યું....અને જોતીઓ છાપરીમાંથી બહાર નીકળ્યો. એણે કમ્મરે તલવાર સાથેનો કમરપટો બાંધ્યો હતો અને હાથમાં બંદુક હતી. તદ્દન ખાખી પોશાકમાં એ સજ્જ થયો હતો. માથે વિંટેલો લીલો સાફો કોઇ મહાન સૈનિકની યાદ આપતો હતો. ગળામાં ભેરવાયેલી કામઠી શૂરા રજપૂતનું સ્વરૂપ બતાવતી હતી.

એના સાથીઓ પણ પરવારીને બહાર આવીને ઉભા હતા. પખવાડિયા પછી જોતીઆએ મળવાનું સૌને વચન આપ્યું, છતાં વિખુટાં પડતાં બધાનાં મુખ ઢીલા-નિરાશ બની ગયાં હતાં.

રામ રામ કરતાં જોતીઓ સૌને ખભેખભા મિલાવીને ભેટયો અને ઘોડા પર સ્વાર થઇ ગયો. સાચા મરદની સ્વારીથી હરખાતાં ઘોડાએ પણ ત્વરાથી પગ ઉપાડવા માંડયા, અને જોતીઓ બધાંના સન્મુખથી અળગો થયો.

*

ચંદાડી ઓસરીમાં બેઠી બેઠી દળાણા માટે મકાઇ સાફ કરી હતી. ત્યાં તો જોતીઓ ઘોડા પરથી નીચે

ઉતર્યો. જોતીઆના વેશપલટાથી એ તેને ઓળખી શકી નહિ. શરમથી એણે ઘુમટો તાણ્યો અને બોલી–

"દાદા, ચ્યાંથી આવો હો ?" ચતુર જોતીઓ પણ તરત સમજી ગયો કે ચંદાડી મને કોઇ સરકારી અમલદાર ધારે છે. એણે ટીખલ કરવું જારી રાખ્યું.

"કેમ, કેશુડો છે કે નહિ ?" જોતીઓ અમલદારી ઢબે બોલ્યો.

"ના બાપુ, મારા ભા તો ચાર દનથી પરોણે ગિયા સે." ઘુમટમાંથી બહાર દૃષ્ટિ ફેંકતાં ચંદાડી બોલી "પણ બાપુ, એમનું હું કામ પડયું હે ?"

"અમારે સરકારી માણસને કામનું શું પૂછવાનું હોય ? મારે તેના પર વારંટ બજાવવાનું છે."

"બાપુ, વારંટ હાનું ? એમણે સરકારનો હું ગનો કર્યો હે તે ?"

"જોતીઆ બહારવટિયાને એ રોટલા ખવડાવે છે અને આશરો આપે છે એટલા માટે." કહી જોતીઓ બાજુ પરની ખાટલી પર બેઠો.

"જોતીઆ બહારવટિયાને આશરો ચ્યમ નાં આપે ? પોતાના જમાઇને રોટલા તો ખવડાવેજ તો...લાવો વારંટ મારા પર બજાવો. એમના વતીની હું કચારીમે હાજર થઈશ, પસી છે કાંઇ ?" કહેતાં ચંદાડીએ જોતીઆના સામું જોયું. જોતીઆની ચપળ આંખો જોતાં ચંદાડીને શંકા ઉત્પન્ન થઇ. આ જોતીઓ તો ન હોય ?–

પણ આટલા બધા રૂવાબથી એ ક્યાંથી આવે ? મકાઇનાં છોતરાં બાજુ પર નાખતી બોલી–

"કાઢો ને વારંટ. નહિ તો અહીંથી ચાલ્યા જાઓ. હું બૈરૂં મનખ એકલી હું. માટે તમારે બેહવાનું કારણ નથી." હસવાનો ખાળી રાખેલો ડૂમો જોતીઆથી બહાર નીકળી ગયો. એણે સાફો અને કોટ ઉતારી દીધાં. ચંદાડી પણ હસી પડી. જોતીઆને જોતાં એના વદન પર તેજ ચમકી ઉઠયું. તે બોલી :

"ચ્યમ બહારવટિયા, મારા પર વારંટ લાયા હોં કે ?"

"ચંદાડી, તું તો બહુ જ ચતુર હેં. સરકારી મનખના હામે થનાર, તારી હિંમત જબરી છે. એક બહારવટિયાને લાયક જ બૈયર તું મળી ગઇ હે."

"હારૂં...હવે, એ વાત પસી, પણ તમારૂં વારંટ મારા પર બજાવો અને મને પકડી જાઓ." ચંદાડી બોલી. જોતીઓ હસી પડયો. ચંદાડી અંદર ગઇ અને પાણીનો લોટો ભરી લાવી.

"ચ્યમ, મોટા નથી ને ?"

"ના, ચાર દનથી પરોણે ગિયાસે."

"સાલો ઠીક. હં...પણ લાવ, ઘોડાનો સામાન ઉતારી આવું."

"તમે ત્યાં જ બેઠા રહો, એમાં તે હું ઉતારવું હે ? મને એ આવડે હં." કહેતી ચંદાડી બહાર નીકળી.

"બહારવટિયાનાં ઘોડા મસ્તીખોર અહે ?" ઘોડાને

ખાલી પગ પછાડતા જોઈ ચંદાડી બોલી.

"તારૂં એ કામ નહિ, પાસી આવ." ઉભા થતાં જોતીઆએ કહ્યું.

"ત્યાંજ ઉભા રહો, હવે સામાન ઉતરી ગયો છે." હાથમાં જીન લઈને ચંદાડી ઓસરીમાં આવી.

"ચંદાડી, તું તો જબ્બરનું કામ કરનારી."

"બેહો હવે, તમારા જેવું નહિ." અને તેજ ક્ષણે જોતીઆનો સસરો કેશુડો આવી રહ્યો.

"ઓહો જમાઇ ભાયા, તમે ક્યારના આવ્યા છો ?"

"હમણાંજ આવ્યો, રામ રામ."

"રામ રામ. બોલો ચ્યમનું છે ?"

"તમારા પરતાપે હઘળું કહળ ખેમ—"

"ચંદાડી, હોકો તો લાવ. પરોણાને આપ, નવરા બેહાડી મૂકાય ?"

"લાવી ભા." અંદરથી શરમાળ અવાજ આવ્યો.

સસરા જમાઇ હુકકો પીતા વાતો કરતા બેઠા.

*

દેવજી પલાસે જોતીઆને પકડાવવા માટે અનેક કાવતરાં રચ્યાં હતાં, તેમાં જોતીઆના સસરા કેશુડાને પણ સંડોવ્યો હતો. દ્રવ્યની લાલચે એ પણ ફુટયો અને દેવજીને વચન આપી આજે ચાર દિવસે એ નજીકને ગામેથીજ ઘેર આવ્યો હતો. જોતીઆને જોતાં એના હર્ષનો પાર રહ્યો ન હતો. એની ઉમેદ આમ

એકાએક ખબર આવતી જોઈ, એ અનેક આશાઓમાં મહાલતો હતો. એ રાતના જ કેશુડાએ એક માણસ મારફતે દેવજીને ખબર મોકલ્યા કે જોતીઓ આંબલી-આમાળમાં આવ્યો છે માટે આ લાગ ખોશો નહિ.

"હયો જમાઈ ભાયા," બહાર ઓસરીમાં દારૂની પ્યાલી આપતાં કેશુડાએ કહ્યું.

"મોટા, મને કોઇ દિ' દારૂ પીતો ભાળ્યો હે? હું કદિ દારૂ પીતો જ નથી." જોતીઆએ કહ્યું.

"પણ આજ તો તમારે પીવો જ પડહે, મારૂં વસન રાખો, પછી કદિ ના પીતા."

જોતીઆને કેશુડાના આગ્રહને વશ થવું પડ્યું, જોતી-આએ જીંદગીભર દારૂ પીધો ન હતો. આજે એને ભાવિએ ભૂલાવ્યો હતો. નછૂટકે એક પ્યાલી એને પીવી પડી.

મદ્યના નશાએ ધીરે ધીરે એનું પ્રભુત્વ જોતીઆ પર પાડવા માંડ્યું. દારૂના નશામાં લવારા પણ એણે કરવા માંડયા.

વદ અમાસની અંધારભરી રાત્રી હતી. જોતીઓ પરસાળ બહારના ચોગાનમાં છાપરીમાં સૂતો સૂતો આકાશમાં તારાઓનું નિરીક્ષણ કરી રહ્યો હતો. તે જ ક્ષણે ઝાંપલીનો ચર....ર....ર અવાજ થયો. જોતીઆએ એ તરફ નિસ્પૃહતા બતાવી.

છએક મગતરાંએ આવીને જોતીઆ પર હુમલો કર્યો. જોતીઓ છલંગ મારીને બાજુ પર જઇને ઊભો.

"એ કિયો મૂવો સેં....?" જોતીઆએ ત્રાડ પાડી.

"જોતીઆ, થી જા તિયાર, આજે તારો દુશ્મન આવી લાગ્યો હેં." દેવજીએ જોતીઆ પાસે આવતાં કહ્યું.

"કોણ? દેવજી....?" જોતીઆએ આંખ ફાડીને કહ્યું.

"હા....હું દેવજી, તારો દુશ્મન." દેવજીના સાથીઓ જોતીઆ પર તૂટી પડયા. એકી સાથે પાંચ માનવીને જોતાં જોતીઆના હૃદયમાં ધ્રાસકો પડયો. પણ પાછો એ હિંમત એકઠી કરી સાવધ થયો. ખીસ્સામાંથી જોતીઆએ ચપ્પુ બહાર કાઢયું અને દેવજીની છાતીમાં ઠોકવા હાથ ઉગામ્યો. દેવજીએ ધસી આવતા ચપ્પુ સામે હાથ ધરી દીધો. છાતી પર ઘા થવાને બદલે એના હાથે ચિરાડો પડયો. એ લોહી લુહાણ હાથે પણ દેવજી જોતીઆ પર કૂદ્યો. પણ ઠીંગણો જોતીઓ બિલાડીની પેઠે સંકોચાઇને બધાની વચ્ચેથી બહાર નીકળ્યો. અને પાસે પડેલી વાંસની લાકડી લઇને ચારે બાજુ ફેરવવા માંડી. કોઇની છાતી સુદર્શન ચક્ર પેઠે ફરતી લાકડીને બંધ રાખવાની ચાલી નહિ. લગભગ અડધા કલાક સુધી જોતીઆએ એ પ્રમાણે પોતાનો બચાવ કર્યો પણ પછી એના બાહુ ઢીલા થયા. સાવજડા જોતીઆએ લાકડીને બાજુ પર નાખી દઇને એક જબ્બર કુદકારો લીધો અને દેવજી પલાસ પર ધસારો કર્યો. એની બોચીમાં એક બચકું લીધું. એ વેદનાથી દેવજી તદ્દન રઘવાયો થઇ ગયો. એણે જમણા હાથને અરધા

પાછળ વાળી જોતીઆના માથાની બાબરી મજબુત પકડી. મદ્યનો નશો કંઇક હળવો પડયો હતો. જોતી-આને ભાન આવતું જતું હતું. બાબરી પકડાતાં જોતીઓ હતાશ બન્યો હતો. જોતીઓ બોલ્યોઃ

"દેવજી, આખરે મારી હારે દગો જ રમ્યો ને ?"

"જોતીઆ, આમ કર્યા વના તું પકડાવાનો હતો ? ભલભલી પોલિસોને હંફાવનાર, તને પકડવા માટે એ વના બીજી યુક્તિ હતીજ નહિ." સાવજડા જોતીઆને રસીથી બંદીવાન કરવામાં આવ્યો હતો.

જોતીઆને હવેજ ખબર પડી કે આજે એના સસ-રાએ એટલા માટે જ આગ્રહ કરીને દારૂ પાયો હતો.

"દેવજી, તને શાબાશ છે. તું યે એક મરદ બચ્ચો સેં. આટલી ચાલાકીઓ ન લગાવી હોત તો જોતીઆને પકડવો સ્હેજ વાત ન હતી, હવે મારૂં તો જે થવાનું અહે તે થાશે...." જોતીઆએ તદ્દન નિરાશાની વેદના અનુભવતાં કહ્યું.

"જોતીઆ, ખરૂં કહું ? અમે પણ તને ઈનામ હારૂ જ પકડાવીએ સીએ. અને બીજું વીરજી તારા હાથે ના મરાયો હોત તો એ ઇનામની લાલસ પણ અમે નાં રાખત, પણ તારા જેવો ક્રૂર છતાં દયાળુ બહારવટિયો આપણી ધરતીમાં તો નહિ પાકે. તારી ધાકે અનેક અમલદારો અને પટેલો પાધરા થી ગયા સેં."

"દેવજી, તો જૂનું વેર વિહરી જા અને મને એક

વેળા છૂટો કર. પહેલું તો મારે મારા હહરાનું જ લોહી ચુહવું સેં. એણેય મારી હારે દગો ખેલવામાં બાકી નથી રાખ્યું. તને જરા યે આંચ નહિ આવવા દઉં." જોતીઆએ કહ્યું.

"જોતીઆ, એ વાત તો નાં બને. તારા જેવા જવાંમર્દને પકડી સરકારમાં લેઈ જતાં મને કેટલી શાબાહી મળહે ?–હવે તને કેમ સોડાય ?"

રસીમાં જકડાએલા જોતીઆને અત્યંત ક્ષોભ થયો. 'મારા સાથીઓનું કહ્યું માનીને અહીં ના આવ્યો હોત તો !' એમ અનેક વિચાર એના હૃદયમાં ઘેરાવા માંડયા, છતાં જોતીઓ હજી અનેક આશાઓમાં મ્હાલતો હતો.

ચંદાડીના દુઃખનો પાર ન હતો. એ અશ્રુ સારતી બંદીવાન જોતીઆ પાસે બેઠી હતી.

"ચંદાડી, શા હારૂં રડે હે ? દુઃખ તો મરદને માથે આવે. તારે જરાયે ગભરાવાનું કારણ નથી. મને સરકાર ફાંહીએ નથી ચડાવવાના. હું છું તેવો ને તેવો જ પાછો આવીશ. અને આપણા જોહાની છાપરીએ તને લઇ જઇશ." જોતીઆએ કહ્યું.

"પણ તમને આટઆટલાં ખૂન....કર્યાં છતાં સરકાર માફી આપહે ? મને તો ભૂંડું માલમ પડે હેં." ચંદાડી બોલી.


"રામબાણો કરહે એ ખરૂં, તિયારે."

જોતીઆને છૂટો મૂકાય તેવું જ ન હતું. એને

ખાટલી સાથે સખત બાંધી દેવામાં આવ્યો અને પછી સૌએ ખૂબજ જાપ્તા સાથે આંબલીઆમાળથી ઝાલોદનો માર્ગ લીધો.

જોતીઆની ખાટલી ચાર માણસે ઊંચકી હતી. ખાટલીમાં પડયો પડયો જોતીઓ ભાવિની અનેક આશંકાઓ અનુભવી રહ્યો હતો. છતાં બહારવટિયો હતો, વીર હતો. મૃત્યુના વિચારો નજદીક લાવતાં સઘળાં દુઃખને એણે વિસારે મૂકયાં.

એ સમજતો હતો કે બહારવટિયાઓનાં જીવન છે, છે, ને નથી, પછી એનો શોક કે ચિંતા શા કામનાં?



પ્રકરણ પંદરમું :

વાદળ વરસ્યાં

ભળભાંખળું થયું અને ઝાલોદની ભાગોળ આવી. જોતીઆની ખાટલી ધરણી પર ઉતારવામાં આવી. ઝાલોદના ફોજદાર અને પોલિસો પણ આવી પહોંચ્યા. જોતીઆને બંધનમાંથી મુકત કર્યો. ખૂંખારો ખાઈને એ બેઠો થયો. જાણે રઘવાયલો સાવજ કાન ઊંચા કરી ટટાર થાય, તેમ જોતીઆએ સૌના પ્રતિ કરડી દૃષ્ટિ નાખી.

“સા'બ, આ ઝાલોદ આવ્યું, ચ્યમ!”

“હા, જોતીઆ.” ફોજદારે કહ્યું.

“સા'બ, સાવજડાને દગાથી પકડયો હેં. મરદનાં એ લખણ ના કે'વાય!” જોતીઓ ઝેરી આંખ કરીને બોલ્યો. રસીથી મુકત જોતીઆને જોતાં દેવજીને કંપારી છૂટતી હતી ને તે બોલ્યો—

“સાહેબ, એના ઉપર બરાબર દેખરેખ રાખજો.”

"હવજી, તારે હવે એ જોવાનું નથી. તેં અમને તહોમતદાર સોંપી દીધો છે. તારી ફરજથી તું મુકત છે." ફોજદાર બોલ્યા; અને પોલિસોના પહેરા વચ્ચે જોતીઆને ગેટ ઉપર લઇ ગયા.

ઠેર ઠેર ખબર પહોંચી ગઈ કે રજવાડી અને બ્રિટીશ પોલિસને થકવનાર જોતીઓ એક ભીલના હાથે દગાથી પકડાયો છે.

ગોધરાના કલેકટર સાહેબ ઉપર પણ જોતીઆને પકડયાના તારો છૂટી ગયા.

તેજ સાંજના જોતીઆને જોવા માટે કલેકટર ગોધરાથી ઝાલોદ આવ્યા. ઝાલોદના અસંખ્ય માનવીઓ જોતીઆને જોવા ટોળે મળ્યા હતા. ગેટ આગળનું ચોગાન ચિકાર ઉભરાઇ ગયું હતું. પોલિસોની સખ્ત જાળવણી છતાં માનવીનાં ટોળાં બહાવટિયાના નજદીક આવી તેનું નિરીક્ષણ કરતાં હતાં.

કલેકટર સહેબ આવ્યા. જોતીઆની સામે પડેલી ખુરશી પર બેઠા. શ્યામ રંગનો ઠીંગણો દેહ, ભરાઉ સ્નાયુઓ, એના મુખારવિંદનું અદ્‌ભુત લાવણ્ય એ બધું કલેકટર સાહેબ એકીટસે જોઈજ રહ્યા હતા.

"જોતીઆ, તેં કૈસા બહારવટા ખેડયા ?" કલેકટર સાહેબે નેતરની સોટીને હાથમાં રમાડતાં કહ્યું.

"સા'બ મને હું પૂછો છો ?–આખી ય મલક મારા બહારવટાને જાણે છે." સ્મિત ફરકાવતાં, મુખ મલ-

કાવતાં જોતીઓ બોલ્યો.

"નહિ, નહિ. તું બડા બહાદુર આદમી હૈ."

"પણ....સા'બ, બહાદૂરોની કદર જ ક્યાં થાય છે ? વાઘને એની બખોલમાં રૂંધવીને મારી નાખ્યો એટલે શકાર કર્યો કહેવાય ?"

"જોતીઆ, તું નિશાન કૈસા લેતા હૈ ?"

"તીર ને કામઠી લાવો, અબઘડી જ આપને મારો પરચો બતાવું." જોતીઓ બોલ્યો.

"મેં નિશાન દીખલાતા હું. તેરા તીર છોડ."

જોતીઆના હાથમાં એક તીર અને કામઠી આપવામાં આવ્યાં.

"દેખ જોતીઆ, ઇસ લીંબડેકે ઝાડપે સીતાફળી રખા જાતા હૈ, ઈસ્કુ તેરા તીરસે નીચા ગીરા દેના."

"સા'બ, આપની એ વાત હાસી. પણ એ માટે મારે બે તીર જોઇશે. બેય તીર હું હારે જ સોડીશ." જોતીઆએ એકી સાથે બે તીર પણછ પર ચડાવ્યા. એક તીરને ખાલી જ કામઠી પર ભેરવી મૂકયું અને બીજાને પણછમાં ભેરવી કામઠી ખેંચી.

"સ....ર....ર...." સીતાફળ નીચે છુંદાઇને ગબડી પડયું. બધાંની દૃષ્ટિ એ ભણી વળી અને જોતીઆએ બીજું તીર પણ સણુસણાવ્યું.

"ઓ બાપરે...." કોઇની દયાજનક ચીસ પડી દેવજી બોલી ઊઠયો: "આ તો કેશુડો વિંધાયો !"

જોતીઆએ ચાલાકી વાપરી તીર માગી લઈને દગાબાજ સસરા પર છોડયું હતું.

"જોતીઆ, તુને આ કયા કિયા?" કલેકટર જોતીઆ પર આફ્રીન થયા હતા એટલે નરમાશથી બોલ્યા.

"સા'બ, મારૂં વેર વાળ્યું. મને હવે શાંતિ થઇ ગઇ." છાતી પર હાથ મૂકતાં જોતીઓ બોલ્યો.

પણ કલેકટર સાહેબ અને બીજા અમલદારો જોતીઆના પ્રભાવથી અંજાઇ ગયા હતા. જોતીઆના વ્યકિતત્વ માટે સૌને માન હતું. જોતીઆ આગળ એક નિર્માલ્ય માનવીનું મૃત્યુ કોઈને ડંખ્યું નહિ.

તે રાતે જોતીઆને લોકઅપમાં રાખવામાં આવ્યો.

બીજે દિવસે જ એને દાહોદ લઈ ગયા.

પાંજરામાં પૂરાયેલા સિંહ પેઠે જોતીઓ જેલના સળીઆ પાછળ આંટા દઈ રહ્યો હતો, એવામાં ત્યાં જેલર આવ્યો.

"મારે તો આજ રોટો ને ભાજી ખાવા જોઇશે." જોતીઆએ કહ્યું.

"જોતીઆ, આ તે તારૂં ઘર છે કે તને મનમાન્યું ખાવાનું મળે?" જેલર બોલ્યો.

"ઇ વના મને ની સાલે, જેલર સા'બ." જોતીઓ છેક સળીઆ નજદીક આવીને બોલ્યો.

"ઠીક...." કહી જેલર ચાલ્યો ગયો. પણ તે દિવસે જોતીઆ માટે રોટલો અને ભાજીનું શાક જ આવ્યું!

કાવતાં જોતીઓ બોલ્યો.

"નહિ, નહિ. તું બડા બહાદુર આદમી હૈ."

"પણ....સા'બ, બહાદૂરોની કદર જ ક્યાં થાય છે ? વાઘને એની બખોલમાં રૂંધવીને મારી નાખ્યો એટલે શકાર કર્યો કહેવાય ?"

"જોતીઆ, તું નિશાન કૈસા લેતા હૈ ?"

"તીર ને કામઠી લાવો, અબઘડી જ આપને મારો પરચો બતાવું." જોતીઓ બોલ્યો.

"મેં નિશાન દીખલાતા હું. તેરા તીર છોડ."

જોતીઆના હાથમાં એક તીર અને કામઠી આપવામાં આવ્યાં.

"દેખ જોતીઆ, ઇસ લીંબડેકે ઝાડપે સીતાફળી રખા જાતા હૈ, ઈસ્કુ તેરા તીરસે નીચા ગીરા દેના."

"સા'બ, આપની એ વાત હાચી. પણ એ માટે મારે બે તીર જોઇશે. બેય તીર હું હારે જ છોડીશ." જોતીઆએ એકી સાથે બે તીર પણછ પર ચડાવ્યા. એક તીરને ખાલી જ કામઠી પર ભેરવી મૂકયું અને બીજાને પણછમાં ભેરવી કામઠી ખેંચી.

"સ....ર....ર...." સીતાફળ નીચે છુંદાઇને ગબડી પડયું. બધાંની દૃષ્ટિ એ ભણી વળી અને જોતીઆએ બીજું તીર પણ સણસણાવ્યું.

"ઓ બાપરે...." કોઇની દયાજનક ચીસ પડી. દેવજી બોલી ઊઠયો: "આ તો કેશુડો વિંધાયો !"

જોતીઆએ ચાલાકી વાપરી તીર માગી લઈને દગાબાજ સસરા પર છોડયું હતું.

"જોતીઆ, તુને આ કયા કિયા ?" કલેકટર જોતીઆ પર આફ્રીન થયા હતા એટલે નરમાશથી બોલ્યા.

"સા'બ, મારૂં વેર વાળ્યું. મને હવે શાંતિ થઇ ગઇ." છાતી પર હાથ મૂકતાં જોતીઓ બોલ્યો.

પણ કલેકટર સાહેબ અને બીજા અમલદારો જોતીઆના પ્રભાવથી અંજાઇ ગયા હતા. જોતીઆના વ્યકિતત્વ માટે સૌને માન હતું. જોતીઆ આગળ એક નિર્માલ્ય માનવીનું મૃત્યુ કોઈને ડંખ્યું નહિ.

તે રાતે જોતીઆને લોકઅપમાં રાખવામાં આવ્યો.

બીજે દિવસે જ એને દાહોદ લઈ ગયા.

પાંજરામાં પૂરાયેલા સિંહ પેઠે જોતીઓ જેલના સળીઆ પાછળ આંટા દઈ રહ્યો હતો, એવામાં ત્યાં જેલર આવ્યો.

"મારે તો આજ રોટો ને ભાજી ખાવા જોઇશે." જોતીઆએ કહ્યું.

"જોતીઆ, આ તે તારૂં ઘર છે કે તને મનમાન્યું ખાવાનું મળે?" જેલર બોલ્યો.

"ઇ વના મને ની સાલે, જેલર સા'બ." જોતીઓ છેક સળીઆ નજદીક આવીને બોલ્યો.

"ઠીક...." કહી જેલર ચાલ્યો ગયો. પણ તે દિવસે જોતીઆ માટે રોટલો અને ભાજીનું શાક જ આવ્યું !

જોતીઆને જેલમાં પૂરવામાં આવ્યો હતો, અને તેના બંને હાથે ઉપર નીચે એક એક પાટીઉં મૂકી સ્ક્રુ જડી દેવામાં આવ્યા હતા. આમ જોતીઓ સખત બંદીવાન દશામાં મૂકાયો હતો.

જેલર ખાવાનું ઉંચકાવીને આવ્યો. જેલનું તાળું ખોલ્યું. જેલરે જાતે જ ખાવાનું અંદર મૂકયું. અને એક બાજુ શાંત પ્રકૃતિએ ઊભો રહેલો જોતીઓ કૂદ્યો અને પોતાના ઉભય હાથ જેલરના ગળામાં ભેળવ્યા અને પોતાની તરફ ખેંચ્યો.

"તું રોટો ને ભાજી ના દેવાનું કહેતો હતો ?"

જેલરે બૂમો પાડવા માંડી. જોતીઓ જેલરની ગરદનને પાટીઆ વચ્ચે ભીંસતો હલાવી રહ્યો હતો.

"ઓ બાપરે....બચાવો....બચાવો." જેલરની બૂમો સાંભળીને આજુબાજુથી પોલિસો દોડી આવ્યા. એ સમાચાર કલેકટરના કાને પણ ગયા અને તે પણ સોટી વિંઝતા આવી લાગ્યા. જેલર બેશુદ્ધ થઇ એક બાજુ બેસી ગયો હતો. જેલરની દશા જોઈ કલેકટર સાહેબ ક્રોધાયમાન થતા બોલ્યા:

"જોતીઆ, તેરેકુ કાલાપાનીકી સજા મિલેગી...."

"સા'બ, કાલાપાણીએ કાઢો કે લાલ પાણીએ કાઢો. હવે મને એની જરાય પરવા નથી." ગોરા કલેકટરને જોતીઆની સત્ય હકીકત ગળે ઉતરી ગઈ.

"અચ્છા, જોતીઆ, હમ તેરે લિયે સબ કુછ

અચ્છા કરેગા" કહી તે ખુરશી પરથી ઊઠયા.

દાહોદમાં આઠ દિવસ સુધી જોતીઆને રાખવામાં આવ્યો હતો. નવમા દિવસે એક જમાદાર અને પોલિસ પાર્ટી સાથે ગોધરામાં લાવ્યા.

આગલે દિવસે સંત મહારાજા સાહેબ પણ ગોધરે આવી ગયા હતા. જોતીઓ પકડાતાં એમને અનહદ આનંદ વ્યાપ્યો હતો. તેમના જ રાજનો જોતીઓ ખૂની હતો એટલે બહારવટિયો કેદી એમને જ સોંપવાનો હતો.

સવારમાં કલેકટર સાહેબને બંગલે મહારાજા અને કલેકટર ટિફિન લેતા બેઠા હતા. કલેકટરે હુકમ કર્યો:

"જોતીઆ બહારવટિયાકુ હાજર કરો...."

અડધા કલાકમાં જ હાથમાં બેડી અને ગળામાં રસીથી જકડાયેલો જોતીઓ આવીને ઊભો. જાણે નિડરતાની મૂર્તિ ખડી રહી! પાછળ એક પોલિસ રસીને મજબૂત પકડીને ઊભો હતો. અને બીજો ભરી બંદુકે ખૂબ જ સાવચેતી જાળવતો ઊભો હતો.

જોતીઓ બે પગ સ્હેજ ઊભા કરી બે હાથ કેડે દઇને હાસ્ય ફરકાવતો કલેકટર સાહેબ પ્રતિ દૃષ્ટિ નાંખતાં બોલ્યો—

"સા'બ, હવે શાનો વિચાર કરો હો?–બહારવટિયા માટે જે તે હુકમ ફરમાવી દો. એમાં ખમચાવાનું કારણ નથી." જોતીઆનાં વીર વચનથી કલેકટરના હોઠ

મલકયા. મહારાજાની પણ એવી જ સ્થિતિ થઇ ગઈ.

" જોતીઆ, કયા બક રહા હૈ ?"

"સા'બ, હાચું કહું છું. મારા રામબાબા વના મને બચાવી હકે એવો દનિયામાં કોઈ નથી, પછી ઉં હું કામ બધાંના પગ પંપાળતો ફરૂં ?" જોતીઓ બેધડક બોલ્યો. આજે એને પોતાના જીવન પર પણ તુચ્છકાર છૂટયો હતો. એ સમજી ગયો હતો કે મને ફાંસી વિના અન્ય સજા થવાની જ નથી.

આજુબાજુ બીજા અધિકારીઓ પણ ઊભા હતા. કલેકટર સાહેબ બાજુ પરની ખુરસી પર બેસતાં બોલ્યા.

"જોતીઆ, સચ બાત બતાવ, તેરેકું એહી બહારવટાકા શોખ કીસ તરેહ લગા ?"

"સા'બ, એ જાણીને આપ હું કરહો ?–હાંભળો તિયારે. રાજ્યના અમલદારોનાં હામે મારો સખત વિરોધ છે. એ લોકો અમારા ભીલોને ચૂહી ચૂહીને વેઠ લે છે. પાકની મોહમમાં અડધો પાક ખાલી થઈ જાય છે. દોડાની મોસમ આવી તો સિપાઈથી માંડીને ઠેઠ હવાલદાર અને ફોજદાર તલાટી એ બધા ય દોડા લઈ જાય. આમ અમારૂં ખેતર પાક કાપતાં પહેલાં અડધું ખાલી થી જાય. અમને હઉખે ચોમાહામાં પણ ખેતી નાં કરવા દે. વરહતે વરહાદે પણ ગાડાં જોડાવે.

બોલો સા'બ? પછી અમારે ખાવું હું ?—ઉનાળો આવતાં પહેલાં તો અમે ધાનથી પરવારી જઇએ સીએ. ઘણી વેળા અમારે ભૂખ્યા પેટે રાજની વેઠ કરવી પડે હે. આજ કારણે નેમારે પટેલને જામી. અને મેં બહારવટું લીધું. એથી ભીલોમાં હિંમત આવી હોય તો મને સંતોષ છે."



તરંગો આવ્યા. "બિચારી ચંદાડીની દશા ભૂંડી આવહે. એ મારા જ નામને રાત દિ ઝંખ્યા કરતી અહે! રામબાબો સૌનું હારૂં જ કરહે." તરંગમાળામાંજ નિદ્રા દેવીએ જોતીઆ પર સ્થાન જમાવી રીધું.

જોતીઓ સમજતો હતો કે મહારાજ મારી મશ્કરી કરી રહ્યા છે. પરંતુ ચોથે દિવસે એને ખબર મળી કે પોતાને ફાંસી જ દેવાની છે અને એ માટે સર્વ તૈયારીઓ થઇ રહી છે. એને એક જ ઇચ્છા હતી અને તે પોતાના સાથીઓને મળવાની. એ વિચાર કરતો હતો તે વખતે મહારાજાના ખાસ મંત્રી ત્યાં આગળ આવીને ઊભા.

"જોતીઆ, તારા પર કાલે ખૂનનો કેસ ચાલવાનો છે અને તને ફાંસીની સજા ફરમાવવાની છે, એ નક્કી જ છે. એ પહેલાં તારે કોઇને મળવાની ઇચ્છા હોય તો જણાવ."

"સા'બ. પહેલાં તો મારે હંજેલીવાળા નથેખાંચાચાને મળવું હેં. બીજા રાવજી, રામજી, ગીગલો અને મનજી એમને મળાય તોપણ ઠીક...."

"ઠીક.... એ બધાને મળાશે. એ માટે અમે બંદોબસ્ત કરીએ છીએ." મંત્રી માથાને સાફે હાથ ફેરવતા ત્યાંથી વિદાય થયા.

*

પાંચમે દિવસે જોતીઆનો કેસ ચાલવાનો હતો.

ખૂદ મહારાજા સાહેબના હસ્તે જ એનો ન્યાય તોળાવાનો હતો. અદાલતની બેઠકમાં માણસો ચિકાર ભરાઇને ઠસાઠસ બેઠા હતા, કેટલાક ઊભા હતા, અને જગા ના મળી તે બહાર બારીમાંથી ડોકિયાં કરતા ઊભા. જોતીઆને પણ પિંજરામાં ઊભો રાખ્યો. આજુબાજુ બે જમાદારો ઊભા હતા. મહારાજા આવીને ન્યાયાસન પર ગોઠવાયા. શિરસ્તેદારે કાગળિયાંનો થોકડો લાવીને મહારાજા આગળના ટેબલ પર મૂકયો. સૌનાં મુખ મહારાજા અને જોતીઆ પ્રતિ ક્ષણે ક્ષણે આતુરતાથી ઢળતાં હતાં.

બંને પક્ષના વકીલો પણ હાજર હતા. જોતીઆનો વકીલ ઊભો થયો.

"નામદાર કોર્ટ જોતીઆ સરદાર પર રહેમ બક્ષે એમ હું ઇચ્છું છું. એ પોતે ગુન્હેગાર છે. ગુન્હો કર્યો છે એમ પોતે સ્પષ્ટ રીતે કહે છે, પરંતુ એના ગુન્હા—ખૂન પાછળ પરોપકારવૃત્તિ તરવરી આવે છે." કહી વકીલ બેસી ગયા.

કોર્ટમાં તદ્દન ગંભીરતા છવાઇ રહી હતી. હાથમાં કલમ લેતાં મહારાજા બોલ્યા. "જોતીઆ, મેબરલાખાન જમાદાર અને જેલરનું ખૂન કરનાર તું જ હતો ને? ખૂન તેંજ કર્યું છે ને?"

મહારાજા સામું જોઈને જોતીઓ બોલ્યોઃ

"હા બાપુ...." તદ્દન નિર્ભયતાથી એ બોલ્યો.

એના ઉપર ગુન્હો પુરવાર થઇ ગયો હતો. મહારાજા કાગળ પર લખતી કલમને અટકાવીને બોલ્યા:

"જોતીઆ સરદાર પર ખૂનનો આરોપ છે અને તે પોતાનો ગુન્હો કબુલ કરે છે. એના પર કોર્ટ હિંદુ-સ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૨ પ્રમાણે ગુન્હો ઠરાવી અદાલત ફાંસીની સજા ફરમાવે છે." પછી ન્યાયાસન ઉપરથી ઊઠીને મહારાજા ચેમ્બર રૂમમાં ગયા. જોતીઆને કસ્ટડી તરફ લઇ ગયા. ચિકાર ઉભરાયેલો કોર્ટ રૂમ ખાલી થઇ ગયો. માનવીનો સમુદાય વિખરાઇ ગયો.

*

જેલ આગળના મોટા મેદાન આગળ ફાંસી ઊભી કરવામાં આવી હતી. જોતીઆનો ન્યાય નક્કી થયા પછી ફાંસી આપવા માટે ત્રીજો જ દિવસ મુકરર થયો હતો.

ખરા મધ્યાન્હકાળે બપોરના બાર વાગે ફાંસી દઇ દેવાનો મહારાજા સાહેબનો હુકમ હતો. તે દિવસે સવારના આઠ વાગ્યાથી જ મેદાન પર માનવીનાં ટોળાં કીડીઓ પેઠે ઉભરાતાં જતાં હતાં. બહાર ગામડાંમાંથી વીસ વીસ ગાઉ દૂરનાં માણસો પણ અહીં ઉલટયાં હતાં. કેટલાકનાં દિલ ફાંસીનો માંચડો જોતાં જ ધવાતાં હતાં. ફાંસી જોતાં જ એમના હૃદયમાં કંપારી છૂટતી

તી. જોતીઆ માટે એ અનેક કલ્પનાઓ કરતા હતાઃ બીચારાને ફાંસી દેવાતાં કેટલું બધું દુઃખ પડશે? રે! રામ....રામ....”

અગિયાર વાગ્યા. જોતીઓ આવીને ફાંસીનાં પગથિયાં ચઢીને ઉપર જઈને ઊભો. ઉપર ઊભા ઊભા એણે ચારે બાજુ ગર્વથી દૃષ્ટિ નાખીને લઈ લીધી. નથેખાં, રામજી, રાવજી વગેરે આવી ગયા હતા.

ફાંસી આગળ આવીને એ ઊભો. બધાંની આંખો અશ્રુભીની બની હતી. જોતીઆનું દુઃખ એમનાથી જોવાતું ન હતું.

“નથેખાંચાચા, તમે ય પઠાણ થઈને નબળું મન રાખો હોં?”

“જોતીઆ, તારી વફાદારી મારાથી ભૂલાતી નથી. મને સ્વપ્ને ય ખ્યાલ ન હતો કે તારૂં મરણ આ રીતે નીપજશે.” સાફાના છેડાથી આંસુ લૂછતાં નથેખાં બોલ્યા.

“ચાચા, એની તો મને ય જાણ નોતી....પણ.... રામબાબાની આમ જ ઇચ્છા અહેં.” શ્વાસ લેતાં જોતીઆએ કહ્યું.

“સરદાર........” કહેતાં રામજી નાયક અને રાવજી રડી પડ્યા. એ જોતાં જોતીઆની આંખ પર પણ અશ્રુબિંદુ આવી ગયાં. તેણે કહ્યું.

"રામજી, રાવજી, હવે છેલ્લી ઘડીએ રોવાનું નાં હોય. રામબાબાને યાદ કરવાની આ પળો કે'વાય."

"પણ....માનગઢનો સાવજડો, અમારો સરદા ક્યાંહીએ?"

"ભાયા, આ પળો શાંત ગાળવાની હે. હું એ મરીશ તેનો જરાય વાંધો નથી. છોકરાંને હાચવી રહેલો આવરદા પૂરો કરજો, એજ મારે તમને કહેવા હે. આપણે તો ઘણી લીલીસૂકી અનુભવી છે. એમાં રામબાબાનો કંઈક ગમો થી ગયો અહે." જોતીઆએ કહ્યું અને ત્યાં મહારાજા સાહેબ આવીને ઊભા રહ્યા

"જોતીઆ, સાડા અગિયાર થયા છે. તારા મા માત્ર અડધોજ કલાક ખૂટે છે. તારી જે છેવટની ઇચ્છ હોય તે ખુશીથી કહે...."

"બાપુ, મારી છેવટની અને અંતરની ઇચ્છા એક છે અને તે આ મારા સાથીઓને જીવતાં લગી દુઃ ના પડે. કોઈ સતાવે નહિ." સાથીઓ પ્રત્યે આંગળ કરતાં જોતીઆએ કહ્યું.

"કબૂલ છે જોતીઆ. એમને કોઇ હેરાન નહિ કરે એ સિવાય બીજી ઇચ્છા હોય તો જણાવ."

'બસ....બાપુ, આપનું રાજ અમર તપો." જોત આનો એ મરતી વેળાનો અંતરનો ઉદ્ગાર હતો

મહારાજા સાહેબ ત્યાંથી વિદાય થયા.

હજારો આંખો આતુરતા દર્શાવતી, ભયનો ધ્રુજારો અનુભવતી જોતીઆના દેહ પર ઠરી રહી હતી. એ લાખો નયનોના સામું જોતીઓ પણ પળે પળે આંખ ફેરવતો જોઇ લેતો હતો.

જેલની ઘડિયાળમાં બારનો ટકોરો થયો. સૌનાં હૃદય આઘાત અનુભવતાં ઊંચાનીચાં થયાં. ફાંસીની આજુબાજુ બે રાક્ષસી કાયના જડભરતો ઉભા હતા. એકે દોરડું હાથમાં લીધું. જોતીઓ પણ સ્વસ્થ થયો. એણે ખૂંખારો ખાધો. એના મુખ પર હાસ્ય ખૂબ જ તગતગતું હતું. માનવીનાં ટોળા ખૂબ જ આતુરતાથી ગરદનને ઊંચી કરી ફાંસી પર ઊભેલા વીર પુરૂષ પ્રત્યે જોઇ રહ્યાં હતાં.

દોરડું ખેંચાયું. ઘડી પહેલાંનું હસતું મુખ એ જ દશામાં કરમાઈ ગયું. રબ્બરના ફુક્કામાંથી હવા નીકળી જાય તેમ દેહમાંથી જીવ ચાલ્યો ગયો.

જોતીઆ બહારવટિયાને સંવત ૧૯૬૬ના વૈશાખ સુદી ૮ ને દિવસે ફાંસી દેવામાં આવી. ત્યારથી રજવાડી અને બ્રિટીશ પોલિસે છૂટકારાનો દમ લીધો.

દેવજી પલાસને પણ એ વીરના મૃત્યુ પછી ઘણો શોક થયો હતો.

જોતીઓ જાતનો ભીલ હતો, પરંતુ એની બુદ્ધિ

અજબ ખીલેલી હતી. આજે જોતીઓ બહારવટિયો અહીં નથી. એ મર્યો છે, પણ અમર છે. ભીલોની છાપરીએ એ અમર નર તરીકે ગવાય છે.

મર્દમાં મરદ પાકયો તું એક વીરલો,
માનગઢ જોદ્ધાનો સાવજડો જોતીઓ:
કંપે હજેલી, હંત તારી ધાકથી,
ધ્રૂજે રજવાડી સપાઇઓ તારા નામથી.

સમાપ્ત

ગાંડીવની કુમારમાલા : : ૨

પૂછડિયાના પ્રદેશમાં



ચાર ગુજરાતી જુવાનડાને મન થઇ જાય છે કે શિર સાટે કંઇ શોધ ખોળ કરવા નીકળી પડવું....અને એ ચાર મરણિયાની નીકળેલી ટોળી કંઇ કંઇ વધ્નો અને સંકટો વટાવીને એ નવી જ જાતની પ્રજાના અજબ પ્રદેશમાં જઇ પહોંચે છે અને ત્યાં અદ્ભુત અનુભવો મેળવે છે. એ રસભર કથા એટલી તો તનમનાટભરી છે, કે તમારૂં રૂંવેરૂંવું ખડું થઇ જાય, અને નસેનસમાં શૂરાતન જાગે.

કિં. ૦—૮—૦

ટપાલ ખર્ચ જુદું.

ગાં ડી વ

ગાંડીવની કુમારમાલા: ૩

શિકારિકા

લખનાર

શ્રી જીવરામ જોષી

આમાં સાત સાચ્ચી શિકારકહાણીઓનો સમાવેશ કર્યો છેઃ (૧) સાપનો શિકાર (૨) રીંછનો શિકાર (૩) શિયાળનો શિકાર (૪) સૂવરનો શિકાર (૫) મરઘીનો શિકાર (૬) સિંહનો સામનો (૭) વાઘનો પરચો

સાતે કહાણીઓ રસબસતી અને માહિતીથી ભરપૂર છે. સાહસ અને હિંમતના અજબ નમૂના એમાં રજુ થયા છે. અને એની વિશિષ્ટતા એ છે, કે ખુદ શિકાર કરનારે જ એ કહાણીઓ રૂચિકર બાનીમાં લખી છે. ગુજરાતી ભાષામાં શિકારની કહાણીઓને લગતું આ એક જ ને પહેલું જ પુસ્તક છે. અને એની કિંમત નજીવી છે. માત્ર આના આઠ. પોસ્ટેજ દોઢ આનો.

૨૨૦+૨૮=૨૪૮

ગાંડીવની કુમારમાલા : ૪

ગેબી સૃષ્ટિ



માણસની ઉત્પત્તિ વાંદરામાંથી થઇ એમ મનાય છે. અને એક પછી એક કેવી રીતે ને કયા કયા રૂપ મારફત એ બન્યું તેની સાંકળ પંડિતોએ ગોઠવી છે. પણ એ સાંકળમાં કેટલાક અંકોડા ખૂટે છે. એ તૂટતા અંકોડા-પ્રાણીઓની કોઇ નવીજ ગેબી સૃષ્ટિ દુનિયામાં એક ઠેકાણે સાંપડે છે. પણ તે ઇતિહાસ દુનિયાને આપવા માટે ચાર સાહસિક વીરો કેવાં કેવાં સંકટ વેઠે છે તેની આ કહાણી જગ-વિખ્યાત નવલ લેખક સર કોનન ડોઇલે લખી છે, અને ઘણીજ રસભરી છે.

કિં. ૧-૮-૦

કુમારમાળાનાં બધા પુષ્પોનો

આખો સટ વસાવો

દાંડીઓ

'જ્યોતિઓ'ના વાલમૂળ દાંડીઓ સાપ્તા પ્રગટ થતી હતી. દાંડીઓ દ૦ પ્રગટ થાય છે. દેશવિદેશના સુ ગામડાંની તદ્દન નવી ખાતમીઓ, વાર્તા, રમુજી ચર્ચા, સાહિત્ય વિહાર, વિચારશીલ મનનીય લેખો વગેરે એના અંગો ખૂબ રસપૂર્વક વંચાય છે અને લોકપ્રીતિ પામ્યાં છે. એની ખાસ વાનીઓ — 'બાટીમીઠી,' એનું 'ફરમાણ,' એના 'ભાભૂકારા,' એનું 'ભટકતાં ભટકતાં'ની મજા કોઈ ઓર જ છે. નમૂનો મફત મોકલાય છે.

વા૦ લ૦ રૂા. ૩

પરગામ રૂા. ૩॥

પરદેશ શિ. ૧૫

તમારા ગામના વાંચનાલયમાં જોઈએ જ